श्रीरामचन्द्रगणिविरचितं

# श्री कुमार विहारशतकम्



श्रीरामचंद्रगणीविरचितम्

# श्री कुमारविहारशतकम् ।

## (मूल - अवचूर्णि - भावार्थ - विशेषार्थ -सहितम्)




-: संपादकः :-

आचार्य हेमचंद्रसूरिशिष्याणुः

मुनिरत्नबोधिविजयः ।



-: प्रकाशकः :-

**श्री जिनशासन आराधना ट्रस्ट**

+ दुकान् नं.५, बद्रिकेश्वर सोसायटी
८२, नेताजी सुभाष रोड,
मरीन ड्राइव 'इ' रोड, मुंबई - २

+ चंद्रकांतभाई संघवी
६/बी, अशोका कॉम्पलेक्ष,
पाटण (उ. गुजरात)

विक्रम संवत - २०५९ वीर संवत - २५२९ मूल्य - रू. ६०/-

मुद्रण : पारस प्रिन्टस्, फोर्ट, मुंबई-१ फोन : २२८२५७८४

## 卐 શ્રુતભક્તિ-સુકૃત 卐

પ.પૂ. સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ આચાર્યદેવ

**શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા**ના

શિષ્યરત્ન પ. પૂ. તપસ્વિરત્ન પંન્યાસજી

**શ્રી જયસોમવિજયજી મ.ની** પ્રેરણાથી

**શ્રી કારેલીબાગ શ્વેતાંબર મૂર્તિપૂજક**

**જૈન સંઘ, વડોદરા** તરફથી

આ પુસ્તકના પ્રકાશનનો

સંપૂર્ણ લાભ લેવામાં આવેલ છે.

શ્રી સંઘના સુકૃતની ભાવપૂર્ણ

અનુમોદના કરીએ છીએ.

લી. **શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**(મુંબઈ)

## 卐 દિવ્યકૃપા 卐

પૂજ્યપાદ સિદ્ધાંતમહોદધિ, સ્વ. આચાર્યદેવ

**શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા**

પૂજ્યપાદ વર્ધમાન તપોનિધિ, ગચ્છાધિપતિ સ્વ. આચાર્યદેવ

**શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**

પૂજ્યપાદ સમતાસાગર સ્વ. પંન્યાસજી

**શ્રી પદ્મવિજયજી ગણિવર્યશ્રી**

## 卐 શુભાશિષ 卐

પૂજ્યપાદ સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ આચાર્યદેવ

**શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા**

## 卐 પ્રેરણા-માર્ગદર્શન 卐

પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ

**શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા**

# પ્રકાશકીય

આજથી નવસો વર્ષ પૂર્વે કુમારપાળ મહારાજા થઈ ગયા. કલિકાલ સર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રસૂરિ મ. ના સંસર્ગ-ઉપદેશથી તેઓ બહુ મોટી ઉંમરે રાજ્ય પામ્યા પછી જૈનધર્મને પામ્યા, ધર્મમાં સ્થિર થયા. દૃઢ સમ્યક્ત્વના ધારક થયા. શ્રાવકના બાર અણુવ્રતોને પણ તેમણે સ્વીકાર્યા. ધર્મનો પાયો દયા. અઢાર દેશમાં અમારિપડહ પ્રવર્ત્તાવ્યો. સમસ્તદેશ દયામય બન્યો.

આ મહાપુરૂષે મોટી ઉંમરે વ્યાકરણ ભણી પરમાત્માની સ્તુતિની પણ રચના કરી. યોગશાસ્ત્રના બાર પ્રકાશ તથા વીતરાગસ્તોત્રના વીશ પ્રકાશનો રોજ પાઠ કરતા.

ઉત્તમ શ્રાવકો ઉત્તમ આચારોના પાલન સાથે સાતક્ષેત્રમાં પણ શક્તિ મુજબ દાન કરવાનુ ચુકતા નથી. કુમારપાળ મહારાજાએ પણ સેંકડો મંદિરોના નિર્માણ કર્યા. સેંકડો મંદિરોના જીર્ણોદ્ધાર કર્યા, જ્ઞાનભંડારો સ્થાપન કર્યા, મહાત્માઓની ભક્તિ કરી. સાધર્મિક ભક્તિમાં પણ વર્ષે એક કરોડ સોનામહોર વાપરતા.

સેંકડો મંદિરો પૈકી પાટણમાં પોતાના પિતાની સ્મૃતિ નિમિત્તે 'ત્રિભુવનપાલવિહાર' નામના ચૈત્યનુ નિર્માણ કર્યુ. જેમાં મૂળનાયક પાર્શ્વનાથ પ્રભુની રત્નમય પ્રતિમા નિર્માણ કરી. બોંતેર દેરીઓમાં ૨૪ રત્નોની ૨૪ સુવર્ણની અને ૨૪ રજતની પ્રતિમાઓનુ નિર્માણ કરાવ્યુ. આ ચૈત્યનુ વર્ણન પૂજ્યપાદ કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રસૂરિ મ. ના શિષ્ય પૂ. રામચંદ્ર ગણીએ શતાધિક ગાથામાં કર્યુ છે. તે જ આ "કુમારવિહારશતક" છે. આની ઉપર પાછળથી અવચૂર્ણિનું પણ નિર્માણ થયુ છે તથા

મૂળગાથા, અવચૂર્ણિ, ભાવાર્થ-વિશેષાર્થ સહિત આ પુસ્તકનું શ્રી આત્માનંદ જૈન સભા ભાવનગર તરફથી વર્ષો પૂર્વે પ્રકાશન થયેલ. સંપાદન પણ પૂ. આત્મારામજી મહારાજના પ્રશિષ્ય મુનિશ્રી હંસવિજયજી મ. તથા તેમના અનુયાયી પં. શ્રી સંપત્‌વિજયજી મ. એ કરેલ. પુનઃ પ્રકાશનપ્રસંગે સંપાદક અને પ્રકાશક બંને પ્રત્યે અમે કૃતજ્ઞતાના ભાવને પ્રદર્શિત કરીએ છીએ.

પૂજ્યપાદ શાસનસમ્રાટ નેમિસૂરિ મ. નાં સમુદાયવર્તી પ.પૂ. આચાર્યભગવંત શ્રી પ્રદ્યુમ્નસૂરિ મ. તરફથી આ ગ્રંથનું સંપાદન કરવા ખાસ સૂચન મળેલ તથા સંપાદન માટે હસ્તલિખિત બે પ્રતો પણ પૂજ્યશ્રી તરફથી મળી હતી. તેઓનો પણ ખુબ ઉપકાર માનીએ છીએ.

આ પુનઃસંપાદન પૂજ્યપાદ વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજયહેમચંદ્રસૂરી મ. ના શિષ્ય મુનિશ્રી રત્નબોધિ વિજયજી એ ખુબ પરિશ્રમ લઈને કરેલ છે, સાથે સંસ્કૃત પ્રસ્તાવના પણ એમણે લખેલ છે. તેમનો પણ ઉપકાર યાદ કરીએ છીએ.

પ્રાંતે આ કાવ્યનું વાંચન પરિશીલન કરી સૌ કોઈ જિનભક્તિના પરિણામને વિકસાવે, સારી કર્મનિર્જરા કરી શાશ્વત સુખને પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા.

વિશેષ ગ્રંથોના પ્રકાશનનો તથા શ્રુતરક્ષાનો લાભ મળતો રહે એજ શ્રુતાધિષ્ઠાયિકા સરસ્વતીદેવીને પુનઃ પુનઃ પ્રાર્થના.

લી.

**શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**

*ટ્રસ્ટીઓ*

ચંદ્રકુમાર બાબુભાઈ જરીવાલા
લલિતકુમાર રતનચંદ કોઠારી
પુંડરિકભાઈ અંબાલાલ શાહ

# પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના

આ અનાદિ અનંત વિશ્વક્રમને વિલોકતાં એમ તો અનુભવ થાય છે કે, આ વિશ્વની અંદર રહેલા આત્માઓની શકિતઓમાં અનેક ચમત્કારો રહેલા છે. તે સર્વમાં બુદ્ધિના ચમત્કારો વિશેષ બળવાન્ છે. ક્ષયોપશમથી સતેજ થયેલી બુદ્ધિઓ કેવા કેવા વાણીના વિલાસો પ્રગટ કરે છે, તે આર્ય જૈન સાહિત્યમાં પ્રત્યક્ષ દેખાય છે, અને તેથી જ જૈન સાહિત્ય આર્યાવર્ત્તમાં ઉત્કૃષ્ટ પદ ભોગવે છે.

આ વિશ્વને હસ્તામલકવત્ જોનારા મહાત્માઓ - કેવલીઓ કહે છે કે, આત્માની ગુફા રૂપ અંતઃકરણમાં દિવ્યગાન-નાદ-શબ્દ અતિ સૂક્ષ્મ છતાં દિગંતગામી શક્તિવાળા અનુભવાય છે, અને તે કાવ્ય રૂપે બાહેર પ્રગટ થઈ બીજાને આનંદ રસના સાગર રૂપ બને છે, જેના શ્રવણ-મનનથી ધર્મ, ભક્તિ, નીતિ અને વ્યવહારની શુદ્ધ ભાવનાઓ પ્રગટ થાય છે.

આ ઉપરથી જોવામાં આવે છે કે, એ અંતરનું દિવ્ય ગાન કોઈ અનુપમ અને રસમય તરંગમાં ચાલી રહ્યું છે. તેમાંથી જેની જેવી શકિત તેટલું સર્વે ગ્રહણ કરી કહી શકે છે, અને તે માટે અમુક અંશે કહી બતાવનારને કવિ નામથી ઓળખવામાં આવે છે. તે કવિ રસ અને અલંકારના ચમત્કારથી પોતાની વાક્શક્તિને ફોરવે તે કવિતા કહેવાય છે. આવી રીતે કવિ અને કવિતાનો સંબંધ છે, તેને જે યથાર્થ રીતે જાણે છે, તે સહૃદય વાચક (વિદ્વાન્) કહેવાય છે. એ કાવ્યરસનું દિવ્ય

ગાન આખા વિશ્વમાં નિરંતર ચાલુ છે, અને દરેક ક્ષણે અને સ્થળે તેના અદ્ભુત આનંદનો આસ્વાદ સર્વ અધિકારીને મળ્યા કરે છે.

સંસ્કૃત સાહિત્યમાં કાવ્યના કેટલાએક ભેદો આપેલા છે. તેમાં મહાકાવ્ય અને ખંડકાવ્ય એવા બે ભેદ પણ દર્શાવ્યા છે, અને તેના જુદા જુદા લક્ષણો આપેલા છે. આ 'કુમારવિહાર શતક' એ ખંડ કાવ્યમાં આવી શકે છે. આ કાવ્યના કર્ત્તા મહાનુભાવ શ્રી રામચંદ્રગણીએ પોતાની અસાધારણ નૈસર્ગિક કાવ્ય પ્રતિભાથી આ લઘુ કાવ્યને સર્વ રીતે અલંકૃત કર્યું છે. અને અગાધ સાહિત્યથી ભરેલી મહાસંસ્કારી અનુપમ દેવગિરામાં ગ્રથન કરી તેને રસભરિત બનાવેલું છે. દરેક વર્ણનીય વસ્તુને સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકતાં જાણે તેનું રહસ્ય પોતાની સૂક્ષ્મ બુદ્ધિના તર્કોનું અને સ્વાનુભવના સૂક્ષ્મ તત્ત્વોનું મિશ્રણ કરી ઉપજાવી કાઢ્યું હોય એમ લાગે છે. વળી મનુષ્યના સ્વભાવની સૂક્ષ્મ લાગણીઓને, વિદ્વાનોની જિજ્ઞાસાઓને અને જૈન ભક્તોની આંતર ભાવનાઓને અનાયાસે આ મહાકવિ પોતાની અકૃત્રિમ વાણીમાં ઉતારતા હોય અથવા તો તેમનું પવિત્ર હૃદય પોતે જ પોતાનું ભાવના ચિત્ર આલેખતું હોય એવો ભાસ થાય છે.

મહાનુભાવ શ્રી રામચંદ્રગણીની અગાધ કાવ્ય પ્રતિભા હોવાથી તે સમયના અનેક વિદ્વાનોએ અને કવિઓએ તેમના કાવ્યની ભારે પ્રશંસા કરેલી છે. સૂક્ષ્મ અવલોકન કરતાં એમ પણ સ્ફુરણા થાય છે કે, સંસ્કૃત લેખનાં કેટલાંક માન્ય શતકોના કર્ત્તાઓ પણ આ કુમારવિહાર શતકની શૈલીથી મોહિત થઈ એવા શતકો રચવા પ્રયાસી થયા હશે. કેટલાંક તો એ મોહને લઈને આ શતકની અવચૂરિ, વૃત્તિ વગેરે કરવાને તત્પર પણ બન્યા છે.

વળી આથી સર્વને સવિશેષ સાનંદાશ્ચર્ય થશે કે આ મહાનુભાવ શ્રી રામચંદ્રગણી કવીશ્વરે પોતાના નિર્માણ કૌશલ્યથી શણગારેલા અને સાક્ષરો અને પ્રાકૃતો સર્વના મનને રંજન કરનારા બીજા એકસો ગ્રંથો રચેલાં છે. તેઓમાં નિર્ભય ભીમવ્યાયોગ, રઘુવિલાસ નાટક, દ્રવ્યાલંકાર, રાઘવાભ્યુદયમહાકાવ્ય, યાદવાભ્યુદયમહાકાવ્ય અને નલવિલાસ મહાકાવ્ય આદિ ઘણાં ગ્રંથોં પ્રખ્યાત છે.

મહાનુભાવ રામચંદ્રગણીનું જીવનવૃત્ત જાણવા જેવું હશે, પણ તેમની સાંસારિક સ્થિતિનો ઈતિહાસ યથાર્થ રીતે જાણવામાં આવી શકયો નથી, માત્ર તેમની ચારિત્રાવસ્થાનો કેટલોએક વૃત્તાંત આ પ્રમાણે ઉપલબ્ધ થઈ શકયો છે. મહાનુભાવ રામચંદ્રગણી વિક્રમના બારમા સૈકાના અંતથી તે તેરમા સૈકાના આરંભ સુધીમાં વિદ્યમાન હતા. તેઓ કળિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિના પ્રખ્યાત શિષ્ય હતા. તેમને 'પ્રબંધ શતક કર્તૃ' એવું બિરૂદ મળ્યું હતું. તેમની વ્યાખ્યાન કરવાની શક્તિ સર્વોત્તમ હતી અને તેથી તેઓ લોકપ્રિય થઈ પડ્યા હતા.

ગુર્જરપતિ જૈન મહારાજા શ્રી કુમારપાલે અણહિલપુર પાટણમાં પોતાના પિતાશ્રી ત્રિભુવનપાલના નામથી રચાવેલા પ્રાસાદની અંદર શ્રી હેમચંદ્રસૂરિએ પ્રતિષ્ઠિત કરેલા શ્રી પાર્શ્વનાથ પ્રભુને અષ્ટ નમસ્કારાત્મક સ્તવન રૂપ વસ્તુ સ્વરૂપને ઉદ્દેશીને તે મહાનુભાવે આ અદ્ભુત કાવ્ય લેખની યોજના કરેલી છે. અને તેની અંદર તે કુમારવિહાર-ચૈત્યની અદ્ભુત શોભાનું ચમત્કારી વર્ણન આપેલું છે. જો કે કેટલેક સ્થળે અમર્યાદ અતિશયોક્તિ દર્શાવેલી છે, તથાપિ કવિતાના ઓજ, પ્રાસ વિગેરે ગુણોને લઈને અને એક ઉત્તમ કવિઓના સંપ્રદાયને લઈને તે અતિશયોક્તિ સહૃદય વિદ્વાનોના હૃદયને આકર્ષક અને વસ્તુ સ્વરૂપની પોષક બનેલી છે.

જે કુમારવિહાર ચૈત્યનું આ મહાનુભાવે વર્ણન કરેલું છે, તેને માટે અવચૂરિકાર પણ વીર સંવત ૧૬૯૯ માં આ પ્રમાણે લખે છે - "વીર સંવત ૧૧૯૯ ના વર્ષમાં કાર્તિક શુકલ દ્વિતીયાને દિવસે હસ્ત નક્ષત્રનો સૂર્ય થતાં શ્રી પાટણ નગરમાં જેમને ત્રીશ વર્ષ અને સત્યાવીશ દિવસ રાજ્ય કરતાં થયેલા છે એવા કુમારપાલે પોતાના પિતા ત્રિભુવનપાલના નામથી પ્રાસાદ કરાવ્યો હતો. તે પ્રાસાદને બોંતેર દેવકુલિકા હતી. તેમાં ચોવીશ રત્નની, ચોવીશ પિતલ તથા સુવર્ણની, અને ચોવીશ રૂપાની - અતીત, અનાગત અને વર્ત્તમાન જિનેશ્વરોની પ્રતિમાઓ હતી. મુખ્ય પ્રાસાદની અંદર એકસો પચવીશ અંગુલ પ્રમાણ ચંદ્રકાંતમણિની પ્રતિમા હતી. સર્વત્ર કલશો અને સ્તંભો સુવર્ણના હતા. એકંદર છંનુ કોટી દ્રવ્યનો વ્યય કરી ગુર્જરપતિ કુમારપાલે તે પ્રાસાદ કરાવ્યો હતો. તે મહારાજાએ મોટો ઉત્સવ કરી શ્રી હેમચંદ્રસૂરિની પાસે તે ચૈત્યમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા કરાવી હતી.

આ શતકની રચના કેવી રીતે થઈ તેને માટે અવચૂરિકાર આ પ્રમાણે લખે છે-એક વખતે શ્રી હેમચંદ્રસૂરિ પોતાંના મુખ્ય શિષ્ય શ્રી રામચંદ્રગણી અને બીજા મુનિઓના પરિવાર સાથે નાગપુરમાં ચાતુર્માસ રહ્યા હતા. તે ચાતુર્માસ નિર્વિઘ્ને પ્રસાર થયા પછી મહારાજા કુમારપાલે તેમને પરિવાર સાથે પાટણમાં આવવાને વિનંતિ કરવાથી તેઓ પાટણમાં પધાર્યા હતા. આ વખતે આંબડદે, બાહડદે, ચાહડદે અને સોમ નામના ચાર ભાઈઓ, નવાણું લાખ દ્રવ્યના અધિપતિ છાડા પ્રમુખ, અઢારસો કોટીશ્વર વેપારીઓ અને બોંતેર સામંતોના પરિવારથી પરિવૃત થઈ સૂરીશ્વરની પાટણમાં આવેલા તે ત્રિભુવનપાલ પ્રાસાદમાં પધરામણી થઈ હતી. આ વખતે કવીશ્વર રામચંદ્રગણી સાથે હતા. તે સૂરિવર જ્યારે તે પ્રાસાદમાં બીરાજેલા શ્રી પાર્શ્વનાથ પ્રભુને વંદના કરતા

હતા, તે અવસરે મહારાજા કુમારપાલની પ્રાર્થનાથી તેમણે અષ્ટ નમસ્કારાત્મક આઠ કાવ્યની યોજના કરી હતી. અને એકસો આઠ શ્લોકોથી તે પ્રાસાદનું વર્ણન કર્યું હતું.''

આ પ્રમાણે અવચૂરિકાર શ્રી વિબુધોત્તમ સુધાભૂષણગણી અવચૂરિના આરંભમાં ગ્રંથકારનો વૃત્તાંત આપે છે અને આ શતક કાવ્ય ઉપર થયેલી પોતાના હૃદયની પ્રસન્નતા પ્રગટ કરે છે. મહાનુભાવ શ્રી વિબુધોત્તમ સુધાભૂષણગણી શ્રી સોમસુંદરસૂરિના પરિવારમાં ઉત્પન્ન થયેલા છે અને તેમણે આ કાવ્યપર અવચૂરિ બનાવી અભ્યાસીઓની ઉપર મહાન ઉપકાર કરેલો છે.

એકંદર મહાનુભાવ રામચંદ્રગણીએ આ શતકમાં જે કવિતાનું સૌંદર્ય દર્શાવ્યું છે, તે આખા જૈન સાહિત્યનું ઉચ્ચ સ્વરૂપ છે. પદ અને અર્થનું લાલિત્ય એટલું બધું ઉત્તમ છે કે, તેને સમજનારા સહૃદયને પૂર્ણ રસ ઉપજાવે છે અને રહસ્યમાં ઉતરતાં ચિત્તને લીન કરે છે.

જેનામાં પદની પ્રસન્નતા હોય, અને નવીન નવીન અર્થ ઉઠતા હોય, એવી કવિતા કે જેમાં તાદશ ચિત્ર સમાન ચિત્ર આલેખ્યું હોય, તેવી ઉત્તમ કવિતા આ શતકમાં આદ્યંત જોવામાં આવે છે. તેને માટે મહાનુભાવ રામચંદ્રગણીને પૂર્ણ ધન્યવાદ ઘટે છે.

છેવટે આ પ્રસંગે અમારે જણાવવું જોઈએ કે, ભારતવર્ષના મહોપકારી સ્વર્ગસ્થ શ્રી વિજયાનંદસૂરિ (આત્મારામજી મહારાજ)ના પ્રશિષ્ય મહામુનિશ્રી હંસવિજયજી મહારાજ તથા તેમના અનુયાયી પંન્યાસ શ્રી સંપત્‌વિજયજી મહારાજની ખાસ પ્રેરણાથી અને સહાયથી આ ગ્રંથ પ્રગટ કરવાને અમે શક્તિમાન થયા છીએ. તે મહાનુભાવે કેટલીએક શુદ્ધ પ્રતો મેળવી આપી હતી, એટલુંજ નહીં પણ આ ગ્રંથની

શુદ્ધિને માટે પૂર્ણ કાળજી રાખી તેના લેખને જાતે તપાસી ગ્રંથના ગૌરવમાં સારી વૃદ્ધિ થાય તેવી યોજના કરી આપી હતી. નિઃસ્વાર્થ ઉપકાર વૃત્તિને ધારણ કરનારા અને જૈન સાહિત્યને ખીલવવાની અંતરંગ ઈચ્છા રાખનારા એ મહાનુભાવ મુનિવરો કે જેઓ પોતાના ગુરૂના નામથી અંકિત એવી અમારી સંસ્થાને પવિત્રકાર્યમાં સહાયભૂત થાય છે, તેનો અમે હૃદયથી આભાર માનીએ છીએ.

ઉકત મુનિમહારાજાઓ જ્યારે કચ્છ માંડવીમાં ચાર્તુમાસ રહેલા તે વખતે માંડવીના શ્રીસંઘ તરફથી જ્ઞાનખાતાની ઉપજેલી રકમ, તેમજ અમદાવાદની પાંજરાપોળના ઉપાશ્રયના વહીવટ કરનાર શેઠ જેસંગભાઈ હઠીસિંગ તરફથી જ્ઞાનખાતે ઉપજેલ રકમ, મહારાજ સાહેબ શ્રી હંસવિજયજી મહારાજના સદુપદેશથી તે બંને તરફથી આ પુસ્તકની પ્રસિદ્ધિની સહાયમાં અર્પણ કરવામાં આવેલી છે, તેને માટે તે બંનેનો આભાર માનવામાં આવે છે. તે રીતિનું અનુકરણ કરી પ્રાચીન જૈન સાહિત્યના આવા આવા ઉત્તમ ગ્રંથો પ્રગટ કરાવા માટે બીજા પણ સ્વધર્મપ્રેમી જૈન ગૃહસ્થો જો વિશેષ ઉમંગી થશે તો આ સંસ્થા તેવું કાર્ય કરવાને સદા વધારે ઉત્સાહી રહેશે.

આ ગ્રંથની એકેક પ્રત મુનિરાજને, સાધ્વીઓને, તથા પુસ્તકભંડારમાં મુકવા માટે સભા તરફથી ભેટ તરીકે અર્પણ કરવાની છે. આવા સંસ્કૃત અને માગધી ભાષાના ગ્રંથો મૂળ, ટીકા (અવચૂરિ) ભાવાર્થ, વિશેષાર્થ, સાથે અનેક શુદ્ધ થઈને બહાર પડે એવી અમારી અંતઃકરણની ઈચ્છા હોવાથી, તેના પ્રથમ પ્રયત્નરૂપે આ ગ્રંથ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

આ ગ્રંથ ખાસ કરીને ચકચકીત ઉંચા આર્ટપેપર ઉપર મોટો ખર્ચ

ફરી છપાવવામાં આવેલ છે. પરંતુ આવા ઉત્તમ કાર્યોમાં ખર્ચની ગણના કરવામાં આવતી નથી.

આ ગ્રંથમાં સંપૂર્ણ સાવધાની રાખી મૂળ અવચૂરિ, ભાવાર્થ, અને વિશેષાર્થ લખવામાં આવ્યા છે, છતાં મતિભ્રમથી કે પ્રમાદથી જો કાંઈ સ્ખલના થઈ હોય તો અમે મિથ્યાદુષ્કૃત પૂર્વક ક્ષમા માગીએ છીએ. અને છેવટે ઈચ્છીએ છીએ કે આ શતકના માધુર્યનું આસ્વાદન કરનાર ગુર્જર વાચકોને અને સંસ્કૃત અભ્યાસકોને ગુર્જરી ગિરાના ભાષાંતરરૂપે આ શતક કંઠાભૂષણરૂપ થાઓ.

*પ્રસિદ્ધકર્ત્તા.*

**શ્રી જૈન આત્માનંદ સભા.**

*ભાવનગર*

"શ્રી આત્માનંદ ભુવન."

વીર સંવત ૨૪૩૬ આત્મ સંવત ૧૪

વિક્રમ સંવત ૧૯૬૬ માર્ગશીર્ષ શુકલ તૃતીયા.

# परिमलः

यथा कुसुमस्य परिमलेन कुसुमस्य परिचयो भवति तथास्य **'परिमलस्य'** पठनेनैतस्य काव्यकुसुमस्य परिचयो वाचकवृन्दानां भविष्यति। अतोऽत्र नेत्रेऽवधार्येताम् ।

अस्मिञ्जगति विविधाः प्रसङ्गाः संजायन्ते । तेषु केचिच्छोभनाः केचन चासुंदरा अपि सन्ति । सर्वानप्येतान्प्रसङ्गान्कविरेव छद्मस्थेषु यथार्थरूपेणालौकिकरूपेण च वर्णयितुं समर्थो भवति । स एव कविरुच्यते यः स्वप्रतिभया सर्वान्प्रसङ्गानलङ्कारिभाषया वर्णयति । कवावीदृश्य-द्भुतरचनाशक्तिर्वर्तते सेश्वरकृपयैव मन्तव्या। गुर्जरभाषागतैकसुभाषितभावार्थ ईदृगस्ति - यं नाप्नोति रविः (स्वकिरणैः) तं प्राप्नोति कविः (स्वरचनया)।

जैनसाहित्येतिहास ईदृशा नैकाः कवयो भूतपूर्वाः । तेषु पूज्यपादाः सुगृहीतनामधेयाः **रामचंद्रगणिवराः** सुप्रसिद्धाः सन्ति। तैः स्वजीवनानेहसि प्रभूतानि ग्रन्थ-काव्यानि रचितानि । निर्भयभीमव्यायोग-रघुविलासनाट्य-द्रव्यालंकार-राघवाभ्युदयमहाकाव्य-यादवाभ्युदयमहाकाव्य-नलविलास-महाकाव्येत्यादयः तेषां मुख्यकृतयः । 'प्रबंधशतककर्ता' इति तेषामुपाधिरासीत् । तेषां कृतिषु **'कुमारविहारशतकं'** त्वतीवोत्तमा कृतिरस्ति। तेषां काव्यप्रतिभाया अनुभूतिस्त्वस्य काव्यरत्नस्य पठनानंतरमेव स्यात् ।

सिद्धहेमशब्दानुशासनप्रभृतिनैकग्रन्थप्रणेतृ-कुमारपालभूपाल-प्रतिबोधक-कलिकालसर्वज्ञाचार्यसत्तमाऽर्चनीयक्रम-**हेमचंद्रसूरीश्वराणां** ते चरणकजचञ्चरिका आसन् । **हेमचंद्रसूरिभिः** शब्दानुशासन-लिङ्गानुशासन-छन्दोऽनुशासन-काव्यानुशासन-वादानुशासनात्मकानुशासनपञ्चकमपराणि च बहूनि ग्रंथरत्नानि जैनसाहित्य उपायनीकृतानि । दशपर्वात्मकं त्रिषष्टिशलाकापुरुषचरितमहाकाव्यमपि तेषामेव रचनोद्यानप्रसूनमस्ति । ते श्रुतदेवतालब्धवरा आसन् । तैः स्वायुःकाले सार्धत्रिकोटिप्रमिता नूतनश्लोका निर्मिता यानधुना वयं पठितुमपि न समर्थीभवामः । इत्थं तैर्जैनसाहित्यं समृद्धं कृतम् ।

मुनिपतिश्री**हेमचंद्रसूरिभिः** शैवधर्मवासितान्तःकरणकुमारपाल-भूमिपालः प्रतिबोधितो जिनभक्तश्च विहितः । प्राग्भवे कुमारपालपृथ्वीपालजीवेन पञ्चकपर्दकक्रीताष्टादशपुष्पैरुत्तमशुभभावेन जिनार्चनं कृतं यस्य प्रभावेन कुमारपालभवे सोऽष्टादशदेशराज्यं लब्धवान्। जिनभक्त्या स्वप्नेऽप्यचिंतिता लाभाः प्राप्यन्ते । पूज्यपादानां हेमचंद्रसूरीश्वराणामुपदेशेन तेन स्वराज्यान्तर्गताष्टादशदेशेष्वहिंसाया घोषणा कारिता । न केवलं स्वदेशेष्वेवान्यदेशराज्ञो मित्रीकृत्य तत्साहाय्येन तद्देशेष्वप्यहिंसाप्रवर्त्तनं कारितम् ।

कुमारपालराज्ये लघुजंतोरपि वधस्य दंडो महानभवत् । अन्यदा तद्राज्य एकेन श्रेष्ठिना जानता सतैका युका विराधिता । राज्ञा गुप्तचरैरेतज्ज्ञातम्। अपराधदंडे तेनेभ्य आदिष्टः - 'त्वयैकं जिनमंदिरं निर्मापयितव्यम् ।' श्रेष्ठिना तथैव कृतम् । तस्य च जिनालयस्य राज्ञा **'युकाविहार'** इति नाम स्थापितम् ।

सः कुमारपालवसुधापाल आयतौ गणभृद्भावी । स्वयं वीरविभुना श्रेणिकराज्ञोऽग्रे कथितं - 'मदुपदेशेन त्वं तादृगहिंसापालनं न कारयिष्यसि यादृगहिंसापालनं मच्छासने हेमचंद्रसूर्युपदेशेन कुमारपालः कारयिष्यति।

इत्थं कुमारपालनृपतिरहिंसायाः पूजक आसीत् । यश्चाहिंसायाः पूजकोऽस्ति सः सुतरां जिनभक्तोऽप्यस्त्येव यतः स एवाहिंसायाः प्ररुपकोऽस्ति। कुमारपालवसुंधरापालेन स्वजीवित अनेकानि नूतनजिनगृहाणि निर्मापितानि जीर्णानि च प्रभूतान्युद्धृतानि । पत्तने तेन स्वपितृस्मृतौ जिनप्रासादः कारितः । तस्य च नाम स्वपितृनाम्ना **'त्रिभुवनपालविहार'** इति स्थापितम् । तच्च नाम यथार्थमासीद्यतो भगवान्त्रिभुवनोदर-वर्त्तिजीवसङ्घातानंतरंगाऽरिषड्वर्गजनितभयात्पालयति विहारशब्दस्य च चैत्यार्थेऽपि रूढत्वात्। समासश्चात्र षष्ठितत्पुरुषो बोध्यः। इत्थमसौ त्रिभुवनपालस्य विहार आसीत् । तस्मिन्प्रासादे तेन श्रीपार्श्वनाथस्य विद्रुममणीमय्यन्याश्च बह्व्यो धातुमय्यः प्रतिमाः कारिताः । तासाञ्च प्राणप्रतिष्ठार्थं तेन स्वधर्मगुरु-प्रातःस्मरणीयचरण-श्रीहेमचंद्रसूरयो विज्ञप्ताः। परोपकारैकनिरताः सूरिवराः रामचंद्रगण्यादिविशालशिष्यपरिवारेण सह पत्तने समागताः । राज्ञा महामहेन गुरूणां सपरिवाराणां पत्तने प्रवेशः कारितः । जिनबिंबानां प्राणप्रतिष्ठाऽपि महोत्सवपूर्वकं सर्वेषाञ्च हर्षोल्लासपूर्वकं संपन्ना । एकदा गुरुपादा रामचंद्रगणिभिः सार्धं तस्मिञ्चैत्ये दर्शनार्थं समागताः । तदा च कुमारपालपृथ्वीपतिरपि चैत्य एवावर्तत ।

भूमिभुजा रामचंद्रगणिवर्या विज्ञप्ता - 'शोभनं जिनालयं निर्मापितं शोभना च प्रतिष्ठा कारिताऽधुना यूयं ममोपरि कृपां विधाय जिनजिनचैत्यवर्णनपराः शोभनाः स्तुतयो रचयत येन विश्वजना पार्श्वप्रभोरस्य च प्रासादस्य सौंदर्यं प्रभावञ्च जानीयुरस्य च दर्शनार्थमुत्कण्ठिताः सन्तः त्वरितमागच्छेयुः ।

परहितपरायणैर्गणिवर्यैर्मूलनायकश्रीपार्श्वप्रभोर्वर्णनात्मका अष्टश्लोकाः चैत्यवर्णनपराश्चाष्टाधिकशतश्लोका रचिताः । इत्थं तैः षोडशाधिकशतश्लोकसमूहात्मकं काव्यं रचितं तस्य च **कुमारविहारशतकमिति** नाम प्रदत्तम् ।

अस्मिन्काव्ये प्रणेतृभिर्जगन्नाथचैत्ययोरत्यद्भूतं वर्णनं कृतम् । अस्य काव्यशिरोमणेः पठनानन्तरं तच्चैत्यशिरोमणेर्दिदृक्षा प्रबला भवति। रचयितृपूज्यैरिदं काव्यं स्मृति-व्यतिरेकातिशयोक्ति-पूर्णोपमोत्प्रेक्षा-भ्रांतिमत्तद्गुणप्रभृत्यनेकालंकारैरलङ्कृतमस्ति यत्तेषां काव्यकौशल्यस्य श्रेष्ठतां सूचयति ।

आदिमैरष्टभिर्काव्यैस्तच्चैत्यस्थपार्श्वप्रभोर्महिमा वर्णितः ।

तत्र च प्रथमकाव्ये ते ज्ञापयन्ति यद्भक्तानामष्टकर्मविनाशायं पार्श्वप्रभुर्फणावर्त्तिसप्तरत्नेषु सप्तान्यरुपान्धारयति ।

षष्ठवृत्ते ते पार्श्वप्रभोर्दृष्टेर्माहात्म्यं वर्णयन्तः कथयन्ति - पार्श्वप्रभोर्दृष्टिर्मुक्तेर्निःश्रेणीरस्ति, पापपारावारोत्तारणे सेतुरस्ति, विघ्नविघाताय मङ्गलस्वरुपाऽस्त्यालस्यप्रतिहतये रवितुल्याऽस्ति, त्रिभुवने दीपोपमाऽस्ति, कल्याणवल्लीप्ररोहणे नीकसमानाऽस्ति, पापप्रक्षालने गङ्गासादृश्यं बिभर्ति । ईदृशी पार्श्वस्वामिनो दृष्टिः सज्जनानामज्ञानतिमिरमपाकरोतु ।

अष्टमछन्दसि ते व्यक्तीकुर्वन्ति यदग्निज्वलत्काष्ठात्सर्पमाकृष्य प्रभुः करुणैव मुक्तिविथिरिति त्रिभुवनजनं ज्ञापितवान् ।

प्रथमाष्टकानन्तरं शतेनाष्टाधिकेन श्लोकानां प्रासादमहिमा निरुपितः।

अष्टाविंशतितमायां गाथायां प्रभोः स्नात्रजलमहिमानं प्रदर्शयद्भिः कविभिः प्रकटितं यत्प्रभुस्नात्रजलस्नाताः काश्चितस्त्रियः पूर्णसमृद्धिं प्राप्नुवन्ति, काश्चन पुत्रवत्यो भवन्ति, कासाञ्चिच्चिरकालरोगा नश्यन्ति, काश्चन सौभाग्यमाप्नुवन्ति । इत्थं तच्चैत्यविराजिपार्श्वजिनोऽतीव प्रभावशाल्यासीत् ।

द्वात्रिंशत्तमकाव्ये चैत्यप्रभाव इत्थं वर्णितः स्वर्गरोहणाचलादीन्दिदृक्षुरस्मिञ्चैत्य आस्थां करोतु । यथा दूरस्थवस्तुसार्था मनुष्यैरुच्चैः-प्रदेशमारुह्यावलोक्यन्ते तथाऽतितुंगशिखर अस्मिञ्चैत्य आरुह्य स्वर्गरोहणाचलादयः पदार्थाः दृश्यन्ते। पुनरतिप्रभावशाल्यस्मिञ्चैत्ये श्रद्धालुः स्वर्गादौ गच्छति । इत्थमस्मिन्काव्ये तैरेकवाक्येन द्वावर्थौ सूचितौ ।

षट्चत्वारिंशत्तमवृत्ते चैत्यस्य समृद्धिः प्रदर्शिता ।

एकोनपञ्चाशत्तमकाव्ये प्रभुं समशत्रुमित्रं प्रदर्शयित्वा स एव सेव्य इति ज्ञापितम् ।

सप्ततितमछन्दसींद्रः प्रभुगुणान्श्रोतुं प्रभुरुपं शंसितुं वंदनं कर्तुमर्चनं कर्तुं श्रोत्रजिह्वामस्तकहस्तानां सहस्रं स्पृहयति ।

एकसप्ततितमश्लोक आविर्भावितं यत्तस्मिञ्चैत्ये श्रावकाः पुण्यचयं कर्तुं व्याधिमन्तो व्याधिविनाशाय मनिषिणः शिल्पं निरीक्षितुं दुष्टशरीराः पापकर्मविनाशाय दरिद्रा वित्तकामेन संगीतप्रणयिनः संगीतकं निशमयितुं प्रेष्याः स्वामित्वेच्छया नित्यमागच्छन्ति स्म ।

पञ्चसप्ततितमवृत्ते प्रदर्शितं यद्देवा अपि देवलोके तच्चैत्यं प्रशंसन्ति स्म ।

अष्टाशीतितमकाव्ये चैत्यस्य शिल्पकला वर्णिता ।

द्वानवतितमछन्दसि ज्ञापितं यत्तस्मिञ्चैत्ये देवा देव्यश्च नाट्यं कर्तुमहर्निशमाजग्मुः ।

षण्णवतितमश्लोके निरुपितं - तस्मिञ्चैत्ये जनानां प्रभूतः संमर्दोऽवर्तत।

चतुर्दशाधिकशततमपञ्चदशाधिकशततमकाव्ययोः शतकस्योपसंहारः कृतः ।

चरमवृत्ते कविभिः चैत्यस्य वेधसा चतुर्मुखैरप्यवर्ण्यता प्रदर्शिता । वृत्तान्ते च रचयितृभिः स्वनामापि प्रच्छन्नवृत्त्या न्यस्तम् ।

शतकगतविविधकाव्यैरिदं ज्ञापितं यत्तच्चैत्यं सूर्यकांत-चंद्रकांत-पद्मराग-मुक्ताफल-वैडुर्य-नीलमणि-स्फटिकाद्यनेकमहार्घ्यमणिभि-र्निर्मितमासीत् । तस्मिञ्चैत्ये चित्रशालाऽपि शोभामबिभः । प्रवचनसभाऽपि तच्चैत्यमलञ्चकार ।

अस्य मूलग्रन्थस्योपरि **पंडितविवेकसागरशिष्य-विबुधोत्तमसुधाभूषणगणिभि**रवचूर्णिर्लिखिताऽस्ति । अस्यामवचूर्णौ तैः काव्यानामन्वय कृतः, विषमशब्दानामर्थोऽपि प्रदर्शितः । तेन वाचकवर्गाणां काव्यानामर्थबोधः सुगमतया जायते । अनेकस्थानेषु तैः तद्धितकृदंताख्यातानां साधनिकाऽपि प्रकाशिता । तत्र च सिद्धहेमशब्दानुशासनस्य सूत्राणामप्युल्लेखः कृतः । एतेन ज्ञायते ते महावैयाकरणा अप्यासन् । प्रभूतस्थानेषु तैः समासानां विग्रहोऽपि दर्शितः ।

अस्मिन्पुस्तके मूलश्लोकानां भावार्थविशेषार्थावपि लिखितौ स्तः। तावपि एतत्काव्यार्थबोध अतीवोपयोगी वर्तेते । भावार्थेन काव्यानां सामान्यबोधो जायते विशेषार्थेन च तेषां रहस्यार्थो बोध्यते ।

एतत्काव्याध्ययनस्य बहवो लाभा वर्तन्ते, तद्यथा-त्रिलोकनाथे भक्तिर्वर्धते, तच्चैत्यसदृशालौकिकचैत्यनिर्माणस्य प्रेरणा हृद्याविर्भवति, कुमारपालप्रजापालस्य जिनभक्त्युदारतादिगुणानां परिचयो भवति, रामचंद्रगणीनां काव्यशक्ते रसास्वादो भवति, प्रभुचैत्ययोरद्भूतमहिमा ज्ञायते, संस्कृतभाषानूतनाध्येतृणां काव्यान्वयकरणाभ्यासो भवति ।

एतत्काव्यसंशोधनसंपादनेन मया यत्पुण्यमुपार्जितं तेन जगज्जीवानां हृदयेषु सततं जिनभक्तिर्वर्धतां यतः सैव मुक्तेर्दूतिरस्ति। मादृशमूर्खशिरोमणिरप्येतत्काव्यसंपादने समर्थोऽभवत् तद्मद्गुरुवर्याणां भवोदधितारकवैराग्यदेशनादक्षाचार्यदेवेशश्रीमद्विजयहेमचंद्रसूरीश्वराणां कृपैव । मम विद्यागुरूणां पंन्यासकल्याणबोधिविजयानामुपकारोऽप्यविस्मरणीयः ।

येषां गृहस्थगुरूणां समीपेऽहमपठं तेऽप्यत्रावश्यं स्मरणीया एव । शासनसम्राट्नेमिसूरीश्वरसमुदायवर्त्ति-आचार्यप्रद्युम्नसूरयोऽप्यत्र स्मर्तव्या यैरेतद्ग्रन्थसंशोधनार्थं प्रेरणा कृता द्वे हस्तलिखितप्रती च प्रेषिते ।

अत्र संशोधने राजनगरस्थ-'डेहलाज्ञानभंडारस्य' हस्तलिखितप्रतिः राजनगरस्थ-'पगथीयाज्ञानभंडारस्य' हस्तलिखितप्रतिश्च उपयुक्ते। टिप्पण्यां पाठभेदसूचने आद्यायाः 'A' इति संज्ञा दत्ताऽस्ति द्वितीयायाश्च 'B' इति संज्ञा दत्ताऽस्ति ।

छाद्मस्थ्येन मतिमांद्येन च या कापि क्षतिरेतत्संपादने स्यात्तत्कृते क्षमां याचे विदूषश्च तच्छोधनार्थं प्रार्थये ।

शिवमस्तु सर्वजगतः ।

**- आचार्य हेमचंद्रसूरि-शिष्याणु-**

**मुनिरत्नबोधिविजयः ।**

*ज्येष्ठ शुक्ल ११, विक्रम सं. २०५९,*

*वडोदरा (अल्कापूरी) मध्ये ।*

# મહારાજા કુમારપાળની આરાધના

કુમારપાળ મહારાજાએ સમ્યક્ત્વ મૂળ બાર વ્રતોનું પોતાના જીવનમાં પાલન કર્યું હતું.

**સમ્યક્ત્વની આરાધના -**

૧) તેઓ દરરોજ ત્રિકાળ જિનપૂજા કરતા હતા.

૨) આઠમ, ચૌદસ વગેરે પર્વતિથિએ ઉપવાસસહિત પૌષધ કરતા હતા અને પારણે કોઈ પુરૂષ દષ્ટિગોચર થાય તેને યથાર્થવૃત્તિદાન આપી સંતુષ્ટ કરતા હતા.

૩) પોતાની સાથે પૌષધ કરનારાઓને કુમારાપાળ મહારાજા પોતાના મહેલમાં પારણુ કરાવતા હતા.

૪) પોતાના ગરીબ અને સાધનહીન સાધર્મિકોનો ઉદ્ધાર કરવામાં સદા તત્પર રહેતા હતા. એ માટે દરરોજ એક હજાર દીનારનો ખર્ચ કરતા હતા.

૫) એક વર્ષમાં સાધર્મિક ભક્તિનિમિત્તે એક કરોડ દીનારનો વ્યય કરતા હતા. એમ ૧૪ વર્ષમાં સાધર્મિકભક્તિમાં ૧૪ કરોડ દીનારનો સદુપયોગ કર્યો.

૬) ૯૮ લાખ રૂપિયા ઉચિતદાનમાં ખરચ્યા.

૭) નિ:સંતાન વિધવાઓનુ ૭૨ લાખ રૂપિયાનું ઋણ માફ કર્યું.

૮) ૨૧ જ્ઞાનભંડાર તૈયાર કરાવ્યા.

૯) સ્વદ્રવ્યથી ૯૬ કરોડ રૂપિયાના ખર્ચે 'ત્રિભુવનપાલવિહાર' નામે જિનમંદિર બંધાવ્યું. તેમાં દરરોજ સ્નાત્રમહોત્સવ કરતા હતા.

૧૦) દરરોજ કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂરીશ્વરજીના ચરણોમાં દ્વાદશાવર્ત વંદન કરતા હતા.

૧૧) તેમને વંદન કર્યા પછી ક્રમથી બધા સાધુઓને વંદન કરતા હતા.

૧૨) જે શ્રાવક પ્રથમ પૌષધાદિ વ્રત કરે તેને વંદન કરતા હતા, સન્માન અને દાન આપતા હતા.

૧૩) ૧૮ દેશોમાં અમારીપડહ વગડાવ્યો હતો.

૧૪) પક્ષપાત વિના બધાનો ન્યાય કરતા હતા.

૧૫) અન્ય પણ ૧૪ દેશોમાં પોતાના ધન અને મિત્રતા વડે જીવોની રક્ષા કરાવી:

૧૬) ૧૪૪૪ નવા જિનમંદિર નિર્માણ કરાવ્યા.

૧૭) ૧૬૦૦ જિનમંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો.

૧૮) ૭ વાર તીર્થયાત્રા કરી.

**પ્રથમવ્રતની આરાધના -**

- નિરપરાધીને 'મારો' એમ કહેવા પર એક ઉપવાસ કરવો.

**બીજાવ્રતની આરાધના -**

ભૂલથી જુઠું બોલાઈ જાય તો આયંબિલ વગેરે તપ કરવો.

**ત્રીજાવ્રતની આરાધના -**

નિઃસંતાનનું ધન ન લેવું.

**ચતુર્થવ્રતની આરાધના -**

જૈનધર્મ સ્વીકાર્યા બાદ વિવાહ કરવાનો ત્યાગ કર્યો. ચોમાસાના ૪ મહિના મન, વચન, કાયાથી બ્રહ્મચર્યનુ પાલન કરતા હતા. મનથી શીયળનો ભંગ થાય તો એક ઉપવાસ કરતા, વચનથી શીયળનો ભંગ

થાય તો એક આયંબિલ કરતા, કાયાથી શીયળનો ભંગ થાય તો એકાસણુ કરતા. પરનારીને માતા-બેન સમાન માનતા હતા. ભોપલદેવી વગેરે આઠે રાણીઓનું મૃત્યુ થયા બાદ પ્રધાનાદિનો આગ્રહ હોવા છતાં રાજાએ વિવાહ ન કર્યો. આ નિયમનું આજીવન પાલન કર્યું. આરતી માટે ભોપલદેવીની સોનાની મૂર્તિ બનાવડાવી.

**પંચમવ્રતની આરાધના - પાંચમાં વ્રતમાં**

૬ કરોડ સોનુ, ૮ કરોડ ચાંદી, ૧૦૦૦ તોલા પ્રમાણ બહુમૂલ્યવાન રત્ન, ૩૨,૦૦૦ મણ ઘી, ૩૨,૦૦૦ મણ તેલ, લાખ મૂડક ચોખા, ચણા, જુવાર, મગ વગેરે ધાન્ય રાખ્યા,

૫ લાખ ઘોડા, ૫ હજાર હાથી, ૫૦૦ ઉંટ, ૫૦૦ ઘર, ૫૦૦ દુકાન, ૫૦૦ સભાગૃહ, ૫૦૦ પાનપાત્ર, ૫૦૦ ગાડા વગેરે રાખ્યા.

૧,૧૦૦ હાથી, ૫૦,૦૦૦ રથ, ૧૧ લાખ ઘોડા, ૧૮ લાખ સેના રાખી.

**છઠ્ઠા વ્રતની આરાધના -**

ચોમાસામાં પાટણની હદની બહાર નહોતા જતા.

**સાતમા વ્રતની આરાધના -**

દારૂ, માંસ, મધ ભક્ષણનો ત્યાગ કર્યો હતો. બહુબીજ ફળ, ઉદુંબર ફળ, અભક્ષ્ય અનંતકાયનો ત્યાગ કર્યો હતો. ભગવાનની પૂજામાં વાપર્યા વિના નવા વસ્ત્ર, ફળ, આહાર વગેરેનું ગ્રહણ કરતા ન હતા. સચિત વસ્તુમાં એક દિવસમાં એક જ જાતિનું પાન અને તેના પણ ૮ જ બીડા વાપરતા હતા. રાત્રીભોજનનો ત્યાગ કરતા હતા. ચોમાસામાં માત્ર એક ઘી વિગઈ વાપરતા હતા, શેષ વિગઈઓનો ત્યાગ કરતા હતા.

લીલોતરીનો સંપૂર્ણ ત્યાગ હતો. નિત્ય એકાસણા કરતા હતા. પર્વના દિવસે બ્રહ્મચર્યનું પાલન કરતા અને સર્વ સચિત્તનો ત્યાગ કરતા હતા.

**આઠમા વ્રતની આરાધના -**

પોતાના રાજ્યમાં સાતે કુવ્યસનોનો ત્યાગ કરાવ્યો હતો.

**નવમા વ્રતની આરાધના -**

ઉભયટંક સામાયિક કરતા હતા. સામાયિકમાં ગુરુદેવ હેમચંદ્રસૂરિજી સિવાય કોઈની સાથે વાત નહોતા કરતા. દરરોજ યોગપ્રકાશના ૧૨ પ્રકાશ અને વીતરાગસ્તોત્રના ૨૦ પ્રકાશનો સ્વાધ્યાય કરતા હતા.

**દશમા વ્રતની આરાધના -**

ચોમાસામાં શત્રુ પર આક્રમણ નહોતા કરતા.

**અગ્યારમાં વ્રતની આરાધના -**

પૌષધમાં રાત્રે કાઉસ્સગ્ગ કરતા હતા. પારણાના દિવસે બધા પૌષધાર્થીઓને પોતાને ત્યાં પારણુ કરાવતા હતા.

**બારમાં વ્રતની આરાધના -**

દુઃખી અને નિઃસાન વિધવાઓનું ૭૨ લાખનું ઋણ માફ કર્યું. શ્રી હેમચંદ્રાચાર્યને ઉતરવાની ધર્મશાળામાં મુહપત્તિનું પડિલેહણ કરનારા સાધર્મિકને ૫૦૦ ઘોડાનું દાન આપ્યુ અને તેને ૧૨ ગામનો માલિક બનાવ્યો. સર્વ મુહપત્તિઓના પ્રતિલેખકોને ૫૦૦ ગામ ભેટ આપ્યા.

ઈત્યાદિ અનેક પ્રકારની આરાધના વિવેકશિરોમણી રાજા કુમારપાળે કરી હતી.

(*'જૈનધર્મવિષયકપ્રશ્નોત્તરી'* - લેખક ન્યાયામ્ભોનિધિ *શ્રીમદ્વિજયાનંદસૂરિ* મહારાજા)

# શ્રુતસમુદ્ધારક

૧. ભાણબાઈ નાનજી ગડા, મુંબઈ. (પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્ય દેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરિ મ.સા.ના ઉપદેશથી)

૨. શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ.

૩. શ્રી શાંતિનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ. (પ.પૂ. તપસમ્રાટ આચાર્યદેવ શ્રીમદ્વિજય હિમાંશુસૂરિ મ.સા. ની પ્રેરણાથી)

૪. શ્રી શ્રીપાળનગર જૈન ઉપાશ્રય ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઈ. (પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરિ મ.સા.ની દિવ્યકૃપા તથા પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય મિત્રાનંદ સૂ. મ.સા.ની પ્રેરણાથી)

૫. શ્રી લાવણ્ય સોસાયટી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ. (પ.પૂ. પંન્યાસજી શ્રી કુલચંદ્રવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૬. નયનબાલા બાબુભાઈ સી. જરીવાળા હા. ચંદ્રકુમાર, મનીષ, કલ્પનેશ (પ.પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિજયજી મ.સા.ની પ્રેરણાથી)

૭. કેશરબેન રતનચંદ કોઠારી હા. લલિતભાઈ (પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણાથી)

૮. શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છીય જૈન પૌષધશાળા ટ્રસ્ટ, દાદર, મુંબઈ

૯. શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, મુલુંડ, મુંબઈ.
(આચાર્યદેવ શ્રી હેમચંદ્રસૂરિ મ.સા.ની પ્રેરણાથી)

૧૦. શ્રી શાંતાક્રુઝ શ્વે. મૂર્તિ. તપાગચ્છ સંઘ, શાંતાક્રુઝ, મુંબઈ.
(આચાર્યદેવ શ્રી હેમચંદ્રસૂરિ મ.સા.ની પ્રેરણાથી)

૧૧. શ્રી દેવકરણ મૂળજીભાઈ જૈન દેરાસર પેઢી, મલાડ (વેસ્ટ), મુંબઈ.
(પ.પૂ. મુનિરાજશ્રી સંયમબોધિ વિ. મ.સા.ની પ્રેરણાથી)

૧૨. સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ, ખંભાત.
(પૂ.સા. શ્રી વસંતપ્રભાશ્રીજી મ. તથા પૂ.સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. તથા પૂ.સા. શ્રી દિવ્યયશાશ્રીજી મ. ની પ્રેરણાથી મૂળીબેનની આરાધનાની અનુમોદનાર્થે)

૧૩. બાબુ અમીચંદ પન્નાલાલ આદીશ્વર જૈન ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦૦૦૬.
(પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિ વિજયજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી મહાબોધિ વિજયજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી હિરણ્યબોધિ વિજયજી મ.સા.ની પ્રેરણાથી)

૧૪. શ્રી શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ, મુંબઈ
(પૂ. મુનિશ્રી હેમદર્શન વિ.મ. તથા પૂ. મુનિશ્રી રમ્યઘોષ વિ.મ. ની પ્રેરણાથી)

૧૫. શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, મંગળપારેખનો ખાંચો, શાહપુર, અમદાવાદ.
(પ.પૂ. આચાર્યદેવ શ્રી રૂચકચંદ્ર સૂરિ મ. ની પ્રેરણાથી)

૧૬. શ્રી પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, સંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ
(પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિજયજી મ.સા. ની પ્રેરણાથી)

૧૭. શ્રી નવજીવન સોસાયટી જૈન સંઘ, બોમ્બે સેન્ટ્રલ, મુંબઈ
(પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિ વિ.મ.ની પ્રેરણાથી)

૧૮. શ્રી કલ્યાણજી સોભાગચંદ જૈન પેઢી, પીંડવાડા.
(સિદ્ધાંતમહોદધિ સ્વ. આ. શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા. ના સંયમની અનુમોદનાર્થે)

૧૯. શ્રી ઘાટકોપર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ.
(વૈરાગ્યદેશનાદક્ષ પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરિ મ.સા. ની પ્રેરણાથી)

૨૦. શ્રી આંબાવાડી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ.
(પૂ. મુનિ શ્રી કલ્યાણબોધિ વિ.મ.ની પ્રેરણાથી)

૨૧. શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, વાસણા, અમદાવાદ.
(પૂ. આચાર્ય શ્રી નરરત્નસૂરિ મ. ના સંયમજીવનની અનુમોદનાર્થે પૂજ્ય તપસ્વીરત્ન આચાર્ય શ્રી હિમાંશુસૂરીશ્વરજી મ.સા. ની પ્રેરણાથી)

૨૨. શ્રી પ્રેમવર્ધક આરાધક સમિતિ, ધરણિધર દેરાસર, પાલડી, અમદાવાદ.
(પૂ. ગણિવર્ય શ્રી અક્ષયબોધિ વિજયજી મ. ની પ્રેરણાથી)

૨૩. શ્રી મહાવીર જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ, પાલડી, શેઠ કેશવલાલ મૂળચંદ જૈન ઉપાશ્રય, અમદાવાદ.
(પ.પૂ. આચાર્ય શ્રી રાજેન્દ્રસૂરિ મહારાજ સા. ની પ્રેરણાથી)

૨૪. શ્રી માટુંગા જૈન શ્વે. મૂર્તિપૂજક તપગચ્છ સંઘ એન્ડ ચેરિટીઝ, માટુંગા, મુંબઈ.

૨૫. શ્રી જીવીત મહાવીરસ્વામી જૈન સંઘ, નાંદિયા. (રાજસ્થાન)
(પૂ. ગણિવર્ય શ્રી અક્ષયબોધિ વિજયજી મ.સા. તથા મુનિશ્રી મહાબોધિ વિજયજી મ.સા. ની પ્રેરણાથી)

૨૬. શ્રી વિશા ઓશવાળ તપગચ્છ જૈન સંઘ, ખંભાત.
(વૈરાગ્યદેશનાદક્ષ પ.પૂ. આચાર્યદેવ શ્રી હેમચંદ્રસૂરિ મ.સા. ની પ્રેરણાથી)

૨૭. શ્રી વિમલ સોસાયટી આરાધક જૈન સંઘ, બાણગંગા, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦ ૦૦૭.

૨૮. શ્રી પાલિતાણા ચાતુર્માસ આરાધના સમિતિ.
(પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરિશ્વરજી મહારાજ સાહેબના સંવત ૨૦૫૩ ના પાલિતાણા મધ્યે ચાતુર્માસ પ્રસંગે થયેલ જ્ઞાનનિધિમાંથી)

૨૯. શ્રી સીમંધર જિન આરાધક ટ્રસ્ટ, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (ઈ), મુંબઈ.
(મુનિશ્રી નેત્રાનંદ વિજયજી મ.સા. ની પ્રેરણાથી)

૩૦. શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચંદ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, જૈન નગર, અમદાવાદ.
(પ્રેરક - મુનિશ્રી સંયમબોધિ વિ. મ.)

૩૧. શ્રી કૃષ્ણનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, સૈજપુર, અમદાવાદ.
(પ.પૂ. આચાર્ય વિજય હેમચંદ્રસુરીશ્વરજી મ.સા. ના કૃષ્ણનગર મધ્યે સંવત ૨૦૫૨ ના ચાતુર્માસ નિમીત્તે પ.પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિજય મ.સા. ની પ્રેરણાથી)

૩૨. શ્રી બાબુભાઈ સી. જરીવાળા ટ્રસ્ટ, નિઝામપુરા, વડોદરા-૩૯૦૦૦૨.

૩૩. શ્રી ગોડી પાર્શ્વનાથજી ટેમ્પલ ટ્રસ્ટ, પુના.
(પૂ. ગચ્છાધિપતિ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી મહાબોધિ વિજયજી મ.સા. ની પ્રેરણાથી)

૩૪. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર મંદિર ટ્રસ્ટ, ભવાની પેઠ, પુના.
(પૂ. મુનિરાજ શ્રી અનંતબોધિ વિજયજી મ.સા. ની પ્રેરણાથી)

૩૫. શ્રી રાંદેર રોડ જૈન સંઘ, સુરત.
(પૂ. પં. અક્ષયબોધિ વિજયજી મ.સા. ની પ્રેરણાથી)

૩૬. શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ દાદર જૈન પૌષધશાળા ટ્રસ્ટ; આરાધના ભુવન, દાદર, મુંબઈ.
(મુનિ શ્રી અપરાજિત વિજયજી મ.સા. ની પ્રેરણાથી)

૩૭. શ્રી જવાહર નગર જૈન શ્વે. મૂર્તિ પૂજક સંઘ, ગોરેગામ, મુંબઈ
(પૂ.આ. શ્રી રાજેન્દ્રસૂરિ મ.સા. ની પ્રેરણાથી)

૩૮. શ્રી કન્યાશાળા જૈન ઉપાશ્રય, ખંભાત. (પૂ. પ્ર. શ્રી રંજનશ્રીજી મ.સા. પૂ.પ્ર. શ્રી ઈંદ્રશ્રીજી મ.સા.ના સંયમજીવનની અનુમોદનાર્થે પ.પૂ.સા. શ્રી વિનયપ્રભાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સા. શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા. તથા સાધ્વીજી શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી)

૩૯. શ્રી માટુંગા જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ એન્ડ ચેરીટીઝ, માટુંગા, મુંબઈ
(પૂ. પંન્યાસપ્રવર શ્રીજયસુંદરવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૪૦. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, ૬૦ ફુટ રોડ, ઘાટકોપર (ઈ)
(પૂ.પં. શ્રી વરબોધિવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૪૧. શ્રી આદિનાથ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, નવસારી. (પ.પૂ.આ. શ્રી ગુણરત્નસૂરિ મ. ના શિષ્ય પૂ. પંન્યાસજી શ્રી પુણ્યરત્નવિજયજી ગણિવર્યની તથા પૂ. પં. યશોરત્નવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૪૨. શ્રી કોઈમ્બતુર જૈન શ્વેતાંમ્બર મૂર્તિપૂજક સંઘ, કોઈમ્બતુર.

૪૩. શ્રી પંકજ સોસાયટી જૈન સંઘ ટ્રસ્ટ, પાલડી, અમદાવાદ. (પ.પૂ.આ. શ્રી ભુવનભાનુસૂરિ મ.સા.ની ગુરુમૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે થયેલ આચાર્ય-પંન્યાસ-ગણિ પદારોહણ દિક્ષા વગેરે નિમિત્તે થયેલ જ્ઞાનનિધિમાંથી)

૪૪. શ્રી મહાવીરસ્વામી જૈન શ્વેતાંમ્બર મૂર્તિપૂજક દેરાસર, પાવાપુરી, ખેતવાડી, મુંબઈ.
(પૂ. મુનિશ્રી રાજપાલવિજયજી મ.સા. તથા પૂ.પં. શ્રી અક્ષયબોધિવિજયજી મ.સા. ની પ્રેરણાથી)

૪૫. શ્રી હીરસૂરીશ્વરજી જગદ્ગુરુ શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન સંઘ ટ્રસ્ટ, મલાડ (પૂર્વ), મુંબઈ.

૪૬. શ્રી પાર્શ્વનાથ શ્વે. મૂર્તિ પૂ. જૈન સંઘ, સંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ.
(પ્રેરક - ગણિવર્યશ્રી કલ્યાણબોધિ વિ. મ.)

૪૭. શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચંદ જૈન શ્વે. મૂ.પૂ. સંઘ જૈનનગર, અમદાવાદ
(પૂ. મુનિશ્રી સત્યસુંદર વિ. ની પ્રેરણાથી ચાતુર્માસમાં થયેલ જ્ઞાનનિધિમાંથી)

૪૮. રતનબેન વેલજી ગાલા પરિવાર, મુલુંડ - મુંબઈ
(પ્રેરક-પૂ. મુનિશ્રી રત્નબોધિ વિજયજી)

૪૯. શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ, મુંબઈ

૫૦. શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ જૈન, દેરાસર ઉપાશ્રય ટ્રસ્ટ. બાબુલનાથ, મુંબઈ
(પ્રેરક - મુનિશ્રી સત્વભૂષણ વિજયજી)

૫૧. શ્રી ગોવાલીયા ટેંક જૈન સંઘ, મુંબઈ
(પ્રેરક - ગણિવર્યશ્રી કલ્યાણબોધિ વિ.)

૫૨. શ્રી વિમલનાથ જૈન દેરાસર આરાધક સંઘ. બાણગંગા, મુંબઈ.
(પ્રેરક-પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરિજી મ.)

૫૩. શ્રી વાડીલાલ સારાભાઈ દેરાસર ટ્રસ્ટ પ્રાર્થના સમાજ, મુંબઈ.
(પ્રેરક - મુનિશ્રી રાજપાલવિજયજી તથા પંન્યાસજી શ્રી અક્ષયબોધિ વિજયજી ગણિવર)

૫૪. શ્રી પ્રીન્સેસ સ્ટ્રીટ, લુહાર ચાલ જૈન સંઘ.
(પ્રેરક - ગણિવર્ય શ્રી કલ્યાણબોધિ વિ.)

૫૫. શ્રી ધર્મશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ.
(પ્રેરક - મુનિશ્રી રાજપાલ વિજયજી તથા પં. શ્રી અક્ષયબોધિ વિજયજી ગણિવર)

૫૬. સાધ્વીજી શ્રી સુર્યયશાશ્રીજી તથા સુશીલયશાશ્રીજીના પાર્લા (ઈસ્ટ) કૃષ્ણકુંજમાં થયેલ ચોમાસાની આવકમાંથી.

૫૭. શ્રી પ્રેમવર્ધક દેવાસ શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, દેવાસ, અમદાવાદ
(પ્રેરક-પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરિજી મ.)

૫૮. શ્રી પાર્શ્વનાથ જૈન સંઘ, સમારોડ, વડોદરા
(પ્રેરક-પંન્યાસજી શ્રી કલ્યાણબોધિવિજયજી ગણિવર્ય)

# શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ-મુંબઈ દ્વારા પ્રકાશિત થયેલા ગ્રંથોની સૂચિ

૧ જીવવિચાર પ્રકરણ સટીક દંડક પ્રકરણ - સટીક કાયસ્થિતિ સ્તોત્રાભિધાન સટીક.
૨ ન્યાયસંગ્રહ સટીક.
૩ ધર્મસંગ્રહ સટીક ભાગ-૧
૪ ધર્મસંગ્રહ સટીક ભાગ-૨
૫ ધર્મસંગ્રહ સટીક ભાગ-૩
૬ જીવસમાસ ટીકાનુવાદ
૭ જંબુદ્વીપ સંગ્રહણી સટીક
૮ સ્યાદ્વાદમંજરી સાનુવાદ
૯ સંક્ષેપ સમરાદિત્ય કેવળી ચરિત્ર
૧૦ બૃહત્ ક્ષેત્રસમાસ સટીક
૧૧ બૃહત્ સંગ્રહણી સટીક
૧૨ બૃહત્ સંગ્રહણી સટીક
૧૩ ચેઈયવંદણ મહાભાસ
૧૪ નયોપદેશ સટીક
૧૫ પુષ્પમાળા (મૂળ અનુવાદ)
૧૬ મહાવીરચરિયં
૧૭ મલ્લિનાથ ચરિત્ર
૧૮ વાસુપૂજ્ય ચરિત્ર
૧૯ શાંતસુધારસ સટીક
૨૦ શ્રાદ્ધગુણ વિવરણ
૨૧ તત્ત્વજ્ઞાન તરંગિણી
૨૨ ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર પર્વ ૩/૪
૨૩ ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર પર્વ ૫/૬
૨૪ અષ્ટસહસ્રી તાત્પર્ય વિવરણ
૨૫ મુક્તિપ્રબોધ
૨૬ વિશેષણવતીવંદન પ્રતિક્રમણ અવચૂરી
૨૭ પ્રવ્રજ્યા વિધાનકુલક સટીક
૨૮ ચૈત્યવંદન ભાષ્ય (સંઘાચાર ભાષ્ય સટીક)
૨૯ વર્ધમાનદેશના પદ્ય (ભાગ-૧ છાયા સાથે)
૩૦ વર્ધમાનદેશના પદ્ય (ભાગ-૨ છાયા સાથે)
૩૧ વ્યવહાર શુદ્ધિ પ્રકાશ
૩૨ અનેકાન્ત વ્યવસ્થા પ્રકરણ
૩૩ પ્રકરણ સંદોહ
૩૪ ઉત્પાદાદિસિદ્ધિ પ્રકરણ સટીક
૩૫ અભિધાન વ્યુત્પત્તિ પ્રક્રિયા કોશ ભાગ-૧ (ચિંતામણિ ટીકાનું અકારાદિ ક્રમે સંકલન)
૩૬ અભિધાન વ્યુત્પત્તિ પ્રક્રિયા કોશ ભાગ-૨ (ચિંતામણિ ટીકાનું અકારાદિ ક્રમે સંકલન)

૩૭ પ્રશ્નોત્તર રત્નાકર (સેનપ્રશ્ન)
૩૮ સંબોધસપ્તતિ સટીક
૩૯ પંચવસ્તુ સટીક
૪૦ શ્રી જંબુસ્વામી ચરિત્ર
૪૧ શ્રી સમ્યક્ત્વ સપ્તતિ સટીક
૪૨ ગુરુ ગુણ ષટ્ત્રિંશત્ષટ્ત્રિંશિકા સટીક
૪૩ સ્તોત્ર રત્નાકર
૪૪ ઉપદેશ સપ્તતિ
૪૫ ઉપદેશ રત્નાકર
૪૬ શ્રી વિમલનાથ ચરિત્ર
૪૭ સુબોધા સમાચારિ
૪૮ શાંતિનાથ ચરિત્ર ગ્રંથ
૪૯ નવપદ પ્રકરણ સટીક ભાગ-૧
૫૦ નવપદ પ્રકરણ સટીક ભાગ-૨
૫૧ નવપદ પ્રકરણ લઘુ વૃત્તિ
૫૨ શ્રાદ્ધ પ્રકરણ વૃત્તિ
૫૩ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર
૫૪ વિજયપ્રશસ્તિ ભાષ્ય (વિજયસેનસૂરિ ચરિત્ર)
૫૫ કુમારપાળ મહાકાવ્ય સટીક (પ્રાકૃતદ્વયાશ્રય)
૫૬ ધર્મરત્ન પ્રકરણ સટીક ભાગ-૧
૫૭ ધર્મરત્ન પ્રકરણ સટીક ભાગ-૨
૫૮ ઉપદેશ પદ ભાગ-૧
૫૯ ઉપદેશ પદ ભાગ-૨
૬૦ શ્રાદ્ધદિનકૃત્ય ભાગ-૧
૬૧ શ્રાદ્ધદિનકૃત્ય ભાગ-૨
૬૨ પાર્શ્વનાથ ચરિત્ર
૬૩ વિચાર રત્નાકર
૬૪ ઉપદેશ સપ્તતિકા
૬૫ દેવેન્દ્ર નરકેન્દ્ર પ્રકરણ
૬૬ પુષ્પ પ્રકરણ માળા
૬૭ ગુર્વાવલી
૬૮ પુષ્પ પ્રકરણ
૬૯ નેમિનાથ મહાકાવ્ય
૭૦ પાંડવ ચરિત્ર ભાગ-૧
૭૧ પાંડવ ચરિત્ર ભાગ-૨
૭૨ પાર્શ્વનાથ ચરિત્ર ગદ્ય
૭૩ હીર પ્રશ્નોત્તરાણિ
૭૪ ધર્મવિધિ પ્રકરણ
૭૫ સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ-૧
૭૬ દેવધર્મ પરીક્ષાદિ ગ્રંથો
૭૭ સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ-૨-૩
૭૮ પ્રકરણત્રયી
૭૯ સમતાશતક (સાનુવાદ)
૮૦ ઉપદેશમાળા-પુષ્પમાળા
૮૧ પૃથ્વીચંદ્ર ચરિત્ર
૮૨ ઉપદેશમાળા
૮૩ પાઈયલચ્છી નામમાલા
૮૪ દોઢસો સવાસો ગાથાના સ્તવનો
૮૫ દ્વિવર્ણ રત્નમાલા
૮૬ શાલિભદ્ર ચરિત્ર
૮૭ અનંતનાથ ચરિત્ર પૂજાષ્ટક
૮૮ કર્મગ્રંથ અવચૂરી
૮૯ ઉપમિતિ ભવ પ્રપંચ કથા ભા.-૧
૯૦ ધર્મબિન્દુ સટીક

૯૧ પ્રશમરતિ સટીક
૯૨ માર્ગણાદ્વાર વિવરણ
૯૩ કર્મસિદ્ધિ
૯૪ જંબુસ્વામી ચરિત્ર અનુવાદ
૯૫ ચૈત્યવંદન ભાષ્ય સાનુવાદ
૯૬ ગુણવર્મા ચરિત્ર સાનુવાદ
૯૭ સવાસો દોઢસો ગાથા સ્તવનો
૯૮ દ્વાત્રિંશત્દ્વાત્રિંશિકા
૯૯ કથાકોષ
૧૦૦ જૈન તીર્થ દર્શન
૧૦૧ જૈન કથા સંગ્રહ ભાગ-૧
૧૦૨ જૈન કથા સંગ્રહ ભાગ-૨
૧૦૩ જૈન કથા સંગ્રહ ભાગ-૩
૧૦૪ રયણસેહર નિવકહા સટીક
૧૦૫ આરંભસિદ્ધિ
૧૦૬ નેમિનાથ ચરિત્ર ગદ્ય
૧૦૭ મોહોન્મુલનમ્ (વાદસ્થાનમ્)
૧૦૮ શ્રી ભુવનભાનુ કેવળી ચરિત્ર (અનુવાદ)
૧૦૯ શ્રી ચંદ્રપ્રભસ્વામી ચરિત્ર (અનુવાદ)
૧૧૦ આપણા જ્ઞાનમંદિરો
૧૧૧ પ્રમાલક્ષણ
૧૧૨ આચાર પ્રદીપ
૧૧૩ વિવિધ પ્રશ્નોત્તર
૧૧૪ આચારોપદેશ અનુવાદ
૧૧૫ પટ્ટાવલી સમુચ્ચય ભાગ-૧
૧૧૬ પટ્ટાવલી સમુચ્ચય ભાગ-૨
૧૧૭ રત્નાકરાવતારિકા અનુવાદ ભાગ-૧
૧૧૮ રત્નાકરાવતારિકા અનુવાદ ભાગ-૨
૧૧૯ ચૈત્યવંદન ચોવીસી તથા પ્રશ્નોત્તર ચિંતામણી
૧૨૦ દાન પ્રકાશ (અનુવાદ)
૧૨૧ કલ્યાણ મંદિર-લઘુશાંતિ સટીક
૧૨૨ ઉપદેશ સપ્તતિકા (ટીકાનુવાદ) પુસ્તક
૧૨૩ પ્રતિક્રમણ હેતુ (પુસ્તક)
૧૨૪ જૈન કુમારસંભવ મહાકાવ્ય
૧૨૫ દેવચંદ્ર સ્તવનાવલિ
૧૨૬ આનંદકાવ્ય મહોદધિ ભાગ-૧
૧૨૭ શ્રી પર્યંત આરાધના સૂત્ર (અવચૂરી અનુવાદ સાથે)
૧૨૮ જિનવાણી (તુલનાત્મકદર્શન વિચાર)
૧૨૯ પ્રશ્નોત્તર પ્રદીપ ગ્રંથ
૧૩૦ પ્રાચીન કોણ શ્વેતામ્બર કે દિગમ્બર (ગુજરાતી)
૧૩૧ જંબૂદ્વીપ સમાસ (અનુવાદ)
૧૩૨ સુમતિ ચરિત્ર (અનુવાદ)
૧૩૩ તત્ત્વામૃત (અનુવાદ)
૧૩૪ ત્રિષષ્ઠિશલાકાપુરૂષ ચરિત્ર પર્વ-૧
૧૩૫ ત્રિષષ્ઠિશલાકાપુરૂષ ચરિત્ર પર્વ-૨
૧૩૬ જૈન કથા સંગ્રહ ભાગ-૪ (પ્રતાકાર સંસ્કૃત)
૧૩૭ જૈન કથા સંગ્રહ ભાગ-૫ (પ્રતાકાર સંસ્કૃત)
૧૩૮ જૈન કથા સંગ્રહ ભાગ-૬ (પ્રતાકાર સંસ્કૃત)

૧૩૯ જૈન ધર્મ ભક્તિ કંચનમાળા (સાનુવાદ) ભાગ-૧
૧૪૦ જૈન ધર્મ ભક્તિ કંચનમાળા (સાનુવાદ) ભાગ-૨
૧૪૧ શ્રીમોક્ષપદ સોપાન (ચૌદ ગુણસ્થાનકનું સ્વરૂપ)
૧૪૨ રત્નશેખર રત્નવતી કથા (પર્વતિથિ માહાત્મ્ય પર)
૧૪૩ ષષ્ઠિશતકમ્ (સાનુવાદ)
૧૪૪ નમસ્કાર મહામંત્ર (નિબંધ)
૧૪૫ જૈન ગોત્ર સંગ્રહ (પ્રાચીન જૈન ઈતિહાસ સહિત)
૧૪૬ નયમાર્ગદર્શન યાને સાતનયનું સ્વરૂપ
૧૪૭ મહોપાધ્યાયશ્રી વીરવિજયજી મહારાજા ચરિત્ર
૧૪૮ મુક્તિ માર્ગદર્શન યાને ધર્મપ્રાપ્તિના હેતુઓ
૧૪૯ ચેતોદૂતમ્
૧૫૦ મૂર્તિમંડન પ્રશ્નોત્તર
૧૫૧ પિંડવિશુદ્ધિ અનુવાદ
૧૫૨ નંદિસૂત્ર (મૂળ)
૧૫૩ નંદિસૂત્ર સટીક (બીજી આવૃત્તિ)
૧૫૪ નંદિસૂત્ર ચૂર્ણિ સટીક
૧૫૫ અનુયોગ દ્વાર સટીક
૧૫૬ દશવૈકાલિક સટીક
૧૫૭ દશવૈકાલિક સટીક
૧૫૮ ઓઘનિર્યુક્તિ સટીક
૧૫૯ પિંડનિર્યુક્તિ સટીક
૧૬૦ આવશ્યક સૂત્રની ટીકા ભાગ-૧
૧૬૧ આવશ્યક સૂત્રની ટીકા ભાગ-૨
૧૬૨ આવશ્યક સૂત્રની ટીકા ભાગ-૩
૧૬૩ આવશ્યક સૂત્રની ટીકા ભાગ-૪
૧૬૪ આવશ્યક સૂત્રની ટીકા ભાગ-૧
૧૬૫ આવશ્યક સૂત્રની ટીકા ભાગ-૨
૧૬૬ આવશ્યક સૂત્રની ટીકા ભાગ-૩
૧૬૭ આવશ્યક સૂત્રની દીપિકા ભાગ-૧
૧૬૮ આવશ્યક સૂત્રની દીપિકા ભાગ-૨
૧૬૯ આવશ્યક સૂત્રની દીપિકા ભાગ-૩
૧૭૦ ઉત્તરાધ્યયન સટીક ભાગ-૧
૧૭૧ ઉત્તરાધ્યયન સટીક ભાગ-૨
૧૭૨ ઉત્તરાધ્યયન સટીક ભાગ-૩
૧૭૩ જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ ભાગ-૧
૧૭૪ જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ ભાગ-૨
૧૭૫ જીવાજીવાભિગમ સૂત્ર ભાગ-૧
૧૭૬ જીવાજીવાભિગમ સૂત્ર ભાગ-૨
૧૭૭ રાજપ્રશ્નીય
૧૭૮ આચારાંગ દીપિકા
૧૭૯ ભગવતી સૂત્ર ભાગ-૧
૧૮૦ ભગવતી સૂત્ર ભાગ-૨
૧૮૧ ભગવતી સૂત્ર ભાગ-૩
૧૮૨ પન્નવણા સૂત્ર સટીક ભાગ-૧
૧૮૩ પન્નવણા સૂત્ર સટીક ભાગ-૨
૧૮૪ ઋષિભાષિતસૂત્ર
૧૮૫ હારિભદ્રીય આવશ્યક ટીપ્પણક
૧૮૬ સૂર્યપ્રજ્ઞપ્તિ સટીક
૧૮૭ આચારાંગ દીપિકા ભાગ-૧
૧૮૮ સૂત્રકૃતાંગ દીપિકા
૧૮૯ ઠાણાંગ સટીક ભાગ-૧
૧૯૦ ઠાણાંગ સટીક ભાગ-૨
૧૯૧ અનુયોગદ્વાર મૂળ
૧૯૨ સમવાયાંગ સટીક
૧૯૩ આચારાંગ દીપિકા ભાગ-૨
૧૯૪ સૂત્રકૃતાંગ સટીક ભાગ-૧
૧૯૫ સૂત્રકૃતાંગ સટીક ભાગ-૨

१९६ ભગવતી સૂત્ર
१९७ કલ્પસૂત્ર પ્રદીપિકા
१९८ કલ્પસૂત્ર કૌમુદિ
१९९ આનંદ કાવ્ય મહોદધિ ભાગ-૩
૨૦૦ શ્રી શ્રુતજ્ઞાન અમીધારા
૨૦૧ ઉત્તરાધ્યયન સૂત્ર-મૂળ
૨૦૨ ઉપધાન વિધિ પ્રેરક વિધિ
૨૦૩ હીરસ્વાધ્યાય ભાગ-૧
૨૦૪ હીરસ્વાધ્યાય ભાગ-૨
૨૦૫ ચૈત્યવંદનાદિ ભાષ્યત્રયી (વિવેચન)
૨૦૬ ભોજપ્રબંધ
૨૦૭ શ્રી વસ્તુપાલ ચરિત્ર (ભાષાન્તર)
૨૦૮ શ્રી યોગબિંદુ સટીક
૨૦૯ ગુરુ ગુણ રત્નાકર કાવ્યમ્
૨૧૦ જગદ્ગુરુ કાવ્યમ્
૨૧૧ યોગદષ્ટિસમુચ્ચય (અનુવાદ)
૨૧૨ જૈન જ્યોતિર્ગ્રંથ સંગ્રહ
૨૧૩ પ્રમાણ પરિભાષા
૨૧૪ પ્રમેય રત્નકોષ
૨૧૫ જૈન સ્તોત્ર સંગ્રહ ભાગ-૨
૨૧૬ શ્રી યોગદષ્ટિસમુચ્ચય (ભાવાનુવાદ)
૨૧૭ નવસ્મરણ (ઈંગ્લીશ સાર્થ સાનુવાદ)
૨૧૮ આઠ દષ્ટિની સજ્ઝાય
૨૧૯ આગમસાર (દેવચંદ્રજી)
૨૨૦ નયચક્રસાર (દેવચંદ્રજી)
૨૨૧ ગુરુગુણષટ્ત્રિંશિકા (દેવચંદ્રજી)
૨૨૨ પંચકર્મગ્રંથ (દેવચંદ્રજી)
૨૨૩ વિચાર સાર (દેવચંદ્રજી)
૨૨૪ શ્રી પર્યુષણ પર્વાદિક પર્વોની કથાઓ
૨૨૫ વિમળ મંત્રીનો રાસ
૨૨૬ બૃહત્ સંગ્રહણી અંતર્ગત યંત્રોનો સંગ્રહ
૨૨૭ દમયંતી ચરિત્ર
૨૨૮ બૃહત્સંગ્રહણી યંત્ર
૨૨૯ જૈન સ્તોત્ર સંગ્રહ
૨૩૦ યશોધર ચરિત્ર
૨૩૧ ચંદ્રવીરશુભાદિ કથા ચતુષ્ટયમ્
૨૩૨ વિજયાનંદ અભ્યુદયમ્ મહાકાવ્ય
૨૩૩ જૈનધર્મવરસ્તોત્ર-ગોધૂલિકાર્થ-સભાચમત્કારેતિ કૃતિત્રિતયમ્
૨૩૪ અનેકાર્થ રત્નમંજૂષા
૨૩૫ સિરિપાસનાહચરિયં
૨૩૬ સમ્યક્ત્વ કૌમુદી (ભાષાંતર)
૨૩૭ વિમલનાથ ચરિત્ર (અનુવાદ)
૨૩૮ જૈન કથારત્નકોષ ભાગ-૧ (અનુવાદ)
૨૩૯ જૈન કથારત્નકોષ ભાગ-૨
૨૪૦ જૈન કથારત્નકોષ ભાગ-૩
૨૪૧ શત્રુંજય તીર્થોદ્ધાર (અનુવાદ)
૨૪૨ જૈન સ્તોત્ર તથા સ્તવનસંગ્રહ સાર્થ
૨૪૩ વસ્તુપાલ ચરિત્ર
૨૪૪ સિદ્ધપ્રાભૃત સટીક
૨૪૫ સૂકતમુક્તાવલી
૨૪૬ નલાયનમ્ (કુબેરપુરાણમ્)
૨૪૭ બંધહેતુદયત્રિભંગી પ્રકરણાદિ
૨૪૮ ધર્મપરીક્ષા
૨૪૯ આગમીય સૂક્તાવલ્યાદિ
૨૫૦ જૈન તત્વસાર સટીક
૨૫૧ ન્યાયસિદ્ધાંત મુક્તાવલી
૨૫૨ હૈમધાતુપાઠ

૨૫૩ નવીન પૂજા સંગ્રહ
૨૫૪ સિદ્ધચક્રારાધન વિધિ વિ. સંગ્રહ
૨૫૫ નાયાધમ્મકહાઓ (પુસ્તક)
૨૫૬ પ્રમાણનયતત્વાલોકાલંકાર (સાવ.)
૨૫૭ તત્વાર્થધિગમસૂત્ર (ગુજરાતી)
૨૫૮ વિચારસપ્તતિકા સટીક + વિચારપંચાશિકા સટીક
૨૫૯ અધ્યાત્મસાર સટીક
૨૬૦ લીલાવતી ગણિત
૨૬૧ સુવ્રતઋષિકથાનક (પ્રત)
૨૬૨ ષટ્સ્થાનક પ્રકરણ (પ્રત)
૨૬૩ ભક્તામર સ્તોત્ર (પ્રત)
૨૬૪ વિચારસાર
૨૬૫ શત્રુંજયમહાતીર્થોદ્ધારપ્રબંધ
૨૬૬ વિજ્ઞપ્તિ લેખ સંગ્રહ
૨૬૭ ભાનુચંદ્રગણિચરિત
૨૬૮ પ્રબંધ ચિંતામણી (હિન્દી ભાષાંતર)
૨૬૯ દિગ્વિજય મહાકાવ્ય
૨૭૦ જીવાનુશાસનમ્
૨૭૧ આબૂ (ભાગ-૧)
૨૭૨ આબૂ (ભાગ-૨)
૨૭૩ આબૂ (ભાગ-૩)
૨૭૪ આબૂ (ભાગ-૪)
૨૭૫ આબૂ (ભાગ-૫)
૨૭૬ સંક્રમકરણ (ભાગ-૧)
૨૭૭ સંક્રમકરણ (ભાગ-૨)
૨૭૮ શતકનામા પંચમ કર્મગ્રંથ (ગુજ.)
૨૭૯ શ્રી શોભન સ્તુતિ ગ્રંથ
૨૮૦ ઋષભ પંચાશિકા ગ્રંથ
૨૮૧ ન્યાય પ્રકાશ

શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ




પ્રેરક : પ.પૂ. આ. શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરિજી મ.સા.



પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મ.સા. (પૂ. આત્મારામજી મ.સા.)



પ. પૂ. ઉપાધ્યાયજી શ્રી વીરવિજયજી મ.સા.



પ. પૂ. સંયમનિષ્ઠ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મ.સા.



કર્મ સાહિત્ય વિશારદ સિદ્ધાંત મહોદધિ

પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા



મોક્ષ માર્ગના સાચા સારથી
સૂરિપ્રેમના આજ્ઞાંકિત પટ્ટાલંકાર
પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા

# श्रीकुमारविहारशतकम् ।

## श्रीरत्नशेखरसूरिभ्यो नमः ।

**तेजः पुष्णातु पार्श्वो दुरितविजयि[१] वः शाश्वतानंदबीजं**
**संक्रांतः सप्तरत्न्यां भुजगपतिफणाचक्रपर्यंक[२]भाजि ।**
**कर्माण्यष्टौ समंतात्त्रिभुवनभवनोत्संगितानां जनानां**
**यश्छेत्तुं तुल्यकालं वहति निजतनुं क्लृप्तसप्तान्यरूपाम् ॥१॥**

**अवचूर्णिः-** श्रीपत्तने संवत् ११९९ वर्षे कार्त्तिकशुदि-२ हस्तार्के प्राप्तराज्येन (त्रिंशत्) वर्ष दिन २७ यावत(त्) कृतराज्यकुमारपालेन स्वपितृ-त्रिभुवनपालनाम्ना प्रासादः कारितः ७२ देवकुलिकायुतः, तत्र २४ रत्नमय्यः २४ पित्तलस्वर्णमय्यः २४ रुप्यमय्यः अतीताऽनागतवर्त्तमानजिनप्रतिमाः[३] १४-१४ भारमय्यः (भारैः सार्द्धसप्त मणानि) कारिताः । ढिल्लीसंबंधीनि मुख्यप्रासादे १२५ अंगुलप्रमाणविद्रुममयी[४] प्रतिमा कारिता, सर्वत्र स्वर्णकलशा स्तंभाश्च सौवर्णाः । तत्र प्रासादे ९६ कोटिद्रव्यव्ययः । तत्र च महामहोभिः श्रीहेमसूरिपादपार्श्वात् राज्ञा प्रतिष्ठा कारिता । अन्यदा नागपुरे श्रीरामचन्द्रगणिमिश्रादिपरिवारपरिवृतै(ः) श्री हेमाचार्यै(श्)चतुर्मासकं निर्विघ्नं कृतम् । ततः कुमारपालराज्ञा श्रीगुरवः पत्तने आकारिताः, ततश्च श्रीआम्बडदेबाहडदेचाहडदेसोमाख्यभ्रातृचतुष्टय - ९९ - लक्षाधिपसाह-छाडाप्रमुखअष्टादशशतकोटीश्वरव्यवहारि - ७२सामन्तपरिवारपरिवृतैः पत्तने

---

१ A विजयतः, २ A - पर्यंत, ३ A - प्रतिमाश्चतुर्दश, ४ A - चंद्रकांतमयी

श्रीत्रिभुवनपालप्रासादे पादावधारितं (हाईब्रीड संस्कृत) रामचन्द्रगणिप्रमुखपरिवारपरिवृतैः श्रीहेमसूरिभिः । ततश्च श्रीकुमारपालराजाऽभ्यर्थितैः श्रीरामचन्द्रगणिभिः श्रीपार्श्वदेववन्दनावसरे अष्टौ नमस्कारा कामिततीर्थश्रीपार्श्वनाथस्य (कृताः) १०८ काव्यैः प्रासादवर्णनं च कृतम् । तस्य 'कुमारविहारशतकं' इति नाम जातम् तस्याश्च यत्किञ्चिदवचूर्णिर्लिख्यते यथा दिशा -

**संहिता च[१] पदं चैव[२] पदार्थः[३] पदविग्रहः[४] ।**
**चालना[५] प्रत्यवस्थानं[६] व्याख्या तंत्रस्य षड्विधा ॥१॥**

इति पूर्वाचार्योक्तरीत्या व्याख्यायते । तत्र संहिता अस्खलितपदोच्चारणं १, **पदं** प्रकृतिप्रत्ययनिष्पन्नविभक्त्यन्तशब्दरुपं २, **पदार्थ** पदानाम् वाक्यार्थभूतानां अर्थकथनं ३, **पदविग्रहः** समासारम्भकपदानां वाक्यकरणं ४, **चालना** पूर्वपक्षाशङ्का ५, **प्रत्यवस्थानं** तन्निराकरणेन स्वपक्षस्थापनं ६ इत्यैतैः स्थानैः काव्यानि व्याख्यायन्ति तत्राऽपि पदार्थ अन्वय इत्यनर्थांतरं तत्र गीर्वाणभाषयाऽर्थकथनं अन्वयं इत्यपि केचिद् व्याख्यां भट्टाः कथयन्ति । आदौ कथ्यते यथा -

स पार्श्वो दुरितविजयि शाश्वतानंदबीजं तेजो वो युष्माकं पुष्णातु । भुजगपतिफणाचक्रपर्यंकभाजि सप्तरत्न्यां संक्रांतो यः त्रिभुवनभवनोत्संगितानां जनानां तुल्यकालं समंतात् अष्टौ कर्माणि छेत्तुं क्लृप्तसप्तान्यरूपां निजतनुं वहति इत्यन्वयः । सप्तानां रत्नानां समाहारः **'अस्य ङ्यां लुग्' (सिद्धहेम० २/४/८६)** इत्यनेन अल्लोपे सप्तरत्नी तस्यां सप्तरत्न्यां किंविशिष्टायां? भुजगपतिफणाचक्रमेव पर्यंकः शय्या तं भजतीति, **'भजो विण्' (सिद्धहेम० ५/१/१४६)** वृद्धौ **'अप्रयोगीत्' (सिद्धहेम० १/१/३७)** इति विण्लोपे भाज् इति सिद्धिः (तस्यां) । दुरितं पापं विजयत इत्येवंशीलः **'अजातेः**

**शीले' (सिद्धहेम॰ ५/१/१५४)** णिन्प्रत्यय इन् । तेजः केवलज्ञानं परमब्रह्म वा पुष्णातु वृद्धिं नयतु । अस्मिन् शास्त्रे आदौ तेजः शब्दो मंगलार्थः यतः शास्त्रादौ श्रीराधालक्ष्मी:कल्याणमघवाजयेत्याद्यंकविधाने स्फल(स्वर्ल)क्ष्मी-भोगफलादयः (भवन्ति) । उत्संग इवाचरिता उत्संगिताः। **'कर्त्तुः क्विप्' (सिद्धहेम॰ ३/४/२५)** अवर्णेत्यलोपे क्ते सिद्धं । त्रिभुवनमेव भवनं गृहं तत्र उत्संगितानां स्थितानां जनानां तुल्यकालं समकालं छेत्तुं विदारयितुं तनुः शरीरं स्त्रीलिंगः । क्लृप्तानि निष्पादितानि सप्त अन्यरूपाणि यस्यां सा तां तनुं वहति य इति संबंधः। (शाश्वतश्चासावानंदः तस्य बीजमिति शाश्वानानंदबीजम्।) ॥१॥

**ભાવાર્થ -** સર્પપતિના ફણાચક્રરૂપ પલંગની અંદર રહેલા સાત રત્નોમાં પ્રતિબિંબિત થયેલા શ્રી પાર્શ્વનાથ પ્રભુ પાપનો વિજય કરનાર અને શાશ્વત-મોક્ષના આનંદના બીજરૂપ એવા તમારા તેજનું પોષણ કરો. જે પ્રભુ આ ત્રણ ભુવનમાં ચારે તરફ રહેલા લોકોના આઠ કર્મો છેદવાને માટે પ્રતિબિંબ રૂપે બીજા સાત રૂપો કલ્પી પોતાની મૂર્ત્તિને એકી કાળે વહન કરે છે. ૧

**વિશેષાર્થ -** ગ્રંથકાર આ પ્રથમ શ્લોકથી આશીર્વચનરૂપ મંગલાચરણ કરે છે તેઓ કહે છે કે, શ્રી પાર્શ્વનાથ પ્રભુ તમારા તેજનું પોષણ કરો, જે તેજ પાપનો વિજય કરનાર અને મોક્ષના આનંદનું મૂળ છે. શ્રી પાર્શ્વનાથપ્રભુ સર્પની સાત ફણાઓના સમૂહની અંદર રહેલા સાત રત્નોની અંદર પ્રતિબિંબિત થાય છે. તે વખતે તેમના સાત પ્રતિબિંબો પડે છે, તેથી પોતાના આઠ સ્વરૂપ થાય છે. તે ઉપર કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે, આ જગત્‌ની અંદર રહેલા લોકોના આઠ કર્મનો છેદ કરવાને પાર્શ્વનાથ પ્રભુએ આઠ રૂપ કરેલા છે, કારણ કે આઠ કર્મને છેદવાને માટે આઠ રૂપ થવાં જોઈએ. ૧

**ते वस्तापं हरंतां नखमणिमुकुरज्योतिरंभश्छटाभि-**
**र्दिक्चक्रं प्रीणयंतः करिमकरभृतः पार्श्वनाथस्य पादाः ।**
**पद्मैर्नित्यप्रबोधैरधरितसरसां मैत्र्यमासाद्य येषां**
**चित्रं विच्छिन्नतृष्णाः कति परममृतं प्राणभाजो न भेजुः ॥२॥**

**अवचूर्णिः-** श्री पार्श्वनाथस्य नखमणिमुकुरज्योतिरंभश्छटाभिः दिक्चक्रं प्रीणयंतः करिमकरभृतः ते पादाः वो युष्माकं तापं हरंतां नित्यप्रबोधैः पद्मैः अधरितसरसां येषां मैत्र्यं आसाद्य प्राप्य चित्रं आश्चर्यं यथा स्यात्तथा विच्छिन्नतृष्णाः कति प्राणभाजः परं अमृतं न भेजुः । पादानां सरःसादृश्यं करिणो गजाः मकरा मत्स्यास्तान् बिभ्रतीति क्विप् तल्लोपे **'ह्रस्वस्य तः पित्कृति' (सिद्धहेम॰ ४/४/११३)** इति तोऽते च भृत् । नखमणयः एव मुकुराः दर्पणास्तेषां ज्योतिषस्ताः एव अंभश्छटास्ताभिः । दिक्चक्रं दशदिक्स्थान् प्राणिनस्तात्स्थ्यात्तद्व्यपदेश इति न्यायात् प्राणिनो लभ्यंते उत्तमनरपादा अपि गजमकरलांछिता भवंति परं नित्यप्रबोधैः सदा विकसितपदकमलैः अधरितं अधर इव कृतं अधरितं **'कर्त्तुः क्विप् (सिद्धहेम॰ ३।४।२५)** इति क्विपि तल्लोपे क्ते इटि अधरितं जितमित्यर्थः। मैत्र्यं संगं[1] तृष्णा तृषा पक्षे लोभः अमृतं मोक्षः पक्षे नीरं 'भजी सेवायां' परोक्षा उसि **'अनादेशादे॰' (सिद्धहेम॰ ४/१/२४)** इति एकारे द्वित्वाभावे भेजुः । आङ्'सदण् गतौ' इति धातुना आसाद्यरूपसिद्धिः। अन्ये पुरुषा विच्छिन्नतृष्णास्त्वमृतेच्छां[2] न कुर्वंति । पादपक्षे विच्छिन्नतृष्णात्वे यथेच्छममृतं[3] भजंतीति चित्रम् ॥२॥

**ભાવાર્થ -** દિશાઓના સમૂહને પ્રસન્ન કરનારા અને હસ્તી તથા મકરના ચિહ્નોને ધારણ કરનારા શ્રી પાર્શ્વનાથ પ્રભુના તે ચરણો નખરૂપી મણિમયદર્પણના તેજરૂપ જળના છાંટાથી તમારા તાપને હરણ કરો. નિત્ય વિકાશી એવાં કમલોથી સરોવરનો તિરસ્કાર કરનારા જે પ્રભુના ચરણોની મૈત્રી પ્રાપ્ત કરી કયા પ્રાણીઓ પોતાની તૃષ્ણાને છેદી પરમ અમૃતને નથી પ્રાપ્ત થયા? એ આશ્ચર્યની વાત છે. ૨

१ A - संगः, २ A - तृष्णात्वे अमृते॰, ३ A - यथेष्टम् ।

**વિશેષાર્થ -** આ શ્લોકમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુના ચરણનું વર્ણન કરેલું છે. ગ્રંથકાર કહે છે કે, "તે પાર્શ્વનાથ પ્રભુના ચરણ તમારા તાપને હરો." તાપને હરવામાં જળની જરૂર છે, તેથી ગ્રંથકાર તે ચરણના નખરૂપી મણિદર્પણના તેજને જળના છાંટાનું રૂપક આપે છે. સરોવરના કમલો સૂર્યવિકાશી હોવાથી રાત્રે મ્લાનિ પામનારા છે, અને આ પ્રભુના ચરણરૂપ કમલો નિત્ય વિકાશી છે; તેથી તે સરોવરનો તિરસ્કાર કરનારાં છે. જે પ્રાણીઓએ, પ્રભુના ચરણની મૈત્રી પ્રાપ્ત કરેલી છે, તે પ્રાણીઓની તૃષ્ણા છેદાયેલી છે અને તેઓ પરમ અમૃત એટલે મોક્ષને પ્રાપ્ત થયેલા છે. ૨

**विश्वेभ्यो भूर्भुवःस्वःशतमखमुकुटश्लिष्टमुक्तामयूख-**
**स्नाताः पार्श्वस्य पादांबुजनखमणयो मंगलानि क्रियासुः ।**
**येषामुत्संगवेद्यां शुचिरुचिलहरीतांडवाडंबरायां,**
**संक्रामन् दुग्धसिंधोः स्मरति मुहुरसौ यामिनीकामिनीशः ॥३॥**

**अवचूर्णिः-** पार्श्वस्य भूर्भुवःस्वःशतमखमुकुटश्लिष्टमुक्तामयूखस्नाताः पादांबुजनखमणयो विश्वेभ्यो मंगलानि क्रियासुः । येषां शुचिरुचिलहरीतांडवाडंबरायां उत्संगवेद्यां संक्रामन् असौ यामिनीकामिनीशो दुग्धसिंधोः मुहुः स्मरति । पृथ्वीपातालस्वर्गाणां इंद्राः नृपभवनपतिदेवेंद्राः[1] तेषां मुकुटाः[2] तेषु श्लिष्टा लग्ना या मुक्तास्तासां मयूखास्तैः स्नाताः स्नानं कारिताः । उत्संगवेद्यां मध्ये इत्यर्थः 'वेदी वितर्दिरजिरं' इति नाममालावचनात् वेदीशब्दः शोभार्थो वा उत्संगशब्देन मध्यं लक्षणया यथाग्निर्माणवकः । (शुचयश्च ता रुचयस्तासां) लहर्यः कल्लोलास्तेषां ताण्डवानि विलासाः तेषामाडंबराणि यस्यां तस्यां[3] । दुग्धसिंधोः क्षीरार्णवस्य चिंतयति **'स्मृत्यर्थदयेशः षष्ठी' (सिद्धहेम॰ २।२।११)**। यामिनीकामिनीशः चंद्रः प्रासादस्य पूर्वाभिमुखत्वात् श्रीवामेयप्रतिमायाश्चंद्रकांतमयत्वात् एवमुक्तिः ॥३॥

---

१ A - द्राणां, २ A - मुकुटानि, ३ A - 'तस्यां' शब्दो नास्ति ।

**ભાવાર્થ** - ઈંદ્રોના મુગટની સાથે મળેલા મુક્તાફલોના કિરણોમાં સ્નાન કરેલા શ્રી પાર્શ્વનાથપ્રભુના ચરણકમળના નખમણિઓ આ ત્રણ જગત્‌ના સમગ્રજનોનું મંગળ કરો. જેમની ઉજ્જ્વલ કાંતિની લહેરોના તાંડવના આડંબરવાળી મધ્યવેદી ઉપર પ્રતિબિંબિત થતો નિશારૂપી કામિનીનો પતિ ચંદ્ર વારંવાર દૂધના સમુદ્રનું સ્મરણ કરે છે. ૩

**વિશેષાર્થ** - આ શ્લોકમાં ગ્રંથકાર શ્રી પાર્શ્વનાથપ્રભુના ચરણકમળના નખને આશીર્મંગલરૂપે સ્તવી વર્ણવે છે. જે શ્રી પાર્શ્વનાથ પ્રભુના ચરણકમળના નખમણિઓ ઈંદ્રોના મુગટપર જડેલા મુક્તાફળના કિરણોમાં સ્નાન કરેલા છે - અર્થાત્ ઈંદ્રો આવી પોતાના મસ્તકો નમાવી તેમના ચરણમાં નમે છે. તે નખમણિ ઉપર ચંદ્રનું પ્રતિબિંબ પડે છે, તેથી તે ચંદ્રને દુધના સમુદ્રનું સ્મરણ થાય છે. આ કહેવાનો ભાવાર્થ એવો છે કે, લૌકિક કથામાં કહેવાય છે કે ચંદ્ર ક્ષીરસાગરમાંથી નીકળેલા ચૌદ રત્નો માંહેલું એક રત્ન છે અને પ્રભુના નખમણિ દૂધના જેવા ઉજ્જ્વલ છે, તેથી તેમાં પ્રતિબિંબ રૂપે પડતા એવા ચંદ્રને પોતાના ઉત્પત્તિ સ્થાન રૂપ ક્ષીરસમુદ્રનું સ્મરણ થાય એ સંભવિત છે. અને તેનું વર્ણન કરી કવિએ સ્મૃતિ અલંકાર દર્શાવેલો છે. આવા દિવ્ય નખમણિઓ સર્વ જગતનું મંગળ કરવાને સમર્થ થાય - એ પણ નિઃસંદેહ વાર્તા છે. ૩

**देवः पार्श्वः शिवं वः प्रथयतु हरतां कल्मषं शर्म दत्ता-**
**माधत्तां धाम कीर्तिं घटयतु दिशतां गौरवं वैभवं च ।**
**भूतस्तिष्ठन् भविष्यन् सवृतिरपवृतिर्दूरसंस्थःपुरस्थो**
**यद्ज्ञानादर्शशय्यां सममधिवसति स्वेच्छया वस्तुसार्थः ॥४॥**

**अवचूर्णिः**- स पार्श्वो देवो वः युष्माकं शिवं प्रथयतु कल्मषं हरतां

शर्म दत्तां धाम आधत्तां कीर्त्तिं घटयतु गौरवं च पुनर्वैभवं दिशतां । भूतस्तिष्ठन् भविष्यन् सवृतिः अपवृतिः दूरसंस्थः पुरस्थो वस्तुसार्थः यद्(ज)ज्ञानादर्शशय्यां स्वेच्छया समं[1] अधिवसति । सवृतिः पटाद्याच्छादितः अपवृतिः अनाच्छादितः अतीतानागतवर्त्तमानवर्त्ती पदार्थः[2] क्रिया सुगमा । **'अधेःशीङ्स्थासआधारः' (सिद्धहेम० २/२/२०)** इति सूत्रेण यद्(ज)ज्ञानादर्शशय्यां[3] अत्र द्वितीया ॥४॥

**ભાવાર્થ -** આ જગતના ભૂત,ભવિષ્ય અને વર્તમાનકાળના બનાવો તથા પદાર્થોનો સમૂહ જે આવરણવાળો હોય, આવરણ રહિત હોય, દૂર રહેલો હોય અથવા નજીક રહેલો હોય તે સર્વ જેના જ્ઞાનરૂપી દર્પણની શય્યામાં સ્વેચ્છાથી સાથે જ વાસ કરીને રહેલો છે, તે શ્રી પાર્શ્વનાથ પ્રભુ તમારૂ કલ્યાણ વિસ્તારો, પાપ હરો, સુખ આપો, તેજ પ્રસારો, કીર્ત્તિ વધારો અને ગૌરવ તથા વૈભવ આપો. ૪

**વિશેષાર્થ -** આ શ્લોકથી કવિએ શ્રી પાર્શ્વનાથ પ્રભુની જ્ઞાન લક્ષ્મી વર્ણવી આશીર્વચન રૂપ માંગલ્ય કહેલું છે. શ્રી પાર્શ્વનાથના કેવળજ્ઞાનને દર્પણની ઉપમા આપી છે. જેમ દર્પણમાં બધા પદાર્થો દેખાય આવે છે, તેમ તેમના કેવળજ્ઞાનરૂપી દર્પણમાં બધા પદાર્થો દેખાઇ આવે છે. અર્થાત્ તે કેવળજ્ઞાનથી સર્વ ભૂત, ભવિષ્ય અને વર્તમાનના બનાવો જોઈ શકાય છે. જે વસ્તુ આવરણવાળી હોય કે આવરણ રહિત હોય, દૂર હોય કે નજીક હોય તે બધી વસ્તુ કેવલજ્ઞાની જોઇ શકે છે અને જાણી શકે છે. આવા ઉત્તમ કેવલજ્ઞાનધારી ભગવંતની ભક્તિથી કલ્યાણ પ્રાપ્ત થાય છે, પાપ દૂર થાય છે, સુખ મળે છે, તેજ વધે છે, સત્કીર્ત્તિ વધે છે, અને ગૌરવ તથા વૈભવ પ્રાપ્ત થાય છે - તેથી ગ્રંથકાર એ ઉત્તમ પદાર્થો પ્રાપ્ત થવાની આશીષ આપે છે. અને તે

१ A - समं - समकालं, २ A - पदार्थसमूहः, ३ A - °शय्यामित्यत्र ।

સાથે સૂચવે છે કે, જેનામાં કેવળજ્ઞાનનું સામર્થ્ય હોય તે પ્રભુ કલ્યાણાદિ વસ્તુઓ આપવાને સમર્થ થઇ શકે છે. અને એવા સમર્થ શ્રીપાર્શ્વનાથ પ્રભુ જ છે. ૪

**आस्थानी मंगलानां जलधिरनवधिः शर्ममय्याः सुधायाः**
**पार्श्वो देवाधिदेवः प्रवितरतु चिरं शाश्वतीं स श्रियं वः ।**
**जिष्णुः कुंदावलेपं फणिपतिरसनाक्रोडमासाद्य सद्यः**
**कांतिर्यद्गात्रयष्टेर्जनयति जगतः क्षीरधाराभिशंकाम् ॥५॥**

**अवचूर्णिः-** मंगलानामास्थानी राजधानी शर्ममय्याः सुधायाः अनवधिरमर्यादः जलधिः देवाधिदेवः स पार्श्वो वो युष्माकं चिरं शाश्वतीं श्रियं प्रवितरतु । सद्यः फणिपतिरसनाक्रोडमध्यं आसाद्य कुंदावलेपं कुंदस्य धवलपुष्पस्यावलेपं अंहकारं जिष्णुः जयनशीला यद्गात्रयष्टेः कांतिः जगतः क्षीरधाराभिशंकां जनयति । 'जिं ज्रिं अभिभवे' जयतीति जिष्णुः **'भू-जेः ष्णुक्' (सिद्धहेम० ५/२/३०)** इति स्नुप्रत्ययः ॥५॥

**ભાવાર્થ -** ડોલરના પુષ્પના ગર્વને જીતનારી જેમના ગાત્રની ઉજ્જ્વલ કાંતિ સર્પોની રસનાના મધ્ય ભાગમાં આવી જગતને ક્ષીરની ધારાની શંકા ઉત્પન્ન કરે છે, એવા મંગળોના સ્થાનરૂપ અને સુખમય અમૃતના નિરવધિ સમુદ્ર એવા દેવાધિદેવ શ્રી પાર્શ્વનાથ પ્રભુ તમને ચિરકાલ શાશ્વત લક્ષ્મી (મોક્ષલક્ષ્મી) ને આપો. ૬

**વિશેષાર્થ -** આ શ્લોકમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુના શરીરની કાંતિનું વર્ણન કરી મોક્ષલક્ષ્મીની પ્રાપ્તિ રૂપ આશીર્વચનનો ઉદ્ગાર કરવામાં આવ્યો છે. શ્રી પાર્શ્વનાથ પ્રભુની શ્વેતકાંતિ ઉપર ગ્રંથકાર ઉત્પ્રેક્ષા કરે છે. શ્રી પાર્શ્વનાથ પ્રભુની કાંતિ ડોલરના પુષ્પ જે ઘણાં જ શ્વેત છે,

તેના ગર્વનો નાશ કરે છે. તેવી શ્વેત કાંતિ શ્વેત કાંતિવાળા પ્રભુની સાથે રહેલા સર્પની રસનાનો યોગ પામેલી છે, તેથી એ કાંતિની ઝાંઇ એવી પ્રસરે છે કે, તે જોઇ જગત્‌ના લોકોને જાણે પ્રભુ ઉપર ક્ષીરની ધારા થતી હોય, એવી શંકા ઉત્પન્ન કરાવે છે. આવા શ્રી પાર્શ્વનાથ પ્રભુ મોક્ષલક્ષ્મી આપવાને સમર્થ છે. જે મોક્ષલક્ષ્મીને આપવાને સમર્થ હોય તે મંગળના સ્થાનરૂપ તથા સુખના સમુદ્ર રુપ હોવા જોઈએ, તેથી ગ્રંથકાર તેમને તેવા વિશેષણો આપે છે કે, શ્રી પાર્શ્વનાથ પ્રભુ મંગળોના સ્થાન રુપ છે અને સુખમય અમૃતના નિરવધિ સાગરરુપ છે. ૫

**निःश्रेणिर्मुक्तिधाम्नः स्फुरदुरुदुरितोदन्वदुत्तारसेतुः**
**केतुर्विघ्नोदयानां जडिमदिनपतिर्भूर्भुवःस्वःप्रदीपः ।**
**कुल्या कल्याणवल्ल्याः कलुषसुरसरित्पुण्यपीयूषवृष्टि-**
**र्दृष्टिः पार्श्वस्य तेजांस्युपनयतु सतां संहरंती तमांसि ॥६॥**

**अवचूर्णिः-** मुक्तिधाम्नो निःश्रेणिः स्फुरदुरुदुरितोदन्वदुत्तारसेतुः विघ्नोदयानां केतुः जडिमदिनपतिः भूर्भुवःस्वःप्रदीपः कल्याणवल्ल्याः कुल्या कलुषसुरसरित्पुण्यपीयूषवृष्टिः तमांसि संहरंती पार्श्वस्य दृष्टिः सतां तेजांसि उपनयतु वृद्धिं नयतु । स्फुरंति च उरूणि च स्फुरदुरूणि तानि च दुरितान्येव उदन्वान् समुद्रः तस्योत्तारः तत्र सेतुरिव सेतुः । जडिमनि जाड्ये पक्षे मूर्खत्वे दिनपतिः । कुल्या नीका ॥६॥

**ભાવાર્થ -** મોક્ષ રુપ મહેલની નિસરણી રુપ, સ્ફુરાયમાન એવા મોટા પાપ રુપ સમુદ્રને ઉતરવાની પાજ (પુલ) રુપ, વિઘ્નોના ઉદયમાં[1] ધ્વજા રુપ, જડતામાં સૂર્ય રુપ, ત્રણ લોકમાં દીપક રુપ, કલ્યાણ રુપ લતામાં નીકરુપ અને પાપ રુપી મહા નદીમાં પવિત્ર

૧ ધ્વજા મંગળરૂપ હોવાથી વિઘ્નનો નાશ કરનાર છે.

અમૃતની વૃષ્ટિ રુપ એવી શ્રી પાર્શ્વનાથ પ્રભુની દષ્ટિ સત્પુરુષોને અંધકારનો નાશ કરી તેજ આપો.

**વિશેષાર્થ** - આ શ્લોકમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની દષ્ટિનો પ્રભાવ દર્શાવ્યો છે. જે પ્રાણી ઉપર શ્રીપાર્શ્વનાથ પ્રભુની દષ્ટિ પડે તેને કેટલો અને કેવો લાભ થાય ? તેને માટે તે દષ્ટિને જુદાં જુદાં રુપક આપેલાં છે. તે દષ્ટિ મુક્તિ રૂપી મહેલની નિસરણી છે એટલે જે પ્રાણી ઉપર પ્રભુની દષ્ટિ પડે, તે પ્રાણીને મોક્ષ મળે છે. તેનાથી પ્રાણી પાપરૂપ સમુદ્રને ઉતરી જાય છે. તેને વિઘ્નો થતા નથી, જડતા રહેતી નથી, ત્રણ લોકમાં પ્રકાશ થાય છે, કલ્યાણનું પોષણ થાય છે અને પાપ રૂપ સરિતામાં પુણ્ય રૂપ અમૃતની વૃષ્ટિ થાય છે. ૬

**यज्जन्मस्नात्रपर्वण्यनवरतचलच्चामरालीमरुद्भि-**
**र्विक्षिप्तैरंतरीक्षे विचकिलधवलैर्दुग्धसिंधोः पयोभिः ।**
**आकीर्णं शीतरश्मेः क्षणमधितवपुर्निष्कलंकामवस्थां**
**त्रैलोक्यारब्धसेवः स हरतु दुरितं पार्श्वदेवश्चिरं वः ॥७॥**

**अवचूर्णिः-** त्रैलोक्यारब्धसेवः स पार्श्वदेवश्चिरं वो युष्माकं दुरितं हरतु । यज्जन्मस्नात्रपर्वणि अनवरतचलच्चामरालीमरुद्भिः अंतरीक्षे विक्षिप्तैः उत्सारितैः विचकिला मल्लिका तद्वद्धवलैः दुग्धसिंधोः पयोभिराकीर्णं व्याप्तं शीतरश्मेर्वपुः क्षणं निष्कलंकां अवस्थां अधित धृतवत् ॥७॥

**ભાવાર્થ** - જેમના જન્મ સ્નાત્રના પર્વમાં વારંવાર ચલાયમાન થયેલા ચામરોની પંક્તિના પવનોથી આકાશમાં ઉછળેલા ક્ષીરસાગરના મલ્લિકાના વૃક્ષના જેવા ધોળા જળથી વ્યાપ્ત થયેલું ચંદ્રનું શરીર ક્ષણવાર નિષ્કલંક અવસ્થાને પ્રાપ્ત થાય છે અને ત્રણ લોક જેની સેવા કરે છે એવા શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચિરકાળ તમારા પાપને હરો. ૭

**વિશેષાર્થ** - શ્રી પાર્શ્વનાથ પ્રભુના જન્મ સ્નાત્રના ઉત્સવનું

વર્ણન આપી ગ્રંથકાર આશીર્મંગળ કરે છે. પાર્શ્વનાથ પ્રભુના જન્મ સ્નાત્રનો ઉત્સવ એવો મોટો થાય છે કે, જેની અંદર હજારો દેવતાઓ ચામર વીંજે છે અને તે ચામરના એવા મોટા પવનો છુટે છે કે, જેથી ક્ષીરસાગરના જળ ઉછળીને આકાશમાં રહેલા ચંદ્ર સુધી પહોંચે છે. ક્ષીરસાગરનું જળ શ્વેત હોવાથી ચંદ્રની અંદર રહેલ કલંક ઢંકાઇ જાય છે એટલે તેથી ચંદ્રની અવસ્થા નિષ્કલંક થઇ જાય છે. આવા પ્રભાવિક પાર્શ્વનાથ પ્રભુની સેવા ત્રણ લોક કરે છે, તેથી તે પાપને દૂર કરવાને સમર્થ છે. ૭

**स्पष्टं दृष्ट्वापि कष्टं वपुषि विगलितभ्रांतिसृष्ट्या स्वदृष्ट्या**
**काष्ठक्रोडाद्विकर्षन् कमठमखशिखिम्लायितांगं भुजंगम् ।**
**यस्तथ्यां मुक्तिवीथीं कथयति करुणामेव देवाधिनाथ -**
**श्रेणीसंवाहितांघ्रिर्विघटयतु घटामापदां वः स देवः ॥८॥**

**अवचूर्णिः-** देवाधिनाथा इंद्रास्तेषां श्रेणी तया संवाहितौ सेवितौ अंघ्री यस्य स देवाधिनाथश्रेणीसंवाहितांघ्रिः स देवो वो युष्माकं आपदां घटां विघटयतु श्लथयतु विगलितभ्रांतिसृष्ट्या स्वदृष्ट्याऽवधिज्ञानेन वपुषि स्पष्टं कष्टं दृष्ट्वापि काष्ठक्रोडात् काष्ठमध्यात् कमठमखशिखिम्लायितांगं भुजंगं सर्पं विकर्षन् यः करुणामेव तथ्यां सत्यां मुक्तिवीथीं मुक्तिमार्गं[१] कथयति ॥८॥

**इत्यष्टौ नमस्काराः पार्श्वस्य ।**

**ભાવાર્થ -** જે પ્રભુએ ભ્રાંતિની ઉત્પત્તિ વગરની સ્વદષ્ટિ (અવધિજ્ઞાન) વડે સ્પષ્ટ રીતે પોતાના શરીર ઉપર કષ્ટ જોવા છતા કાષ્ઠની અંદરથી સર્પને ખેંચી કાઢ્યો હતો કે જે સર્પનું અંગ કમઠના ધૂણીના અગ્નિથી કરમાઇ ગયું હતું, જે દયા ભરેલા મુક્તિના સત્ય માર્ગને કહે છે, અને જેમના ચરણ ઈંદ્રોની પંક્તિએ સેવેલા છે એવા તે શ્રી પાર્શ્વનાથ પ્રભુ તમારી આપત્તિઓને નાશ કરો. ૮

---

१ A - मोक्षमार्गं ।

**વિશેષાર્થ -** આપત્તિને નાશ કરવા માટે ગ્રંથકાર શ્રી પાર્શ્વનાથ પ્રભુને આશીર્વાદરુપે સ્તવે છે. જે પુરૂષે કોઇવાર બીજા કોઇની આપત્તિનો નાશ કર્યો હોય, તે પુરુષ આપત્તિનો નાશ કરવાને સમર્થ થાય છે. તેથી આ શ્લોકમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુનો કમઠ તાપસની ધૂણીમાં બળતા એવા કાષ્ઠમાંથી સર્પને ઉગારવાનો સંબંધ દર્શાવ્યો છે અને એવા પરદુ:ખભંજન પ્રભુ બીજાની આપત્તિને દૂર કરી શકે છે. ૮

**आश्चर्यमंदिरमुदारगुणाभिरामं**
**विश्वंभरापणवधूतिलकायमानम् ।**
**तेजांसि यच्छतु कुमारविहारनाम**
**भूमीभुजश्चुलुकवंशभवस्य चैत्यम् ॥९॥**

**अवचूर्णि:-** अथ कुमारविहारस्याष्टोत्तरं शतं काव्यानि । चुलुकवंशभवस्य भूमिभुजः आश्चर्यमंदिरं उदारगुणाभिरामं विश्वंभरापणवधूतिलकायमानं कुमारविहारनाम चैत्यं तेजांसि यच्छतु । विश्वंभरा पृथ्वी सैव पणवधूः वेश्या तस्यास्तिलकमिवाचरितं तिलकायमानं 'क्यङ्' इति[१] यः आनशि **'अतो म आने' (सिद्धहेम० ४/४/११४)** इति मांते[२] तिलकायमानं कुमारविहार इति नाम यस्य तत् चैत्यं प्रासादः । पृथ्व्याः पणवधूपमानं 'पुहुवी नवीनवेलडी पुरुष पुराणा थाइ' इति हेतोः संभाव्यते ॥९॥

**ભાવાર્થ -** આશ્ચર્યના મંદિરરુપ, ઉદાર ગુણોથી મનોહર અને પૃથ્વીરુપી વારાંગનાના તિલકરુપ એવું ચૌલુક્યવંશી મહારાજા કુમારપાળનું કુમારવિહાર નામે ચૈત્ય તેજને આપો.૯

---

१ A - इति क्य प्र० यः, २ A - मांते सिद्धं कुमार०

**વિશેષાર્થ** - અહિંથી આ મહા કાવ્યની વસ્તુનું વર્ણન શરું થાય છે. અને તે વસ્તુને આશીર્વાદ રુપે વર્ણવે છે-મહારાજા કુમારપાળે રચેલું ચૈત્ય કે જે કુમારવિહારના નામથી પ્રખ્યાત છે અને તે ઉપરથી જ આ કાવ્યનું નામ પણ કુમારવિહાર પડેલું છે; તે ચૈત્ય આ કાવ્યના વાચકોને તથા શ્રોતાઓને તેજ આપો. તે ચૈત્યને જોવાથી અનેક આશ્ચર્ય ઉત્પન્ન થાય છે, તેથી તે આશ્ચર્યનું મંદિર છે. તે ચૈત્યના દર્શનથી અનેક જાતના ગુણો થાય છે, તેથી તે ઉદાર ગુણોથી મનોહર છે. મનોહર અને ઉંચું એવું તે ચૈત્ય આ પૃથ્વીરુપી સ્ત્રીના તિલકરુપ છે. આવા ઉત્તમ વિશેષણોને લઇને તે ચૈત્ય તેજ આપવાને સમર્થ છે. ૯

**यस्मिन्नास्थानभाजः शशिमणिवपुषः पार्श्वनाथस्य गात्रम्**
**स्नात्रांभःसेकमात्रप्रणयविघटितास्तोकलोकाधिशोकम् ।**
**संक्रामद्भिस्तुरंगद्रुमशशिसुरभिश्रीगजैर्भित्तिचित्रैः**
**सौभाग्यं दुग्धसिंधोरविदितमथनोत्पातबाधस्य धत्ते ॥१०॥**

**अवचूर्णिः**- यस्मिन् प्रासादे आस्थानभाजः शशिमणिवपुषः पार्श्वनाथस्य स्नात्रांभःसेकमात्रप्रणयविघटितास्तोकलोकाधिशोकं गात्रं भित्तिचित्रैः संक्रामद्भिः तुरंगद्रुमशशिसुरभिश्रीगजैः अविदित-मथनोत्पातबाधस्य दुग्धसिंधोः सौभाग्यं धत्ते । अविदितोऽज्ञातो मथनमेव उत्पातबाधो यस्य दुग्धसिंधोः । (स्नात्रस्यांभः) तस्य सेक एव सेकमात्रं तस्य प्रणयः संश्लेषः ॥१०॥

**ભાવાર્થ** - જે કુમારવિહાર નામના જિનાલયમાં સ્થાન કરીને રહેલા અને ચંદ્રકાંતમણિમય શરીરવાળા શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ગાત્ર સ્નાત્ર જળના સિંચનમાત્રથી નમ્ર એવા ઘણાં લોકોના શોકને નાશ

કરનારું છે, તેની અંદર અશ્વ, કલ્પવૃક્ષ, ચંદ્ર, કામધેનુ, લક્ષ્મી અને ઐરાવતના ભીંત પર ચિત્રેલાં ચિત્રોના પ્રતિબિંબ પડવાથી મથન કરવાના ઉત્પાતની પીડાને નહિં જાણનારા ક્ષીરસાગરના સૌભાગ્યને તે ધારણ કરે છે. ૧૦

**વિશેષાર્થ** - કુમારવિહાર ચૈત્યમાં રહેલા શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા ચંદ્રકાંતમણિમય છે તે પ્રતિમાને જ્યારે સ્નાત્ર કરાવે છે, ત્યારે તેમાંથી ચંદ્રકાંત મણિના ઝરણાઓ ઝરે છે. જે ભવિપ્રાણી ઉપર એ સ્નાત્ર જળનું સિંચન થાય છે, તે ભવિપ્રાણી શોકથી મુકત થઇ જાય. છે. તે ચંદ્રકાંતમય પ્રતિમાને જ્યારે સ્નાત્ર કરાવવામાં આવે છે, ત્યારે તે સ્નાત્ર જળની અંદર મંદિરની ભીંતો ઉપર ચિતરેલા અશ્વ, કલ્પવૃક્ષ, ચંદ્ર, કામધેનુ, લક્ષ્મી અને ઐરાવતના ચિત્રોના પ્રતિબિંબો પડે છે. આ દેખાવ ઉપરથી કવિ કલ્પના કરે છે કે, સમુદ્રના મથનની વાર્ત્તા લોકમાં પ્રસિદ્ધ છે. ને મથન કરેલા સમુદ્રમાંથી ચૌદ રત્નો નીકળેલાં છે. તે ચોદ રત્નોમાં અશ્વ, કલ્પવૃક્ષ, ચંદ્ર, કામધેનુ, લક્ષ્મી અને ઐરાવત એ રત્નો પ્રખ્યાત છે. પ્રભુના સ્નાત્ર જળ રુપ સમુદ્રમાં પ્રતિબિંબિત થયેલા અશ્વ, વગેરે રત્નો મથન કરવાની પીડા વગર પ્રાપ્ત થયેલા દેખાય છે. તેથી આ સ્નાત્રજળનો ક્ષીરસાગર પેલા ક્ષીરસાગરથી વિશેષ સૌભાગ્યવાન્ છે. અહિં વ્યતિરેકાલંકાર થાય છે. ૧૦

**निर्गच्छत्कांतिवीचीनिचयधवलिताभ्यर्णसौवर्णभित्ति-**
**र्यस्यांतश्चंद्रकांतोपलशकलमयी पुत्रिकांभः किरंती ।**
**वंदारूणां त्रिलोकीप्रसृमरयशसो देवदेवस्य पादान्**
**शौचाचारे गलंतीललितमविकलं नक्तमाविष्करोति ॥११॥**

**अवचूर्णिः-** यस्य अंतर्निर्गच्छत्कांतिवीचीनिचयधवलिताभ्यर्णसौवर्णभित्तिः अंभः किरंती चंद्रकांतोपलशकलमयी पुत्रिका त्रिलोकीप्रसृमरयशसो देवदेवस्य पादान् वंदारूणां जनानां शौचाचारे नक्तं रात्रौ गलंतीललितं करकललितं अविकलं आविष्करोति । आविष्पूर्वः करोतिः **'निर्दुर्बहिराविःप्रादुश्चतुरां' (सिद्धहेम० २/३/९)** इति सूत्रेण षत्वं ॥११॥

**ભાવાર્થ -** જે કુમારવિહાર ચૈત્યની અંદર નીકળતી કાંતિના તરંગોના સમૂહથી પાસેની સુવર્ણની ભીંતોને પ્રકાશ કરતી એવી ચંદ્રકાંત મણિના કટકાની પુતળી કે જેમાંથી જળના ઝરણા નીકળે છે તે ત્રણ લોકમાં જેનો યશ પ્રસરી રહ્યો છે એવા દેવાધિદેવ શ્રી પાર્શ્વનાથ પ્રભુના ચરણને વંદના કરનારા મનુષ્યોને સારી રીતે તેમના શૌચાચારને માટે રાત્રે પૂર્ણ એવી લજ્જા પ્રગટ કરે છે. ૧૧

**વિશેષાર્થ -** કુમારવિહાર ચૈત્યની અંદર ચંદ્રકાંત મણિની પુતળીઓ આવેલી છે. તેની કાંતિ પાસેની દીવાલો ઉપર પડે છે, તેથી તે ધોળી થઇ ગયેલી છે અને તેમાંથી પાણીનાં ઝરણાં ઝર્યા કરે છે. આથી પ્રભુના ચરણને વંદના કરવા આવેલા લોકોને પોતાના શૌચાચારને માટે રાત્રે પૂર્ણ એવી લજ્જા પ્રગટ કરે છે. ૧૧

**पर्यंतभित्तिषु विचित्रवितानरूप-**
**बिंबांकितासु शशिरत्नमयीषु यत्र ।**
**आलेख्यकर्म शबलं लिखतो वृथैव-**
**संतर्जयंति खलु चित्रकरान्नियुक्ताः ॥१२॥**

**अवचूर्णिः-** यत्र विचित्रवितानरूपबिंबांकितासु शशिरत्नमयीषु पर्यंतभित्तिषु वृथैव शबलं आलेख्यकर्म लिखतः चित्रकारान् नियुक्ता

अधिकारिणः खलु संतर्जयंति । पर्यंतभित्तयो बहिर्भित्तयः वितानं उल्लोचश्चंद्रोदय इति यावत् । आलेख्यकर्म चित्रकर्म शबलं कर्बुरम् ॥१२॥

**ભાવાર્થ -** જે કુમારવિહાર ચૈત્યના પર્યંત ભાગમાં ચંદ્રકાંતમણિની દિવાલો આવેલી છે કે, જે વિચિત્ર ચંદરવાના રુપના પ્રતિબિંબથી અંકિત છે. તેની અંદર નકામું કાબરચિતરું આલેખનું કામ-કરનારા ચિત્રકારોનો ત્યાં નીમાએલા રક્ષકપુરુષો તિરસ્કાર કરે છે. ૧૨

**વિશેષાર્થ -** કુમારવિહાર ચૈત્યની અંદર આવેલી દિવાલો ચંદ્રકાંતમણિની રચેલી છે, તેમાં વિચિત્ર ભાતના ત્યાં બાંધેલા ચંદરવાના પ્રતિબિંબો પડે છે, તેથી તેની અંદર સ્વાભાવિક રીતે ચિત્રકામ ખડું થાય છે. આ વખતે જે ચિતારાઓ તેમાં કાબરચીતરા રંગ પૂરી ચિત્રો કરતા હતા, તેમનો તે પ્રયત્ન વૃથા જાણી ત્યાં રહેલા રક્ષકપુરુષો તેઓનો તિરસ્કાર કરે છે. કારણ કે, જ્યાં વિચિત્ર ચિત્રો પ્રતિબિંબથી થયેલાં છે, તે ઉપર બીજાં ચિત્રો કરવાં તે વૃથા છે. ૧૨

**नानाहस्तकशालिनीः क्वचिदपि क्वापि त्रिलोकीजन-**
**स्तुत्याकारविराजिनीः क्वचिदथ व्यालोलताडंकिनीः ।**
**दृष्ट्वा यत्र भवंति रत्नघटिताः पाञ्चालिकाः प्राणिनः ।**
**केचिन्नाट्यविदः स्मरग्रहभृतः केचित्परे शिल्पिनः ॥१३॥**

**अवचूर्णिः-** यत्र क्वचिदपि नानाहस्तकशालिनीः क्वापि क्वचिदपि त्रिलोकीजनस्तुत्याकारविराजिनीः अथ क्वचिद् व्यालोलताडंकिनीः रत्नघटिताः पांचालिका दृष्ट्वा केचित्प्राणिनः[1]नाट्यविदः केचित् स्मरग्रहभृतः परे शिल्पिनः भवंति । हस्तकाः हस्तचालनानि । व्यालोलाश्च एतास्ताडंकाः कर्णभूषणानि यासां ताः । 'अत इन्' **'स्त्रियां नृतो ङी' (सिद्धहेम० २/४/१)** इति ङ्यां ताडंकिनी ॥१३॥

---

१ A - केचिन्नाय्यविदः केचित् स्मरग्रहभृतः परे शिल्पिनः प्राणिनः भवंति ।

**ભાવાર્થ -** જે કુમારવિહાર ચૈત્યની અંદર કોઈ ઠેકાણે નાનાપ્રકારના હાથના હાવભાવથી સુંદર, કોઈ ઠેકાણે ત્રણલોકના મનુષ્યોમાં સ્તુતિ કરવા યોગ્ય આકૃતિથી વિરાજિત અને કોઈ ઠેકાણે કાનના ચપળ આભૂષણોવાળા રત્નોથી ઘડેલી પુતળીઓ રહેલી. તેઓને જોઈ કેટલાએક પ્રાણીઓ નાટ્ય શાસ્ત્રને જાણનારા થઈ જાય છે, કેટલાએક કામી થઈ જાય છે અને કેટલાએક કારીગરો બની જાય છે. ૧૩

**વિશેષાર્થ -** તે કુમારવિહાર ચૈત્યની અંદર ત્રણ પ્રકારની પુતળીઓ ગોઠવેલી છે, તેઓને જોઈને માણસો પણ ત્રણ પ્રકારના બની જાય છે. જે પુતળીઓ હાથના હાવભાવ કરનારી છે, તેઓને જોનારા નાટક કળામાં પ્રવીણ થાય છે, જે પુતળીઓ સુંદર આકૃતિવાળી છે, તેઓને જોનારા પુરુષો કામી થઈ જાય છે અને જેઓ કાનના ચપળ આભૂષણોને ધારણ કરનારી છે, તેઓને જોનારા પુરુષો કારીગર બની જાય છે. ૧૩

**ग्राम्या दुग्धमयान् विलासिमनसः कर्पूरपूरात्मकान्**
**वादभ्रांतिभृतो रसस्थितिभवान् सौवर्णिका राजतान् ।**
**ज्योत्स्नाभिः कलधौतजां जनयतः स्वर्णस्य कुंभावलीं**
**स्तंभान् यत्र विकल्पयंति रभसादागंतवो जंतवः ॥१४॥**

**अवचूर्णिः-** यत्र ज्योत्स्नाभिः स्वर्णस्य कुंभावलीं स्नात्रादिकृते पंक्तिस्थापितस्वर्णकलशावलीमिति संभाव्यते, कलधौतजां स्वर्णमयीं जनयतः स्तंभान् रभसात् आगंतवः ग्राम्या दुग्धमयान् विलासिमनसः कर्पूरपूरात्मकान् वादभ्रांतिभृतो धातुवादिनः रसस्थितिभवान् पारदस्थानोत्पन्नान् सौवर्णिका राजतान् विकल्पयंति । वेगात् आगच्छंतीति आगंतवः अतुसप्रत्ययः । ग्रामे

भवाः ग्राम्याः यञ्प्रत्ययः | कर्पूरपूर आत्मा येषां ते कर्पूरपूरात्मका स्वरुपे कः ॥१४॥

**ભાવાર્થ** - બાહરથી વેગવડે આવેલા લોકો જે ચૈત્યની અંદર સુવર્ણની કુંભાવળીને (કુંભીને) ચંદ્રની કાંતિથી રુપાની કરતા એવા થાંભલાઓને જોઈ જુદા જુદા તર્ક કરે છે. ગામડીઆ લોકો તેમને દુધના બનેલા ધારે છે. વિલાસી હૃદયવાળા રસિકપુરુષો તેમને કપૂરના પૂરથી બનેલા માને છે. ધાતુવાદની ભ્રાંતિને ધારણ કરનારા પુરુષો તેમને પારાના રસને સ્થિર કરી બનાવેલા જાણે છે અને સોની લોકો તેમને રુપાના બનેલા માને છે. ૧૪

**વિશેષાર્થ** - આ શ્લોકથી તે ચૈત્યની અંદર આવેલા કલશોનું સૌંદર્ય વર્ણવેલું છે. ખરી રીતે તો તે થાંભલાઓની કુંભીઓ સુવર્ણની છે, પણ તે ઉપર ચંદ્રની કાંતિ પડવાથી એટલા બધા ધોળા દેખાય છે કે, જેમને જોનારા લોકો વિવિધ જાતની કલ્પનાઓ કરે છે. કલ્પના કરનારા લોકોએ જે જે કલ્પના કરી છે, તે તેમની જાતિને અનુસરીને કરેલી છે. ૧૪

**यस्मिन्नालोक्य मर्त्त्यैर्विकटमपि कृतं संकटं रंगमध्यं**
**प्रेक्षोत्का नाकनार्यो रुचिरमणिशिलापुत्रिकाणां छलेन ।**
**आरूढाः काश्चिदुच्चैः प्रबलरभसया मंडपं काश्चिदुच्चं**
**स्तंभानां प्रांतमन्याः शिखरपृथुतटीमेखलां काश्चिदुच्चाम् ॥१५॥**

**अवचूर्णिः**- यस्मिन् विकटं विस्तीर्णमपि रंगमध्यं मर्त्त्यैर्मनुष्यैः संकटं संकीर्णं कृतं आलोक्य रुचिरमणिशिलापुत्रिकाणां छलेन प्रेक्षोत्काः विलोकनीयोत्कंठलाः काश्चिन्नाकनार्यः प्रबलरभसया उच्चैः स्थानं काश्चिदुच्चं मंडपं अन्याः स्तंभानां प्रांतं काश्चित् उच्चां शिखरपृथुतटीमेखलां आरूढाः संतीति गम्यं रभसाशब्द आकारांतोऽपि पुंस्त्रीलिंगत्वात् ॥१५॥

**ભાવાર્થ -** જોવાને ઉત્સુક એવી સ્વર્ગની દેવીઓ જેની અંદર આવી તે ચૈત્યના રંગ મંડપનો મધ્ય ભાગ વિકટ છતાં પણ લોકોથી સાંકડો થયેલો જોઇ સુંદર મણિશિલાની પુતળીઓના બહાનાથી કોઈ પ્રબળ વેગવડે ઉંચા મંડપ ઉપર આરૂઢ થઈ છે. કોઈ સ્તંભોના ઉંચા પ્રાંત ભાગ ઉપર આવી ગઈ છે અને કોઇ શિખરની ઘણી વિશાળ ઉંચી મેખલા ઉપર ચડી ગઇ છે. ૧૫

**વિશેષાર્થ -** આ શ્લોકથી ગ્રંથકાર તે ચૈત્યના રંગમંડપની અંદર ગોઠવેલી મણિશિલાની પુતળીઓને ઉત્પ્રેક્ષા અલંકારથી વર્ણવે છે. મંડપ, તેના થાંભલાઓ અને મેખલા ઉપર રહેલી તે પુતળીઓ નથી પણ તે ચૈત્યને જોવાને આવેલી દેવીઓ છે. લોકોની ભીડથી સાંકડા થયેલા તે ચૈત્યના રંગ મંડપને જોઈ તેઓ જુદે જુદે સ્થાને ચડી ગઈ છે. તે ઉપરથી તે ચૈત્યની અંદર ઘણી પુતળીઓ ગોઠવેલી છે, એમ બતાવ્યું છે. ૧૫

**साक्षेपं प्रेर्यमाणैरपि सरलपथे वैनतेयाग्रजेन**
**त्रस्तैर्भीष्माननेभ्यः शिखरगुरुतटीपीठकंठीरवेभ्यः ।**
**उद्वल्गं नीयमानः प्रसभमिह हयैरग्रतः पृष्ठतो वा**
**यस्योत्तुंगस्य मूर्ध्नि व्रजति न तरुणेऽप्यह्नि पूष्णः पताकी ॥१६॥**

**अवचूर्णिः-** उत्तुंगस्य यस्य मूर्ध्नि वैनतेयाग्रजेन अरुणेन सरलपथे आकाशे साक्षेपं प्रेर्यमाणैरपि भीष्माननेभ्यः शिखरगुरुतटीपीठकंठीरवेभ्यः त्रस्तैर्हयैरिह पत्तने तरुणेऽप्यह्नि मध्याह्नेऽपि प्रसभं हठात् पृष्ठतो वाग्रतः उद्वल्गं नीयमानः पूष्णः सूर्यस्य पताकी रथः न व्रजति ॥१६॥

**ભાવાર્થ -** ઉંચા એવા જે કુમારવિહાર ચૈત્યના મસ્તક ઉપર મધ્યાહ્ન કાળે પણ સૂર્યનો રથ ચાલી શકતો નથી. કારણકે, અરુણ

સારથિએ સરલ માર્ગે આક્ષેપથી હાંકેલા અશ્વો તે ચૈત્યના શિખરના મોટા તટના પીઠ ઉપર કોરીને ચિતરેલા ભયંકર મુખવાળા સિંહોથી ત્રાસ પામતા હતા. અને તેથી તેઓ લગામને નહિં ગણી તે રથને બળાત્કારે આગળ અથવા પાછળ લઈ જતા હતા. ૧૬

**વિશેષાર્થ** - આ કાવ્યમાં કર્ત્તાએ કુમારવિહાર ચૈત્યની ઉન્નતિ અને તેની અંદર રચેલી કારીગરી દર્શાવી છે. તે કુમારવિહાર પ્રાસાદ એટલો બધો ઉંચો છે કે, સૂર્યનો રથ તેની નજીક આવે છે. મધ્યાહ્નકાળે જ્યારે સૂર્યનો રથ તેના શિખર ઊપર આવે છે, તે વખતે ત્યાં કરેલી સિંહની પ્રતિમાઓ જોઇ સૂર્યના રથના ઘોડા ચમકી જાય છે, તેથી સૂર્યના સારથિ અરુણને તે ઘોડાને હાંકવામાં ઘણી મુશ્કેલી પડે છે. આ વર્ણનમાં કવિએ અતિશયોક્તિ અલંકાર દર્શાવ્યો છે અને તે સાથે પ્રસ્તુત વસ્તુનું મનોરંજક વર્ણન કરી બતાવ્યું છે. ૧૬

**त्रिस्थानीसंनिवेशप्रणयसुरभिणो वल्लकीनादभाज-**
**स्तृष्णावेशादशेषस्वरलयघटनास्फीतगीतामृतस्य ।**
**उत्कर्णं व्योम्नि तिष्ठन् प्रतिपदरचनां रात्रियात्रास्वतंद्र-**
**श्चांद्रः कालत्रयेऽपि प्रथयति महतीं यत्र राकां कुरंगः ॥१७॥**

**अवचूर्णिः-** यत्र रात्रियात्रासु त्रिस्थानीसंनिवेशप्रणयसुरभिणः वल्लकीनादभाजः अशेषस्वरलयघटनास्फीतगीतामृतस्य तृष्णावेशात् प्रतिपदरचनां उत्कर्णं व्योम्नि तिष्ठन् अतंद्रश्चाद्रः कुरंगः कालत्रयेऽपि महतीं राकां प्रथयति। तृष्णावेशः आटोपः। त्रयाणां स्थानानां द्रुतविलंबितमध्यरूपाणां समाहारः त्रिस्थानी अथवा गीतनृत्यवादित्रत्रयमिति त्रिस्थानी अथवा नाभिहृदयकंठत्रयमिति त्रिस्थानि तस्याः संनिवेशो रचना तत्र प्रणय आश्लेषः तेन सुरभि मनोज्ञम् । अशेषाः संपूर्णाः ये स्वराः षड्जऋषभादयस्तेषां

लयो ध्यानं तस्य घटना रचना तया स्फीतं पुष्टं यद्गीतं तदेवामृतं तस्य गीतामृतस्य, त्रिस्थानीसंनिवेशप्रणयसुरभिणः वल्लकीनादभाजः तद्विशेषणद्वयं ज्ञेयम् ॥१७॥

**ભાવાર્થ -** જે કુમારવિહાર ચૈત્યમાં રાત્રિની યાત્રામાં આળસ વગરનો અને ચંદ્રની અંદર રહેલો હરિણ ત્રણે કાળ મોટી પૂર્ણિમાને દર્શાવે છે. કારણકે, તે ચૈત્યમાં સંગીતના નૃત્ય, ગીત અને વાજીંત્ર રૂપ ત્રણ સ્થાનના સ્નેહથી મનોહર, વીણાના નાદથી યુક્ત અને સર્વ સ્વરોના લયની ઘટનાથી વ્યાપ્ત એવા ગાયનરુપ અમૃતની તૃષ્ણાના આવેશથી તે ગાયનના દરેક પદની રચના સાંભળવા ઉંચા કાન કરીને આકાશમાં ઉભો રહે છે. ૧૭

**વિશેષાર્થ -** આ શ્લોકમાં કવિ કુમારવિહાર ચૈત્યની ઉન્નતિની સાથે તેમાં થતી સંગીત પૂજાનું વર્ણન કરે છે. તે ચૈત્યમાં નૃત્ય, ગીત અને વાજીંત્રથી મળેલું તથા વીણાના નાદથી યુકત એવું સંગીત સદા કાળ થયા કરે છે. તે સંગીતને સાંભળવાની ઇચ્છાથી ચંદ્રની અંદર રહેલો મૃગ તે સ્થળે સ્થિર રહે છે એટલે ત્યાં સદા કાળ પૂર્ણિમાનો દેખાવ થઈ રહે છે. મૃગ જાતિને સંગીત સાંભળવાનો ઘણો જ શોખ હોય છે. એ શ્રવણેંદ્રિયની આસકિતને લઈને શિકારીઓના પાશમાં સપડાય છે અને પોતાના પ્રાણને પણ ગુમાવે છે. અહિં અતિશયોક્તિ અલંકાર છે. તે અલંકારથી કુમારવિહાર ચૈત્યની ઉન્નતિ અને તેમાં થતી સંગીત પૂજાનું વર્ણન કરેલું છે. ૧૭

**बिभ्राणैरक्षरालीं त्रिभुवनजनताक्षेमरक्षैकपालीं**
**मंत्रैर्विघ्नेक्षुयंत्रैः स्नपनविधिभवैर्नित्यमाहूयमानाः ।**
**यातायातानि भूयः प्रथयितुमनलंभूष्णवो यत्र देव्यो**
**बाह्यानां देवधाम्नां व्यधिषत वसतिं मंडपोर्ध्वांगणेषु ॥१८॥**

**अवचूर्णिः-** यत्र त्रिभुवनजनताक्षेमरक्षैकपालीमक्षरालीं बिभ्राणैः स्नपनविधिभवैः विघ्नेक्षुयंत्रैः मंत्रैः नित्यं आहूयमानाः भूयः यातायातानि प्रथयितुं अनलंभूष्णवः अलंभवंतीति अलंभूष्णवः **'भूजेःष्णुक्' (सिद्धहेम॰ ५/२/३०)** इति स्नुप्रत्ययः देव्यः बाह्यानां देवधाम्नां मंडपोर्ध्वांगणेषु वसतिं व्यधिषत न मध्ये न बहिः किंत्वर्द्धोपचारः **'विपूर्वडुधांगृक् धारणे च'** धातोः अद्यतनी अन्ते **'सिजद्यतन्याम्' (सिद्धहेम॰ ३/४/५३)** इतिं सिचि **'इश्चस्था दः' (सिद्धहेम॰ ४/३/४१)** इति सिचः किद्वत्भावे धा धातोः धिभावे च **'अड्धातोरादिर्ह्यस्तन्यां चामाङा' (सिद्धहेम॰ ४/४/२९)** इति अडागमे च **'अनतोऽन्तोऽदात्मने' (सिद्धहेम॰ ४/२/११४)** इति न्लोपे व्यधिषत रुपसिद्धिः ॥१८॥

**ભાવાર્થ -** ત્રણ ભુવનના લોકોના કુશળની રક્ષા કરવામાં મુખ્યપાળરુપ એવી અક્ષરોની શ્રેણીને ધારણ કરનારા અને વિઘ્નોનો નાશ કરવામાં શેલડી પીલવાના યંત્ર જેવા સ્નાત્ર વિધિના મંત્રોથી હંમેશાં બોલાવવામાં આવેલી દેવીઓ વારંવાર ગમનાગમન કરી શકી નહિં એટલે તેઓ તે ચૈત્યની બાહર આવેલા દેવાલયોના મંડપના ઉપરના આંગણાંમાં સ્થાન કરીને રહેલી છે. ૧૮

**વિશેષાર્થ -** આ શ્લોકથી ગ્રંથકાર કુમારવિહાર' ચૈત્યની અંદર થતા નિત્ય સ્નાત્રવિધિના મહિમાનું વર્ણન કરે છે. પ્રથમ તે સ્નાત્ર વિધિના મંત્રોને માટે કહે છે કે, તે મંત્રોમાં રહેલા અક્ષરો ત્રણ ભુવનના લોકોની રક્ષા કરવાને સમર્થ છે. તેમ વળી તે મંત્રો સર્વ પ્રકારના અંતરાયને દૂર કરવાને સમર્થ છે. એ મંત્રોની અંદર શાસનદેવીઓને બોલાવવામાં આવે છે. તે ચૈત્યમાં સ્નાત્રવિધિ હંમેશાં થવાથી તે દેવીઓને નિત્યે આવવું પડે છે. હંમેશાં જવા આવવાથી તે દેવીઓને શ્રમ પડે છે, તેથી તેઓ કુમારવિહાર ચૈત્યની બાહરના દેવાલયોની અંદર આવી વાસ કરીને રહેલી છે. કહેવાનો આશય એવો છે કે, તે ચૈત્યમાં હંમેશા સ્નાત્રવિધિ થયા કરે છે અને તેના પવિત્ર મંત્રોના ઉચ્ચાર ત્યાં થયા કરે છે. ૧૮

**पश्यन् हाटककुंभपंक्तिमतुलां निर्वर्णयन् पीठिकाम्**
**निध्यायन् विविधा वितानविततीर्व्यालोकयन् पुत्रिकाः ।**
**यस्मिन्मध्यमपूर्वकौतुकशतैः क्षिप्तांतरात्मा चिराद्**
**द्वारस्थैरिव धारितः प्रविशति प्रायेण सर्वो जनः ॥१९॥**

**अवचूर्णिः-** यस्मिन् प्रासादे हाटककुंभपंक्तिं पश्यन् अतुलां पीठिकां निर्वर्णयन् विविधा वितानविततीः निध्यायन् पुत्रिका व्यालोकयन् अपूर्वकौतुकशतैः क्षिप्तांतरात्मा प्रेरितात्मा द्वारस्थैरिव धारितः प्रायेण सर्वो जनः चिरान्मध्यं प्रविशति ॥१९॥

**ભાવાર્થ -** જેના મધ્યભાગમાં સુવર્ણના કુંભોની પંક્તિને જોતા, અનુપમ પીઠિકાને નીરખતા, વિવિધ પ્રકારના ઉલ્લેચની શ્રેણીઓને અને પુતળીઓને અવલોકતા સર્વ માણસો અપૂર્વ એવા સેંકડો કૌતુકથી હૃદયમાં વિક્ષેપ પામી જાય છે, તેથી જાણે દ્વારપાળોએ તેમને અટકાવ્યા હોય, તેમ પ્રાયે કરીને તેમાં ઘણા વિલંબે પ્રવેશ કરે છે. ૧૯

**વિશેષાર્થ -** જેમ કોઇ રાજદ્વાર વગેરેમાં પ્રવેશ કરવો હોય ત્યારે દ્વારપાલના અટકાવવાથી ઘણા વિલંબે તેમાં પ્રવેશ થાય છે, તેમ કુમારવિહાર ચૈત્યની અંદર પ્રવેશ કરવામાં વિલંબ થાય છે. કારણ કે, તેમાં પ્રવેશ કરતાં માણસો ચૈત્યની કેટલીએક શોભા જોવામાં રોકાય છે, તેથી તેમને અંદર પ્રવેશ કરતાં ઘણી વાર લાગે છે. તે ઉપર કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે, ચૈત્યની અંદર આવેલ સુવર્ણના કળશની પંક્તિ, અનુપમ પીઠિકા, ઉલ્લેચ, અને પુતળીઓની શોભા જોવામાં રોકાએલાં માણસો જાણે દ્વારપાળે અટકાવ્યાં હોય, તેમ ચિરકાલે તેમાં પ્રવેશ કરે છે. તે ઉપરથી સિદ્ધ થયું કે, તે ચૈત્યની અંદર સુવર્ણ કળશની પંક્તિ, પીઠિકા, ઉલ્લેચ અને પુતળીઓ જોવા લાયક છે. ૧૯

सर्वत्र निर्मलतमोपलबिंबितानि
स्वान्येव पुष्पबलिजूंषि वपूंषि वीक्ष्य ।
संघट्टकष्टचकिताः प्रतिपालयंतो
मध्यं चिरेण खलु यस्य विशंति मुग्धाः ॥२०॥

**अवचूर्णिः-** सर्वत्र निर्मलतमोपलबिंबितानि पुष्पबलिजूंषि स्वान्येव वपूंषि वीक्ष्य संघट्टकष्टचकिताः प्रतिपालयंतः मुग्धाः खलु यस्य मध्यं चिरेण प्रविशंति पुष्पाणि बलयश्च पुष्पबलयः पुष्पबलीन् जुषंतीति पुष्पबलिजूंषि जुष्धातोः क्विपि जुष् । घंटालालान्यायेन वीक्ष्य प्रतिपालयंतः इति शतृक्त्वाप्रत्यययोः कर्म्म वपूंष्येव ॥२०॥

**ભાવાર્થ -** સર્વ સ્થળે રહેલા અતિ નિર્મળ સ્ફટિક મણિના પાષાણોની અંદર પુષ્પના બલિ સાથે રહેલા પોતાના જ શરીરને જોઈ સંઘટ્ટ થવાના (ભીડ થવાના) કષ્ટથી ભય પામી રાહ જોઈ ઉભા રહેલા મુગ્ધ લોકો તે ચૈત્યની મધ્યમાં ચિરકાલે પ્રવેશ કરે છે. ૨૦

**વિશેષાર્થ -** તે ચૈત્યની અંદર પુષ્પના બલિને લઈ પૂજા કરવા આવેલા મુગ્ધ લોકો, પોતાના શરીરને અતિ નિર્મલ એવા સ્ફટિક મણિમાં પ્રતિબિંબિત થયેલાં જોઇ તેઓ મુગ્ધપણાને લઇને એમ સમજે છે કે, અહિં લોકોની ભીડ ઘણી છે, તેથી ભય પામી તેઓ ભીડ દૂર થવાની રાહ જોઈ ઉભા રહે છે અને તે કારણથી તેઓ ઘણીવારે ચૈત્યની અંદર દાખલ થાય છે આ ઉપરથી એમ દર્શાવ્યું છે કે, તે ચૈત્યમાં નિર્મલ સ્ફટિકમણિ જડ્યા હતા અને ત્યાં જિનપૂજા કરવાને ઘણાં લોકો આવતા હતા. ૨૦

**विश्वं निर्दोषषट्कं किमपि विदधतो देवदेवस्य पादा -**
**नाश्लिष्यन् बाह्यभित्तिप्रतिहतिवलनप्राप्तमध्यैः कराग्रैः ।**
**एणांकस्त्यक्तशंकः पतति मणिभुवि प्रांगणस्य क्षपायाम्**
**प्राप्तप्रौढिं कलंकं विघटयितुमना यत्र बिंबच्छलेन ॥२१॥**

**अवचूर्णिः-** यत्र क्षपायां निर्दोषषट्कं किमपि विश्वं विदधतो देवदेवस्य पादान् बाह्यभित्तिप्रतिहतिवलनप्राप्तमध्यैः कराग्रैः आश्लिष्यन् प्राप्तप्रौढिं कलंकं विघटयितुमनाः दूरीकर्त्तुमनाः त्यक्तशंकः एणांकः बिंबच्छलेन प्रांगणस्य मणिभुवि पतति । काम १ क्रोध २ लोभ ३ मान ४ दंभ ५ रति ६ दोषाः दोषाणां षट्कं दोषषट्कं निर्गतं दोषषट्कं यस्मात्तत् । विघटयितुं मनो यस्य स विघटयितुमनाः **'तुमश्चमनःकामे' (सिद्धहेम॰ ३/२/१४०)** इति मकारलोपः॥२१॥

**ભાવાર્થ -** જેના આંગણાની મણિમય ભૂમિમાં ચંદ્ર પોતાનું પ્રૌઢ કલંક દૂર કરવાની ઈચ્છાથી પ્રતિબિંબના મિષથી નિઃશંક થઈને પડે છે. જે ચંદ્ર આ જગત્‌ને કામ ક્રોધાદિ છ દોષથી રહિત કરનારા શ્રી દેવાધિદેવના ચરણને બાહરની દીવાલોને સ્પર્શ કરી અંદર પેઠેલા પોતાના કિરણોના અગ્ર ભાગથી આલિંગન કરે છે.૨૧

**વિશેષાર્થ -** ''દેવાધિદેવ ભગવંતે આ જગત્‌ને કામક્રોધાદિ છ દોષથી રહિત કરેલું છે, તેથી જો તેમના ચરણમાં વંદના કરી હોય તો હું પણ કલંકના દોષથી રહિત થઈશ'' આવી ઈચ્છાથી ચંદ્ર તે ચૈત્યની દીવાલોને કિરણો વડે સ્પર્શ કરી ભગવંતના ચરણમાં પડે છે. ચૈત્યની આંગણાંની સ્ફટિકમણિમય ભૂમિમાં ચંદ્રનું પ્રતિબિંબ પડે છે, તે ઉપરથી કવિએ આ ઉત્પ્રેક્ષા કરેલી છે. ૨૧

**अंतर्लब्धप्रवेशैः करनिकरभरैर्भ्रंशयन्नंधकार-**
**प्राग्भारं देवमूर्त्तिं बहिरपि नमतां दर्शयन् सप्रकाशम् ।**
**उत्संगे संमुखायाः प्रतिनिदधदयं यत्र रत्नाश्मभित्तेः**
**सौवर्णस्यांशुमाली कलयति करणिं प्रत्यहं दर्पणस्य ॥२२॥**

**अवचूर्णिः-** यत्र अंतर्लब्धप्रवेशैः करनिकरभरैः करनिकरभरैरित्यत्र पौनरुक्त्यां न चायं (दोषः) यथा तृणसमूहैः भृते शकटे भरः इति लोकोक्तिः। अंधकारप्राग्भारं भ्रंशयन् बहिरपि नमतां नराणां सप्रकाशं देवमूर्त्तिं दर्शयन् संमुखायाः रत्नाश्मभित्तेरुत्संगे प्रतिनिदधत् प्रतिबिंबयन् अयं अंशुमाली सूर्यः सौवर्णस्य दर्पणस्य प्रत्यहं करणिं सादृश्यं कलयति । धाग्धातुः शतृप्रत्ययः ततः कृतद्वित्वे नोंते च **'अंतो नो लुग्' (सिद्धहेम० ४/२/१४)** प्रतिनिदधत् रूपम् । अंशून् मलते धारयति इति अंशुमाली **'अजातेः शीले' (सिद्धहेम० ५/१/१५४)** णिन् वृद्धौ च प्रथमा सि ॥२२॥

**ભાવાર્થ** - સૂર્ય જે ઉંચા ચૈત્યની અંદર પ્રવેશ થયેલા પોતાના કિરણોના સમૂહથી અંધકારના સમૂહને દૂર કરે છે, પ્રભુની મૂર્ત્તિને બાહર રહી નમસ્કાર કરતા એવા પુરુષોને પ્રકાશ સહિત દર્શાવે છે. અને ચૈત્યના આગળ સન્મુખ આવેલી રત્નમણિની દીવાલનાં મધ્યમાં પોતાનું પ્રતિબિંબ પાડે છે, તેથી તે સૂર્ય હંમેશાં સુવર્ણના દર્પણની તુલનાને પ્રાપ્ત કરે છે. ૨૨

**વિશેષાર્થ** - આ શ્લોકમાં સૂર્યને સુવર્ણના દર્પણની ઉપમા આપેલી છે. જે ચૈત્યની સન્મુખ આવેલી દીવાલની અંદર સૂર્યનું પ્રતિબિંબ પડે છે. તે વખતે તેના કિરણો તેની અંદર પડે છે તેથી પ્રભુની મૂર્ત્તિને બાહરથી નમન કરતાં એવા લોકોને પ્રકાશ મળે છે. આ ઉપરથી કવિએ ચૈત્યની અંદર રત્નમણિમય દીવાલો છે, એમ દર્શાવેલું છે. ૨૨

**वैडूर्याश्मप्रणालीमुखमकरतटैर्घ्राणपात्रैकमित्रम्**
**यस्मान्निर्गच्छदच्छं स्नपनविधिभवं केतकीपुष्पपाथः ।**
**दिग्लोलानीलभासो बहुलपरिमलाकृष्टभृंगप्रसंग-**
**भ्रांत्या हस्तैः किरंत्यः पुरहरिणदृशो मौलिभिः संस्पृशंति ॥२३॥**

**अवचूर्णिः-** दिग्लोला दिक्षु चपला नीलभासो नीलकांतीः कर्मतापन्नाः बहुलपरिमलाकृष्टभृंगप्रसंगभ्रांत्या हस्तैः किरंत्यः क्षिपंत्यः पुरहरिणदृशो नगरस्त्रियो यस्मात्प्रासादाद्वैडूर्याश्मप्रणालीमुखमकरतटैर्निर्गच्छत् घ्राणपात्रैकमित्रं स्नपनविधिभवं केतकीपुष्पपाथः पानीयं मौलिभिः संस्पृशंति । नगरस्त्रियः मौलिभिः स्पृशंति किं केतकीपुष्पपाथः किदृक् पुष्पपाथः ? निर्गच्छत् कस्मात् (कैः) विडूर्याश्मनां प्रणालीभ्यः (प्रणाल्यः) तासां मुखानि तेषु मकरतटाः तैः तटशद्धः शोभार्थः । घ्राणपात्रं नासिका । लोलाश्चपला भासो ॥२३॥

**ભાવાર્થ -** વૈડૂર્યમણિની મગરના આકારવાળી ખાળમાંથી નીકળતું સ્નાત્રવિધિનું કેતકીના પુષ્પવાળું નિર્મલ જલ જે સુગંધથી નાસિકારૂપ પાત્રનું મિત્રરૂપ હતું. તેની નીલકાંતિઓ દિશાઓમાં ચપલ થઈ પ્રકાશતી હતી તેથી નગરની સ્ત્રીઓને એવી ભ્રાંતિ થતી હતી કે, અહિં ઘણાં સુગંધને લઈને ભમરાઓ ખેંચાઈ આવ્યા છે, તેથી તેઓ પોતાના હાથ વડે તેને ઉછાળતી ઉછાળતી પોતાના મસ્તક વડે સ્પર્શ કરતી હતી. ૨૩

**વિશેષાર્થ -** તે ચૈત્યની અંદર પ્રભુને સ્નાન કરાવાના જલને નીકળવાની ખાળ વૈડૂર્ય મણિથી રચેલી હતી અને તે ખાળના મુખ ઉપર મગરની આકૃતિ કરેલી હતી તેમાંથી સ્નાત્ર જલ જ્યારે બાહર નિકળતું તે વખતે નગરની સ્ત્રીઓ તે જલને મસ્તક વડે વંદન કરવા આવતી,

ત્યારે વૈડૂર્ય મણિની નીલકાંતિ તે જલ ઉપર પ્રસરી જતી. તેને તે સ્ત્રીઓ સુંગંધને લઈ આવેલા ભ્રમરોને જાણી તેને ઉડાડવા જતી તેથી જલને ઉછાળતી હતી. ભ્રમરની કાંતિ નીલ હોય છે, તેથી તે સ્ત્રીઓને ભ્રમ થતો હતો. અહિં ભ્રાંતિમાન્ અલંકાર વર્ણવેલો છે. ૨૩

**प्रत्यारावैः सकेकाश्चलचमरमहोमांसलं पृष्ठपीठे**
**बिभ्राणाश्चित्रवर्णं विविधमणिभवं कांतिवीचीकलापं ।**
**नृत्यंतो द्वारवेदीतटभुवि कृतकं बर्हिणः प्रेक्षकाणां**
**नेत्राण्याक्षिप्य नित्यं विदधति सरुषं यत्र शैलूषलोकं ।।२४।।**

**अवचूर्णिः-** यत्र पृष्ठपीठे प्रत्यारावैः सकेकाः चलचमरमहोमांसलं चित्रवर्णं विविधमणिभवं कांतिवीचीकलापं बिभ्राणाः द्वारवेदीतटभुवि कृतकं नृत्यंतः बर्हिणः प्रेक्षकाणां नेत्राणि आक्षिप्य शैलूषलोकं नाट्याचार्यलोकं नित्यं सरुषं विदधति । द्वारवेदी (कोटडी) । यस्य प्रासादस्य पृष्ठे मयूराः तत्प्रत्यारावैः सकेकाः नृत्यन्ति इत्यर्थः ।।२४।।

**ભાવાર્થ -** જે ચૈત્યમાં પાછળના ભાગમાં ચલાયમાન એવા ચામરના તેજથી પુષ્ટ ચિત્ર વિચિત્ર વર્ણવાલા અને જાતજાતના મણિની કાંતિઓના સમૂહને ધારણ કરતા અને દ્વારની વેદિકાની તટભૂમિ ઉપર નાચતા એવા મયૂરો પોતાના શબ્દોના પ્રતિધ્વનિથી પ્રેક્ષકોના નેત્રોને પોતાની તરફ ખેંચતા તેથી ત્યાં નાટક કરનારા નટલોકોને ક્રોધ ઉત્પન્ન થતો હતો. ૨૪

**વિશેષાર્થ -** એ કુમારવિહાર ચૈત્યની અંદર દ્વારની વેદિકા ઉપર મયૂર પક્ષીઓ આવીને નૃત્ય કરે છે. અને મંદિરના મધ્ય ભાગે નટ લોકો નૃત્ય કરે છે. તે નટ લોકોનું નૃત્ય જોવાને લોકો આવેલા હોય

છે, પણ તે વખતે દ્વારવેદી ઉપર નાચ કરતા મયૂરો કે જેમના પૃષ્ઠ ભાગ ઉપર વિવિધ જાતના મણિઓથી ચિત્ર વિચિત્ર એવી કાંતિનો સમૂહ પડે છે અને તેમના કેકાધ્વનિના પ્રતિધ્વનિઓ થાય છે, એથી તે પ્રેક્ષકોની દૃષ્ટિને ખેંચે છે, એ જોઈ નટ લોકોને રોષ ઉત્પન્ન થાય છે, કારણ કે, તેઓના નૃત્યને જોનારા માણસોની દૃષ્ટિ મયૂરો ખેંચે છે. આ કહેવાંનો ભાવાર્થ એવો છે કે, તે કુમારવિહાર ચૈત્યમાં વિવિધ જાતના મણિઓ ઘણાં છે, તેની દ્વારવેદિકા ઉપર મયૂર પક્ષીઓ તથા નટ લોકો આવીને સદા નાટ્યારંભ કરે છે. ૨૪

**जालीरंध्रप्रविष्टद्युतिचयखचिताच्चंद्रकांताश्मक्लृप्ता-**
**दूर्ध्वस्थाद्दुग्धमुग्धं जिनशिरसि पयः पातयंश्छत्रकुंभात्**
**कुर्वन्नक्षत्रबिंबैरजिरमणिभुवां दिव्यपुष्पोपहारम्**
**यत्र व्योमस्थ एव स्नपनविधिमहो श्वेतरोचिः करोति ॥२५॥**

**अवचूर्णिः-** यत्र अहो आश्चर्ये जालीरंध्रप्रविष्टद्युतिचयखचितात् चंद्रकांताश्मक्लृप्तात् ऊर्ध्वस्थात् छत्रकुंभात् जिनशिरसि दुग्धमुग्धं पयः पातयन् अजिरमणिभुवां नक्षत्रबिंबैर्दिव्यपुष्पोपहारं कुर्वन् व्योमस्थ एव श्वेतरोचिः स्नपनविधिं करोति । मुग्धं रम्यं अजिरमणिभुवां **'वेयुवोऽस्त्रियां'** **(सिद्धहेम० १/४/३०)** इति विकल्पेन आम् तेन भुवि भुवां छत्रकुंभात् छत्रघटात् ॥२५॥

**ભાવાર્થ -** જેમાં આકાશમાં રહેલો ચંદ્ર પ્રભુને સ્નાત્રવિધિ કરે છે. જાળીના છિદ્રોમાંથી પ્રવેશ થયેલી કાંતિના સમૂહની સાથે જડેલા એવા ચંદ્રકાંતમણિના ઉપર રહેલા છત્રરુપ કળશમાંથી દુધના જેવું જળ પ્રભુના મસ્તક પર પાડે છે. અને આંગણાની મણિમય ભૂમિમાં પડેલા તારાઓના પ્રતિબિંબથી દિવ્ય પુષ્પોનો ઉપહાર કરે છે. ૨૫

**વિશેષાર્થ** - આકાશમાં રહેલા ચંદ્રનું પ્રતિબિંબ પ્રભુના મસ્તક પર રહેલા છત્રકલશમાં પડે છે. તે છત્રકલશ ચંદ્રકાંત મણિનો રચેલ છે તેથી તેની ઉપર ચંદ્રની કાંતિ પડવાથી તે ઝરે છે. તે ઉપર કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે, ચંદ્ર આકાશમાં રહીને પ્રભુની ઉપર દૂધની ધારાથી સ્નાત્રવિધિ કરે છે. સ્નાત્રવિધિ કરવામાં જેમ કલશ વડે જલધારા કરવી જોઈએ અને પુષ્પનો ઉપહાર ચડાવવો જોઈએ તેમ અહિં ચંદ્રના કીરણો જાલીના છિદ્રોમાંથી થઇને ચંદ્રકાંતમણિના છત્ર ઉપર પડે છે, તેથી છત્રમાંથી નીકળતા ઝરણા વડે ચંદ્ર છત્રરુપ કલશમાંથી પ્રભુના મસ્તક ઉપર દૂધના જેવાં જલની ધારા રેડે છે. ચૈત્યના આંગણામાં મણિ જડેલા છે, તેની અંદર તારાઓના પ્રતિબિંબ પડવાથી તે દિવ્ય પુષ્પના ઉપહાર જેવા લાગે છે તેથી કવિએ તેને પુષ્પોપહારની ઉપમા આપેલી છે. આ ઉપરથી પ્રભુના મસ્તક પર આવેલું છત્ર અને ચૈત્યના આંગણાની ભૂમિ મણિમય છે, એ વાત જણાવી છે. ૨૫

**यस्मिन् वितानगतरूपकबिंबभाजः**
**स्तंभानुपेत्य विकटस्फटिकप्रकृष्टान् ।**
**दौवारिकभ्रमवशादनुकूलयंति**
**मध्यप्रवेशरभसैर्नगरस्य नार्यः ॥२६॥**

**अवचूर्णिः-** यस्मिन् प्रासादे नगरस्य नार्यः मध्यप्रवेश-रभसैर्वितानगतरूपकबिंबभाजः विकटस्फटिकप्रकृष्टान् स्तंभान् उपेत्य दौवारिकभ्रमवशात् अनुकूलयंति । चंद्रोदयगतरूपबिंबं भजंतीति **'भजो विण्'** **(सिद्धहेम. ५/१/१४६)** इति विण् प्रत्ययः **'अप्रयोगीत्'** **(सिद्धहेम. १/१/३७)** इति विण्लोपे वृद्धौ च । उपेत्य आगत्य उपपूर्वक इणज् गतौ क्त्वा यपि तोंते च उपेत्येति रूपं । अनुकूलं कुर्वंतीति अनुकूलयंति **'णिज्बहुलं'** **(सिद्धहेम. ३/४/४२)** इति णिजि अनुकूलयंति आवर्जयंतीत्यर्थः ॥२६॥

**ભાવાર્થ** - જે ચૈત્યમાં આવેલા ઉંચી જાતના સ્ફટિકમણિના ઉત્કૃષ્ટ સ્તંભોની અંદર ઉલ્લેચમાં કાઢેલા ચિત્રોના પ્રતિબિંબ પડે છે, તે જોઈ નગરની સ્ત્રીઓ દ્વારપાળના ભ્રમને લઈને ચૈત્ય મધ્યે પ્રવેશ કરવાના વેગથી અટકાઈ જાય છે અને તેને અનુકૂલ રીતે વર્તે છે. ૨૬

**વિશેષાર્થ** - તે ચૈત્યમાં દરેક સ્તંભો સ્ફટિકમણિના છે. તેની અંદર ઉલ્લેચની અંદર રહેલા ચિત્રોના પ્રતિબિંબ પડે છે તે જોઈ પ્રવેશ કરતી નગરની સ્ત્રીઓને તેની ઉપર દ્વારપાળનો ભ્રમ પડે છે અને તેથી તેઓ અંદર પ્રવેશ કરવાના વેગથી અટકાઈ જાય છે અને અનુકૂલ રીતે વર્તે છે. તે ચૈત્યની અંદર સ્ફટિકમણિના સ્તંભોની અને ચિત્ર વિચિત્ર ઉલ્લેચની ભારે શોભા હતી એમ કવિએ દર્શાવેલું છે. ૨૬

**नीलाश्मभित्तिवलयप्रतिबिंबितस्य**
**पार्श्वप्रभोर्विहितकेतकशेखरस्य ।**
**शेषाप्रसूनकलनाय करं क्षिपंत्यो**
**ग्राम्या दिशंति किल यत्र न कस्य हास्यम् ॥२७॥**

**अवचूर्णिः- यत्र किल निश्चये नीलाश्मभित्तिवलयप्रतिबिंबितस्य विहितकेतकशेखरस्य पार्श्वप्रभोः शेषाप्रसूनकलनाय करं क्षिपंत्यः ग्राम्याः स्त्रियः कस्य हास्यं न दिशंति । शेषाप्रसूनकलनाय शिरःकुसुमग्रहणाय ॥२७॥**

**ભાવાર્થ** - જેમના મસ્તક ઉપર કેતકીના પુષ્પનો મુગટ કરેલો છે એવા શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાનું પાસેની નીલમણિની દીવાલમાં પ્રતિબિંબ પડે છે, તે જોઈ, ગામડાની સ્ત્રીઓ, પ્રસાદીનું પુષ્પ લેવાને માટે પોતાના હાથ નાખે છે, આમ કરતી તે સ્ત્રીઓ કોને હાસ્ય નથી કરાવતી ? ૨૭

**વિશેષાર્થ** - આ શ્લોકમાં ભ્રાંતિમાન્ અલંકાર દર્શાવી એ ચૈત્યની સમૃદ્ધિ વર્ણવેલી છે. તે ચૈત્યમાં કેતકીના પુષ્પના મુગટવાળી શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા છે તેનું પ્રતિબિંબ નીલમણિની દીવાલ ઉપર પડે છે, તે જોઈ દર્શન તથા પૂજન કરવા આવેલી ગામડાની સ્ત્રીઓ ભુલથી પ્રભુની પ્રસાદીનું પુષ્પ લેવાને હાથ નાખે છે, તે હાથ દીવાલ ઉપર અથડાય છે, તે જોઇ દરેક જોનાર માણસને હસવું આવે છે. ૨૭

**यत्रावासमुपेयुषो भगवतः पार्श्वस्य पुण्याद्भुत -**
**प्राप्यैः स्नात्रजलोर्मिभिः सकृदपि स्नाताः कुरंगीदृशः ।**
**काश्चित्पूर्णसमृद्धयः सतनयाः काश्चिच्चिरं काश्चन**
**क्षीणाशेषरुजो भवंति विलसत्सौभाग्यभाजः पराः ॥२८॥**

**अवचूर्णिः**- यत्र आवासं उपेयुषः भगवतः पार्श्वस्य पुण्याद्भुतप्राप्यैः स्नात्रजलोर्मिभिः सकृदपि स्नाताः काश्चित्कुरंगीदृशः पूर्णसमृद्धयः काश्चित्सतनयाः चिरं काश्चन क्षीणाशेषरुजः पराः प्रविलसत्सौभाग्यभाजः भवंति । उपेयुषः प्राप्तस्य कं? आवासं स्थानं उपपूर्वक इणक् गताविति धातौ उपेयाय इति उपेयिवान् **'तत्र क्वसुकानौ' (सिद्धहेम० ५/२/२)** इति सूत्रेण क्वसुप्रत्यये **'द्विर्धातु०' (सिद्धहेम० ४/१/१)** इतिसूत्रेण द्वित्वे **'इणः' (सिद्धहेम० २/१/५१)** इति इयादेशे **'समानानां०' (सिद्धहेम० १/२/१)** इति सूत्रेण दीर्घत्वे **'अवर्णस्ये०' (सिद्धहेम० १/२/६)** इति एत्वे **'क्वसुष्मतौ च' (सिद्धहेम० २/१/१०५)** इति क्वसोरुषादेशे उपेयुषः सिद्धं ईषदपि ॥२८॥

**ભાવાર્થ** - જે કુમારવિહાર ચૈત્યમાં વાસ કરીને રહેલા ભગવાન્ પાર્શ્વનાથ પ્રભુના સ્નાત્ર જલના તરંગો કે જે અદ્ભુત પુણ્યથી પ્રાપ્ત કરી શકાય તેવા છે, તે વડે એક વખત પણ ન્હાએલી મૃગના જેવા નેત્રવાળી સ્ત્રીઓમાં કોઈ પૂર્ણ સમૃદ્ધિવાળી થાય છે,

કોઈ પુત્રવતી થાય છે, કોઈ પોતાના લાંબા વખતના સર્વ રોગોનો ક્ષય કરનારી થાય છે અને કોઈ સૌભાગ્યના વિલાસને ભજનારી થાય છે. ૨૯

**વિશેષાર્થ** - આ શ્લોકથી કવિ શ્રી પાર્શ્વનાથ પ્રભુના સ્નાત્રજલનો મહિમા વર્ણવે છે. તે કુમારવિહાર ચૈત્યની અંદર રહેલા શ્રી પાર્શ્વનાથ પ્રભુના સ્નાત્રજલ વડે એક જ વાર સ્નાન કરનારી સ્ત્રીઓને ઘણું ફળ મળે છે. તેનાથી સમૃદ્ધિ, પુત્ર, આરોગ્ય અને સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે. ૨૯

**जंघालैः किरणोर्मिभिः शितिमणीनाकल्पगान् मौक्तिक -**
**च्छायान् मौक्तिकगुच्छकान् शितिमणिच्छायान् मुहुः कुर्वतः ।**
**देवाद्यत्र शशांककांतवपुषः शेषः समालंबते**
**शेषाद् गारुडरत्ननिर्मिततनोर्देवः पुनस्तां श्रियम् ॥२९॥**

**अवचूर्णिः**- यत्र जंघालैः किरणोर्मिभिः आकल्पगान् आभरणगान् शितिमणीन् मौक्तिकच्छायान् मौक्तिकगुच्छकान् शितिमणिच्छायान् मुहुः कुर्वतः शशांककांतवपुषः देवात् शेषः पुनः गारुडरत्ननिर्मिततनोः शेषात् देवः स्वां श्रियं समालंबते । श्वेतमूर्त्तेः श्रीपार्श्वात् शेषः स्वां श्रियं आश्रयति शेषस्य धवलत्वात् पुनः गारुडरत्नात्मकत्वात् शेषात् पार्श्वः स्वां श्रियं समालंबते श्रीपार्श्वस्य नीलत्वात् । जंघालैः प्रसरणशीलैः ॥२९॥

**ભાવાર્થ** - જે ચૈત્યમાં વારંવાર વેગવાળા પોતાના કિરણોના તરંગો આભૂષણોમાં રહેલા નીલમણિઓને મોતીની કાંતિવાળા કરતા અને મોતીઓના ગુચ્છોને નીલમણિની કાંતિવાળા કરતા એવા ચંદ્રકાંતમણિના રચેલા શ્રી પાર્શ્વનાથ પ્રભુની શોભાને શેષનાગ ધારણ કરે છે અને ગારુડી રત્નોની રચેલી મૂર્તિવાળા શેષનાગની શોભાને શ્રી પાર્શ્વનાથ પ્રભુ ધારણ કરે છે. ૨૯

**વિશેષાર્થ -** તે કુમારવિહાર ચૈત્યમાં રહેલા શ્રી પાર્શ્વનાથ પ્રભુની મૂર્ત્તિ ચંદ્રકાંતમણિની રચેલી છે. અને તેમની પ્રતિમા ઉપર નીલમણિના આભૂષણો રહેલા છે, પ્રભુની પ્રતિમાના કિરણો પડવાથી નીલમણિ મોતીની કાંતિવાળા થાય છે અને મોતીના ગુચ્છો નીલમણિની કાંતિવાળા થાય છે. એમ પરસ્પર એકબીજાની કાંતિ એકબીજા તરફ પડે છે. તેમ વળી તે પ્રભુની ઉપર ગારુડી રત્નનો રચેલો નાગ રહેલો છે. તે નાગની શોભા ચંદ્રકાંતમય મૂર્ત્તિવાળા પ્રભુને પ્રાપ્ત થાય છે અને ગારુડી રત્નમય મૂર્ત્તિવાળા નાગને તે પ્રભુની શોભા પ્રાપ્ત થાય છે. અહિં કવિએ તદ્‌ગુણાલંકાર દર્શાવ્યો છે અને ચૈત્યની મહાન સમૃદ્ધિ વર્ણવેલી છે. ૨૯

**दिक्चक्राक्रमणप्रमोदितजगच्चेतोभिराच्छोटिता-**
**स्तेजोभिर्बहलांशुमांसलमणिप्रालंबलंबात्मभिः ।**
**शेषाहेरिव देवमूर्द्धनिकृतच्छत्रस्य संदर्शनात्**
**यत्र स्नेहभृतोपि बिभ्रति सदा मंदां शिखां दीपकाः ॥३०॥**

**अवचूर्णिः-** यत्र देवमूर्द्धनि कृतच्छत्रस्य शेषाहेरिव संदर्शनात् दिक्चक्राक्रमणप्रमोदित जगच्चेतोभिः बहलांशुमांसलमणिप्रालंबलंबात्मभिः तेजोभिः आच्छोटिताः स्नेहभृतोऽपि दीपकाः सदा मंदां शिखां[1] बिभ्रति । आच्छोटिताः आस्फालिताः । बहला बहवः ये अंशवः किरणास्तैर्मांसलाः पुष्टा ये मणयः तेषां प्रालंबो माला (तया लंबः आत्मा स्वरूपं येषां तानि तैः तथा) ॥३०॥

**ભાવાર્થ -** દિશાઓના સમૂહને આક્રમણ કરવાથી જગત્‌ના હૃદયને હર્ષ કરનારા અને ઘાટા કિરણોથી પુષ્ટ એવા મણિઓની માળા

१ A - दिपकाः मंदां शिखां सदा बिभ्रति ।

સાથે મળવાથી લાંબા વધેલા એવા તેજથી વ્યાપ્ત થયેલા દીવાઓ તેલથી ભરેલા છે, તથાપિ જ્યાં સદા મંદ શિખાને ધારણ કરે છે. તે જાણે પ્રભુના મસ્તક પર છત્ર કરી રહેલા શેષનાગના દર્શનથી જ હોય તેમ દેખાય છે. ૩૦

**વિશેષાર્થ** - આ શ્લોકથી કવિ ચૈત્યની અંદર આવેલા દીવાઓનું વર્ણન કરે છે. ચારે તરફ દિશાઓમાં વ્યાપેલા મણિઓના તેજથી વ્યાપ્ત થયેલા તે દીવાઓની અંદર પૂર્ણ રીતે તેલ ભરેલું છે, પણ ત્યાં રહેલા મણિઓના તેજને લઈને તે મંદ શિખાને ધારણ કરે છે. અર્થાત્ મણિઓના તેજની આગળ તે ઝાંખા દેખાય છે. તે ઉપર કવિ વળી ઉત્પ્રેક્ષા કરે છે. પાર્શ્વનાથ પ્રભુના મસ્તક પર છત્ર કરી રહેલા શેષનાગના દર્શનથી તેઓ ઝાંખા થઈ ગયા હોય, તેમ દેખાય છે. ૩૦

**आवेशं संहरंतः शशिमणिवपुषः स्तंभवेदीविटंक -**
**स्थालीविश्रांतिभाजः प्रतिदिशमनिशं तामसं यत्र दीपाः ।**
**आतन्वंतः पतंगप्रथितमुभयमप्यात्महासप्रयासं**
**मुंचंते वीतरागक्रमसविधवशादंजनस्नेहमैत्रीम् ॥३१॥**

**अवचूर्णिः-** यत्र प्रासादे प्रतिदिशं अनिशं तामसमावेशं संहरंतः शशिमणिवपुषः स्तंभवेदीविटंकस्थालीविश्रांतिभाजः स्तंभानां वेद्यः अजिराणि तत्र या विटंकस्थाल्यो दीपस्थानानि तत्र विश्रांतिभाजः उभयमपि पतंगप्रथितमात्महासप्रयासमातन्वंतः दीपाः वीतरागक्रमसविधवशात् अंजनस्नेहमैत्रीं मुंचंते । तमसः अयं तामसस्तं । आवेशं आटोपं । पतंगः सूर्यः पक्षे पतंगः खद्योतः तमोहरणात् स्थालीविश्रांतिभाक्त्वेन खद्योतचरितं प्रथितं । स्तंभस्य वेद्यः कोटडयः तासां विटंकाः स्थानानि तत्र स्थाल्यो भाजनानि ता भजंतीति विण् । अंजनं कज्जलं पक्षे कश्मलं स्नेहस्तैलं पक्षे स्नेहोऽनुरागः ॥३१॥

**ભાવાર્થ** - જ્યાં હંમેશા સ્તંભ વેદીના અગ્ર ભાગે વિશ્રાંતિ પામેલા ચંદ્રકાંતમણિના દીવાઓ પ્રત્યેક દિશાના અંધકારના આવેશને નાશ કરે છે અને બંને રીતે પતંગે દર્શાવેલા પોતાના હાસ્યના પ્રયાસને વિસ્તારે છે. તે સાથે વીતરાગ પ્રભુના ચરણની સમીપને લઈને કાજળ તથા સ્નેહની મૈત્રીને છોડી દે છે. ૩૧

**વિશેષાર્થ** - આ શ્લોકથી ગ્રંથકાર તે ચૈત્યની અંદર આવેલા ચંદ્રકાંતમણિઓના દીવાનું વર્ણન કરે છે. તે દીવાઓ પ્રત્યેક દિશાઓના અંધકારને દૂર કરે છે. બંને રીતે પતંગના હાસ્યના પ્રયાસને વિસ્તારે છે. એક રીતે પતંગનો અર્થ પતંગીયું અને બીજી રીતે પતંગનો અર્થ સૂર્ય થાય છે. સામાન્ય દીવાઓ પતંગના નાશનું કારણ થાય છે, ત્યારે આ દીવાઓમાં પતંગનો નાશ થતો નથી. તે દીવાઓ શ્રી વીતરાગ - પાર્શ્વનાથ પ્રભુના ચરણની સમીપ રહેવાથી અંજન અને સ્નેહથી રહિત છે. બીજા સામાન્ય દીવાઓમાં કાજળ થાય છે અને સ્નેહ એટલે તેલ જોઈએ છીએ, ત્યારે આ દીવાઓથી કાજળ થતું નથી, તેમજ તેમાં સ્નેહ-તેલની જરૂર પડતી નથી. ૩૧

**अस्मिन्नास्थां स धत्तां चिरमधिमनसं यस्य साक्षाद्दिदक्षा**
**स्वर्गस्वर्णाद्रिकूटस्फटिकगिरितटीरोहणांतःस्थलीषु ।**
**आरुह्योत्तुंगशृंगां गुरुशिखरशिखां यत्र देशांतरस्था-**
**नित्थं संबोधयंति प्रचलपटमयैः पाणिभिः केतुदंडाः ॥३२॥**

**अवचूर्णिः**- अस्मिन् चिरं आस्थां स धत्तां यस्य अधिमनसं स्वर्गस्वर्णाद्रिकूटस्फटिकगिरितटीरोहणांतःस्थलीषु साक्षात् दिदक्षा अस्ति यत्रेत्थं उत्तुंगशृंगां गुरुशिखरशिखामारुह्य देशांतरस्थान् प्रचलपटमयैः पाणिभिः केतुदंडाः संबोधयंति दृष्टुमिच्छा दिदक्षा सनि द्वित्वे चाप्प्रत्यये दिदक्षा ॥३२॥

**ભાવાર્થ** - જે ચૈત્યને વિષે આવેલા ધ્વજદંડ ઉંચા શૃંગવાળા મોટા શિખરની શિખા ઉપર ચડી પોતાના ચપળ વાવટારૂપ હાથવડે કરીને દેશાંતરમાં રહેલા લોકોને સંબોધી કહે છે કે, "જે માણસને સ્વર્ગના સુવર્ણપર્વતના શિખરને સ્ફટિકગિરિ-વૈતાઢ્યપર્વતના તટને અને રોહણાચલ પર્વતની અંદરના સ્થળોને જોવાની મનમાં લાંબા કાળની ઈચ્છા હોય, તે આ ચૈત્ય ઉપર આસ્થા કરો."૩૨

**વિશેષાર્થ** - આ શ્લોકમાં તે ચૈત્યના ધ્વજદંડ ઉપર ઉત્પ્રેક્ષા કરેલી છે. ધ્વજાઓના વાવટાને હાથની ઉપમા આપેલી છે. જેમ કોઈ માણસ જોવા લાયક વસ્તુને બતાવાને પોતાના હાથની સંજ્ઞા કરી બોલાવે છે, તેમ ધ્વજદંડ પોતાના વાવટારૂપી હાથની સંજ્ઞા કરી દેશાંતરના લોકોને તે ઊંચા ચૈત્યની ઉપર આવી સુવર્ણગિરિ, વૈતાઢ્યગિરિ અને રોહણગિરિની શોભા જોવાને બોલાવે છે. જાણે તે એમ કહેતા હોય કે, "જો મેરૂ પર્વત, વૈતાઢ્ય પર્વત, અને રોહણાચળ પર્વતને પ્રત્યક્ષ જોવાની તમારી ઈચ્છા હોય તો આ ચૈત્ય ઉપર આસ્થા કરો. અર્થાત્ જો તમે આ કુમારવિહાર ચૈત્યમાં આવશો, તો તમને મેરૂ, વૈતાઢ્ય, અને રોહણગિરિની શોભા જોવાને મળશે." અર્થાત્ તે ચૈત્ય એટલું મોટું ઉંચું છે. તેનો બીજો અર્થ એવો પણ થાય કે, જો તમે આ ચૈત્યની અંદર રહેલા શ્રી પાર્શ્વનાથ પ્રભુ ઉપર આસ્થા રાખશો, તો તમે સ્વર્ગમાં જવાના અધિકારી થશો. તેમ જ મેરૂ, વૈતાઢ્ય, અને રોહણગિરિમાં અવતરી તમે તેને પ્રત્યક્ષ જોઈ શકશો. ૩૨

**यस्मिन् गांगेयकुंभव्रजवमितमहःकांडसंश्लेषदोषाद् -**
**दिक्चक्राक्रांतिधीरैः शशिनि सहगते पीतिमानं करौघैः ।**
**निद्रालून् केलिकीरांस्तरलजललवांश्चंद्रकांतप्रकोष्टान्**
**ज्योत्स्नालोलांश्चकोरान्नगरमृगदृशो वीक्ष्य रात्रिं विदंति ॥३३॥**

**अवचूर्णिः-** यस्मिन् प्रासादे गांगेयकुंभव्रजवमितमहः-कांडसंश्लेषदोषात् दिक्चक्राक्रांतिधीरैः करौघैः पीतिमानं गते सति शशिनि केलिकीरान् निद्रालून् चंद्रकांतप्रकोष्टान् तरलजललवान् ज्योत्स्नालोलां-श्चकोरान् वीक्ष्य नगरमृगदृशः रात्रिं विदंति । वमितानि उद्गीर्णानि महांसि तेषां कांडं समूहः तस्याश्लेषः (तस्य संश्लेषः) तस्य दोषात् ॥३३॥

**ભાવાર્થ -** જે ચૈત્યમાં રાત્રે સુવર્ણના કલશોના સમૂહે બાહેર કાઢેલા તેજના જથ્થાની સાથે મળવાના દોષથી દિશાઓના ચક્ર પર પ્રસરેલા ધીર કિરણોના સમૂહથી ચંદ્ર ઉપર પીળાશ થઈ જવાથી નગરની સ્ત્રીઓને દિવસનો ભ્રમ પડે છે, તેથી તેઓ, પોતાના ક્રીડા કરવાના શુકપક્ષીઓને નિદ્રા કરતાં જોઈને ચંદ્રકાન્ત મણિના ઓટલામાંથી જળના બિંદુઓને ટપકતાં જોઈને અને ચકોર પક્ષીઓને ચંદ્રની કાંતિ તરફ ચપળ થયેલા જોઈને રાત્રિ પડી ગઈ એમ જાણે છે. ૩૩

**વિશેષાર્થ -** તે કુમારવિહાર ચૈત્યની ઉપર સુવર્ણના કલશો એટલા બધા આવેલા છે કે તેમની કાંતિના કિરણો પડવાથી ચંદ્ર પીળો થઈ જાય છે. એટલે નગરની સ્ત્રીઓને સદા દિવસનો ભ્રમ પડે છે. જ્યારે પોતાના ઘરમાં રાખેલા શુકપક્ષીઓ નિદ્રા લેવા માંડે છે, ચંદ્રકાંતમણિના ઓટલામાંથી જલનાં ટીપાઓ ટપકવા માંડે અને ચકોર પક્ષીઓ ચંદ્રની કાંતિ તરફ ચપલ થવા માંડે, ત્યારે તેઓના જાણવામાં આવે છે કે, 'આ દિવસ નથી, પણ રાત્રિ પડી છે.' આ ઉપરથી તે ચૈત્યના શિખરો ઘણાં ઉંચા છે અને તે ઉપર સુવર્ણના કલશો ઘણા છે, એ વાત સિદ્ધ કરી છે. ૩૩

**श्रुत्वा श्रुत्वा वहद्भिः पुलकबहलितां गात्रयष्टिं समाजै-**
**र्लोकानां वर्ण्यमानां गुरुविभवजितस्वर्णसौभाग्यलेखाम् ।**
**द्रष्टुं स्वां रूपलक्ष्मीं स्तबकितकुतुकोत्तानेत्रैकपेयां**
**प्रातः प्रातर्यदंतः प्रतिफलति बहिर्दर्पणोद्भासिभित्तेः ।।३४।।**

**अवचूर्णिः-** पुलकबहलितां गात्रयष्टिं वहद्भिः लोकानां समाजैः वर्ण्यमानां श्रुत्वा श्रुत्वा गुरुविभवजितस्वर्गसौभाग्यलेखां स्तबकिंतकुतुकोत्ताननेत्रैकपेयां स्वां रूपलक्ष्मीं द्रष्टुं बहिर्दर्पणोद्भासिभित्तेः अंतर्मध्ये प्रातः प्रातः यच्चैत्यं प्रतिफलति । अन्योऽपि नरः लोकैर्वर्ण्यमानं स्वं रूपं द्रष्टुं दर्पणं विलोकयति । समाजः समूहः । पुलकेन रोमांचेन बहलितां पुष्टाम् ।।३४।।

**ભાવાર્થ -** જે કુમારવિહાર ચૈત્ય દરેક સવારે પોતાની બહાર રહેલ દર્પણથી પ્રકાશિત એવી ભીંતની અંદર પોતાના રૂપની લક્ષ્મી-શોભા જોવાને પ્રતિબિંબિત થાય છે. જે રૂપલક્ષ્મી ઉત્પન્ન થયેલા કૌતુકથી ઉંચાં કરેલાં નેત્રો વડે પાન કરવા યોગ્ય છે, મોટા વૈભવથી સુવર્ણના સૌભાગ્યની લેખાને જીતનારી છે અને સાંભળી સાંભળીને શરીર ઉપર પુલકાવળીને ધારણ કરનારા લોકોએ વર્ણન કરેલી છે. ૩૪

**વિશેષાર્થ -** તે કુમારવિહાર ચૈત્યની બાહર રહેલી દીવાલોમાં દર્પણો જડેલા છે. તેની અંદર તે ચૈત્યનું પ્રતિબિંબ પડે છે. તે ઉપર કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે, તે ચૈત્ય તે દર્પણની દીવાલોમાં પોતાના રૂપની શોભા જુએ છે. તે શોભા અતિ કૌતુક ભરેલાં નેત્રોથી જોવા લાયક છે અને તેનો વૈભવ એટલો બધો છે કે, જે સુવર્ણના સૌભાગ્યની લેખાને જીતી લે છે. તેમ જ એ શોભાને સાંભળી શરીર ઉપર રોમાંચ ધારણ કરી લોકોનાં ટોળાંઓ તેનું વર્ણન કરે છે. ૩૪

**पापीयान् प्रत्यहं ते गुरुशिखरशिरः संस्पृशाम्यग्रपादैः ।**
**सूर्यग्रावस्फुलिंगैर्यदपि विनमतस्त्रासमासादयामि ।**
**तन्मे सर्वं विसोढुं प्रभवति भगवान् विश्वलोकैकबंधु-**
**र्यत्रैवं तिग्मभानुर्जिनमनुनयते बिंबितः प्रांगणोर्व्याम् ॥३५॥**

**अवचूर्णिः-** ते तव गुरुशिखरशिरः अग्रपादैः पादाग्रैः प्रत्यहं पापीयान् अहं संस्पृशामि । यदपि विनमतः नरस्य सूर्यग्रावस्फुलिंगैस्त्रासमासादयामि तत् मम सर्वं विश्वलोकैकबंधुर्भगवान् विसोढुं प्रभवति एवं अनेन प्रकारेण यत्र प्रांगणोर्व्यां बिंबितः तिग्मभानुः जिनं अनुनयते । प्रभवति समर्थो भवति ॥३५॥

**ભાવાર્થ -** ''અતિ પાપી એવો હું હંમેશાં તમારા મોટા શિખરના મસ્તકને મારા અગ્રપાદ (આગળના કિરણો) થી સ્પર્શ કરૂં છું અને તમને નમસ્કાર કરનાર મનુષ્યને સૂર્યકાંતમણિના તણખાથી ત્રાસ આપું છું. એવા મારા સર્વ અપરાધને સહન કરવાને વિશ્વલોકના બંધુ એવા જિન ભગવાન સમર્થ થાય છે.'' આ પ્રમાણે સૂર્ય જે ચૈત્યના આંગણાની ભૂમિમાં પ્રતિબિંબિત થઈને પ્રભુની પ્રાર્થના કરે છે. ૩૫

**વિશેષાર્થ -** તે કુમારવિહાર ચૈત્યની આંગણાની ભૂમિમાં સૂર્યનું પ્રતિબિંબ પડે છે, તે ઉપર કવિ ઉત્પ્રેક્ષા કરે છે. તે સૂર્ય પ્રભુને વિનંતિ કરે છે કે, ''હે સ્વામી, હું મારા કિરણરૂપી ચરણથી હંમેશાં તમારા મંદિરનાં શિખરનો સ્પર્શ કરૂં છું. તેમ વળી તમારા ચૈત્યની અંદર રહેલા સૂર્યકાંતમણિમાંથી મારા સ્પર્શને લઈને તણખા નીકળે છે, તેથી અંદર દર્શન કરવા આવેલા લોકોને ત્રાસ આપું છું. એ મારા અપરાધોને આપ ક્ષમા કરો છો. કારણ કે આપ વિશ્વજનના બંધુ છો.'' આ ઉપરથી તે ચૈત્યના આંગણામાં સૂર્યનું પ્રતિબિંબ પડે તેવા મણિઓ છે અને અંદરના ભાગમાં સૂર્યકાંતમણિઓ જડેલા છે, એ વાત સિદ્ધ થાય છે. ૩૫

**श्रीमान् देवाधिदेवस्त्रिजगदभयभूर्विश्वविश्वैकमित्रम् -**
**यत्रास्ते तत्र दौस्थ्यं किमिदमसुमतामाधितो व्याधितो वा ।**
**इत्युग्रं हंतुमंतश्चररिपुनिकरं पापपाथोधिसेतून्**
**प्रत्यूहव्यूहकेतून् वहति यदनिशं स्कंधबंधेषु दंडान् ॥३६॥**

**अवचूर्णिः-** यत्र श्रीमांस्त्रिजगदभयभूः विश्वविश्वैकमित्रं देवाधिदेवः आस्ते तत्र असुमतां आधितो वा-अथवा व्याधितः इदं किं दौस्थ्यमस्ति इति हेतोः कारणात् यच्चैत्यं उग्रं अंतश्चररिपुनिकरं हंतुं अनिशं स्कंधबंधेषु पापपाथोधिसेतून् प्रत्यूहव्यूहकेतून् दंडान् वहति ॥३६॥

**ભાવાર્થ -** જે ચૈત્ય સ્કંધના બંધની અંદર હંમેશા દાંડાને ધારણ કરે છે. તે પાપરૂપી સમુદ્રના સેતુરૂપ અને વિઘ્નોના સમૂહના ધુમકેતુ રૂપ એવા દાંડાઓ અંદરના ઉગ્ર શત્રુ કામક્રોધાદિકના સમૂહને હણવાને દંડરૂપ છે. કારણકે, ત્રણ જગતને અભય આપવાના સ્થાનરૂપ અને વિશ્વના સર્વ જનના મિત્રરૂપ એવા શ્રીમાન્ દેવાધિદેવ જ્યાં બીરાજે છે, ત્યાં પ્રાણીઓને આધિ કે વ્યાધિથી નઠારી સ્થિતિ કેમ થાય ? આથી તે અંદરના શત્રુઓને હણવાને દંડ ધારણ કરે છે. ૩૬

**વિશેષાર્થ -** તે ચૈત્યના સ્કંધના બંધની અંદર દાંડા રહેલા છે. તે ઉપર કવિ ઉત્પ્રેક્ષાથી તર્ક કરે છે કે, તે દાંડાઓ અંતરના કામક્રોધાદિ શત્રુઓને હણવાના દંડ છે, કારણકે, જે ચૈત્યમાં સર્વ વિશ્વજનોના મિત્ર અને જગત્‌ને અભય આપનાર શ્રી દેવાધિદેવ પાર્શ્વનાથ પ્રભુ રહેલા છે, ત્યાં આવનારા પ્રાણીઓને આધિ તથા વ્યાધિથી નઠારી સ્થિતિ ન થાય એટલે આધિ - મનની પીડા અને વ્યાધિ - શરીરની પીડા કરનારા ઉગ્ર એવા કામ-ક્રોધાદિક શત્રુઓને શિક્ષા કરવાને ત્યાં દંડ રાખેલા છે, અર્થાત્ તે ચૈત્યમાં આવનારાઓને અંદરના કામક્રોધાદિક શત્રુઓ પીડતા નથી. ૩૬

**चंचच्चंद्रोदयाढ्यं सवृषमुनिगणं चारुचित्रं सकुंभं**
**भास्वत्ताराभिरामं समकरमिथुनं दीप्तसिंहं सकेतुम् ।**
**स्वर्वर्त्मोल्लासिताशं (तांसं) सगुरुकविबुधं मंगलोद्बोधहेतुः**
**किं वा दृष्टांतमुच्चैः सतुलमनुकरोत्यंबरस्य श्रियं यत् ॥३७॥**

**अवचूर्णिः-** चंचच्चंद्रोदयाढ्यं सवृषमुनिगणं चारुचित्रं सकुंभं भास्वत्ताराभिरामं समकरमिथुनं दीप्तसिंहं सकेतुं स्वर्वर्त्मोल्लासिताशं सगुरुकविबुधं मंगलोद्बोधहेतुः सतुलं यच्चैत्यं उच्चैरंबरस्य दृष्टांतं वा अथवा श्रियं अनुकरोति । अथवा यच्चैत्यं अंबरस्य आकाशस्य श्रियं किंवा पुनरर्थे अदृष्टं पापं तस्य अंतो यस्मात् । पक्षे अदृष्टोंऽतः प्रांतो यस्य तत् । चंद्रोदयो वितानं पक्षे चंद्रस्य उदयः । वृषः पुण्यं । मुनयः सप्तर्षयः । चित्राणि पक्षे नक्षत्रं । कुंभो घटविशेषः । तारा दृशः अंबरे । मकरः मत्स्यमिथुनं । स्वर्वर्त्मना उल्लासिताः आशाः यत्र तत् अम्बरम् पक्षे आराधनाकर्तुः स्वर्वर्त्मनः उल्लासिता आशा इच्छा येन तत् चैत्यम् । तुला तोलनयंत्रम्[1]। पक्षे वृषकुंभमकरमिथुनसिंहतुलाराशयः । गुरुकविबुधमंगला ग्रहाः ॥३७॥

**ભાવાર્થ -** જે કુમારવિહાર ચૈત્ય આકાશની શોભાને ધારણ કરે છે. આકાશ ચળકતા એવા ચંદ્રના ઉદયથી વ્યાપ્ત છે, તો આ ચૈત્ય ચંદરવાના ઉદયથી યુક્ત છે. આકાશમાં સવૃષ એટલે વૃષ રાશિ સહિત મુનિગણ એટલે સાત ઋષિઓના તારાઓ છે, તો આ ચૈત્યમાં સવૃષ એટલે ધર્મ સહિત મુનિઓના ગણ દેવવંદન કરવાને આવે છે. આકાશમાં ચારૂ એટલે સુંદર ચિત્રા નક્ષત્ર છે, તો તે ચૈત્યમાં સારાં સારાં ચિત્રો છે. આકાશમાં કુંભરાશિ છે, તો તે ચૈત્ય કુંભ - કલશવાળું છે. આકાશ પ્રકાશમાન એવા તારાઓથી સુંદર છે, તો તે ચૈત્ય

१ A - यंत्रः ।

પ્રકાશમાન તારા વડે સુંદર છે. આકાશ મકરરાશિ અને મિથુન રાશિથી યુક્ત છે, તો તે ચૈત્યમાં મગરની આકૃતિવાળાં ચિત્રોનાં જોડલાં છે. આકાશમાં સિંહ રાશિ પ્રદીપ્ત છે, તો તે ચૈત્યમાં સિંહની પ્રતિમા પ્રદીપ્ત છે. આકાશ કેતુના તારાથી યુક્ત છે, તો તે ચૈત્ય કેતુ - ધ્વજાથી યુક્ત છે. આકાશમાં સ્વર્ગના માર્ગથી દિશાઓ ઉલ્લાસિત થયેલી છે, તો તે ચૈત્ય પોતાની ઉંચાઈથી સ્વર્ગના માર્ગને ઉલ્લાસિત કરી દિશાઓને પ્રકાશિત કરે છે અથવા તેની આરાધના કરનારને તે સ્વર્ગનો માર્ગ મેળવવાની આશા ઉલ્લાસિત કરાવે છે. આકાશ ગુરુ, કવિ એટલે શુક્ર અને બુધના તારાથી યુક્ત છે, તો આ ચૈત્ય ગુરુઓ કવિઓ અને બુધજનોથી યુક્ત છે. આકાશ મંગળ ગ્રહના પ્રકાશનું કારણ છે, તો આ ચૈત્ય માંગલિક કાર્યોના પ્રકાશનું કારણ છે. આકાશમાં તુલારાશિ છે, તો આ ચૈત્ય તુલા સહિત (તુલાના ચિત્રોથી યુક્ત) છે - એવી રીતે સતુલ - સમાન દૃષ્ટાંતરૂપ આ ચૈત્ય આકાશની લક્ષ્મીને ઉંચે પ્રકારે અનુસરે છે. વળી આકાશનો અંત અદૃષ્ટ - દેખાતો નથી, તો તે ચૈત્ય અદૃષ્ટ પાપનો અંત કરનાર છે. ૩૭

**વિશેષાર્થ** - કવિએ આ શ્લોકથી ચૈત્યને આકાશની સાથે સરખાવ્યું છે. ભાવાર્થની અંદર જ વિશેષાર્થ આવી જાય છે, એટલે તેનો જુદો વિશેષાર્થ લખવાની જરૂર નથી. ૩૭

**उन्मीलद्दृष्टितेजःशमितमनसिजं विष्टपारब्धसेवं**
**देवं प्राप्योरगेंद्रस्फुटमणिकिरणश्रेणिधौतोत्तमांगम् ।**
**अंबां बिभ्रत्कुमारव्यतिकरसुभगां सिंहपृष्ठाधिरूढां**
**शोभां धत्ते हिमाद्रेर्यदिह शिखरभूकोटिलीढांबरस्य ॥३८॥**

**अवचूर्णिः-** उन्मीलद्दृष्टितेजःशमितमनसिजं विष्टपारब्धसेवं उरगेंद्रस्फुटमणिकिरणश्रेणिधौतोत्तमांगं देवं प्राप्य कुमारव्यतिकरसुभगां

सिंहपृष्ठाधिरूढां अंबां बिभ्रत् यच्चैत्यं इह पृथिव्यां शिखरभूकोटिलीढांबरस्य हिमाद्रेः शोभां धत्ते । उन्मीलंती विकसंती या दृष्टिस्तया शमितो मनसिजो येन स तं । अंबां अंबिकां पक्षे पार्वतीं । शिखरस्य भूस्तस्याः कोटिरग्रभागः तयालीढं आश्लिष्टं अंबरं येन तस्य ॥३८॥

**ભાવાર્થ** - જે ઉઘાડેલી દષ્ટિના તેજથી કામદેવને શમાવનાર છે, ત્રણ જગતના લોકોએ જેની સેવા કરેલી છે અને સર્પોના ઈંદ્રોના સ્ફુટ એવા મણિઓના કિરણોની પંક્તિથી જેમનું મસ્તક ઉજ્જ્વલ છે એવા દેવને પ્રાપ્ત કરીને અને કુમારોના વ્યતિકરથી સુંદર તથા સિંહના પૃષ્ઠ ઉપર આરૂઢ થયેલા અંબિકાને ધારણ કરીને જે કુમારવિહાર ચૈત્ય પોતાના શિખરોની ભૂમિની કોટીથી આકાશને સ્પર્શ કરનારા એવા હિમાલય પર્વતની શોભાને ધારણ કરે છે. ૩૮

**વિશેષાર્થ** - આ શ્લોકમાં બે અર્થ રહેલા છે. એક પક્ષે શ્રી પાર્શ્વનાથ પ્રભુનો અર્થ થાય છે અને બીજે હિમાલયને પક્ષે શંકરનો અર્થ થાય છે. જ્યારે આ ચૈત્ય હિમાલયની શોભાને ધારણ કરે છે ત્યારે હિમાલયની અંદર જે રહેલ છે, તે આ ચૈત્યની અંદર આવવું જોઈએ. હિમાલયમાં શંકર અને પાર્વતી બંને રહે છે, એમ લૌકિકમાં કહેવાય છે, તો આ ચૈત્યમાં પણ શિવ રૂપે પાર્શ્વનાથ દેવ તથા અંબિકા રહે છે. શંકરે પોતાની દૃષ્ટિના તેજથી કામદેવને જેમ બાળ્યો છે, તેમ પાર્શ્વનાથ પ્રભુએ પણ દિવ્ય જ્ઞાન દષ્ટિથી કામદેવને શમાવેલો છે. જેમ જગતના મિથ્યાત્વી લોકો શંકર દેવની સેવા કરે છે, તેમ સર્વ જગતના સમકિતી લોકો શ્રી પાર્શ્વનાથ પ્રભુની સેવા કરે છે. શંકરને સર્પના આભૂષણો હોવાથી તેના મણિના કિરણોની શ્રેણીથી તેનું ઉત્તમાંગ ઉજ્જ્વલ છે, તેવી રીતે પાર્શ્વનાથ પ્રભુના મસ્તક ઉપર સર્પ હોવાથી તેમનું મસ્તક પણ તેવી રીતે ઉજ્જ્વલ છે. શંકરની પાસે સિંહ ઉપર બેઠેલી અંબિકા દેવી પોતાના કુમાર એટલે કાર્ત્તિકેયસ્વામી પુત્ર વડે યુક્ત છે, તેમ પાર્શ્વનાથ પ્રભુની પાસે તેમની અંબિકા નામે શાસનદેવી

કુમારોના વ્યતિકરથી સુંદર છે. આથી તે ચૈત્ય હિમાલય પર્વતની શોભાને પ્રાપ્ત થયેલું છે. ૩૮

**धारानुकारिधवलाश्ममयूखपातै-**
**र्धारागृहं तदिदमित्यवधार्य यत्र ।**
**कौसुंभचीनवसनाः सुदृशो बहिःस्था**
**व्याख्याविलाससदनश्रियमापिबंति ॥३९॥**

**अवचूर्णिः-** धारानुसारिधवलाश्ममयूखपातैः तत्[1] इदं धारागृहं इत्यवधार्य यत्र कौसुंभचीनवसनाः सुदृशो स्त्रियः बहिःस्थाः बहिरेव स्थिताः व्याख्याविलाससदनश्रियं आपिबंति पश्यंतीत्यर्थः । तद्धारया कौसुंभस्य रंगो याति अतः स्त्रियः बहिरेव स्थिताः व्याख्याविलाससदनं आपिबंति पश्यंतीत्यर्थः ॥३९॥

**ભાવાર્થ** - જે ચૈત્યમાં ધારાને અનુસરનારા ધવલમણિના કિરણો પડવાથી 'આ ધારાગૃહ (ફુવારાનું ગૃહ) છે, એમ ધારીને કસુંબી ચીનાઈ વસ્ત્રને ધારણ કરનારી સ્ત્રીઓ બહાર એકઠી થઈને ઉભી રહે છે, તેથી તેઓ વ્યાખ્યાન શાળાની શોભાને ધારણ કરે છે. ૩૯

**વિશેષાર્થ** - આ શ્લોકથી કવિ ધવલમણિ - સ્ફટિકમણિની શોભાનું વર્ણન કરે છે. તે ચૈત્યમાં જડેલા ધવલમણિના કિરણો એવી રીતે પડે છે કે, તેમને જોઈ ત્યાં દર્શન કરવાને આવતી સ્ત્રીઓ તેને ફુવારાનું ગૃહ જાણી ઉભી રહે છે. કારણ કે તેમણે ચીનાઈ કસુંબી વસ્ત્રો પહેરેલાં છે, જો તેઓની ઉપર ફુવારાના ધારાના છાંટા પડે તો તેઓના રંગને હાનિ થાય. આથી ફુવારાના ભ્રમથી તેઓ ચૈત્યની બાહર એકઠી થઈ ઉભી રહે છે તે જાણે વ્યાખ્યાન શાળામાં એકઠી થયેલી હોય તેવી તે દેખાય છે. ૩૯

१ A - धारागृहं तदिदमित्यवधार्य ।

**त्रातस्त्रातव्यमेतत्त्रिभुवनमपि ते किंतु तीव्रैर्महोभि-**
**र्नित्यं संतप्यमाने झटिति मयि कृपां नाथ कर्त्तुं यतेथाः ।**
**एवं देवं प्रवक्तुं तरणिमणिमयीर्दीपयन् धूपपात्री-**
**र्यस्याभ्यर्णेषु भानुर्भ्रमति वसुभरैः पूरयन् कोशदेशान् ॥४०॥**

**अवचूर्णिः-** हे नाथ त्रातः ते तव एतत् त्रिभुवनमपि त्रातव्यं किंतु तीव्रैः महोभिः नित्यं संतप्यमाने मयि झटिति कृपां कर्त्तुं यतेथाः एवं अनेन प्रकारेण देवं प्रवक्तुं यस्य अभ्यर्णेषु तरणिमणिमयीः धूपपात्रीः दीपयन् वसुभरैः कोशदेशान् पूरयन् भानुर्भ्रमति । कोशदेशान् [1]निधिदेशान् पक्षे पद्मकोशदेशान् (मध्यदेशान्) ॥४०॥

**ભાવાર્થ -** "હે નાથ હે રક્ષક, તમારે આ ત્રણ ભુવનની રક્ષા કરવી જોઈએ, તો હું હંમેશાં તીવ્ર એવા તેજથી સંતાપ પામું છું, તેથી તમારે મારી ઉપર જલ્દિથી કૃપા કરવાને યત્ન કરવો જોઈએ." આ પ્રમાણે શ્રી પાર્શ્વનાથ પ્રભુને કહેવાને સૂર્ય જે ચૈત્યની નજીકમાં સૂર્યકાંતમણિઓના ધૂપીઆને પ્રદીપ્ત કરતો ભમ્યા કરે છે. અને પોતાના વસુ - કિરણોના સમૂહથી કોશના ભાગોને પૂરે છે. ૪૦

**વિશેષાર્થ -** તે ઉંચા ચૈત્ય ઉપર આવેલા સૂર્ય ઉપર કવિ ઉત્પ્રેક્ષા કરે છે. સૂર્ય પ્રભુને વિનંતિ કરવાને ચૈત્યના ઉચ્ચ પ્રદેશમાં નજીક આવે છે. તે એવી વિનંતી કરે છે કે, "હે સ્વામી, તમે આ ત્રણ ભુવનનું સંતાપમાંથી રક્ષણ કરો છો, ત્યારે મારૂં પણ તમારે જલ્દિથી રક્ષણ કરવું જોઈએ, કારણ કે, હું હંમેશા મારા પોતાના તીવ્ર તેજથી સંતાપ પામું છું." આવી પ્રાર્થના કરવાને સૂર્ય તે ચૈત્યની નજીક ભમ્યા કરે છે. પ્રભુની પાસે સૂર્યકાંતમણિના ધુપિઆ છે. તે ધૂપિઆ

१ A - भण्डागारदेशान्, B - भाण्डारदेशान्

ઉપર સૂર્યના કિરણો પડવાથી તેમાંથી વિશેષ કાંતિ નિકળે છે. વળી તે પોતાના વસુ - કિરણોના સમૂહથી ચૈત્યના કોશ ભાગને પૂરે છે. અહિં એવો પણ અર્થ થાય છે, જેમ કોઈ માણસ પોતાનું કાર્ય કરવાને બીજા માણસને દ્રવ્ય આપે છે, તેમ સૂર્ય સંતાપ દૂર કરવાનું પોતાનું કાર્ય સિદ્ધ કરવાને કોશ એટલે ખજાનો તેમાં વસુ એટલે દ્રવ્ય પૂરે છે. વસુનો અર્થ કિરણ અને દ્રવ્ય બંને થાય છે. ૪૦

**प्रेक्षामंडपमूर्द्धगां शिखरगां दंडोर्ध्वगां कूटगां**
**दृष्ट्वा बिंबगतां तले मणिशिले स्वर्णस्य कुंभावलीम् ।**
**स्नानांभःकलशान् बहिर्विनिहितान् पश्यन् जरन् यामिको**
**मुग्धश्चौरभिया निषेधति जनान् यत्रादृतो भ्राम्यतः ॥४१॥**

**अवचूर्णिः-** यत्र प्रेक्षामंडपमूर्द्धगां शिखरगां दंडोर्ध्वगां कूटगां स्वर्णस्य कुंभावलीं मणिशिले तले बिंबगतां दृष्ट्वा बहिर्विनिहितान् स्नानांभःकलशान् पश्यन् मुग्धो जरन् आदृतः यामिको भ्राम्यतो जनान् चौरभयान्निषेधति ॥४१॥

**ભાવાર્થ -** પ્રેક્ષામંડપના મસ્તક ઉપર, શિખરની ટોચ ઉપર, દંડના ઉપરના ભાગ ઉપર, અને કૂટ ઉપર રહેલા સુવર્ણના કલશોની શ્રેણીના પ્રતિબિંબો મણિમય શિલાવાળા તળીયાની અંદર પડેલા જોઈ બહાર મુકેલા સ્નાન જલના કલશોને જોતો એવો વૃદ્ધ અને મુગ્ધ એવો પહેરેગીર ચોરના ભયથી ત્યાં ફરતા એવા લોકોને આદરથી અટકાવતો હતો. ૪૧

**વિશેષાર્થ -** તે ચૈત્યની અંદર પ્રેક્ષામંડપ, શિખર, દંડ અને કૂટ ઉપર રહેલા સુવર્ણના કલશોના મણિમય જમીન ઉપર પ્રતિબિંબ પડે છે, તે પ્રતિબિંબોને જોઈ ત્યાં રહેનારો વૃદ્ધ ચોકીદાર તેને ન્હાવાના

કળશ ધારે છે. તેથી 'રખેને તે ચોરાઈ જાય' એવું જાણીને ત્યાં હરતા ફરતા લોકોને અટકાવે છે. આ ઉપરથી એ ચૈત્યની સુવર્ણના કલશની સમૃદ્ધિનું કવિએ વર્ણન કરેલું છે. ૪૧

**स्तंभेषु केतकदलग्रथितेषु हंत**
**भारो महान् कथममीषु निवेशितोऽयम् ।**
**इत्थं सविस्मयमनस्तरलानि यत्र**
**व्याख्यागृहं शिशुकुलानि विलोकयंति ॥४२॥**

**अवचूर्णिः-** यत्र हंत केतकदलग्रथितेषु अमीषु स्तंभेषु अयं महान् भारः कथं निवेशितः इत्थं प्रकारेण सविस्मयमनस्तरलानि शिशुकुलानि व्याख्यागृहं विलोकयंति । व्याख्यागृहं व्याख्यास्थानम् ॥४२॥

**ભાવાર્થ -** ''કેતકીના પત્રોથી ગુંથેલા આ સ્તંભોની ઉપર આવો મોટો ભાર કેમ મુક્યો છે.'' એમ વિસ્મય પામેલા મનથી ચપલ એવા બાળકોનાં ટોળાઓ જ્યાં વ્યાખ્યાન ગૃહનું અવલોકન કરે છે. ૪૨

**વિશેષાર્થ -** તે ચૈત્યમાં વ્યાખ્યાન ગૃહની અંદર આવેલા સ્તંભો ઉપર કેતકીના પત્રો ગુંથેલા છે, તે જોઈ નાના બાળકો વિસ્મય પામી વિચાર કરે છે કે, ''આ સ્તંભોની ઉપર આટલો મોટો ભાર કેમ મુકેલો હશે ?'' આ વર્ણનથી કવિએ ચૈત્યના સ્તંભોની અદ્ભુત કારીગરી દર્શાવી છે. ૪૨

**क्रामत्युग्रानवाप्य ध्वजपटपटलोद्धूतवाताभिघातान्**
**दिक्चक्रं चक्रवाले द्युमणिमणिभुवां जातवेदःकणानाम् ।**
**दुर्वर्णस्तंभरोचिःप्रचयपरिचयश्वेतितोष्णांशुमूर्त्ते -**
**र्यस्योर्ध्वं चंद्रतारानिकरपरिकरा व्योमलक्ष्मीर्दिवापि ॥४३॥**

**अवचूर्णिः-** दुर्वर्णस्तंभरोचिःप्रचयपरिचयश्वेतितोष्णांशुमूर्त्तेः यस्योर्ध्वं उग्रान् ध्वजपटपटलोद्भूतवाताभिघातान् अवाप्य द्युमणिमणिभुवां जातवेदःकणानां चक्रवाले समूहे दिक्चक्रं क्रामति सति चंद्रतारानिकरपरिकरा व्योमलक्ष्मीः दिवाप्यस्ति । क्रामति व्याप्नुवति । जातवेदःकणानां अग्निकणानां ॥४३॥

**ભાવાર્થ -** જે ચૈત્યની અંદર આવેલા સૂર્યકાંતમણિઓમાંથી થયેલા અગ્નિના તણખાઓનો સમૂહ ધ્વજાઓના વાવટાના સમૂહથી ઉત્પન્ન થયેલા પવનના ઉગ્ર અભિઘાતને પ્રાપ્ત કરી દિશાઓના સમૂહમાં વ્યાપ્ત થવાથી રૂપાના સ્તંભોની કાંતિના સમૂહના પરિચયથી સૂર્યની મૂર્ત્તિને શ્વેત કરનારા જે ચૈત્યની ઉપર આકાશની લક્ષ્મી દિવસે પણ ચંદ્ર તથા તારાઓના સમૂહવાળી દેખાય છે. ૪૩

**વિશેષાર્થ -** તે ચૈત્યની અંદર સૂર્યકાંતમણિઓની રચના ઘણી છે, તેથી દિવસે સૂર્યનો ઉદય થતાં તે સૂર્યકાંતમણિમાંથી અગ્નિના તણખા ઝરે છે. તેઓ ધ્વજાના વાવટાઓના પવનથી ઉગ્ર થઈ દિશાઓમાં વ્યાપી જાય છે, અને સૂર્યની મૂર્ત્તિ રૂપેરી સ્તંભની કાંતિ સાથે મળવાથી શ્વેત થઈ જાય છે, એટલે આકાશમાં ચંદ્ર તથા તારાઓની શોભા દેખાય છે, તે ઉપરથી કવિ કલ્પના કરે છે કે દિવસે પણ આકાશની લક્ષ્મી ચંદ્ર તથા તારાવાળી દેખાય છે. ૪૩

**अत्रास्ते देवराजः खलु मम न ततो राजराजस्य धर्त्तुं**
**लक्ष्मीः[१] स्वस्मिन्निशांते समुचितमखिलस्वर्गिवर्गार्च्यपादः ।**
**इत्यौचित्यार्चनीयत्रिभुवनजनतामौलिरत्नं कुबेर-**
**श्चिक्षेपाक्षेपमुच्चैर्महसि निजनिधीन् यत्र कुंभच्छलेन ॥४४॥**

---

१ B - लक्ष्मीं

**अवचूर्णिः-** अत्र प्रासादे खलु निश्चयेन अखिलस्वर्गिवर्गार्च्यपादः देवराजः आस्ते। ततो मम स्वस्मिन् निशांते गृहे राजराजस्य लक्ष्मीः धर्त्तुं न समुचितं न योग्यं इति औचित्त्यार्चनीयत्रिभुवनजनतामौलिरत्नं कुबेरः अक्षेपं यथा स्यात्तथा उच्चैर्महसि यत्र प्रासादे निजनिधीन् कुंभच्छलेन चिक्षेप। देवराज इंद्रः पक्षे जिनः। औचित्येन विवेकेन अर्चनीयं पूजनीयं इति औचित्यार्चनीयं। त्रिभुवनजनतामौलिरत्नं जगत्त्रयजनसमूहस्य मौलिः मस्तकं तस्य रत्नमिव औचित्यार्चनीयं च तत् त्रिभुवनजनतामौलिरत्नमिति औचित्यार्चनीयत्रिभुवनजनतामौलिरत्नम्। अखिलाः संपूर्णा ये स्वर्गिणो देवास्तेषां समूहस्तेनार्च्यौ पूज्यौ पादौ यस्य देवराजस्य ॥४४॥

**ભાવાર્થ -** "સર્વ દેવતાઓના વર્ગને પૂજવા યોગ્ય છે ચરણ જેના એવો ઈંદ્ર અહિં રહે છે, માટે રાજાઓનાં રાજા રૂપ એવા મારે મારા ઘરમાં લક્ષ્મી રાખવી યોગ્ય નથી" આવું વિચારી યોગ્યતાથી પૂજવા યોગ્ય એવા ત્રણ ભુવનના લોકોના મુગટમણિ રૂપ કુબેરે વિલંબ વિના ઉંચા તેજવાલા એવા જે ચૈત્યની અંદર કલશના મિષથી પોતાના નિધિઓની થાપણ મુકેલી છે. ૪૪

**વિશેષાર્થ -** જેમ કોઈ મોટા રાજાના રાજ્યમાં રહેનારો ઘણો ધનાઢ્ય માણસ પોતાની લક્ષ્મીની થાપણ બીજાને ત્યાં મુકે છે, તેમ કુબેરે પોતાના નવ નિધાનની થાપણ આ કુમારવિહાર ચૈત્યમાં મુકેલી છે. કુબેરે વિચાર કર્યો કે, "સમર્થ એવા દેવતાના રાજાના રાજ્યમાં રહીને મારે મારા ઘરની અંદર મારી અતુલ લક્ષ્મી રાખવી ન જોઈએ." આવું વિચારી તેણે પોતાની લક્ષ્મીના નિધાન ચૈત્યમાં આવેલા સુવર્ણ કલશનાં મિષથી મુકેલા છે. કહેવાનો આશય એવો છે કે, એ કલશની મહાન્ સમૃદ્ધિથી કુમારવિહાર ચૈત્ય ઘણું સુશોભિત છે. ૪૪

**शोणग्रावांशुजालैः क्रमकमलतले[1] यावकश्रीर्ललाट-**
**प्रांते सिंदूररेखा मसृणघुसृणभूरंगभागेंऽगरागः ।**
**कौसुंभी चीनपट्टे द्युतिरधरदले हारि तांबूलमित्थं**
**यस्मिन् वैधव्यभाजोप्यविधववनितामंडनाः पौरनार्यः ॥४५॥**

**अवचूर्णिः-** यस्मिन् प्रासादे शोणग्रावांशुजालैः क्रमकमलतले यावकश्रीः ललाटप्रांते सिंदूररेखा अंगभागे मसृणघुसृणभूरंगरागः चीनपट्टे कौसुंभी द्युतिः अधरतले हारि तांबूलं इत्थं अनेन प्रकारेण वैधव्यभाजोऽपि पौरनार्यः अविधववनितामंडना भवंतीत्यध्याहार्यं । शोणरक्ता ये ग्रावाणः प्रस्तराः तेषां अंशुजालैः । यावको अलक्तकः । मसृणं घुसृणं सुकुमालं चन्दनं । चीनपट्टे[2] चीनदेशीयविशेषधवलवस्त्रे ॥४५॥

**ભાવાર્થ -** જે ચૈત્યની અંદર આવેલી નગરની વિધવા સ્ત્રીઓ સૌભાગ્યવતીના જેવાં આભૂષણોને ધારણ કરનારી દેખાય છે. પદ્મરાગ મણિઓના કિરણોના જાલથી તેમના ચરણતલ ઉપર અલતાની શોભા થાય છે, લલાટ ઉપર સિંદૂરની રેખા પડે છે, શરીર ઉપર ઘણાં ચંદન (કેશર) થી અંગરાગ થાય છે, ચીનાઈ વસ્ત્ર ઉપર કસુંબી રંગ પડે છે અને અધર ઉપર મનોહર તાંબૂલ દેખાય છે. ૪૫

**વિશેષાર્થ -** તે ચૈત્યમાં વિધવાઓ દર્શન કરવાને આવે છે, તે સધવાના જેવી દેખાય છે. કારણ કે, તેની અંદર પદ્મરાગ મણિઓના કિરણો પડવાથી તે વિધવાઓના શરીર ઉપર સૌભાગ્યના આભૂષણો થઈ જાય છે. વિધવા સ્ત્રીઓને પગમાં અલતાનો રંગ, લલાટ ઉપર સિંદૂરની પીલ, શરીરે અંગરાગ, ઓઢવા કસુંબી વસ્ત્ર અને તાંબૂલ હોતા નથી, પણ આ ચૈત્યમાં જડેલા પદ્મરાગમણિને લઈને વિધવાઓના શરીર ઉપર સૌભાગ્યના ચિહ્નો દેખાય છે. પદ્મરાગમણિના રાતા કિરણો

---

१ A - देशेंऽग० । २ A - देशभाषया चीनपट्टं विशेषधवलवस्त्रम् ।

પડવાથી તેમના ચરણમાં અલતાના જેવો દેખાવ થાય છે, લલાટ ઉપર સિંદુરની રેખા પડે છે, અંગ ઉપર કેશરીઆ રંગનો અંગરાગ થાય છે, ચીનાઈ વસ્ત્ર ઉપર કસુંબી કાંતિ પડે છે અને અધર દલ ઉપર મનોહર તાંબૂલની શોભા દેખાય છે. ૪૫

**पुष्पं यस्मिन् कनककमलान्यंशुकं चीनवासः-**
**स्नानस्यांभः कुसुमरजसो दीपिकारत्नरोचिः ।**
**आकल्पश्रीर्विविधमणयो रक्षकाः क्षेत्रपाला**
**धूपक्षोदो मृगमदकणाः पूजकाः क्ष्माभुजश्च ॥४६॥**

**अवचूर्णिः-** यस्मिन् पुष्पं कनककमलानि अंशुकं प्रस्तावाद् धौतवस्त्रं चीनवासः स्नानस्य अंभः कुसुमरजसः दीपिकारत्नरोचिः आकल्पश्रीर्विविधमणयः रक्षकाः क्षेत्रपालाः धूपक्षोदो मृगमदकणाः च पुनः पूजकाः क्ष्माभुजो राजानो वर्त्तंते इत्यध्याहारः । आकल्पः आभरणं । मृगमदः कस्तूरी ॥४६॥

**ભાવાર્થ -** જે ચૈત્યની અંદર સુવર્ણ કમલનાં પુષ્પો છે, ચીનાઈ વસ્ત્રો છે, સ્નાનનું જલ પુષ્પરેજ છે, રત્નોની કાંતિરૂપ દીવીઓ છે, વિવિધ જાતના મણિઓના પોશાકની આંગીની શોભા છે, ક્ષેત્રપાલો તેના રક્ષકો છે, કસ્તૂરીના કણ તે ધૂપનું ચૂર્ણ છે અને રાજાઓ તેના પૂજકો છે. ૪૬

**વિશેષાર્થ -** આ શ્લોકથી કવિ કુમારવિહાર ચૈત્યની સાધન સામગ્રી વર્ણવે છે. ચૈત્યની અંદર પુષ્પ, વસ્ત્ર, સ્નાત્રજલ, દીપિકાઓ, પોશાક (આંગી), રક્ષકો, ધૂપ અને પૂજકો હોવા જોઈએ તો આ ચૈત્યને વિષે સુવર્ણ કમલરૂપ પુષ્પ, ચીનાઈ વસ્ત્રો, સ્નાત્રજલરૂપ પુષ્પરજ, રત્નોની કાંતિરૂપ દીપિકા, વિવિધ જાતના મણિરૂપ આંગી, ક્ષેત્રપાલ

રૂપ રક્ષકો, કસ્તૂરીરૂપ ધૂપ અને રાજાઓ રૂપ પૂજકો હતા, તે ઉપરથી ચૈત્યની વિશેષ સમૃદ્ધિ દર્શાવી છે. ૪૬

**निर्मोकान् मन्यमानाः सरभसमनसः संहरंते मयूराः**
**कीराः कर्षंति पाकप्रणयपरिणमद्दाडिमीबीजबुद्ध्या ।**
**ज्योत्स्नाभ्रांत्या चकोराः प्रतिनिशमनिशं चंचुभिर्विक्षिपंते**
**मुक्तादामावचूलान् विविधमणिगृहद्वारदेशेषु यस्मिन् ॥४७॥**

**अवचूर्णिः-** यस्मिन् विविधमणिगृहद्वारदेशेषु मुक्तादामावचूलान् निर्मोकान् सर्पकंचुकान् मन्यमानाः सरभसमनसो मयूराः संहरंते । कीराः पाकप्रणयपरिणमद्दाडिमीबीजबुद्ध्या मुक्तादामावचूलान् कर्षंति । चकोराः प्रतिनिशं प्रतिरात्रिं अनिशं ज्योत्स्नाभ्रांत्या चंचुभिः विक्षिपंति । सरभसमनसः इति सर्वेषां विशेषणं । मुक्तादामावचूलान् मौक्तिकगुच्छकान् । पाकस्य प्रणयः संश्लेषस्तेन परिणमंति पुष्टानि यानि दाडिमीबीजानि ॥४७॥

**ભાવાર્થ -** જે ચૈત્યની અંદર વિવિધ જાતના મણિમય ગૃહના દ્વાર ઉપર લટકાવેલા મોતીઓની માલાઓની ઝુલોને હંમેશાં મયૂરપક્ષીઓ સર્પની કાંચલી માની મનમાં આવેશ લાવી તેનો સંહાર કરે છે, શુકપક્ષિઓ પાકેલા દાડમના બીજની બુદ્ધિથી તેને ખેંચે છે અને ચકોર પક્ષીઓ પ્રત્યેક રાત્રે ચંદ્રની કાંતિની ભ્રાંતિથી તે પર પોતાની ચાંચથી તેને ઉછાળે છે. ૪૭

**વિશેષાર્થ -** તે ચૈત્યની અંદર મણિમય ગૃહના દ્વારની ઉપર મોતીની માળાની ઝુલો લટકાવેલી છે. તે ઝુલો ધોળી હોવાથી ત્યાં રહેલા મોર, પોપટ અને ચકોર પક્ષીઓને તેને વિષે જુદો જુદો સંભ્રમ થાય છે. મોર પક્ષીઓ તેને સર્પની કાંચલી માની તે પર પ્રહાર કરવા

જાય છે, શુકપક્ષીઓ દાડમના દાણાની ભ્રાંતિથી તેઓને ખેંચવા જાય છે અને ચકોરપક્ષીઓ ચાંદનીની ભ્રાંતિથી તેની પર ચાંચો નાંખવા જાય છે. આ ઉપરથી 'તે ચૈત્યની અંદર મોતિઓની સમૃદ્ધિ ઘણી છે,' એમ બતાવ્યું છે. અહિં ભ્રાંતિમાન્ અલંકાર થાય છે. ૪૭

**यस्मिन्नारब्धनीडान् द्युमणिमणिशिलापुत्रिकाः पाणिपद्म-**
**प्रांतोन्मुक्तैः स्फुलिंगैर्नवकनकमयीर्गोलिकास्तर्जयद्भिः ।**
**यातायातानि मध्ये किमपि विदधतस्त्रासयंत्यः शुकानाम्**
**पोतान्निर्व्याजशांतं मुनिनिकरमपि प्रत्यहं हासयंति ॥४८॥**

**अवचूर्णिः-** यस्मिन् मध्यें नवकनकमयीर्गोलिकास्तर्जयद्भिः पाणिपद्मप्रांतोन्मुक्तैः स्फुलिंगैः आरब्धनीडान् किमपि यातायातानि विदधतः शुकानां पोतान् त्रासयंत्यः द्युमणिमणिशिलापुत्रिकाः निर्व्याजशांतमपि मुनिनिकरं प्रत्यहं हासयंति । किमपि कथमपि । निर्व्याजं गतच्छद्म शांतं उपशांतं मुनिनिकरविशेषणम् ॥४८॥

**ભાવાર્થ** - જે ચૈત્યની અંદર સૂર્યકાંતમણિની શિલાઓની પુતળીઓ પોતાના હસ્તકમલના અગ્રભાગમાંથી નીકળતા તણખાઓ કે જેઓ નવીન સુવર્ણની ગોળીઓને તિરસ્કાર કરનારા અર્થાત્ તેનાથી પણ વધારે સુંદર દેખાતા-તેવા તણખાઓથી ત્યાં માળા બાંધીને રહેલા અને તેમની વચ્ચે ગમનાગમન કરતા એવા શુકપક્ષીઓના બચ્ચાંઓને ત્રાસ આપે છે, તે સૂર્યકાંતમણિની પુતળીઓ સ્વાભાવિક રીતે શાંત એવા મુનિઓના સમૂહને પણ દરરોજ હસાવે છે. ૪૮

**વિશેષાર્થ** - તે ચૈત્યની અંદર સૂર્યકાંતમણિની પુતળીઓ આવેલી છે, જ્યારે સૂર્યનો ઉદય થાય છે, એટલે તે પુતળીઓમાંથી સુવર્ણની ગોલીઓથી પણ વધારે સુંદર એવા તણખાઓ પડે છે, ત્યારે ત્યાં માળા કરીને રહેલા શુકપક્ષીઓના બચ્ચાંઓ તેનાથી ત્રાસ પામે છે. તે જોઈ શાંત એવા મુનિઓને પણ હસવું આવે છે. ૪૮

**द्वेषोन्मेषं वहद्भिर्द्विषति सुहृदि च प्रेमसीमानमन्यै-**
**र्देवैः कार्यं किमेभिस्तुलितजनपदाचारसंस्कारविस्रैः ।**
**देवः सेव्योऽयमेकः समसुहृदहितः प्राप्तसंसारपारो**
**यस्येत्थं केतुदंडः कथयति जगते किंकिणीनां निनादैः ॥४९॥**

**अवचूर्णिः-** द्विषति द्वेषोन्मेषं उन्मेषः प्राकट्यं च पुनः सुहृदि प्रेमसीमानं वहद्भिः तुलितजनपदाचारसंस्कारविस्रैः अन्यैः एभिः देवैः किं कार्यं अस्ति । समसुहृदहितः प्राप्तसंसारपारः अयं एको देवः सेव्यः इत्थं यस्य केतुदंडः किंकिणीनां निनादैः जगते कथयति । तुलितः कृतो जनपदा ग्राम्याः तेषां आचारः संस्कारश्च तैः विस्राः दुर्गंधाः तैः ॥४९॥

**ભાવાર્થ** - જેનો ધ્વજદંડ ઘંટડીઓના નાદથી જગત્‌ને કહે છે કે, મિત્ર અને શત્રુ જેને સમાન છે અને જે સંસારના પારને પામેલ છે, તે આ એક જ દેવ સેવ્ય છે, બીજા આ દેવો શા કામના છે. કારણકે, બીજા દેવો શત્રુમાં દ્વેષભાવ અને મિત્રમાં પ્રેમભાવ ધારણ કરે છે અને વળી તેઓ દેશ તથા લોકાચારના સંસ્કાર પ્રમાણે વર્તી મલિન થયેલા છે. ૪૯

**વિશેષાર્થ** - તે ચૈત્યની ઉપર ઉંચો ધ્વજદંડ છે. અને તેમાં રહેલી ઘંટડીઓના નાદ થાય છે. તે નાદ ઉપર કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે, તે ધ્વજદંડ પોતાની ઘંટડીઓના નાદથી લોકોને કહે છે કે, ''આ ચૈત્યની અંદર રહેલા એક જ દેવ તમારે સેવ્ય છે. કારણકે, તે મિત્ર

તથા શત્રુમાં સમભાવથી વર્તનાર અને સંસારના પારને પામેલા છે. બીજા દેવતાઓ તમારે શું કામના છે અર્થાત્ બીજા દેવતાઓ સેવવા યોગ્ય નથી કારણ કે, તે દેશ તથા લોકોના આચાર તથા સંસ્કારોથી મલિન થઈ ગયેલા છે તેમ જ તેઓ શત્રુ ઉપર દ્વેષ અને મિત્ર ઉપર પ્રેમને ધારણ કરનારા છે.'' કહેવાનો આશય એવો છે કે, આ જગત્માં શત્રુ તથા મિત્ર ઉપર સમાન રીતે વર્તનાર અરિહંત દેવ એક જ સેવવા યોગ્ય છે, બીજા રાગ તથા દ્વેષને ધારણ કરનારા મિથ્યાત્વી દેવો સેવવા યોગ્ય નથી. તે દેવાધિદેવ શ્રી પાર્શ્વનાથ પ્રભુ આ કુમારવિહાર ચૈત્યમાં બીરાજે છે. ૪૯

**यत्राभ्यर्णे कृतवसतयो गीतवादित्रनृत्य-**
**प्रेक्षाक्षिप्ताः प्रथमवयसः पौरविप्रादिवध्वः ।**
**कर्मक्रुद्धश्वसुरगृहिणीवाग्भिरुच्चावचाभि -**
**र्माद्यन्मन्युग्लपितमनसोऽप्यापतंत्येव भूयः ॥५०॥**

**अवचूर्णिः-** यत्र अभ्यर्णे कृतवसतयः गीतवादित्रनृत्यप्रेक्षाक्षिप्ताः उच्चावचाभिः कर्मक्रुद्धश्वसुरगृहिणीवाग्भिः माद्यन्मन्युग्लपितमनसोऽपि प्रथमवयसः पौरविप्रादिवध्वः भूय आप्तंति । एवं कर्मणा क्रुद्धाः याः श्वसुरगृहिण्यः 'सासू' इति लोकप्रसिद्धाः तासां वाग्भिः। माद्यन् यो मन्युः क्रोधः तेन ग्लपितं सविषादं मनो यासां ताः । पौरविप्रादीति पदं साभिप्रायं यतः विप्रादिवध्वः सरोषाः स्युः ॥५०॥

**ભાવાર્થ -** જે ચૈત્યની નજીક વાસ કરીને રહેનારી તે નગરના બ્રાહ્મણ વગેરેની પ્રથમ વયની વધૂઓ તેમાં થતાં ગીત, વાજીંત્ર અને નૃત્યને જોવામાં આક્ષિપ્ત થાય છે, તેથી કામની અંદર ક્રોધ પામેલી

સાસૂઓની ઉંચી નીચી વાણીઓથી તેમનાં મન ઉત્પન્ન થયેલા શોકથી ગ્લાન થયેલાં હોય છે, તે છતાં પણ તેઓ પાછી ફરીથી તે જોવાને આવે છે. ૫૦

**વિશેષાર્થ** - કુમારવિહાર ચૈત્યમાં હંમેશાં નૃત્ય, ગીત અને વાજિંત્રોનો અખેડો મચ્યો રહે છે, તે વિષે કવિ યુક્તિથી વર્ણન કરે છે. તે ચૈત્યની પડોશમાં નગરના બ્રાહ્મણ વગેરેની પ્રથમ વયની વધૂઓ રહે છે. તેઓ તે નૃત્ય, ગીત અને વાજિંત્રોને જોવામાં એવી તલ્લીન બની રહે છે, કે તેઓ તેથી પોતાના ઘરના કામકાજ ચૂકે છે. આથી તેમની સાસૂઓ ગુસ્સો કરી તેમને કઠોર વાણી કહે છે. જે સાંભળી તે વધૂઓના મનમાં ગ્લાનિ આવે છે, તથાપિ તેઓ પાછી ફરીવાર તે જોવાને આવ્યા વગર રહેતી નથી. કહેવાનો આશય એવો છે કે, તે ચૈત્યમાં નૃત્ય, ગીત અને વાજીંત્રોની ક્રિયા એવી મજાની થાય છે કે, જેને માટે તેના પડોશની વધૂઓ પોતાની સાસૂના કટુ વચનો સાંભળે છે, તે છતાં તેની દરકાર કરતી નથી. ૫૦

**प्राप्यांस्तीव्रैस्तीपोभिर्भवशतविहितैर्देवलोकोपभोगान्**
**श्रद्धालूनां जिनांघ्रिस्तुतिरतमनसां मर्त्त्यभावेऽपि कर्त्तुम् ।**
**आरूढान् व्योमपीठीं हठहरणकृते संपदां स्वर्गजानाम्**
**बाहुस्तंभानिवोर्ध्वान् वहति यदलघूनंसदेशेषु दंडान् ॥५१॥**

**अवचूर्णिः-** मर्त्यभवेऽपि मनुष्यत्वेपि जिनांघ्रिस्तुतिरतमनसां श्रद्धालूनां भवशतविहितैः तीव्रैः तपोभिः प्राप्यान् देवलोकोपभोगान् कर्त्तुं यच्चैत्यं अंसदेशेषु स्वर्गजानां संपदां हठहरणकृते बाहुस्तंभानिव व्योमपीठीं आरूढान् ऊर्ध्वान् अलधून् दंडान् वहति । अंसदेशेषु शिखरेषु ॥५१॥

**ભાવાર્થ** - જે ચૈત્ય પોતાના અંસ-ઉપરના ભાગમાં મોટા દંડને ધારણ કરે છે, તે જાણે સેંકડો ભવે કરેલા તીવ્ર તપથી પામવા યોગ્ય એવા દેવલોકના ઉપભોગને જિનભગવંતના ચરણની સ્તુતિ કરવામાં તત્પર હૃદયવાળા શ્રદ્ધાળુ પુરૂષોને મનુષ્યપણામાં પણ પ્રાપ્ત કરાવવા સ્વર્ગની સંપત્તિઓનું બલાત્કારે હરણ કરવાને આકાશ પીઠ ઉપર આરૂઢ થયેલા ઉંચા બાહુસ્તંભ હોય તેવા તે દેખાય છે. ૫૧

**વિશેષાર્થ** - જેમ કોઈ માણસ બીજાની સંપત્તિ બલાત્કારે હરવાને ખભા ઉપર દંડ લઈ તૈયાર થાય છે, તેમ આ ચૈત્યના ઉપરના ભાગમાં આવેલા દંડ ઉપર કવિ તેવી જ ઉત્પ્રેક્ષા કરે છે. તે ચૈત્યની ઉપર ઉંચા રહેલા દંડો જાણે પ્રભુના ચરણની સ્તુતિ કરનારા ભાવિક ભક્તોને માટે સ્વર્ગની સંપત્તિનું બલાત્કારે હરણ કરવાને ઉંચા બાહુસ્તંભ હોય તેવા દેખાય છે. દેવલોકના ઉપભોગ સેંકડો ભવે કરેલા તીવ્ર તપથી પામવા યોગ્ય છે, તેવા ઉપભોગ મનુષ્યપણામાં મેળવવાને માટે બલાત્કાર કરવાની જરૂર છે. કહેવાનો આશય એવો છે કે, તે ચૈત્યે પોતાની અંદર બિરાજમાન એવા પાર્શ્વનાથ પ્રભુના ચરણની સ્તુતિ કરનારા મનુષ્યોને માટે સ્વર્ગની સંપત્તિના ઉપભોગનું બલાત્કારે હરણ કરવા પોતાના ખભા ઉપર દંડ રાખી હાથ ઉંચા કરેલા છે. ૫૧

**कंप्राणां वातघातैर्महदपि हरितां चक्रवालं समंता-**
**दाक्रामत्यक्रमेण प्रवरमरकतस्तंभधाम्नां प्रताने ।**
**कृच्छ्रादाकृष्य चंद्रं तृणकवलतृषा द्वारवेदीं प्रपन्न-**
**स्त्रस्यन् कंठीरवेभ्यः प्रथयति सुदृशां यत्र हास्यं कुरंगः ॥५२॥**

**अवचूर्णि:-** यत्र वातघातै: कंप्राणां हरितां महदपि चक्रवालं समंतादक्रमेण आक्रामति प्रवरमरकतस्तंभधाम्नां प्रताने तृणकवलतृषा कृच्छ्राचंद्रं आकृष्य द्वारवेदीं प्रपन्नः कंठीरवेभ्यः त्रस्यन् कुरंगः सुदृशां हास्यं प्रथयति । कंप्राणां कंपनशीलानां । मरकतस्तंभधाम्नां नीलमणिस्तंभरुचीनां प्रताने समूहे। हरितां नीलतृणानां (दिशां) चक्रवालं समूहं आक्रामति व्याप्नुवति सति । तृणकवलतृषा हरितग्रासतृषया तृतीया । प्रतिबिंबच्छलेन चंद्रं आकृष्य द्वाराजिरं प्राप्तः । कंठीरवेभ्यः सिंहेभ्यः त्रस्यन् । कुरंगो मृगः ॥५२॥

**ભાવાર્થ** - વાયુના આઘાતથી કંપાયમાન થયેલી દિશાઓના મોટા સમૂહને શ્રેષ્ઠ એવા મરકતમણિના સ્તંભના તેજનો સમૂહ ચારે તરફ ક્રમ વિના આક્રાંત થવાથી ચંદ્રની અંદર રહેલો મૃગ ઘાસના કોળીયા લેવાની તૃષ્ણાથી ચંદ્રને મુશ્કેલીથી ખેંચી દ્વારવેદી ઉપર આવે છે, પણ ત્યાં રહેલા સિંહોની પ્રતિમાથી ત્રાસ પામે છે, તેથી જ્યાં સ્ત્રીઓને હાસ્ય ઉત્પન્ન કરે છે. ૫૨

**વિશેષાર્થ** - આ શ્લોકમાં ગ્રંથકાર એક નવી જ કલ્પના કરે છે. એ ચૈત્યની અંદર મરકતમણિઓ એટલા બધા જડેલા છે, કે, તેઓનું તેજ પવનના આઘાતથી કંપાયમાન લાગતી એવી દિશાઓમાં ચારે તરફ પ્રસરે છે. મરકતમણિ લીલા હોવાથી ચંદ્રની અંદર રહેલ મૃગ તેને ઘાસ ધારીને ખાવાની તૃષ્ણાથી ચંદ્રને ખેંચી ત્યાં જાય છે, પણ તે સ્થળે રહેલી સિંહની પ્રતિમાથી તે મૃગ ત્રાસ પામે છે, આ દેખાવ જોઈ ત્યાં આવેલી સ્ત્રીઓને હાસ્ય ઉત્પન્ન થાય છે. આ ઉપરથી તે ચૈત્ય ચંદ્રના મંડલ સુધી ઉંચું છે અને તેની અંદર મરકતમણિઓ ઘણા છે એમ દર્શાવ્યું છે. ૫૨

**आकीर्णां स्वर्णकुंभैः शशिमणिशिखरोद्गीर्णरोचिःस्रवंतीं-**
**व्यालोक्य व्योमगंगामिव कनकपयोजन्मराजीविभूषाम् ।**
**स्थित्वा स्थित्वा व्रजद्भिर्जलकनकधिया सप्तिभिर्नीयमानो**
**यन्मूर्ध्नि स्थानलीलां रचयति तरणेर्दीर्घकालं पताकी ॥५३॥**

**अवचूर्णिः-** यन्मूर्ध्नि स्वर्णकुंभैः आकीर्णां शशिमणिशिखरोद्-गीर्णरोचिःस्रवंतीं कनकपयोजन्मराजीविभूषां व्योमगंगामिव व्यालोक्य जलकनकधिया स्थित्वा स्थित्वा व्रजद्भिः सप्तिभिः नीयमानः तरणेः सूर्यस्य पताकी रथः दीर्घकालं स्थानलीलां कथयति । आकीर्णां व्याप्तां । चंद्रकांत-शिखरादुद्गीर्णा निर्गता या रोचिषः कांत्यः ता एव स्रवंती नदी तां । कलशानां कमलोपमानं कांतेर्जलोपमानं । सप्तयस्तुरगाः रवितुरंगाणां कनककमलाहारत्वादेवमुक्तिः ॥५३॥

**ભાવાર્થ** - સુવર્ણના કમલોની શ્રેણીરૂપ આભૂષણવાલી જાણે આકાશ ગંગા હોય તેવી સુવર્ણના કુંભોથી વ્યાપ્ત એવી ચંદ્રકાતમણિઓના અગ્રભાગમાંથી નીકળતી કાંતિરૂપ નદીને જોઈ જેના ઘોડાઓ જલકનકની બુદ્ધિથી ઉભા રહેતા જાય છે. તેવા ઘોડાઓએ વહન કરેલો સૂર્યનો રથ જે ચૈત્યના મસ્તક ઉપર લાંબા વખત સુધી સ્થાનની લીલા રચે છે અર્થાત્ ઘણો કાલ ઉભો રહે છે. ૫૩

**વિશેષાર્થ** - તે ચૈત્યની ઉપર સૂર્યનો રથ જ્યારે આવે છે, ત્યારે તે સ્થળે તે ઘણીવાર ઉભો રહે છે, કારણકે, તેના શિખર ઉપર સુવર્ણના કલશો ઘણા છે, અને તેમાં ચંદ્રકાંતમણિઓમાંથી કાંતિના પ્રવાહ ઝર્યા કરે છે, એટલે તે દેખાવ સુવર્ણના કમલવાળી આકાશ ગંગાના જેવો થાય છે. તે જોઈ સૂર્યના રથના ઘોડાઓ જલકનકની બુદ્ધિથી ઉભા રહી જાય છે એટલે તે રથ તે સ્થળે લાંબો કાળ ટકી રહે છે. આથી પણ ચૈત્યની અતિ ઉન્નતિ દર્શાવી છે. ૫૩

**गंधाकृष्टालिजालैस्त्रिदशपतिशिरःशेखरस्रस्तदाम-**
**स्तोमैरभ्यर्चितं ते पदकमलमहं नाथ नित्यं दिदृक्षुः ।**
**एणः किं त्वेष वैरी त्रसति हरिकुलाद्भद्रपीठीनिषण्णा-**
**दित्येवं यत्र देवं प्रणिगदति शशी बिंबितो द्वारवेद्याम् ॥५४॥**

**अवचूर्णिः-** हे नाथ गंधाकृष्टालिजालैः त्रिदशपतिशिरःशेखर-स्रस्तदामस्तोमैः अभ्यर्चितं ते तव पदकमलं अहं नित्यं दिदृक्षुरस्मि किंतु एष वैरी एणः भद्रपीठीनिषण्णात् हरिकुलात् त्रसति यत्र द्वारवेद्यां बिंबितः शशी देवं इत्येवं प्रणिगदति ब्रवीतीत्यर्थः । त्रसैच् भये । **'भ्रासभ्लासभ्रमक्रम् क्लमत्रस्' (सिद्धहेमं. ३/४/७३)** इति सूत्रेण वा श्ये त्रसति इति रूपं । भद्रपीठी सिंहासनं तत्र निषण्णादुपविष्टात् हरिकुलात् सिंहसमूहात् ॥५४॥

**ભાવાર્થ** - જે કુમારવિહાર ચૈત્યની દ્વારવેદિકામાં પ્રતિબિંબિત થયેલો ચંદ્ર તે પાર્શ્વનાથ પ્રભુને પ્રાર્થના કરે છે કે, "હે નાથ, સુગંધથી આકર્ષિત થયેલા ભમરાઓના જાલવાલા ઈંદ્રોના મસ્તકોના શેખર-મુંગટમાંથી ખરી પડેલા પુષ્પમાલાના સમૂહોથી પૂજાએલા તમારા ચરણ કમલને જોવાની હું નિત્યે ઈચ્છા રાખું છું, પરંતુ, આ મારો વૈરી મૃગ તમારા ભદ્રપીઠ ઉપર બેઠેલા સિંહની પ્રતિમાથી ત્રાસ પામે છે. ૫૪

**વિશેષાર્થ** - તે ચૈત્યની દ્વારવેદિકામાં પડેલા ચંદ્રના પ્રતિબિંબ ઉપર ગ્રંથકાર કલ્પના કરે છે કે, ચંદ્ર પ્રભુની પાસે આવીને પ્રાર્થના કરે છે કે, "હે નાથ નિત્યે તમારા ચરણ કમલને જોવાની મારી ઈચ્છા છે, પણ હું શું કરૂં કે, મારી પાસે રહેલો આ મૃગ મારે વૈરી થયો છે. કારણ કે, તે તમારા ભદ્રપીઠ ઉપર રહેલા સિંહથી ડરે છે. જો તે મૃગ સિંહથી ભય પામતો ન હોત તો હું હમેશાં તમારા ચરણકમલના દર્શન કરત. વળી હે નાથ ! તમારૂં તે ચરણકમલ ઈંદ્રોના મસ્તક ઉપર રહેલ પુષ્પમાલામાંથી ખરી પડેલા પુષ્પો વડે પૂજાએલું છે. અર્થાત્ ઈંદ્રો તમારા

ચરણકમલમાં નમવાને આવે છે, તે વખતે તેમના મસ્તકમાંથી પુષ્પો તમારા ચરણ ઉપર ખરે છે. કહેવાનો આશય એવો છે કે, જેમના ચરણમાં મોટા ઈંદ્રો નમે છે, તે ચરણના દર્શનની ઈચ્છા કોને ન થાય ? ૫૪

**यस्मिन् श्रृंगस्थलीनां वियति विलुलिते चंद्रकातांशुपुंजे**
**तिष्ठंतो वारंवारं प्रविलुठनकृते सैकतस्य भ्रमेण ।**
**साटोपध्वानशुष्यन्मुखकुहरतलं व्योमपारं यियासो-**
**स्तीव्रांशोः ससयस्ते किमपि फणिरिपोरग्रजं क्लेदयंति ॥५५॥**

**अवचूर्णिः-** यस्मिन् श्रृंगस्थलीनां वियति चंद्रकांतांशुपुंजे विलुलिते प्रसरिते सैकतस्य तटस्य भ्रमेण प्रविलुठनकृते वारंवारं तिष्ठंतः व्योमपारं यियासोः तीव्रांशोः ते ससयः फणिरिपोरग्रजं अरुणं अर्कसारथिं साटोपध्वानेन सक्रोधशब्देन शुष्यत्मुखकुहरतलं यथा स्यात्तथा क्रियाविशेषणं किमपि क्लेदयंति उच्चाटयंति फणिरिपुर्गरुडस्तस्याग्रजम् ॥५५॥

**ભાવાર્થ** - જે ચૈત્યના શિખરની ભૂમિઓમાં જડેલા ચંદ્રકાંતમણિના કિરણોનો સમૂહ આકાશમાં વ્યાપ્ત થતા તેને જોઈ આકાશની પેલી પાર જવાને ઈચ્છનારા સૂર્યના ઘોડાઓ તેને રેતીનું તટ ધારી તે પર આળોટવાને માટે વારંવાર ઉભા રહે છે. અને તેથી આટોપ સહિત શબ્દો કરવાથી જે સારથીનું મુખરૂપી ગુહાતલ સુકાઈ જાય છે, એવા ગરૂડના મોટા ભાઈ અરૂણ સારથિને તેઓ કાંઈપણ ખેદ આપે છે. ૫૫

**વિશેષાર્થ** - કુમારવિહાર ચૈત્યના શિખર ઉપર ચંદ્રકાંતમણિ જડેલા છે, તેના કિરણો આકાશમાં છવાઈ રહે છે, તેને જોઈ સૂર્યના રથના ઘોડાઓ તેને રેતીનું તટ ધારી તે પર આળોટવાને માટે વારંવાર ઉભા રહે છે, આથી સૂર્યના સારથિ અરૂણને ખેદ થઈ પડે છે. કારણ કે, તેઓને હાંકવામાં વધારે શ્રમ લેવો પડે છે. આ વર્ણનથી તે ચૈત્યની ઉંચાઈ અને ચંદ્રકાંત મણિની શોભા દર્શાવી છે. ૫૫

**अंभःशोभाहराणां मुहुरतिसरलं भ्राम्यतां भंगजालै-**
**राकीर्णं चंद्रकांतप्रभवतलशिलादेहलीकुंभभासाम् ।**
**मान्येभ्यः शंकमानाः सचकितचरणन्यासमुत्क्षिप्य वासः-**
**प्रांतान् श्रोणीविलंबान् कुलकमलदृशो यस्य मध्यं विशंति ॥५६॥**

**अवचूर्णिः**- मुहुः वारंवारं अतिसरलं भ्राम्यतां अंभःशोभाहराणां चंद्रकांतप्रभवतलशिलादेहलीकुंभभासां भंगजालैः आवर्त्तजालैराकीर्णं यस्य प्रासादस्य मध्यं मान्येभ्यः शंकमानाः श्रोणीविलंबान् कटिलग्नन् वासःप्रांतान् उत्क्षिप्य कुलकमलदृशः सचकितचरणन्यासं यथा स्यात्तथा विशंति ॥५६॥

**ભાવાર્થ** - તે ચૈત્યમાં ચંદ્રકાંતમણિની બનેલી તળીયાઓની શિલાઓ તથા ઉંબરાઓ અને કલશોની કાંતિઓ વારંવાર અતિ સરલ રીતે ભમ્યા કરે છે, તેથી તે જલની શોભાને ધારણ કરે છે. એવી કાંતિઓની ઘુમરીના જાલથી તે ચૈત્યનો મધ્ય ભાગ વ્યાપ્ત છે, તેની અંદર કુલીનકાંતાઓ માનનીય પુરૂષોની શંકા કરતી અને ચકિત થઈને પગલા મુકતી પોતાના કટી ભાગ તથા નિતંબ ઉપર લટકતા વસ્ત્રોના પ્રાંત ભાગને ઉંચા લઈને તે ચૈત્યના મધ્ય ભાગમાં પ્રવેશ કરે છે. ૫૬

**વિશેષાર્થ -** કુમારવિહાર ચૈત્યમાં તળીયાની શિલાઓ, ઉંબરાઓ અને કલશો ચંદ્રકાંતમણિથી બનેલા છે, તેની કાંતિઓ એવી રીતે ભમ્યા કરે છે, કે જેઓ જળના જેવી દેખાય છે. તેથી ત્યાં દર્શન કરવાને આવતી કુલીન સ્ત્રીઓ તે ઠેકાણે જળ છે એવું ધારી 'તે કેટલું ઉંડું હશે' એવી શંકા કરે છે અને તેને લઈને તે પગ મુકતાં ભય પામે છે. આવી રીતે જળના માપની શંકા રાખતી અને તેથી ભય સહિત પગલાં મુકતી તે સ્ત્રીઓ તેની અંદર પ્રવેશ કરે છે. આ ઉપરથી ચૈત્યના ઉંબરાના કલશની શોભા કેવી ઉત્તમ છે ? એ વાત દર્શાવી છે. ૫૬

**यामिन्यां यत्र लोकाः प्रतिकलविगलच्चंद्रकांतांबुपातै-**
**र्व्यस्तन्यस्तातपत्राः शिरसि मधुमयं गीतमाकर्णयंति ।**
**सूर्याश्मोच्छालितेभ्यः पुनरहनि लसज्जातवेदःकणेभ्यः**
**संत्रस्ताः पाणिपद्मस्थितजलकरकास्तोरणं सज्जयंति ॥५७॥**

**अवचूर्णिः-** यत्र प्रासादे यामिन्यां रात्रौ प्रतिकलविगलच्चंद्रकांतांबुपातैः शिरसि व्यस्तन्यस्तातपत्राः लोकाः मधुमयं मधुतुल्यं गीतं आकर्णयंति श्रृण्वंति इत्यर्थः । पुनरहनि दिने सूर्याश्मोच्छालितेभ्यः लसज्जातवेदःकणेभ्यः संत्रस्ताः पाणिपद्मस्थितजलकरकाः लोकाः महापूजादिषु तोरणं सज्जयंति सज्जं कुर्वंति । व्यस्ताः अमिलिताः ॥५७॥

**ભાવાર્થ -** જે ચૈત્યમાં લોકો રાત્રે દરેક સ્થાને ગળતા એવા ચંદ્રકાંતમણિના જળના પડવાથી મસ્તક પર અવળી છત્રીઓ ધરીને મધુર ગીતો સાંભળે છે. અને દિવસે સૂર્યકાંતમણિમાંથી ઉછળતા અગ્નિના તણખાને લઈને તેમના હસ્તકમલમાંથી ખસી પડેલા જલના પાત્રોથી તોરણો રચે છે. ૫૭

**विशेषार्थ** - આ શ્લોકથી કવિ એવું દર્શાવે છે કે, તે કુમારવિહાર ચૈત્યમાં એટલા બધા ચંદ્રકાંતમણિઓ છે કે, રાત્રે તેમાંથી જલના બિંદુઓ ગળવાથી લોકોને માથે છત્રીઓ રાખી ગીત સાંભળવા પડે છે અને તેમાં સૂર્યકાંતમણિઓ એટલા બધા છે કે, દિવસે તેમાંથી ઝગતા અગ્નિના તણખા ખરવાથી લોકોને હાથમાં જલના પાત્રો રાખવા પડે છે. તે પાત્રો શ્રેણીબંધ ધરવાથી તોરણની શોભા બને છે. ૫૭

**यस्मिन्नीलाश्मपूरे तिमिर इव पुरो लोलहस्तं भ्रमंत्यः**
**क्वापि स्वच्छाश्मभिन्नां क्वचिदलिकतटीं पाणिभिः पीडयंत्यः।**
**आत्मियं क्वापि बिंबं परमनुजभिया दत्तफालं विलंघ्य**
**क्रामंत्यः पण्यनार्यो निकटभटविटांस्तन्वते स्मेरवक्त्रान् ॥५८॥**

**अवचूर्णिः**- यस्मिन् प्रासादे क्वापि तिमिर इव नीलाश्मपूरे पुरः अग्रे लोलहस्तं भ्रमंत्यः क्वचित्स्वच्छाश्मभिन्नां अलिकतटीं पाणिभिः पीडयंत्यः मसलयंत्यः क्वापि परमनुजधिया आत्मीयं बिंबं दत्तफालं यथा स्यात्तथा विलंघ्य क्रामंत्य पण्यनार्यो निकटभटविटान् स्मेरवक्त्रान् तन्वते विस्तारयंति। भिन्नां आस्फालितां । निकटभटविटान् आसन्नसुभटजारान् अलिकतटीं ललाटतटीं (असत्भित्तिं) विलंघ्य उल्लंघ्य क्रामंत्यश्चलंत्यः ॥५८॥

**ભાવાર્થ** - જે ચૈત્યમાં આવનારી વારાંગનાઓ નીલમણિના સમૂહમાં અંધકાર ધારી પોતાના ચપલ હસ્તને આગળ કરી ભમે છે. કોઈ ઠેકાણે સ્ફટિકમણિથી જુદી પડતી ખોટી દીવાલ ધારી તેને પોતાના હાથથી દબાવે છે. કોઈ ઠેકાણે પોતાનું પ્રતિબિંબ પડેલું જોઈ તેને બીજો કોઈ માણસ છે, એવો ભય રાખી મોટી ફાલ ભરી તેને ઉલ્લંઘન કરી ચાલે છે, આથી તે વારાંગનાઓ પોતાની પાસે રહેલા વિટ પુરૂષોને મુખમાં હસાવે છે. ૫૮

**વિશેષાર્થ -** તે ચૈત્યમાં નૃત્ય કરવાને વારાંગનાઓ આવે છે. તેઓ ત્યાં જડેલા નીલમણિને જોઈ તેમને અંધકારના જેવો દેખાવ લાગે છે, એટલે તેઓ આગળ હાથને ભમાવે છે. કોઈ ઠેકાણે સ્ફટિકમણિ આવે એટલે ત્યાં દીવાલના ભ્રમથી તેની સાથે તેઓ હાથ દબાવે છે. કોઈ ઠેકાણે પોતાનું પ્રતિબિંબ પડવાથી તેમને કોઈ બીજા માણસનો ભય લાગે છે એટલે તેઓ ફાલ આપી તે ભાગ ઉલ્લંઘન કરી ચાલી જાય છે, તેઓ પાસે રહેલા વિટ પુરૂષોને હાસ્ય ઉત્પન્ન કરે છે. આ ઉપરથી તેં ચૈત્યમાં નીલમણિ અને સ્ફટિકમણિની વિશેષ શોભા દર્શાવી છે. ૫૮

**बद्धावासस्य यत्र त्रिजगदधिपतेः पार्श्वनाथस्य पाथः-**
**कुंभैः श्राद्धाः शशांकोपलरजतमयैर्मज्जनं कल्पयंतः ।**
**पश्यंतः कुंभगर्भाद्द्युतिममृतसितां धारया देवमौलौ**
**भूयो भूयः पतंतीं न सलिलविरहेऽप्यावहंते विरामम् ॥५९॥**

**अवचूर्णिः-** यत्र प्रासादे बद्धावासस्य त्रिजगदधिपतेः श्रीपार्श्वनाथस्य शशांकोपलरजतमयैः पाथःकुंभैर्मज्जनं कल्पयंतः कुंभगर्भादमृतसितां द्युतिं देवमौलौ धारया भूयो भूयः पतंतीं पश्यंतः श्राद्धाः सलिलविरहेऽपि विरामं न आवहंते उहटनं न कुर्वंति । बद्धावासस्य कृतावासस्य ॥५९॥

**ભાવાર્થ -** જે ચૈત્યમાં વાસ કરીને રહેલા એવા ત્રણ જગત્‌ના અધિપતિ શ્રી પાર્શ્વનાથ પ્રભુને શ્રાવકો ચંદ્રકાંતમણિના અને રૂપાના જલના કલશોથી સ્નાત્ર કરાવે છે તે વખતે તે કલશની અંદરથી અમૃતના જેવી ઉજ્વલ કાંતિ પ્રભુના મસ્તક ઉપર ધારાથી વારંવાર પડે છે, તે જોઈ જળ વિના પણ તેઓ સ્નાત્ર કરવાથી વિરામ પામતા નથી. ૫૯

**વિશેષાર્થ** - તે ચૈત્યમાં રહેલા શ્રી પાર્શ્વનાથ પ્રભુને શ્રાવકો ચંદ્રકાંત તથા રૂપાના જલ કલશોથી સ્નાત્ર કરાવે છે, તે વખતે પ્રભુના મસ્તક પર તે કલશોની ઉજ્વલ કાંતિ પડવાથી તે જલ વગરના થયા હોય તો પણ તેની કાંતિને લઈને તે શ્રાવકો કલશમાંથી જલ પડે છે, એવું ધારી સ્નાત્ર કરતાં વિરામ પામતા નથી. અર્થાત્ કલશ ખાલી થઈ ગયા હોય તો પણ તેઓ તેને મસ્તક પર ધરી રાખે છે, કારણ કે, કલશની ઉજ્વલ કાંતિને તેઓ જલની ધારા પડે છે, એમ માની પ્રભુના મસ્તક પર તે કલશો ધરી રાખે છે. તે ચૈત્યમાં હંમેશાં શ્રાવકો તરફથી ચંદ્રકાંત તથા રૂપાના કલશોથી પ્રભુને સ્નાત્ર કરાવવામાં આવે છે, એમ દર્શાવ્યું છે. ૫૯

**सूर्यग्रावोत्थितानां चलचमरमरुद्विस्फुरच्चापलानां**
**खेलन्नर्चिःकणानां पणहरिणदृशां भालरंगे समूहः ।**
**यस्मिन् देवानुभावाज्जलयति न परं वल्लरीः कुंतलानां**
**पुष्णाति स्वर्णपुष्पप्रकरपरिचितं किंतु शोभाकलापम् ॥६०॥**

**अवचूर्णिः-** यस्मिन् प्रासादे सूर्यग्रावोत्थितानां चलचमरमरुद्विस्फुरच्चापलानां अर्चिःकणानां समूहः पणहरिणदृशां भालरंगे खेलन् देवानुभावात् परं केवलं कुंतलानां वल्लरीः न ज्वलयति किंतु स्वर्णपुष्पप्रकरपरिचितं शोभाकलापं पुष्णाति स्वर्णपुष्पप्रकरस्य शेखरस्य परिचितं सदृशम् ॥६०॥

**ભાવાર્થ** - જે ચૈત્યની અંદર આવતી વારાંગનાઓના લલાટ ઉપર સૂર્યકાંતમણિમાંથી ઉડેલા જ્વાલાઓના તણખા આવે છે, કે જે તણખાઓ વીંજાતા ચામરના પવનથી ચપલ અને સ્ફુરાયમાન છે. તથાપિ તે તણખાઓ શ્રી પાર્શ્વનાથ પ્રભુના પ્રભાવથી વારાંગનાઓની

કેશ લતાને દહન કરતાં નથી, પણ ઉલટા સૂવર્ણ પુષ્પોના સમૂહના જેવી શોભાના કલાપને પોષણ કરે છે. ૬૦

**વિશેષાર્થ** - કુમારવિહાર ચૈત્યની અંદર વારાંગનાઓ નૃત્ય કરવા આવે છે, તે વખતે સૂર્યકાંતમણિઓમાંથી અગ્નિના તણખાઓ નીકળી તેમના લલાટ ઉપર પડે છે. પરંતુ દેવાધિદેવના પ્રભાવથી તેમના કેશ બળી જતા નથી, પણ તેનાથી ઉલટા સુવર્ણ પુષ્પો તેની ઉપર ગુંથ્યા હોય, તેવો દેખાવ થાય છે, આ ઉપરથી સૂર્યકાંતમણિઓની સમૃદ્ધિ, વારાંગનાઓની નૃત્યપૂજા અને દેવાધિદેવ શ્રીપાર્શ્વનાથ પ્રભુનો પ્રભાવ વર્ણવ્યા છે. ૬૦

**यस्मिन्नावर्त्तयंत्याः सहृदयहृदयानंदकान् दृष्टिभेदान्**
**तन्वंत्यास्तालगीतस्फुटपटहमृदंगानुगां लास्यलक्ष्मीं ।**
**नृत्यन् बिंबोपनीतैर्नवनवकरणैर्हस्तचारीप्रपंचै-**
**र्नर्त्तक्याः स्तंभ एकः स्पृशति रजतभूर्नर्त्तनाचार्यलीलाम् ॥६१॥**

**अवचूर्णिः**- यस्मिन् प्रासादे सहृदयहृदयानंदकान् दृष्टिभेदान् आवर्त्तयंत्याः कुर्वंत्याः तालगीतस्फुटपटहमृदंगानुगां सदृशीं लास्यलक्ष्मीं नाटकलक्ष्मीं तन्वंत्याः नर्त्तक्याः बिंबोपनीतैः प्रतिबिंबप्राप्तैः नवनवकरणैरंगादिवालनैः हस्तचारीप्रपंचैः हस्तचालननिवहैः नृत्यन् रजतभूः एक स्तंभः नर्त्तनाचार्यलीलां स्पृशति । "लास्यं नाट्यं च तांडवं" इति नाममाला ॥६१॥

**ભાવાર્થ** - તે કુમારવિહાર ચૈત્યની અંદર એક રૂપાનો સ્તંભ હતો. તેની અંદર સહૃદય પુરૂષોના હૃદયને આનંદ આપનારા કટાક્ષોને દર્શાવતી, તાલ, ગીત, ઢોલક અને મૃદંગને અનુસરી નાચની શોભાને વિસ્તારતી એક નર્ત્તકીના નવનવા હાથના અભિનય - લટકા પ્રતિબિંબિત

થતા હતા, તેથી તે સ્તંભ નૃત્ય કરતો નૃત્યાચાર્યની લીલાને ધારણ કરતો હતો. ૬૧

**વિશેષાર્થ -** આ શ્લોકથી કવિએ કુમારવિહાર પ્રાસાદમાં થતી નૃત્ય ક્રીડાને ચમત્કારી રીતે વર્ણવી છે. તે પ્રસાદમાં કોઈ નાચ કરનારી સ્ત્રી નૃત્ય કરતી હતી. નૃત્યની અંદર સહૃદય પુરૂષોના હૃદયને આનંદ આપનારા કટાક્ષોને તે દર્શાવતી હતી વળી તાલ ગીત, ઢોલક તથા મૃદંગના નાદને અનુસરી પોતાનું નૃત્ય ચલાવતી હતી. તે સાથે તે પોતાના હાથના અભિનય કરતી હતી. આ બધો તેણીનો દેખાવ તે પ્રાસાદના એક સ્તંભમાં પ્રતિબિંબિત થવાથી - તે સ્તંભ જાણે નૃત્યાચાર્ય હોય તેવો દેખાતો હતો. રૂપેરી સ્તંભની અંદર નાચ કરનારીનું પ્રતિબિંબ પડતું હતુ, તેથી તે જાણે નૃત્યનું શિક્ષણ આપનાર નૃત્યાચાર્ય હોય, તેવો દેખાતો હતો. નૃત્યાચાર્ય જેવી રીતે અભિનય કરી બતાવે, તેવી રીતે તેની શિષ્યા નર્તકીઓ તેને અનુસરીને અભિનય કરે છે. એ નૃત્ય શિક્ષણની પદ્ધતિ પ્રખ્યાત છે. ૬૧

**वल्गामुन्मथ्य रथ्यैः प्रतिहतगतिना भानुना निंद्यमानो**
**युद्धश्रद्धैः प्रतीभप्रभवरवधिया दिग्गजैर्नंद्यमानः ।**
**यस्याद्वैतं त्रिलोक्यामुपरमविमुखो घोषयन्नुच्चघोषं**
**श्रद्धालूनां त्रिसंध्यं पटुपटहरवो धूपवेलां ब्रवीति ॥६२॥**

**अवचूर्णिः-** वल्गामुन्मथ्य[1] त्रोटयित्वा रथ्यैः रथस्य योग्याश्वैः प्रतिहतगतिना भानुना निंद्यमानः प्रतीभप्रभवरवधिया युद्धश्रद्धैः दिग्गजैर्नंद्यमानः आनंद्यमानः त्रिलोक्यां यस्य प्रासादस्य अद्वैतं एकत्वं उच्चघोषं यथा स्यात्तथा घोषयन् कथयन् उपरमविमुखः पटुपटहरवः श्रद्धालूनां श्रद्धा वासना विद्यते येषां ते श्रद्धालवः श्रद्धाया आलु प्रत्ययः स्त्रीपुरुषाणां त्रिसंध्यं त्रिकालं

१ A - पादिलामुन्मथ्य

धूपवेलां अर्थात् देवपूजावेलां ब्रवीति प्रथयति । उपरम स्थितिस्तस्य विमुखः ॥६२॥

**ભાવાર્થ** - તે કુમારવિહાર ચૈત્યની અંદર થતો મોટો નગારાનો અવાજ ઉંચે પ્રમાણે ઘોષણા કરી શ્રદ્ધાવાળા લોકોને ત્રણે કાળ ધૂપ કરવાની વેળા જણાવે છે. અને અવિરતપણે ત્રણ લોકમાં તે પ્રાસાદની અદ્વિતીયતા પ્રગટ કરે છે. જ્યારે તે ધ્વનિ પ્રગટ થાય છે, ત્યારે સૂર્યના ઘોડાઓ લગામને તોડાવે છે, તેથી સૂર્યની ગતિ હણાંતા સૂર્ય તે ધ્વનિની નિંદા કરે છે. અને તેને સાંભળી યુદ્ધની શ્રદ્ધાવાળા દિગ્ગજેંદ્રો પોતાની સામે આવેલા બીજા હાથીથી ઉત્પન્ન થયેલા શબ્દની બુદ્ધિથી તેઓ આનંદ પામે છે. ૬૨

**વિશેષાર્થ** - તે કુમારવિહાર ચૈત્યમાં જ્યારે ધૂપ કરવાના વખતના નગારાનો ધ્વનિ થાય છે, ત્યારે ધૂપ પૂજા કરવાની ઈચ્છાવાળા લોકોને તે સમયની સૂચના થાય છે. વળી તે ધ્વનિ 'આ પ્રાસાદ જગત્માં અદ્વિતીય છે' એમ જણાવે છે. આ ધ્વનિનો અવાજ એટલો મોટો થાય છે કે જેથી આકાશ માર્ગે જતાં સૂર્યના ઘોડાઓ ભડકી પોતાની લગામ તોડાવે છે, એટલે સૂર્યની ગતિમાં ભંગ થવાથી સૂર્ય તેની નિંદા કરે છે. બીજી તરફ દશ દિશાઓમાં રહેલા દિગ્ગજો કે જેઓ હંમેશા યુદ્ધ કરવાની ઈચ્છા રાખે છે, તેઓ તે વખતે સમજે છે કે, પોતાની સામે થયેલા કોઈ બીજા ગજેંદ્રનો આ ધ્વનિ છે, તેથી તેઓ સામે થવાને તૈયાર થાય છે, પણ જ્યારે કોઈ પ્રતિગજેંદ્ર તેમના જોવામાં આવતો નથી એટલે તેઓ નાખુશ થાય છે અને તેથી તેની નિંદા કરે છે. આ ઉપરથી તે પ્રાસાદમાં ધૂપવાદ્યના ધ્વનિની પ્રૌઢતા દર્શાવી છે. ૬૨

**क्रूपस्तंभानुकारं स्पृशति सितपटोद्भासितस्वर्णदंडे**
**तन्वाने कांतिदृष्टिं दिशि दिशि कलशे कर्णधारे शिरःस्थे ।**
**लावण्याद्वैतभाजि[1] स्फटिकमणिशिलाराशिरोचिपयोधौ[2]**
**पूर्णं रत्नैरनंतैर्वहति यदनिशं यानपात्रस्य लक्ष्मीम् ॥६३॥**

**अवचूर्णिः-** अनंतैः रत्नैः पूर्णं यच्चैत्यं कूपस्तंभानुकारं स्पृशति सति सितपटोद्भासितस्वर्णदंडे दिशि दिशि कांतिदृष्टिं तन्वाने शिरःस्थे कलश एव कर्णधारे लावण्याद्वैतभाजि स्फटिकमणिशिलाराशिरोचिःपयोधौ यानपात्रस्य लक्ष्मीं शोभां अनिशं वहति कूपस्तंभः 'कुआथंभ' इति प्रसिद्धः । सितपटः 'सढ' इति प्रसिद्धः तेन उद्भासितः अलंकृतो यः सौवर्णदंडः तस्मिन् । सौम्यदृष्टिं (कांतिरेव दृष्टिः तां तथा) । कर्णं अरित्रं आउलं धारयतीति कर्णधारः नाखुउ तस्मिन् । लावण्यं सौभाग्यं पक्षे लावण्यं पानीयं । स्फटिकमणिशिलाराशीनां रोचिषः कांतयस्ता एव पयोधिः समुद्रः तस्मिन्[3] यानपात्रं प्रवहणं तस्यं ॥६३॥

**ભાવાર્થ -** જે કુમારવિહાર ચૈત્ય હંમેશાં વહાણની શોભાને ધારણ કરે છે, તેના શિખર ઉપર આવેલ ઉજ્વલ પતાકાથી પ્રકાશિત એવો સુવર્ણ દંડ કૂપસ્થંભ (ડોલ)ની તુલ્યતાને પ્રાપ્ત કરે છે અને મસ્તક ઉપર આવેલો કલશ ખલાસીની જેમ પ્રત્યેક દિશામાં સુંદર કાંતિરૂપી દૃષ્ટિને વિસ્તારે છે. સ્ફટિકમણિની શિલાઓના સમૂહની કાંતિનો સમુદ્ર સર્વત્ર લાવણ્યમય છે અને પોતે અસંખ્ય રત્નોથી પરિપૂર્ણ છે. ૬૩

**વિશેષાર્થ -** આ શ્લોકથી કવિ કુમારવિહાર પ્રાસાદને વહાણની ઉપમા આપે છે. વહાણમાં જેમ ઉંચો ડોલ હોય છે, તેમ અહિં સફેદ

---

१ B - भाजः, २ B - पयोधेः, ३ B - तस्य

પતાકાવાળો સુવર્ણનો ધ્વજદંડ છે. વહાણ ઉપર અગ્રભાગે ખલાસી બેસે છે અને તે પોતાની દૃષ્ટિ સર્વ દિશાઓમાં વિસ્તારે છે, તેમ આ પ્રાસાદ ઉપર કલશ પ્રત્યેક દિશામાં પોતાની કાંતિરૂપી દૃષ્ટિને વિસ્તારે છે. વહાણમાં જેમ સમુદ્રના અનેક રત્નો ભરેલા હોય છે, તેમ આ પ્રાસાદ અનેક રત્નોથી પરિપૂર્ણ છે. અને તેની અંદર સ્ફટિકમણિની શિલાઓની કાંતિનો સમૂહ રહેલો છે. આવી રીતે તે પ્રાસાદ એક સુંદર વહાણની શોભાને પ્રાપ્ત કરે છે. ૬૩

**स्तुत्याभिर्मर्त्यसार्थैरनिमिषनयनांभोरुहाभिः समंतात्**
**पांचालीभिः समेतैः स्फुटमतिगुरुभिर्मेध्यमध्यं विमानैः ।**
**उन्मीलद्भद्रवेदीप्रणयिहरिहयोत्कृष्टमष्टापदाढ्यं**
**कृत्वाधः स्वर्गिधाम स्थितममृतसमुत्पत्तिगुर्व्यां यदुर्व्याम् ॥६४॥**

**अवचूर्णिः-** मर्त्त्यसार्थैः स्तुत्याभिः स्तवनीयाभिः अनिमिषनयनांभोरुहाभिः पांचालीभिः पुत्रिकाभिः पक्षे देवीभिः समेतैः सहितैः स्फुटं प्रकटं अतिगुरुभिः विमानैः मेध्यं पवित्रं मध्यं (यस्य तत्) उन्मीलद् भद्रवेदीप्रणयिहरिहयोत्कृष्टं अष्टापदाढ्यं स्वर्गिधाम सुरालयं अधःकृत्वा यच्चैत्यं अमृतसमुत्पत्तिगुर्व्यां उर्व्यां पृथिव्यां स्थितं अस्ति । अमृतं मोक्षस्तस्य समुत्पत्तिः समुद्भवस्तेन गुर्वी पक्षे अमृतं सुधा । मर्त्त्याः मनुष्याः । उन्मीलंतो विनिद्राः । भद्रसिंहासनस्था ये हरयः सिंहाः हया अश्वास्तैरुत्कृष्टं प्रधानम् ॥६४॥

**ભાવાર્થ -** જે કુમારવિહાર ચૈત્યનો મધ્ય ભાગ મનુષ્યોના સમૂહે પ્રશંસા કરવા યોગ્ય અને જેમના નેત્રકમલ નિમેષ રહિત છે એવી પુતળીઓ વડે યુક્ત અને અતિ મોટા એવા વિમાનોથી પવિત્ર છે, મંગલ સિંહાસન પર બેઠેલા દેદીપ્યમાન સિંહ અને ઘોડાના પુતળાઓથી જે ઉત્કૃષ્ટ છે અને જે અષ્ટાપદથી વ્યાપ્ત છે, તે ચૈત્ય

અમૃતની ઉત્પત્તિથી મોટી એવી પૃથ્વી ઉપર દેવતાઓના ધામ રૂપ સ્વર્ગનો તિરસ્કાર કરીને રહેલું છે. ૬૪

**વિશેષાર્થ** - આ શ્લોકથી ગ્રંથકારે કુમારવિહારચૈત્યને વ્યતિરેકાલંકારથી સ્વર્ગથી અધિકપણે વર્ણવ્યું છે. સ્વર્ગની અંદર રહેનારી દેવીઓ નિર્નિમેષ દષ્ટિવાળી હોય છે અને તેઓ વિમાનમાં બેસી ફરે છે. તેમ આ ચૈત્યની અંદર નિર્નિમેષ દષ્ટિવાલી પુતળીઓ વિમાનમાં ચીતરેલી છે. જેમ સ્વર્ગમાં ઈંદ્ર અને તેનો ઘોડો રહે છે, તેમ આ ચૈત્યમાં સિંહ અને ઘોડાના પુતળા છે. હરિનો અર્થ ઈંદ્ર અને સિંહ બન્ને થાય છે. સ્વર્ગના ધામ સમીપ અષ્ટાપદ છે, તેમ અહિં અષ્ટાપદનું ચિત્ર છે તેમ જ અષ્ટાપદ જાતના મૃગલાના ચિત્રો છે. સ્વર્ગમાં અમૃતની ઉત્પત્તિ છે, તેમ આ ચૈત્યમાં અમૃત-મોક્ષની ઉત્પત્તિ થાય છે. તેથી આ ચૈત્ય સ્વર્ગ લોકનો તિરસ્કાર કરીને ઉત્કૃષ્ટતાથી રહેલું છે. ૬૪

**नीतान्यत्यंतरूढैरवचनविषयं सात्विकैर्विक्लवत्वं**
**सांक्षादस्तानुषंगान्यपि निकटबृहल्लोकलज्जावशेन ।**
**बिंबान्यंन्योन्यमच्छस्फटिकमणिशिलास्तंभयष्टिप्रविष्टा-**
**न्याश्लिष्याश्लिष्य यस्मिन् विदधति मिथुनान्यंगकंडूविनोदम् ॥६५॥**

**अवचूर्णिः**- यस्मिन् प्रासादे अत्यंतरूढैः सात्विकैरवचनविषयं वचनागोचरं विक्लवत्वं नीतानि निकटबृहल्लोकलज्जावशेन साक्षादस्तानुषंगाण्यपि अन्योन्यं अच्छस्फटिकमणिशिलास्तंभयष्टिप्रविष्टानि बिंबानि मिथुनानि अन्योऽन्यमाश्लिष्याश्लिष्य अंगकंडूविनोदं विदधति । अत्यंतरूढैरतिप्रौढैः[१] सात्विकैः मदनोद्दीपकभावैः विक्लवत्वं क्लीबत्वं साक्षात् प्रत्यक्षं । पार्श्वस्थो बृहल्लोकस्तस्य लज्जा तस्या वशात्

१ A,B - अतिजातैः

अस्तानुषंगान्यपि क्षिप्तसंगान्यपि । अंगकंडूविनोदं सुरतविनोदं । मिथुनानि पुंस्त्रीयुग्मानि ॥६५॥

**ભાવાર્થ** - જે ચૈત્યની અંદર આવેલા સ્ત્રી પુરૂષોનાં જોડલાં અતિ આસક્ત એવા સાત્ત્વિક ભાવ વડે અનિર્વચનીય એવી આતુરતાને પામેલા પણ પાસે જતા આવતા લોકોની શરમને લઈને પરસ્પર સાક્ષાત્ સંગને નહિં પામેલા, તથાપિ નિર્મળ સ્ફટિક મણિની શિલાનાં સ્તંભમાં પડેલા પરસ્પર પોતાના પ્રતિબિંબોને આલિંગન કરી કરી પોતાના શરીરની ખુજલીનો વિનોદ કરે છે. ૬૫

**વિશેષાર્થ** - તે કુમારવિહાર ચૈત્યની અંદર આવતા સ્ત્રીપુરૂષોના જોડાં સાત્વિક ભાવ ઉત્પન્ન થવાથી આતુર થઈ જતાં પણ ત્યાં નજીક જતા આવતાં લોકોની શરમને લઈને તેઓ પરસ્પર સાક્ષાત્ મળતા ન હતા; તથાપિ ત્યાં જડેલી સ્ફટિકમણિની નિર્મળ શિલાના સ્તંભમાં તેમના પ્રતિબિંબો પડતાં હતાં, તે પ્રતિબિંબોને આલિંગન કરી કરી તેઓ પોતાના શરીરની ખુજલીનો - ભોગનો વિનોદ લેતા હતા. આ ઉપરથી તે ચૈત્યમાં સ્ફટિકમણિઓની સમૃદ્ધિ દર્શાવી છે. ૬૫

**भित्तिस्तंभप्रकोष्टान् स्फुटरुचिपटलीमैत्र्यरोचिष्णुदेहान्**
**चक्षुःसांमुख्यभाजः प्रतिनिधितरलान् सादरं वीक्षमाणः ।**
**कोणादिच्छादितानामपि मुदममुदं तुष्टरुष्टाननानां**
**यस्मिन् गंधर्वलोकः कलयति बहिरप्यासितो मध्यगानाम् ॥६६॥**

**अवचूर्णिः**- यस्मिन् प्रासादे स्फुटरुचिपटलीमैत्र्यरोचिष्णुदेहान् चक्षुःसांमुख्यभाजः प्रतिनिधितरलान् भित्तिस्तंभप्रकोष्टान् सादरं वीक्षमाणः बहिरपि आसितो गंधर्वलोकः कोणादिच्छादितानामपि तुष्टरुष्टाननानां मध्यगानां पुरुषाणां मुदं अमुदं कलयति जानाति । प्रकोष्टान् कोणान् । प्रतिनिधिः प्रतिबिंबं[1] । स्फुटरुचिपटल्या मैत्र्यं सूर्यत्वं तद्वद्रोचिष्णुदेहान् ॥६६॥

---

१ A - प्रतिबिंबः ।

**ભાવાર્થ** - સ્ફુટ એવી કાંતિના સમૂહને લીધે સૂર્યની જેમ જેમના દેહ પ્રકાશમાન થઈ ગયેલા છે, જેઓ નેત્રોની સન્મુખ રહેલા છે અને જેઓ પ્રતિબિંબોને લઈને ચંચળ દેખાય છે, એવા ભીંતોના સ્તંભોના પ્રકોષ્ટને આદરથી અવલોકન કરતો ગંધર્વલોક જે ચૈત્યની બહાર બેસારવામાં આવેલો છે, તો પણ ચૈત્યના મધ્ય ભાગે રહેલા મનુષ્યો કે જેઓ ખૂણા વગેરેથી ઢંકાઈ રહેલા છે, તેથી તેમના મુખ સંતોષ તથા રોષથી યુક્ત થયેલા છે, તે તેમના આશયને જાણે છે. ૬૬

**વિશેષાર્થ** - તે કુમારવિહાર ચૈત્યની અંદર ગંધર્વલોક તેની બાહર બેઠેલા છે, તો પણ તે ચૈત્યની મધ્ય ભાગે બેઠેલા લોકોના આશયને જાણે છે. કારણ કે, જેઓ ચૈત્યના ખૂણા વગેરેથી આચ્છાદિત થયેલા છે, તેમના મુખ ઉપર રોષ ઉત્પન્ન થયેલો છે, પણ તેઓ ગંધર્વલોકને ચૈત્યની બાહર બેઠેલો જાણી મુખ ઉપર સંતોષ ધારણ કરે છે. વળી તે ગંધર્વલોક ચૈત્યની દીવાલોના સ્તંભના પ્રકોષ્ટને આદરથી જુએ છે-જે પ્રકોષ્ટ સ્ફુટકાંતિથી સૂર્યની જેમ પ્રકાશમાન દેહવાળા થઈ રહ્યા છે અને તેઓ તેમના નેત્રોની સમીપે આવેલા છે, તેથી તેમના પ્રતિબિંબો તેઓની અંદર પડે છે. કહેવાનો આશય એવો છે કે, કુમારવિહારપ્રાસાદની અંદર હમેશાં ગંધર્વલોક આવી ગંમત કરે છે. ॥૬૬॥

**गीतज्ञैर्वार्यमाणैरपि किमपि जिनस्याज्ञया श्राद्धलोकै-**
**र्घंटानां ताडितानां प्रतिरवमुखरस्तारटंकारपूरः ।**
**तांस्तान् क्लेशोपनीतान् श्रुतिषु मधुमुचो गेयवाद्यप्रभेदान्**
**व्यर्थीकुर्वन् सशोकं विरचयति चिरं यत्र गंधर्वलोकम् ॥६७॥**

**अवचूर्णिः -** यत्र गीतज्ञैः गेयशास्त्रज्ञैः किमपि किंचिदपि[1] वार्यमाणैरपि श्राद्धलोकैः जिनस्य आज्ञया जिनभक्त्या ताडितानां घंटानां प्रतिरवमुखरः श्रुतिषु श्रवणेषु मधुमुचः क्लेशोपनीतान् तांस्तान् गेयवाद्यप्रभेदान् व्यर्थीकुर्वन् तारटंकारपूरः गंधर्वलोकं चिरं सशोकं विरचयति ॥६७॥

**ભાવાર્થ -** સંગીતને જાણનારા લોકોએ વારેલા છતાં પણ જિનભગવંતની આજ્ઞાને-ભક્તિને લઈને શ્રાવકોએ વગાડેલી ઘંટાઓના દીર્ઘ ટકોરાનો સમૂહ કે જે પ્રતિધ્વનિથી વાગતો હતો, તે ઘણી મહેનતથી કરવામાં આવેલા અને શ્રવણની અંદર માધુર્યને આપનારા ગીત તથા વાદ્યના ભેદને વ્યર્થ કરે છે, તેથી તે ચૈત્યની અંદર રહેલા ગંધર્વ લોકોને તે ઘંટાના ટકોરાનો સમૂહ ચિરકાલ શોકસહિત કરે છે. ૬૭

**વિશેષાર્થ -** આ શ્લોકમાં ગ્રંથકાર કુમારવિહાર ચૈત્યના દર્શનના માહાત્મ્યને દર્શાવે છે, તે ચૈત્યની અંદર એટલા બધા ભાવિક શ્રાવકો દર્શને આવે છે કે, તેમણે કરેલા ઘંટાઓના નાદોનો સમૂહ ત્યાં ગાયન કરનારા ગંધર્વોને શોકસહિત કરી નાખે છે. કારણ કે, ઘંટાઓના શબ્દો અને તેમનો પ્રતિધ્વનિ સંગીતના માધુર્યનો ભંગ કરે છે. તે ઉપરથી સિદ્ધ થાય છે કે, તે ચૈત્યની અંદર ઘણાં દર્શન કરનારા અને ગાયન કરનારા ગંધર્વો આવ્યા કરે છે. ૬૭

**मुह्यंत्यो नीलभासि द्रुततरगतयो द्वारि सूर्योपलानां**
**हृष्यन्त्यः पुत्रिकासु प्रचकितमनसः पीठपंचाननेभ्यः ।**
**क्लामंत्यः श्राद्धबाधैः पुलकितवपुषो वल्लभांगानुषंगै-**
**र्नृत्यंत्यस्तूर्यनादैर्विदधति सुदृशो यत्र यूनां प्रमोदम् ॥६८॥**

---

१ A - अल्पमपि ।

**अवचूर्णिः-** यत्र प्रासादे नीलभासि सूर्योपलानां द्वारि मुह्यंत्यः द्रुततरगतयः पुत्रिकासु हृष्यंत्यः पीठपंचाननेभ्यः प्रचकितमनसः श्राद्धबाधैः क्लामंत्यः वल्लभानुषंगैः पुलकितवपुषस्तूर्यनादैर्नृत्यंत्यः सुदृशः स्त्रियः यूनां प्रमोदं विदधति । द्वाःशब्दः स्त्रियां व्यंजनांतः । यूनां तरुणानाम् ॥६८॥

**ભાવાર્થ -** તે કુમારવિહાર ચૈત્યની અંદર આવનારી સુંદરીઓ નીલમણિની કાંતિવાળા દ્વારમાં મુંઝાઈને ઉતાવળી ચાલતી, સૂર્યકાંતમણિઓની પુતળીઓને જોઈ ખુશી થતી, પીઠ ઉપર આવેલા કેશરી સિંહની પ્રતિમા જોઈ મનમાં ભય પામતી, શ્રાવકોની ભીડની બાધાથી સંકોચાતી, પોતાના પતિઓના અંગ સાથે મળવાથી શરીરે પુલકાવલી ધારણ કરતી અને વાજિંત્રોના નાદોથી નૃત્ય કરતી યુવાન પુરૂષોને હર્ષ આપતી હતી. ૬૮

**વિશેષાર્થ -** આ શ્લોકથી ગ્રંથકાર તે પ્રાસાદના ઐશ્વર્યને અલંકારિક ભાષાથી વર્ણવે છે. અને તે પ્રાસાદમાં દર્શન કરવાને આવતી સ્ત્રીઓની વિવિધ પ્રકારની ચેષ્ટાઓ વર્ણવે છે. નીલમણિ, સૂર્યકાંતમણિ, સિંહની પ્રતિમાઓ, શ્રાવકોની ભીડ, પતિઓના અંગનો સ્પર્શ અને વાજિંત્રોના નાદથી તે સ્ત્રીઓની વિવિધ ચેષ્ટાઓ થાય છે. અને તે જોઈ ત્યાં આવનારા યુવાન પુરૂષોને આનંદ ઉપજે છે. ૬૮

**स्वां स्वां निर्वर्ण्य भित्तौ प्रतिकृतिरचनां प्रेयसीविभ्रमेण**
**भ्रांत्वा भ्रांत्वा प्ररोहन्नवनवपुलकं यत्र नृत्यंति सद्यः ।**
**आरावैस्तारमंद्रैर्विधुरितहरितां केकिपारापतानाम्**
**वृंदान्यालोक्य कस्कः कलयति न मुदं तीव्रशोकोऽपि लोकः॥६९॥**

**अवचूर्णिः-** यत्र प्रासादे भित्तौ प्रेयसीविभ्रमेण स्वां प्रतिकृतिरचनां निर्वर्ण्य भ्रांत्वा भ्रांत्वा भ्रमरीर्दत्त्वा प्ररोहन्नवपुलकं यथा स्यात्तथा सद्यः

नृत्यंति तारमंद्रैरारावैर्विधुरितहरितां केकिपारापतानां वृंदानि आलोक्य सशोकोऽपि कस्को लोको मुदं न कलयति । प्रतिबिंबरचनां ज्ञात्वा उद्गच्छन्नवरोमांचं मुखरितदिशाम् ॥६९॥

**ભાવાર્થ** - તે કુમારવિહારચૈત્યની અંદર દીવાલોની અંદર પોતપોતાના પ્રતિબિંબોની રચના જોઈ પોતાની પ્રિયાઓના ભ્રમથી ભમી ભમી નવીન રોમાંચને ધારણ કરી નૃત્ય કરતા અને લાંબા તથા મંદ સ્વરોથી દિશાઓને ગજાવતા એવા મયૂર તથા પારેવાના ટોળાઓને જોઈ કયા લોકો તીવ્ર શોકવાળા હોય તો પણ હર્ષને નથી ધારણ કરતા ? અર્થાત્ સર્વે લોકો હર્ષને ધારણ કરે છે. ૬૯

**વિશેષાર્થ** - આ શ્લોકમાં કુમારવિહાર ચૈત્યની દીવાલોની શોભા દર્શાવી છે. તે દીવાલોની અંદર એવા સુંદર-રત્નો જડેલા હતા કે, જેની અંદર ત્યાં આવનારા મયૂર તથા પારેવા પક્ષીઓના પ્રતિબિંબો પડતા હતા. જ્યારે તે પક્ષીઓ પોતાના પ્રતિબિંબોને જોતાં ત્યારે તેઓને પોતાની માદાઓનો ભ્રમ થઈ આવતો, તેથી તે શરીરે રોમાંચને ધારણ કરી નાચતા અને પોતાના લાંબા તથા મંદ સ્વરોથી દિશાઓને ગજાવી મુકતા હતા. આ દેખાવ જોઈ શોકવાળા લોકો પણ ખુશી થઈ જતા હતા. ૬૯

**यस्य श्रोतुं गुणौघं त्रिभुवनमहितं शंसितुं चारिमाणं**
**नंतुं पूजां च कर्त्तुं यदधिनिवसतो देवदेवस्य भूयः ।**
**जंभारातिः सदैव स्पृहयति मनसा लोचनानामिवोद्यद्-**
**बाष्पस्नातः सहस्रं श्रुतिरसनशिरःपाणिपंकेरुहाणाम् ॥७०॥**

**अवचूर्णिः**- यदधिनिवसतो यस्य देवदेवस्य त्रिभुवनमहितं गुणौघं श्रोतुं चारिमाणं शंसितुं नंतुं पूजां च कर्त्तुं सदैव जंभारातिरिंद्रः उद्यद्बाष्पस्नातो

लोचनानां सहस्रमिव भूयः श्रुतिरसनशिरःपाणिपंकेरुहाणां सहस्रं स्पृहयति। यस्मिन्नधि यदधि प्रासादमध्ये इत्यर्थः **'विभक्तिसमीप॰'** **(सिद्धहेम॰ ३/१/३९)** इति सूत्रेणाव्ययीभावसमासः। जंभारातिः इंद्रः। निर्गच्छन्नेत्रांबुस्नपितः। सहस्रमित्यत्र **'स्पृहेर्व्याप्यं वा'** **(सिद्धहेम॰ २/२/२६)** इति द्वितीया। रसनाशब्दः पुंस्त्रीलिंगः ॥७०॥

**ભાવાર્થ** - જે કુમારવિહાર ચૈત્યની અંદર વાસ કરીને રહેલા દેવાધિદેવ પ્રભુનો ત્રણ ભુવનને પૂજ્ય એવો ગુણોનો સમૂહ વારંવાર સાંભળવાને, તેમના સૌંદર્યની પ્રશંસા કરવાને, તેમને નમવાને, અને તેમની પૂજા કરવાને ઉત્પન્ન થયેલા પ્રેમાશ્રુથી ન્હાએલો ઈંદ્ર હંમેશાં પોતાના નેત્રોની જેમ હજાર કાન, જિહ્વા, મસ્તક અને હસ્ત કમલોની સદા સ્પૃહા રાખે છે. ૭૦

**વિશેષાર્થ** - તે કુમારવિહાર ચૈત્યની અંદર રહેલા શ્રીપાર્શ્વનાથ પ્રભુના ગુણોને સાંભળવાને, તેમના સૌંદર્યની પ્રશંસા કરવાને, તેમને નમવાને અને તેમની પૂજા કરવાને ઈંદ્ર એટલો બધો ઉત્સુક છે કે, તેને માટે જેમ પોતાને હજાર નેત્રો છે, તેવી રીતે હજાર કાન, હજાર જિહ્વા, હજાર મસ્તક અને હજાર હાથની ઇચ્છા કરે છે. અર્થાત્ તે મનમાં એવું ધારે છે કે, "જેમ મારે હજાર આંખો છે, તેમ જો હજાર કાન, હજાર જીભો, હજાર મસ્તકો અને હજાર હાથો હોય તો વધારે સારૂં. તેનાથી હું આ પાર્શ્વનાથ પ્રભુના ગુણોનું શ્રવણ, તેમના સૌંદર્યની પ્રશંસા અને તેમની પૂજા કરી મારા આત્માને કૃતાર્થ કરૂં. કહેવાનો આશય એવો છે કે, તે કુમારવિહાર ચૈત્યની અંદર રહેલી શ્રીપાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા એવી મહિમાવંત હતી, કે જેને માટે ઈંદ્ર આવી ઉત્તમ સ્પૃહા રાખતો હતો. ૭૦

**श्राद्धाः पुण्यविधित्सया गुरुरुजो रोगापहारेच्छया**
**दक्षाः शिल्पदिदृक्षया कुवपुषः सौभाग्यभाग्याशया ।**
**क्षीणार्था धनकाम्यया रसजुषः संगीतकश्रद्धया**
**भृत्याः प्राभवलिप्सया तनुभृतो यत्रासते संततम् ॥७१॥**

**अवचूर्णिः-** यत्र प्रासादे संततं श्राद्धाः श्रावकाः तनुभृतः पुण्यविधित्सया गुरुरुजो महद्रोगाः[1] रोगापहारेच्छया दक्षाः शिल्पदिदृक्षया कुवपुषः सौभाग्यभाग्याशया क्षीणार्था धनकाम्यया रसजुषः संगीतकश्रद्धया भृत्याः प्राभवलिप्सया आसते तिष्ठंति । विधित्सा चिकीर्षा[2] । दिदृक्षया[3] द्रष्टुमिच्छया । आशया वांछया । धनकाम्यया धनवांछया । रसः शृंगारादिः तं जुषंतीति तज्जुषः क्विप् संगीतकं नाटकं तस्य श्रद्धा भावस्तया तनुभृतः सर्वत्र प्रयोज्यं । प्रभोर्भावः प्राभवं ॥७१॥

**ભાવાર્થ -** શ્રાવકો પુણ્ય કરવાની ઈચ્છાથી, મહારોગીઓ રોગોને દૂર કરવાની ઈચ્છાથી, ચતુર પુરુષો કારીગરી જોવાની ઈચ્છાથી, કુરૂપ લોકો સૌંદર્યના ભાગ્યની આશાથી, નિર્ધન પુરૂષો દ્રવ્યની કામનાથી, રસિક પુરૂષો સંગીતની શ્રદ્ધાથી અને સેવકો સ્વામીપણું મેળવવાની ઈચ્છાથી જે ચૈત્યની અંદર હંમેશાં રહ્યા કરે છે. ૭૧

**વિશેષાર્થ -** આ શ્લોકથી ગ્રંથકાર જણાવે છે કે, તે ચૈત્ય એટલું બધું ઉત્તમ છે કે, ઘણા લોકોને તેમાંથી વિવિધ પ્રકારના આનંદ મળે છે. શ્રાવકોને પુણ્ય મળે છે, રોગીઓ પોતાના રોગને દૂર કરી શકે છે, ચતુર પુરૂષો તેની કારીગરી જોઈ ખુશી થાય છે, કુરૂપ લોકો તેની સેવાથી સૌંદર્યને પ્રાપ્ત કરી શકે છે, નિર્ધન પુરૂષો દ્રવ્યની કામના મેળવી શકે છે. રસિક પુરૂષોને ત્યાં સંગીતનો આનંદ મળે છે અને સેવા વૃત્તિ કરનારા પુરૂષો તે ચૈત્યની સેવાથી સ્વામિપણાનો લાભ પ્રાપ્ત કરી શકે છે. ૭૧.

---

१ A - महद्रोगाक्रांता लोकाः, २ A - कर्तुमिच्छा, ३ A - दिदृक्षा द्रष्टुमिच्छा

देवोऽयं कलधौतजः शशिशिलास्तंभा अमी पुत्रिका
सेयं चंचलकंकणा गृहमिदं नाट्यस्य दृश्यावधिः ।
व्याख्यासंसदियं विराममकरोन्निर्माय यां सूत्रकृत्
त्रैलोक्याद्भुतमीक्षतां पुनरमुं राजेव चित्रालयम् ॥७२॥

एतान् पश्यत चीनचीररचितांश्चंद्रोदयान् मौक्तिक-
प्रालंबः पुनरेष यस्य घटने ब्रह्मापि जिह्मायते ।
यक्षेंद्रश्च महाबलः पुनरयं सत्यावपातो नृणां
यत्रैवं द्रविणाशया विवृणुते स्त्रैणाय देवार्चकः ॥७३॥ युग्मम् ॥

**अवचूर्णिः-** कलधौतजः अयं देवः अमी शशिशिलास्तंभाः चंचलकंकणा सा इयं पुत्रिका दृश्यावधि नाट्यस्य इदं गृहं यां निर्माय सूत्रकृद् विराममकरोत् सेयं व्याख्यासंसद् पुना राजेवामुं चित्रालयं एतान् चीनचीररचितान् चंद्रोदयान् पश्यत यस्य घटने ब्रह्मापि जिह्मायते स एष मौक्तिकप्रालंबः पुनर्यक्षेंद्रो महाबलः पुनरयं नृणां सत्यावपातः एवं अनेन प्रकारेण यत्र प्रासादे देवार्चकः स्त्रैणाय स्त्रीसमूहाय द्रविणाशया विवृणुते व्याख्यानयति । विरामो निवृत्तिः । राजा भूपः स इव । चित्रालयं । चित्रगृहं । मौक्तिकप्रालंबः मुक्ताहारः श्रीपार्श्वस्येति गम्यं । श्रीहेमाचार्य गुरवः तत्र सभ्याः कुमारपालादयः श्रीमंत इति व्याख्यासभा । सत्यावपातः[1] सत्यनिश्चयः ॥७२-७३॥ युग्मम् ॥

**ભાવાર્થ -** 'આ દેવ શ્રીપાર્શ્વનાથ પ્રભુ સોનાના છે,' 'આ સ્તંભો ચંદ્રકાંતમણિના છે,' 'આ પુતલી ચંચલ કંકણવાળી છે,' 'આ દર્શનીય વસ્તુની અવધિ રૂપ નાટ્યગૃહ છે', 'આ વ્યાખ્યાનશાળા છે, કે જેને રચીને સૂત્રધાર (સુથાર) વિરામ પામી ગયો છે.' 'વળી ત્રણ લોકમાં અદ્ભુત એવું આ ચિત્રાલય રાજાની જેમ જુઓ,' ચીનાઈ વસ્ત્રોના

१ A - कोशपानफालाग्रहणादिस्थानं सत्यनिर्धारस्थानम् ।

રચેલા આ ચંદરવા વિલોકો, આ મોતીઓના ચંદરવાની ઝુલ કે જેને રચવામાં બ્રહ્મા પણ વક્ર થઈ જાય છે, અને આ મહાબલ નામે યક્ષેંદ્ર (પાર્શ્વયક્ષ) છે કે, જેને દેખી લોકોને તે સત્ય છે, એવું ભાન થાય છે.' આ પ્રમાણે જેમાં તે પાર્શ્વનાથ પ્રભુની પૂજા કરનાર પુરૂષ પૂજારી સ્ત્રીઓને દ્રવ્યની આશાથી વર્ણન કરી બતાવે છે. ૭૨-૭૩

**વિશેષાર્થ** - તે કુમારવિહારચૈત્યની અંદર પ્રભુની પૂજા કરનાર પુરૂષ પૂજારી સ્ત્રીઓની આગળ દ્રવ્ય લેવાની આશાથી વર્ણન કરે છે - એટલે તેઓને દ્રવ્ય મળે એવી આશાથી સ્ત્રીઓને તે ચૈત્યના ભાગ વર્ણન કરી બતાવે છે. તેમાં પ્રભુની મૂર્ત્તિ, સ્તંભો, પુતળીઓ, નાટ્યગૃહ, વ્યાખ્યાનશાળા, ચિત્રગૃહ, ચીનાઈ વસ્ત્રના ચંદરવા, મોતીઓના ચંદરવાની ઝુલ, અને મહાબલ યક્ષેંદ્ર (પાર્શ્વયક્ષ) એ બધા પદાર્થો બતાવે છે. ૭૨-૭૩

**आत्मीयं वीक्ष्य कांताप्रतिनिधिसविधे बिंबमाक्रीडमानं**
**तत्कालोद्बुद्धकंपां परपुरुषधिया गात्रयष्टिं वहंतः ।**
**आघ्नंतश्चंचुकांडैरथ नखकुलिशैरत्नभित्तीः सचित्रा**
**बाधंते रक्षकाणां गणमरुणदृशो यत्र नित्यं विहंगाः ॥७४॥**

**अवचूर्णिः-** यत्र प्रासादे कांताप्रतिनिधिसविधे आक्रीडमानं आत्मीयं बिंबं वीक्ष्य परपुरुषधिया तत्कालोद्बुद्धकंपां गात्रयष्टिं वहंतः अथ पुनः चंचुकांडैः नखकुलिशैः सचित्रा रत्नभित्तीराघ्नंतः अरुणदृशो विहंगाः रक्षकाणां गणं बाधंते । कांता विहंग्यस्तासां प्रतिनिधिः प्रतिबिंबं तस्य सविधे समीपे आत्मीयं प्रतिबिंबं आक्रीडमानं विलोक्य 'अयं परपुरुष' इति तत्कालोद्बुद्धः उत्पन्नः कंपो यत्र एवंविधां गात्रयष्टिं वहंतः अत एव रुषाऽरुणदृशः अत एव भित्तीराघ्नंतः रक्षकाणां आरक्षकाणां गणं समूहं बाधंते उच्चाटयंति । नखानां तीक्ष्णत्वेन वज्रोपमानं । चंचुकांडैः चंचुसमूहैः ॥७४॥

**ભાવાર્થ -** જે કુમારવિહાર ચૈત્યની અંદર પક્ષીઓ પોતાની માદાઓના પ્રતિબિંબની પાસે પોતાનું ક્રીડા કરતું પ્રતિબિંબ જોઈ પરપુરૂષની બુદ્ધિથી પોતાની ગાત્ર રૂપ યષ્ટિને (લાકડીને) તત્કાલ કંપાયમાન કરતા, નેત્રોને રાતા કરતા, અને પોતાની ચંચુથી તથા નખ રૂપ વજ્રોથી તેની ચિત્ર સહિત રત્નમય દીવાલો પર તાડન કરતા તે ચૈત્યના રક્ષકોના ગણને હેરાન કરે છે. ૭૪

**વિશેષાર્થ -** આ કાવ્યથી કવિ કુમારવિહાર ચૈત્યની રત્નમય દીવાલોનું યુક્તિથી વર્ણન કરે છે. તે ચૈત્યની અંદર એવી સુંદર રત્નમય દીવાલો આવેલી છે કે, જેમાં પક્ષીઓના નરમાદા આવી ક્રીડા કરે છે. નર પક્ષીઓ તે રત્નમય દીવાલની અંદર પોતાના પ્રતિબિંબને માદાઓની સાથે ક્રીડા કરતાં જોઈ બીજા નરની શંકા લાવે છે, તેથી તેઓ પોતાના શરીરને કંપાવી અને ક્રોધથી રાતા નેત્રો કરી ચાંચોથી અને નખોથી તે દીવાલો ઉપર પ્રહાર કરે છે, આથી તેના રખવાળોને ઘણી હેરાનગતિ ભોગવવી પડે છે. ૭૪

**अस्ति स्वस्तिप्रशस्तिः शिवपुरसरणिः कार्मणं लोचनानां**
**तंत्रं मंत्रोऽथ लक्ष्म्या हठहरणविधौ नाथ चैत्यं पृथिव्याम् ।**
**एवं यस्य स्वरूपं सदसि निशमयन् जंभभेदी सुरेभ्यः**
**प्रत्यूहव्यूहमंतः कलयति मधुरां तुंबुरोर्गानकेलिम् ॥७५॥**

**अवचूर्णिः-** हे नाथ ! स्वस्ति कल्याणानां प्रशस्तिः वर्णपट्टिका शिवपुरस्य सरणिः मार्गः लोचनानां कार्मणं वशीकरणं लक्ष्म्या हठहरणविधौ तंत्रं अथ वार्थे मंत्रः पृथिव्यां चैत्यं प्रासादोऽस्ति एवं अनेन प्रकारेण सदसि यस्य प्रासादस्य स्वरूपं सुरेभ्यः सुरसकाशात् निशमयन् शृण्वन्

जंभभेदी इंद्रोंऽतर्मनसि तुंबुरोर्गंधर्वस्य गानकेलिं प्रत्यूहव्यूहं कलयति जानाति॥७५॥

**ભાવાર્થ -** 'હે નાથ, કલ્યાણની પ્રશસ્તિરૂપ, મોક્ષ નગરના માર્ગ રૂપ, નેત્રોને કામણ રૂપ અને લક્ષ્મીને હઠથી હરણ કરવામાં તંત્ર તથા મંત્ર રૂપ એવું એક ચૈત્ય પૃથ્વી ઉપર છે.' આ પ્રમાણે ઈંદ્ર પોતાની સભામાં દેવતાઓની પાસેથી જે કુમારવિહાર ચૈત્યનું સ્વરૂપ સાંભળી ત્યાં ચાલતી તુંબુરૂ ગંધર્વની મધુર ગાયનકલાને પણ તેની અંદર અંતરાયના સમૂહ રૂપ જાણે છે. ૭૫

**વિશેષાર્થ -** ઈંદ્ર જ્યારે પોતાની સભામાં બેસી તુંબુરૂ ગાંધર્વની મધુર ગાયન કલા સાંભળે છે, તે વખતે દેવતાઓ તેની આગળ કુમારવિહાર ચૈત્યની આ પ્રમાણે પ્રશંસા કરે છે - "હે સ્વામી, પૃથ્વી ઉપર કુમારવિહાર નામે એક એવું ચૈત્ય છે કે, તે કલ્યાણની પ્રશસ્તિ (પ્રશંસાપત્ર) રૂપ છે, મોક્ષમાર્ગમાં જવાનો માર્ગ છે, નેત્રોનું કામણ છે, અને લક્ષ્મીને બલાત્કારે હરણ કરવાનો મંત્ર તંત્ર છે." આ પ્રશંસા સાંભળી ઈંદ્ર એટલો બધો તે સાંભળવાને ઈંતેજાર થાય છે કે, તેને પછી તુંબરૂ ગાંધર્વનું મધુર ગાયન તેમાં અંતરાય રૂપ થઈ પડે છે. ૭૫

**तांस्तान् दृश्यावतंसांस्तुहिनगिरिकुबेराद्रिहेमाचलादीन्**
**भूयो भूयोऽवलोक्य प्रशममुपययौ कौतुकं चेत्तदास्व ।**
**नो चेत्कांचिद्विभूषां कुरु हृदयहरीं तां व्रजामो धरित्री-**
**मित्थं स्वां स्वां पुरंध्रीमभिदधति मुहुर्यत्र यात्रासु देवाः ॥७६॥**

**अवचूर्णिः-** दृश्यावतंसान् दर्शनीयपदार्थेष्ववतंसान् मुकुटसमान्

तान् तान् तुहिनगिरिकुबेराद्रिहेमाचलादीन् भूयो भूयः पुनः पुनरवलोक्य चेद्यदि कौतुकं प्रशमं उपययौ तदा आस्व नो चेत् कांचित् हृदयहरीं विभूषां कुरु तां धरित्रीं व्रजामः इत्थं अनेन प्रकारेण यत्र प्रासादे यात्रासु देवाः स्वां स्वां पुरंध्रीं प्रति मुहुर्वारंवारं अभिदधति कथयंति । तुहिनगिरिः हिमाद्रिः । कुबेराद्रिः कैलाशः । हेमाचलो मेरुः ॥७६॥

**ભાવાર્થ** - જે ચૈત્યની અંદર યાત્રાને વિષે દેવતાઓ પોતપોતાની સ્ત્રીને વારંવાર આ પ્રમાણે કહે છે - દર્શનીય પદાર્થોમાં મુગટ રૂપ એવા તે તે તુહિનગિરિ, કુબેરાદ્રિ અને હેમાચલ વગેરેને વારંવાર જોઈને જો તારૂં કૌતુક શાંત થયું હોય તો અહિં દેવલોકમાં જ બેસી રહો અથવા જો ન થયું હોય તો કોઈ હૃદયને હરનાર આભૂષણ કરો, આપણે તે ચૈત્યની ભૂમિમાં જઈએ. ૭૬

**વિશેષાર્થ** - આ શ્લોકથી ગ્રંથકારે દેવભૂમિમાં પણ તે કુમારવિહાર ચૈત્યની યાત્રાનું માહાત્મ્ય દર્શાવેલું છે. દેવભૂમિમાં દેવતાઓ પોતાની સ્ત્રીઓને કહે છે કે, 'જો હિમાલય, કૈલાસ અને મેરૂ પર્વત વગેરે પર્વતોને વારંવાર જોઈ તમારૂં કૌતુક શાંત થયું હોય તો આ દેવભૂમિમાં બેસી રહો, નહીં તો કોઈ મનોહર આભૂષણ ધારણ કરી તે મર્ત્ય લોકમાં આવેલા તે કુમારવિહાર ચૈત્યની યાત્રા કરવાને આપણે જઈએ, અર્થાત્ તે એટલું બધું જોવા લાયક છે કે, તમને કૌતુક ઉત્પન્ન થયા વિના રહેશે નહીં. જે દર્શનીય પદાર્થો તમે સ્વર્ગમાં જુઓ છો, તેનાથી તે અધિક દર્શનીય છે. ૭૬

**यस्यालोकादशेषाद्भुतसलिलनिधेरुग्रमाहात्म्यतो वा**
**नासौ प्राणी न योऽभूत्प्रमदपरमना भूर्भुवःस्वस्त्रयेऽस्मिन् ।**

**शेषे पार्श्वस्य पार्श्वे सततमधिगते भूतधात्रीमधस्ता-**
**देकः शश्वद्दधानो मनसि यदि परं दुःस्थितः कूर्मराजः ॥७७॥**

**अवचूर्णिः-** अशेषाद्भुतसलिलनिधेर्यस्य प्रासादस्य आलोकात् वा अथवा उग्रमाहात्म्यतोऽस्मिन् भूर्भुवःस्वस्त्रयेऽसौ प्राणी नास्ति यः प्रमदपरमना नाभूत् परं केवलं पार्श्वस्य पार्श्वनाथस्य पार्श्वे समीपं सततं निरंतरं अधिगते प्राप्ते शेषे सति भूतधात्रीं पृथ्वीं अधस्तात् शश्वन्निरंतरं दधानः एकः कूर्मराजो मनसि यदि दुःस्थितोऽस्ति। अद्भुतानि आश्चर्याणि तेषां सलिलनिधिः समुद्रः। प्रमदेन हर्षेण परं प्रकृष्टं मनो यस्य प्राणिनः ॥७७॥

**ભાવાર્થ -** સમગ્ર અદ્‌ભુતોના સમુદ્રરૂપ એવા જે ચૈત્યનાં જોવાથી અથવા તેના મોટા માહાત્મ્યથી આ ત્રણે લોકમાં એવો કોઈ પ્રાણી ન હતો કે, જેનું મન તે જોઈ હર્ષિત થયું ન હોય. પરંતુ તે ચૈત્યમાં રહેલા શ્રીપાર્શ્વનાથ પ્રભુની પાસે સતત શેષનાગ રહેતો, તેથી આ પૃથ્વી નીચે તેને સતત ધારણ કરી રહેલો કૂર્મરાજ (કાચબો) એક જ જો પોતાના મનમાં દુઃખી રહેતો હોય તો વખતે સંભવે છે. ૭૭

**વિશેષાર્થ -** આ શ્લોકથી કવિએ તે ચૈત્ય અને તેની અંદર બિરાજમાન થયેલા શ્રીપાર્શ્વનાથ પ્રભુનો અદ્‌ભુત મહિમા દર્શાવ્યો છે. તે ચૈત્ય એવા અદ્‌ભુતનો મહાસાગર હતું, કે તેને જોનાર દરેક માણસ હૃદયમાં અતિ આનંદ પામ્યા વિના રહેતો નહીં. તેમાં કવિ એક કલ્પના કરે છે કે, દરેક માણસ તે ચૈત્યને જોઈ આનંદ પામતો પણ વખતે લૌકિકમાં કહેવા પ્રમાણે આ પૃથ્વી નીચે રહેલો કૂર્મ એક નાખુશ થતો હશે કારણ કે, પૃથ્વીને ધારણ કરવામાં સાથે રહેનાર શેષનાગને શ્રીપાર્શ્વનાથ પ્રભુએ પોતાની પાસે રાખ્યો છે, તે વાત પૃથ્વીને એકલા ધારણ કરી રહેલા કાચબાથી સહન થઈ શકતી નહીં હોય. શ્રીપાર્શ્વનાથ

પ્રભુના મસ્તક પર શેષનાગ (ધરણેંદ્ર) છત્ર કરી રહે છે, એ વાત સર્વને વિદિત છે. તે ઉપર કવિની આ કલ્પના છે. ૭૭

**यत्र स्नात्रस्य मंत्रैस्त्रिजगदसुमतां क्षोभयंत्रैकमित्रै-**
**र्बिभ्रत्प्रेंखामकांडे विविधमणिमयं भद्रपीठं निरीक्ष्य ।**
**आयुःसीमाभिशंकी मनसि स भगवान् पाककांतालकश्री-**
**कीनाशः शेखरस्थैर्विकसितकुसुमैर्लंभ्यते स्वास्थ्यमिंद्रः ॥७८॥**

**अवचूर्णिः-** यत्र प्रासादे त्रिजगदसुमतां क्षोभयंत्रैकमित्रैः स्नात्रस्य मंत्रैः अकांडेऽप्रस्तावे प्रेंखां कंपं बिभ्रत् धरत् विविधमणिमयं भद्रपीठं सिंहासनं निरीक्ष्य पाककांतालकश्रीकीनाशः स भगवान् इंद्रः मनसि आयुःसीमाभिशंकी शेखरस्थैः विकसितकुसुमैः स्वास्थ्यं लंभ्यते प्राप्यते । पाको दैत्यः तस्य कांता कलत्रं तस्या अलकश्रीः वेणीस्तस्यां कीनाशः यमः । स्वास्थ्यं मनःसमाधिं। विकसितकुसुमैः कर्तृभिः ॥७८॥

**ભાવાર્થ** - જે કુમારવિહાર ચૈત્યની અંદર ત્રણ જગત્‌ના પ્રાણીઓને ક્ષોભ કરવામાં યંત્રના જેવા સ્નાત્રના મંત્રોથી અવસર વગર અકસ્માત્ કંપને ધારણ કરતા પોતાના વિવિધ મણિના સિંહાસનને જોઈ પાક નામના દૈત્યની સ્ત્રીની કેશવેણીને નાશ કરવામાં યમરાજ જેવો ભગવાન્ ઈંદ્ર પોતાના આયુષ્યનો છેડો આવવાની શંકા કરે છે, પણ પોતાના મુગટ ઉપર રહેલા વિકસિત પુષ્પોથી તે સ્વસ્થતાને પામે છે. ૭૮

**વિશેષાર્થ** - આ કાવ્યમાં કવિએ કુમારવિહાર ચૈત્યમાં થતા સ્નાત્રોત્સવનો મહિમા વર્ણવ્યો છે. જ્યારે તે ચૈત્યમાં રહેલા શ્રીપાર્શ્વનાથ પ્રભુને સ્નાત્ર કરવામાં આવે છે અને તે વખતે તેના મંત્રો ઉચ્ચારવામાં

આવે છે, તે વખતે તેની અસરથી ઈંદ્રનું સિંહાસન કંપાયમાન થાય છે - એટલે ઈંદ્રને શંકા પડે છે કે, 'શું મારા આયુષ્યનો અંત આવ્યો ?' આથી તે પોતાના મુગટ ઉપર રહેલા પુષ્પોનું અવલોકન કરે છે, તે વખતે પુષ્પોને વિકસિત જોઈ તેના મનમાં ધીરજ આવે છે કે, મારા આયુષ્યનો અંત આવ્યો નથી પણ સ્નાત્ર મંત્રોના પ્રભાવથી આસન કંપ થયો છે. કારણ કે, જો ઈંદ્રનો અંત સમય આવવાનો હોય તો તેના મુગટ પરના પુષ્પો કરમાઈ જાય છે. અહિં ઈંદ્રને એવું વિશેષણ આપ્યું છે કે, પાક નામના દૈત્યની સ્ત્રીની કેશ વેણીનો તે યમરાજ છે. એટલે લૌકિકમાં એવી કથા છે કે, ઈંદ્રે પાક નામના દૈત્યને માર્યો હતો, અને તે દૈત્યના મરણથી તેની સ્ત્રીનું કેશવેણીનું સૌભાગ્ય નાશ પામ્યું હતું. વિધવા સ્ત્રીને કેશ વેષ ધારણ કરવો અનુચિત છે. ૭૮

**भ्रातः कालं कियंतं त्वमपि वह महीभारमागत्य दश्यां**
**दृष्ट्वा चैत्यस्य लक्ष्मीमहमपि सफलं जन्म किंचित्करोमि ।**
**एवं शेषस्य याञ्चां विरचयितुमनाः प्राहिणोत्कूर्मराजः**
**यत्र स्वांतःपुरस्त्रीर्जिनसविधभृतां पुत्रिकाणां मिषेण ॥७९॥**

**अवचूर्णिः-** हे भ्रातः अत्र पृथिव्यां पातालरूपायां आगत्य कियंतं कालं त्वमपि महीभारं वह । दश्यां दर्शनयोग्यां चैत्यस्य लक्ष्मीं दृष्ट्वा अहमपि जन्म किंचित् सफलं करोमि । एवं अनेन प्रकारेण यत्र प्रासादे शेषस्य याश्चां विरचयितुमनाः कूर्मराजः जिनसविधभृतां पुत्रिकाणां मिषेण बलेन स्वांतःपुरस्त्रीः प्राहिणोत् । विरचयितुं मनो यस्यासौ विरचयितुमनाः । **'तुमश्चमनःकामे' (सिद्धहेम॰ ३/२/१४०)** इति सूत्रेण तुमो म्लोपः ॥७९॥

**ભાવાર્થ -** "હે ભાઈ, આ પાતાલની પૃથ્વીમાં આવી તું પણ કેટલોક વખત આ પૃથ્વીના ભારને વહન કર. હું પણ તે કુમારવિહાર ચૈત્યની દર્શનીય લક્ષ્મીને જોઈ મારા જન્મને કાંઈક સફળ કરૂં," આ

પ્રમાણેની શેષનાગને વિનંતિ કરવાની ઈચ્છવાલા કૂર્મરાજે (કાચબાએ) જે પ્રાસાદમાં ભગવંતની પાસે રહેલી પુતળીઓને બહાને પોતાના અંતઃપુરની સ્ત્રીઓને મોકલી હોય, તેમ દેખાય છે. ૭૯

**વિશેષાર્થ -** આ પૃથ્વી નીચે શેષનાગ અને કૂર્મ રહે છે. એવી લૌકિક વાર્તા છે, તે ઉપર કવિ અલંકારિક ભાષામાં કહે છે કે, કુમારવિહાર ચૈત્યની શોભા જોવાની કૂર્મને ઈચ્છા થઈ એટલે તેણે તે ચૈત્યમાં ફટારૂપે રહેલા શેષનાગને પ્રાર્થના કરવાની ઈચ્છા થઈ કે, 'હે ભાઈ, તું પૃથ્વીનો ભાર વહન કર એટલે હું કુમારવિહાર ચૈત્યની શોભા જોઈ મારા જન્મને સફળ કરૂં. આવી માગણી કરવાને કાચબાએ પોતાના અંતઃપુરની સ્ત્રીઓને પ્રેરણા કરી. તે સ્ત્રીઓ પ્રભુની પાસે રહેલી પુતળીઓને બહાને આવેલી છે, એમ ગ્રંથકાર ઉત્પ્રેક્ષા કરે છે. તે ઉપરથી તે ચૈત્યની અદ્ભુત શોભા છે, એવો ધ્વનિ થાય છે. અને ત્યાં રહેલી પુતળીઓ અંતઃપુરની સ્ત્રીઓના જેવી દેખાય છે, એમ પણ સૂચવ્યું છે. ૭૯

**अन्योन्यस्य प्रणोदप्रलुलितवसनाकल्पमाल्यांगरागः**
**साबाधं यस्य सर्वो विचरति विपुलायामवत्यां पृथिव्याम्[1] ।**
**अन्यस्त्रीगात्रयष्टिप्रणयभयवशाद्दूरतस्त्यक्तमार्गाः**
**श्राद्धैर्लोकैरबाधं कुवलयनयनाः केवलं संचरंति ॥८०॥**

**अवचूर्णिः-** यस्य प्रासादस्य विपुलायामवत्यां पृथिव्यां अन्योन्यस्य प्रणोदप्रलुलितवसनाकल्पमाल्यांगरागः सर्वो जनः साबाधं संचरति श्राद्धैः लोकैरन्यस्त्रीगात्रयष्टिप्रणयभयवशाद्दूरतस्त्यक्तमार्गाः केवलं परं कुवलयनयनाः अबाधं यथा स्यात्तथा संचरंति । परस्त्रीगात्रस्य प्रणयः समाश्लेषस्तस्य भयं

१ A - जगत्याम् ।

तस्य वशोऽधीनता तस्मात् अन्योन्यस्य परस्परं प्रणोदः संघट्टः तेन प्रलुलितानि भ्रष्टानि यानि वसनानि वस्त्राणि आकल्पा आभरणानि माल्यं स्रक् अंगरागो विलेपनं यस्य सः जनविशेषणम् । अन्योन्यस्येति क्रियाविशेषणम् ॥८०॥

**ભાવાર્થ** - જે કુમારવિહાર ચૈત્યની વિશાલ વિસ્તારવાળી પૃથ્વી ઉપર પરસ્પર સંઘટ્ટથી જેમના વસ્ત્રો, આભૂષણો, માળાઓ અને અંગરાગ ઘસાઈ ગયા છે એવા સર્વ પુરૂષો ભીડની પીડાથી સંચરે છે અને શ્રાવક પુરૂષોએ પરસ્ત્રીના શરીરને સ્પર્શ થવાના ભયથી જેમને માર્ગ આપેલો છે, એવી સ્ત્રીઓ ફકત ભીડની પીડા વગર સંચરે છે. ૮૦

**વિશેષાર્થ** - આ શ્લોકથી ગ્રંથકાર તે ચૈત્યમાં આવતા સ્ત્રી પુરૂષોની કેવી ભીડ થાય છે, એ વાત દર્શાવે છે. તે ચૈત્યમાં પુરૂષ વર્ગને ભારે મુશીબત પડતી હતી. તેમની પરસ્પર એટલી બધી ભીડ થતી હતી કે, જેને લીધે તેમના વસ્ત્રો, આભૂષણો, માળાઓ અને અંગરાગ ભ્રષ્ટ થઈ જતા હતા. માત્ર સ્ત્રી વર્ગને જ તે ભીડની પીડા નડતી ન હતી, કારણ કે, પરસ્ત્રીના શરીરના સ્પર્શથી ભય પામી પુરૂષો તેમને રસ્તો કરી આપતા હતા. આ ઉપરથી તે સ્થળે સ્વદારસંતોષ વ્રતવાળા ઘણાં પવિત્ર શ્રાવકો આવતા, એ વાત પણ સૂચવેલી છે. ૮૦

**नैर्मल्यश्रीप्रभावप्रहसितवियतां चंद्रकांतोत्तरंग-**
**प्रांतानां संगमेन क्वचिदपि नितरामेकदा भग्नमौलिः ।**
**आकाशेऽपि प्रहारप्रतिभयतरलः कोपि यत्रोर्ध्वबाहुः**
**सोष्णीषः कोपि कश्चिद्विचरति सुचिरं वामनीकृत्य नेत्रम् ॥८१॥**

**अवचूर्णिः-** यत्र प्रासादे नैर्मल्यश्रीप्रभावप्रहसितवियतां चंद्रकांतोत्तरंगप्रांतानां संगमेन श्लेषणेन क्वचिदपि नितरां एकदा भग्नमौलिः कोऽपि आकाशेऽपि प्रहारप्रतिभयतरलः ऊर्ध्वबाहुः कोऽपि सोष्णीषः कश्चित् नेत्रं वामनीकृत्य सुचिरं शनैः शनैः विचरति । सोष्णीषः साटोपः। *नैर्मल्यस्य श्रीस्तया प्रहसितानि वियंति आकाशानि यैस्तेषां द्वारि ऊर्ध्वदारूणां* उत्तरंगाणाम् ॥८१॥

**ભાવાર્થ -** જે ચૈત્યની અંદર નિર્મળતાના પ્રભાવથી જેમણે આકાશને પણ હસી કાઢ્યા છે એવા ચંદ્રકાતમણીના દ્વાર ઉપરના છજાઓની સાથે કોઈ એકવાર ક્યાંઈક અથડાવાથી જેના મસ્તકમાં વાગેલું છે, એવો કોઈ પુરૂષ આકાશમાં પણ ભયથી ચપલ થઈ ઉંચા હાથ કરી ચાલે છે, કોઈ માથે પાઘડી કે ટોપ રાખે છે અને કોઈ આંખોને વાંકી કરી હળવે હળવે ચાલે છે. ૮૧

**વિશેષાર્થ -** તે ચૈત્યમાં આકાશથી પણ વધારે નિર્મલ એવા ચંદ્રકાંત મણિમય દ્વારની ઉપર તે મણિના છજાં છે. તેની નીચે ચાલતાં કોઈ માણસનું કોઈ વાર મસ્તક અથડાયું અને તેથી તેને ઈજા થઈ એટલે પછી, તે માણસ પસાર થાય છે, ત્યારે આકાશ હોય તો પણ વાગવાના ભયથી ઉંચા હાથ કરી ચાલે છે. કોઈ તેવા જ ભયથી માથે ટોપી રાખે છે અને કોઈ 'રખેને વાગશે' એવી ધાસ્તીથી આંખો વાંકી કરી હળવે હળવે ચાલે છે. આ શ્લોકમાં કવિએ સ્વભાવોક્તિ અલંકાર દર્શાવ્યો છે. અને ચૈત્યના ચંદ્રકાંતમણિના દ્વારની નિર્મળતા દર્શાવી છે કે જે નિર્મળતા આકાશથી પણ વધારે છે. ૮૧

**अन्योन्याश्लेषिवक्षःस्थलनिबिडहतित्रुट्यदुत्कृष्टमुक्ता-**
**प्रालंबभ्रष्टरोचिःस्फुटमणिपटलीशर्करादंतुरायां ।**
**यद्भूमौ पादवेधव्यसनपरिचयादुल्लसंतो व्रजंतः**
**कुर्वंतीवांगभाजः प्रतिपदपतनं तांडवाडंबराणि ॥८२॥**

**अवचूर्णिः**- अन्योन्याश्लेषिवक्षःस्थलनिबिडहतित्रुट्य-दुत्कृष्टमुक्ता-प्रालंबभ्रष्टरोचिःस्फुटमणिपटलीशर्करादंतुरायां यद्भूमौ पादवेधव्यसन-परिचयात् प्रतिपदपतनं यथा स्यात्तथा उल्लसंतः व्रजंतोऽगभाजः प्राणिनः तांडवाडंबराणि कुर्वंति इव । शर्कराः कर्करास्तैः दंतुरायां विषमायां । तांडवं नाट्यं[1] । मुक्ताप्रालंबो मुक्ताहारः । प्रतिपदपतनं पादपतनं ॥८२॥

**ભાવાર્થ** - પરસ્પર ભીંસાતા વક્ષસ્થલના ઘાટા પ્રહારથી તુટી જતા મોટા મોતીઓના હારોમાંથી પડી ગયેલા અને કાંતિથી સ્પષ્ટ દેખાતા મણિઓના સમૂહના કાંકરાથી કાંકરીયાળી થયેલી જે ચૈત્યની ભૂમિને વિષે પગને વીંધાવાના દુઃખના પરિચયથી ઉછળતા ચાલતા એવા લોકો પગલે પગલે પડી જાણે નૃત્યના આડંબર કરતા હોય તેવા દેખાય છે. ૮૨

**વિશેષાર્થ** - તે કુમારવિહાર ચૈત્યના દર્શનાદિકમાં લોકોની એટલી બધી ભીડ થાય છે કે, તે લોકોની છાતીઓ અથડાવાથી ધારણ કરેલા મોતીઓના હારોમાંથી જડેલા મણિઓ પડી જાય છે અને તેથી ત્યાંની ભૂમિ કાંકરીઆળી થતાં તે ઉપર ચાલતા લોકોના પગ વીંધાય છે અને હંમેશાની તે પીડાના પરિચયથી તે લોકો ઉછળતા ચાલે છે, એટલે જાણે તેઓ નૃત્ય કરી નાટક કરતા હોય તેવા દેખાય છે. આ ઉપરથી ગ્રંથકારે ચૈત્યના ઉત્સવોનું દર્શન તથા માહાત્મ્ય દર્શાવ્યું છે. ૮૨

---

१ A,B - नाटकम् ।

**मध्यं वा मंडपो वा बहिरजिरमथो नाट्यलीलागृहं वा**
**यत्र स्थानं न किंचित्प्रसभमसुमतां यन्न रुद्धं सहस्रैः ।**
**तीव्रांशुग्राववेदीतलमनलकणव्रातसंपातदुःस्थै-**
**र्दूरस्थैर्वीक्ष्यमाणं पुनरहनि जनैः शून्यपार्श्वं सदैव ॥८३॥**

**अवचूर्णिः-** यत्र प्रासादे मध्यं वा अथवा मंडपः अथो बहिरजिरं वा अथवा नाट्यलीलागृहं तत् किंचित् स्थानं नास्ति यत् प्रसभं हठात् असुमतां सहस्रैः निरुद्धं व्याप्तं न । पुनः अहनि दिने सदैव अनलकणव्रात-संपातदुःस्थैर्दुःखितैः दूरस्थैः जनैः वीक्ष्यमाणं तीव्रांशुग्राववेदीतलं शून्यपार्श्वं अस्तीत्यध्याहार्यं । तीव्रांशुः सूर्यः तस्य ग्रावाणः सूर्योपलाः ॥८३॥

**ભાવાર્થ -** જે કુમારવિહાર ચૈત્યનો મધ્ય ભાગ, મંડપ, બાહરનું આંગણું અને નાટ્યલીલાનું ઘર - કે કોઈ બીજું એવું સ્થાન ન હતું કે જે હજારો મનુષ્યોએ હઠથી રોકેલું ન હોય ? અર્થાત્ તેના બધા સ્થાનો માણસોથી ભરપૂર હતા. માત્ર સૂર્યકાંતમણિની વેદીનું તળીયું કે જે દિવસના ભાગમાં તેમાંથી નીકળતા અગ્નિના તણખાના સમૂહ પડવાથી દુઃખી થઈ દૂર રહેલા લોકોએ જોયેલું હોવાથી સદાકાલ શૂન્ય રહેલું હતું. ૮૩

**વિશેષાર્થ -** કુમારવિહાર ચૈત્યની અંદર હજારો માણસો પૂજન અને દર્શન કરવાને આવતા હતા કે, જેથી કરીને તેનો મધ્ય ભાગ, મંડપ, બાહરના આંગણાં, અને નાટ્યગૃહ વગેરે બધાં સ્થાનો તેઓથી ભરપૂર થઈ જતાં હતાં. કોઈ પણ તેનું સ્થાન માણસ વગરનું ન હતું, પણ એક સૂર્યકાંતમણિનું રચેલું વેદીનું તળીયું ફક્ત શૂન્ય દેખાતું હતું. કારણ કે, દિવસના ભાગમાં સૂર્યના તેજથી તે તળીયામાંથી અગ્નિના તણખા નીકળતા, એટલે દાઝવાના ભયથી લોકો તેનાથી દૂર રહેતા હતા.

આ ઉપરથી તે ચૈત્યમાં કોઈ સ્થાને સૂર્યકાંતમણિ પણ જડેલા હતા, એમ દર્શાવ્યું છે. ૮૩

**गंधारग्रामगीतध्वनिभिरविरतं यत्र तारं स्पृशद्भिः**
**श्रद्धाव्यस्तव्यवस्थैरहमहमिकया मंगलोल्लूलघोषैः ।**
**ध्वस्तेऽन्योन्यं विशेषे श्रुतिसदसि सुधावर्षिणि व्यर्थयंत्यः**
**किंनर्यो देवताभ्यः सततगुरुरुषो देवताः किंनरीभ्यः ॥८४॥**

**अवचूर्णिः-** यत्र प्रासादेऽविरतं निरंतरं तारं स्पृशद्भिर्गंधारग्राम-गीतध्वनिभिरहमहमिकया श्रद्धाव्यस्तव्यवस्थैः मंगलोल्लूलघोषैः सुधावर्षिणि श्रुतिसदसि अन्योन्यं विशेषे ध्वस्ते सति सततगुरुरुषः किंनर्यो देवताभ्यः किंनरीभ्यो सततगुरुरुषः देवताः व्यर्थयंत्यः संति । तारं स्वरविशेषं । गंधारग्रामौ रागौ । श्रद्धया वासनया व्यस्ता क्षिप्ता व्यवस्था क्रमो यैः । अहंपूर्वं अहंपूर्वमिति अहमहमिका । उल्लूलो मंगलध्वनिः ॥८४॥

**ભાવાર્થ -** જે કુમારવિહાર ચૈત્યની અંદર કિંનરીઓના તાર ધ્વનિને સ્પર્શ કરનારા ગંધાર ગ્રામ રાગના અવાજોથી 'હું પહેલી હું પહેલી' એમ ચડસાચડસીથી વાસના વડે ક્રમને તોડી થતા એવા દેવીઓના મંગલ ઘોષથી અમૃતને વર્ષાવિનારા શ્રુતિ - શ્રવણગૃહમાં પરસ્પર એકબીજાના ઉંચા ગાયનનો તફાવત ઉડી જવાથી કિંનરની સ્ત્રીઓ દેવીઓ ઉપર ભારે રોષ કરી તેમના ગાયનને વ્યર્થ કરતી હતી અને દેવીઓ કિંનરની સ્ત્રીઓ ઉપર ભારે રોષ કરી તેમના ગાયનને વ્યર્થ કરતી હતી. ૮૪

**વિશેષાર્થ -** કુમારવિહાર ચૈત્યની અંદર આવેલા સંગીતગૃહમાં કિંનરની સ્ત્રીઓ ગીતધ્વનિ અને દેવીઓ મંગલધ્વનિ કરવા આવે છે. તે વખતે તેમની વચ્ચે 'હું પહેલી ગાઉં, હું પહેલી ગાઉં' એવી

ચડસાચડસી થવાથી તેઓ પરસ્પર એટલા બધા ધ્વનિઓ કરે છે કે, તેમની વચ્ચે રાગની ઉચ્ચતાનો તફાવત જણાતો નથી, તેથી કિંનરની સ્ત્રીઓ દેવીઓ તરફ મોટો રોષ કરી તેમના મંગલ ગીતને વ્યર્થ કરે છે અને દેવીઓ કિંન્નરની સ્ત્રીઓ પર રોષ કરી તેમના સંગીતને વ્યર્થ કરે છે. આ ઉપરથી તે ચૈત્યમાં કિંનરની સ્ત્રીઓ અને દેવીઓના નિત્યે ઉંચા સંગીત તથા મંગલ ધ્વનિઓ થાય છે, એમ દર્શાવ્યું છે. ૮૪

**अश्मानस्तीव्ररश्मेर्घनतुहिनभरं संहरंतः सहस्ये**
**कुर्वंतो यत्र धूपज्वलनमुपरतक्लेशमुच्चैः प्रशस्याः ।**
**द्वेषाश्च च्छिद्रयंतः शिखिकणनिकरैश्चीनचीरावचूलान्**
**शैलूषाणां कथंचिज्जनजनितमुदं विक्षिपंतश्च रंगं ॥८५॥**

**अवचूर्णि:-** यत्र प्रासादे सहस्ये पौषमासि घनतुहिनभरं संहरंतः उपरतक्लेशं यथा स्यात्तथा धूपज्वलनं उच्चैः कुर्वंतः प्रशस्यास्तीव्ररश्मेरश्मानः च पुनः शिखिकणनिकरैः शैलूषाणां चीनचीराणां अवचूलान् छिद्रयंतः च पुनः कथंचिज्जनजनितमुदं रंगं विक्षिपंतो द्वेष्याः संतीत्यध्याहारः । शैलूषाः नटा इति भरतनाट्याचार्यः । चीनचीरं विदेशीयधवलवस्त्रं तस्य चूलाश्चरणास्तेषां अवचूलाः प्रदेशास्तान् । द्वेष्या द्विष्टाः एतावता यत्र प्रासादे मित्राणि दुर्जनाश्च संतीतिभावः ॥८५॥

**ભાવાર્થ** - જે કુમારવિહાર ચૈત્યમાં પોષ માસની અંદર સૂર્યકાંતમણિઓ બરફના સમૂહને તોડી ક્લેશને શમાવાને ધૂપને ઉંચે પ્રકારે પ્રજ્વલિત કરે છે, તેથી તે પ્રશંસા કરવા યોગ્ય થાય છે અને તે જ પાછા પોતાનામાંથી નીકળતા અગ્નિના તણખાના સમૂહથી નટ લોકોના ચીનાઈ વસ્ત્રોના છેડાને દઝાડી છિદ્રવાલા કરવાથી લોકોને હાસ્ય ઉત્પન્ન કરાવી રંગભૂમિમાં વિક્ષેપ કરે છે, તેથી તે દ્વેષ કરવા લાયક થાય છે. ૮૫

**વિશેષાર્થ** - તે કુમારવિહાર ચૈત્યની અંદર આવેલા સૂર્યકાંતમણિઓ પોષ માસમાં કેવા બને છે ? તે વિષે ગ્રંથકાર ચમત્કારી રીતે વર્ણન આપે છે. તે સૂર્યકાંતમણિઓ ત્યાં મિત્ર અને શત્રુ - બંનેનું કામ કરે છે. જ્યારે તે બરફને તોડી, શીતના કલેશને શમાવવાને ધૂપ પ્રજ્વલિત કરે છે, ત્યારે તે મિત્રના જેવું કામ કરે છે. અને જ્યારે તેમનામાંથી અગ્નિના તણખા નીકળવાથી ત્યાં નાટક કરનારા પાત્રોના ઉંચી જાતનાં ચીનાઈ વસ્ત્રને દઝાડી કાણાં પાડે છે અને તેથી લોકોને હાસ્ય આવે એવી રીતે રંગભૂમિમાં વિક્ષેપ કરે છે, ત્યારે તેઓ શત્રુના જેવું કામ કરે છે. આ ઉપરથી તે ચૈત્યની અંદર સૂર્યકાંતમણિની અને નાટકની શોભા દર્શાવી છે. ૮૫

**गृह्णीध्वं पारिजातप्रभवसुमनसो मानसीयैः पयोभिः**
**कुंभानापूरयध्वं कुरुत करिपतेः कल्पनां किंचिदग्र्याम् ।**
**पौलोमि क्षिप्रमेहि प्रचलत सबला लोकपालाः पुरस्ता-**
**दित्थं यस्मिन् यियासो रभसविकसिताः स्वर्गनाथस्य वाचः ॥८६॥**

**अवचूर्णिः-** पारिजातप्रभवसुमनसः गृह्णीध्वं, मानसीयैः पयोभिः कुंभान् कलशान् आपूरयध्वं, करिपतेरैरावणस्य कांचिदपूर्वां अग्र्यां प्रधानां कल्पनां रचनां कुरुत, हे पौलोमि त्वं क्षिप्रं एहि, सबला लोकपाला यूयं पूरस्तात् अग्रे[१] प्रचलत इत्थं अनेन प्रकारेण यस्मिन् प्रासादे यियासोः गंतुमिच्छोः स्वर्गनाथस्य इंद्रस्य रभसविसकिता वाचः संति । पौलोमी इंद्राणी। रभसा पौर्वापर्यविचारराहित्येन विकसिता उत्फुल्लाः । वाचो वचनानि । सुमनस् शब्दः स्त्रीलिंगो बहुवचनांतः ॥८६॥

---

१ A - अग्रतः ।

**ભાવાર્થ** - જે કુમારવિહાર ચૈત્યમાં જવાની ઈચ્છા કરતા એવા ઈંદ્રનાં વચનો આ પ્રમાણે પૂર્વાપર વિચાર કર્યા વગર પ્રગટ થાય છે - ''હે દેવતાઓ, પારિજાતના પુષ્પો ગ્રહણ કરો, માનસ સરોવરના જલથી કલશો ભરો, ઐરાવણ હાથીની ઉપર કોઈ અપૂર્વ ઉત્તમ રચના કરો, હે ઈંદ્રાણિ, જલદી ચાલ, હે લોકપાલો, તમે સૈન્ય સહિત આગળ ચાલો.'' ૮૬

**વિશેષાર્થ** - આ શ્લોકથી ગ્રંથકારે એ ચૈત્યમાં ઈંદ્ર પણ પૂજા કરવાની ઈચ્છાથી તૈયારી કરે છે એમ દર્શાવ્યું છે. અને લોકપાલ અને ઈંદ્રાણી સાથે આવેલો ઈંદ્ર તે ચૈત્યનાયક શ્રીપાર્શ્વનાથ પ્રભુની પારિજાતના પુષ્પોથી અને માનસ સરોવરના જલ કલશોથી પૂજા કરવાની ઈચ્છા રાખે છે અને તેને માટે તૈયારી કરે છે. ૮૬

**हस्तोत्संगोपविष्टस्फुटमणिमुकुटज्योतिरुद्योतिताशा-**
**मात्मीयां रत्नभित्तावधिरजनि तनुं बिंबितां वीक्ष्य यस्मिन् ।**
**एतैत क्षिप्रमंतर्भवनमभिनवः कोऽप्यदृष्टः प्रविष्टः**
**पूत्कुर्वन्नित्थमुच्चैः क्लमयति निकरं पूजको यामिकानाम् ॥८७॥**

**अवचूर्णिः**- अधिरजनि रजनीमध्ये हस्तोत्संगोपविष्टस्फुटमणिमुकुटज्योतिरुद्योतिताशां रत्नभित्तौ प्रतिबिंबितां आत्मीयां तनुं वीक्ष्य अंतर्भवनं भवनमध्ये अभिनवः कोपि अदृष्टः प्रविष्टः क्षिप्रं शीघ्रं एत एत आगच्छत आगच्छत इत्थमनेन प्रकारेण उच्चैरतिशयेन पूत्कुर्वन् पोकारयन् पूजकः पूजाकारकः यामिकानां प्राहरिकाणां निकरं क्लमयति खेदयति । हस्तयोरुत्संगो मध्यं तत्र उपविष्टाः स्थापिताः स्फुटाः प्रकटाः ये मणिमुकुटास्तेषां ज्योतींषि[1] कांतयस्ताभिः उद्योतिता आशा यया तां ॥८७॥

१ A - ज्योतिषः ।

**ભાવાર્થ** - જે ચૈત્યની અંદર રાત્રે પોતાના હાથના મધ્ય ભાગે રાખેલા પ્રભુના સ્પષ્ટ મણિમય મુગટની કાંતિઓથી દિશાઓને ઉદ્યોત કરનારી પોતાની મૂર્ત્તિનું રત્નમય દીવાલની અંદર પ્રતિબિંબ પડેલું જોઈ તે ચૈત્યનો પૂજારી (ગોઠી) "ચાલો, ચાલો, જલ્દી આ ભવનની અંદર કોઈ નવો માણસ (ચોર) અદષ્ટ પેસી ગયો છે." એમ ઉંચે સ્વરે પોકાર કરી કરી પહેરેગીરોના સમૂહને કંટાળો આપે છે. ૮૭

**વિશેષાર્થ** - ગ્રંથકારે આ શ્લોકથી ભ્રાંતિમાન્ અલંકાર દર્શાવી તે ચૈત્યની મણિમય દીવાલની શોભા વર્ણવી છે. અને તે ચૈત્યના પૂજારી (ગોઠી)ની પણ ભ્રાંતિ સૂચવેલી છે. ચૈત્યપૂજકના હાથમાં રહેલા પ્રભુના મણિમય મુગટની કાંતિથી દિશાઓને પ્રકાશિત કરતી તે પૂજકની મૂર્ત્તિ દિવાલમાં પડવાથી તેને 'કોઈ બીજો માણસ અંદર પેસી ગયો છે,' એવું જાણી તે પેહેરેગીરોને પોકાર કરી બોલાવે છે. પહેરેગીરો આવી તપાસ કરે છે, ત્યાં તે વાત ભ્રાંતિવાલી નીકલે છે. તેવી રીતે ઘણીવાર ભ્રમથી પૂજારી પહેરેગીરોને બોલાવ્યા કરે છે અને તેથી તેમને કંટાળો ઉપજાવે છે. ૮૭

**शृंगस्थेभ्यो हरिभ्यः प्रतिभयवशतः कातरः स्वःकरेणु-**
**र्नश्यन् दैत्यांगनानां मुखकमलवनं नेष्यते हास्यलक्ष्मीम् ।**
**तस्मादारोढुमुच्चैःश्रवसि हयपतौ सांप्रतं सांप्रतं वः**
**पौलोमी शक्रमेवं निगदति चलितं यस्य यात्रोत्सवाय ॥८८॥**

**अवचूर्णिः**- शृंगस्थेभ्यः हरिभ्यः प्रतिभयवशतः कातरो नश्यन् स्वःकरेणुरैरावणगजः दैत्यांगनानां मुखकमलवनं हास्यलक्ष्मीं नेष्यते प्रापयिष्यते तस्मात्कारणाद्वो युष्माकं हयपतौ उच्चैःश्रवसि आरोढुं चटितुं सांप्रतमिदानीं सांप्रतं युक्तं एवमनेन प्रकारेण पौलोमी इंद्राणी यस्य प्रासादस्य यात्रोत्सवाय

चलितं शक्रं प्रति निगदति वदति । प्रतीत्यनुक्तमपि ग्राह्यं । णीधातुः **'पाठे धात्वादेर्णो नः'** **(सिद्धहेम० २/३/९७)** **'भविष्यन्ति'** **(सिद्धहेम० ५/३/४)** इति स्यते गुणे च नेष्यते द्विकर्मकः । उच्चैःश्रवा इंद्रहयः। इदं काव्यं सूत्रप्रतौ **हस्तोत्संगोपविष्टेत्यस्य** काव्यस्याग्रगमपि अधिकाराद्-**गृह्णीध्वमिति** काव्यस्य पुरतो वाच्यम् ॥८८॥

**ભાવાર્થ** - જે કુમારવિહાર ચૈત્ય પ્રત્યે ચાલેલા ઈંદ્રને ઈંદ્રાણી આ પ્રમાણે કહે છે - હે સ્વામી, તે ચૈત્યના શિખર ઉપર પ્રતિમા રૂપ રહેલા સિંહોના ભયથી તમારો ઐરાવણ ગજેંદ્ર દૈત્યોની સ્ત્રીઓના મુખ રૂપ કમલોના વનને હાસ્યની શોભાને પમાડશે, તેથી હાલ તમારે ઉચ્ચૈઃશ્રવા નામના અશ્વપતિ ઉપર ચડવું યોગ્ય છે. ૮૮

**વિશેષાર્થ** - કુમારવિહાર ચૈત્યની યાત્રા કરવાને તૈયાર થઈ ચાલતા ઈંદ્રને ઈંદ્રાણી કહે છે કે તમે ઐરાવણ હાથી ઉપર ચડીને ત્યાં જશો નહીં, કારણ કે, તે ચૈત્યનાં શિખર ઉપર સિંહની પ્રતિમાઓ છે, તેથી તમારો હાથી ભય પામી ભડકીને નાસી જશે, તે જોઈ દૈત્યોની સ્ત્રીઓને તમારૂં હસવું આવશે - અર્થાત્ તેઓ તમારી મશ્કરી કરશે, માટે તમારે ઉચ્ચૈઃશ્રવા ઘોડા ઉપર બેસીને ત્યાં જવું યોગ્ય છે. આ ઉપરથી તે ચૈત્યના શિખર ઉપર રચેલા સિંહો પ્રતિમારૂપે છે, તે છતાં તે સાચા સિંહો હોય તેવા દેખાય છે; એમ ચૈત્યની ઉંચી શિલ્પકલા કવિએ દર્શાવી છે. ૮૮

**राकाभर्त्तुर्मयूखैरुपचयमधिकं लंभिते यस्य चंच-**
**च्चंद्राश्मस्तंभभित्तिप्रभवनवरुचां कुट्टिमे व्योमभाजि ।**
**विश्राम्यंतो विहंगा हिमगिरिशिखरोत्संगवेदीभ्रमेण**
**क्षोणीपीठे निनादैस्तुमुलितवियतो लोलपक्षाः पतंति ॥८९॥**

**अवचूर्णिः-** यस्य प्रासादस्य राकाभर्त्तुः पूर्णिमेंदोः स्फटिकजयितया मयूखैः किरणैः उपचयं वृद्धिं अधिकं यथा स्यात्तथा लंभिते प्रापिते व्योमभाजि चंचच्चंद्राश्मस्तंभभित्तिप्रभवनवरुचां कुट्टिमे हिमगिरिशिखरोत्संगवेदीभ्रमेण विश्राम्यंतः लोलपक्षाः विहंगाः निनादै रावैः तुमुलितवियतः कोलाहलितव्योमानः क्षोणीपीठे पतंति। चंचच्चंद्राश्मानश्चंद्रकांतास्तेषां स्तंभा भित्तयस्ताभ्यो प्रभवा नवीना रुचः तासां। कुट्टिमे बद्धभूमिके ॥८९॥

**ભાવાર્થ -** જે કુમારવિહાર ચૈત્યની ચળકતા ચંદ્રકાંતમણિનાં સ્તંભો તથા દીવાલોમાંથી ઉત્પન્ન થતી નવીન કાંતિઓથી આકાશના ભાગમાં થયેલો જમીનનો દેખાવ પૂર્ણિમાના ચંદ્રના કિરણોથી અધિક વૃદ્ધિને પામે છે, તે ઉપર પક્ષીઓ હિમાલય પર્વતના શિખરના મધ્ય ભાગની વેદિકાના ભ્રમથી વિશ્રાંત થવા જાય છે, તેવામાં તેઓ શબ્દોથી આકાશને ગજાવતાં અને પાંખોને તરફડાવતાં પૃથ્વી તલ ઉપર પડે છે. ૮૯

**વિશેષાર્થ -** આ શ્લોકમાં કવિ ભ્રાંતિમાન્ અલંકારથી ચૈત્યની ચંદ્રકાંતમણિમય શોભાનું ચમત્કારી વર્ણન કરે છે. તે ચૈત્યની અંદર ચારે તરફ ચંદ્રકાંતમણિઓ જડેલા છે; જ્યારે પૂર્ણચંદ્રનો પ્રકાશ તેની ઉપર પડે છે, તે વખતે તે મણિઓની કાંતિમાં વધારો થાય છે, તેને લઈને આકાશમાં જમીનનો દેખાવ થઈ રહે છે. આથી ઉંચે ઉડતા પક્ષીઓને હિમાલય પર્વતના શિખરની વેદીની ભ્રાંતિ થાય છે, તેથી તેઓ તે ઉપર બેસવા જાય છે, તેવામાં તેઓ શબ્દોથી આકાશને ગજવતા અને પોતાની પાંખો ફફડાવતા નીચે પૃથ્વી ઉપર પડે છે. ૮૯

**प्रतिरजनि निशीथे यत्र नेत्रैकलेह्यान्**
**त्रिदशपुरपुरंध्रीरासकान् द्रष्टुकामाः ।**

**सततमधिवसंत्यो यामिकानां कुटीरे**
**नगरहरिणनेत्राः प्रेयसः खेदयंति ॥९०॥**

**अवचूर्णिः-** यत्र प्रासादे निशीथे मध्यरात्रे प्रतिरजनि नेत्रैकलेह्यान् त्रिदशपतिपुरंध्रीरासकान् द्रष्टुकामाः यामिकानां कुटीरे तृणौकसि सततं अधिवसंत्यः नगरहरिणनेत्राः प्रेयसो वल्लभान् खेदयंति उच्चाटयंति ॥९०॥

**ભાવાર્થ -** જે કુમારવિહાર ચૈત્યની અંદર પ્રત્યેક અર્ધરાત્રિએ નેત્રોથી નીરખવા લાયક એવા ઈંદ્રોની દેવીઓના રાસડાને જોવાની ઈચ્છાથી પેહેરેગીરોની પર્ણકુટીમાં સતત નિવાસ કરી રહેતી નગરની સ્ત્રીઓ પોતાના પ્રિય પતિઓને ઉચાટ કરાવે છે. ૯૦

**વિશેષાર્થ -** તે કુમારવિહાર ચૈત્યની અંદર દરેક અર્ધ રાત્રે ઈંદ્રોની સ્ત્રીઓ-દેવીઓ રાસડા લેવાને આવે છે. તે રાસડા જોવાને માટે નગરની સ્ત્રીઓ આવી ત્યાં રહેલા પહેરેગીરોની ઝુપડીઓમાં વાસ કરે છે, તેમને શોધવાને માટે તેમના પતિઓ ઘણાં ઉચાટ કરતાં ચારે તરફ ભમ્યા કરે છે. આથી ગ્રંથકારે 'તે પ્રભાવિક ચૈત્યમાં દરરોજ અર્ધ રાત્રે દેવીઓ રાસડા લેવાને આવે છે,' એમ જણાવ્યું છે. ૯૦

**लब्ध्वा साम्राज्यलक्ष्मीं किमपि कलयतोऽहंकृतिं शीतरश्मे-**
**रुन्मत्तैः कांतिकांडैः स्फटिकजयितया छन्नतां लंभितस्य ।**
**वक्त्राण्याशांगनानां कपिशरुचिवशात्स्रग्भिरुत्तंसयद्भिः**
**कुंभैर्दंडैश्च हेम्नः कथयति जनता यस्य राकासु सत्ताम् ॥९१॥**

**अवचूर्णिः-** साम्राज्यलक्ष्मीं लब्ध्वा स्फटिकजयितया किमपि अहंकृतिं अहंकारं कलयतः शीतरश्मेः उन्मत्तैः कांतिकांडैः रुचिसमूहैः छन्नतां लंभितस्य यस्य प्रासादस्य आशांगनानां दिगंगनानां वक्त्राणि कपिशरुचिवशात् स्रग्भिः मालाभिरुत्तंसयद्भिः भूषयद्भिः हेम्नः सुवर्णस्य कुंभैः च पुनः दंडैः

राकासु सत्तां सद्भावं जनता कथयति । छन्नतां आच्छादितत्त्वं । जनता जनसमूहः । उन्मत्तैरस्खलितप्रचारैः । लंभितस्य प्रापितस्येति विशेषणमपि प्रासादस्य ज्ञेयम् ॥९१॥

**ભાવાર્થ** - પૂર્ણિમાની રાત્રિઓમાં સામ્રાજ્યની લક્ષ્મીને પ્રાપ્ત કરી સ્ફટિક મણિનો જય કરવાથી અહંકારને પામેલા ચંદ્રના ઉન્મત્ત કાંતિના સમૂહે આચ્છાદિત કરેલા જે ચૈત્યની સત્તાને લોકો દિશારૂપી સ્ત્રીઓના મુખોને પીળી કાંતિને લીધે માલાઓથી વિભૂષિત કરતા એવા સુવર્ણના કલશોથી અને દંડોથી કહે છે. ૯૧

**વિશેષાર્થ** - પૂર્ણિમાની રાત્રે ચંદ્ર પૂર્ણ સામ્રાજ્યને પામે છે; અને તે પોતાની કાંતિથી ચૈત્યના સ્ફટિક મણિને જીતી લે છે, એટલે તેનામાં અહંકાર ઉત્પન્ન થાય છે. તેથી તે પોતાના ઉન્મત્ત એટલે અસ્ખલિતપણે પ્રચાર કરનારા કિરણોથી ચૈત્યની દિશાઓના મુખોને એટલે અગ્ર ભાગોને વ્યાપ્ત કરી ચૈત્યને આચ્છાદિત કરી લે છે. તે વખતે ચૈત્ય ઉપર રહેલા સુવર્ણના કલશો અને દંડોને જોઈ લોકો ચૈત્યની સત્તાને જાણે છે, એટલે 'ચૈત્ય હયાત છે' એવું તેમને ભાન થાય છે. આ ઉપરથી ચૈત્યના સુવર્ણ કલશો અને ધ્વજદંડોની શોભા અતિ ઉત્તમ હતી, એમ ગ્રંથકારે દર્શાવી આપ્યું છે. ૯૧

**यस्मिन्नित्यं निशीथे जिनपतिचरणांभोजपूजाविधान-**
**श्रद्धावर्धिष्णुहर्षात् क्रमलयविमुखान् कुर्वतस्तांडवानि ।**
**गीर्वाणान् द्रष्टुकामाः सविधसहचरीसंभृतोत्तालमालान्**
**पौराः स्वर्णोपचारैः प्रहरकमनिशं यामिकानर्थयंते ॥९२॥**

**अवचूर्णिः-** यस्मिन् प्रासादे निशीथे मध्यरात्रे जिनपतिचरणांभोजपूजाविधानश्रद्धावर्द्धिष्णुहर्षात्तांडवानि नाटकानि कुर्वतः

क्रमलयविमुखान् सविधसहचरीसंभृतोत्तालमालान् गीर्वाणान् द्रष्टुकामाः पौराः नागरिकाः स्वर्णोपचारैः यामिकान् प्रहरकं अनिशं अर्थयंते याचंते । स्वर्णस्य उपचाराः सत्काराः तैः । क्रमः परिपाटी[1] लयो ध्यानं तयोः विमुखाः पराङ्मुखाः । सविधे समिपे याः सहचर्यः सख्यः ताभिः संभृता भृता उत्तालाः फालास्तेषां माला ओघः ॥९२॥

**ભાવાર્થ** - કુમારવિહાર ચૈત્યમાં અર્ધરાત્રે પાર્શ્વનાથ પ્રભુના ચરણ કમળની પૂજા કરવાની શ્રદ્ધાથી વૃદ્ધિ પામતા હર્ષને લઈને પરિપાટી તથા ધ્યાનથી વિમુખ થઈ નાટક કરતા, અને પોતાની સમીપે રહેલી સહચરીઓએ જેમના તાલના સમૂહને ધારણ કરેલા છે, એવા દેવતાઓને જોવાની ઈચ્છા રાખતા નગરજનો પહેરેગીરોને સુવર્ણનો સત્કાર કરી જોવાના પહોરની માગણી કરે છે. ૯૨

**વિશેષાર્થ** - કુમારવિહાર ચૈત્યની અંદર અર્ધરાત્રે દેવતાઓ નાટક કરવા આવે છે, તે વખતે તેમને પૂજા કરવાની એટલી બધી શ્રદ્ધા વધે છે કે, જેના હર્ષથી તેઓ પૂજાની પરિપાટી તથા ધ્યાનથી વિમુખ થઈ નાટક કરવા મંડી જાય છે, તે વખતે તેમની સહચરી દેવીઓ તેમને તાલ આપે છે. આ દેખાવ જોવાને નગરના પુરૂષોને એટલી બધી ઈચ્છા ઉત્પન્ન થાય છે કે જેથી તેઓ પહેરેગીરોને સુવર્ણ દ્રવ્યની લાંચ આપી તેમનો પહેરો લેવાની માગણી કરે છે. કારણકે જો તેઓ પહેરેગીરોનું કામ કરે તો તેમને દિવ્ય નાટક જોવાનો લાભ મળે. ૯૨

**यत्रालेख्यसभासु चित्ररचनासौभाग्यसंपादना-**
**संरंभः फलमेति शिल्पकृतिनामेकत्र भित्तौ क्वचित् ।**
**सांमुख्यं भजतां पुनर्मणिशिलाव्यासंगरंगत्त्विषां**
**बिंबोल्लासवशेन चित्रघटना भित्त्यंतराणामपि ॥९३॥**

---

१ A - परिपाटिर्लयो ।

**अवचूर्णिः-** यत्र प्रासादे आलेख्यसभासु क्वचिदेकत्र भित्तौ शिल्पकृतिनां चित्ररचना सौभाग्यसंपादनासंरंभः फलं एति । पुनः सांमुख्यं भजतां मणिशिलाव्यासंगरंगत्त्विषां भित्त्यंतराणामपि बिंबोल्लासवशेन चित्रघटना भवेत् । शिल्पं चित्रं तस्मिन्कृतिनश्चतुराः चित्रकरा इत्यर्थः । सांमुख्यं संमुखत्वं । रत्नशिलानां व्यासंगः संगस्तेन रंगंत्यः चलंत्यस्त्विषः कांतयो येषां । भित्त्यंतराणां अन्यासां भित्तीनां । अन्या भित्तयो भित्त्यंतराणि ।।९३।।

**ભાવાર્થ -** જે ચૈત્યની અંદર આવેલી ચિત્રશાલાઓને વિષે કોઈ એક ભિંતની અંદર ચિત્રકારોના સૌભાગ્ય સંપાદનનો સંરંભ ફળને પ્રાપ્ત કરે છે, તેની સન્મુખ આવેલી બીજી ભીંતો કે જેમની કાંતિઓ રત્નમય શિલાઓના સંગને લઈને ચલાયમાન થયેલી છે, તે પેલી ભીંતના પ્રતિબિંબના ઉલ્લાસને લીધે તેમની અંદર પણ તેવા જ ચિત્રની ઘટના થઈ જાય છે. ૯૩

**વિશેષાર્થ -** ગ્રંથકાર હવે તે ચૈત્યની ચિત્રશાળાનું વર્ણન કરે છે. તે ચૈત્યની અંદર આવેલી ચિત્રશાળાઓમાં કોઈ ભીંત ઉપર ચિત્રકારોએ પોતાની કારીગરીથી કોઈ એવાં સુંદર ચિત્રો રચેલાં છે કે જે તેવાં ચિત્રો બીજી ભીંતો ઉપર થઈ શકયાં નથી, પરંતુ રત્નમય શિલાઓના સંગને લઈને તેમની કાંતિઓમાં પેલી સુંદર ચિત્રવાળી ભીંતનું પ્રતિબિંબ પડે છે, તેથી બીજી ભીંતોની અંદર પણ તેવી જ ચિત્રઘટના દેખાય છે. ૯૩

**भेरीभांकारपूरप्रणयमुकुरितो घोरघोरैः प्रसर्पन्**
**घंटाटंकारघोषैः प्रतिनदितघनैर्लंभितो मांसलत्वम् ।**

**उर्वीमापूर्य तूर्यध्वनिरनवरतं स्मारयन् ताक्ष्यर्पक्ष-**
**प्रांताघातांस्त्रिसंध्यं रचयति चकितं यत्र पाताललोकं ॥९४॥**

**अवचूर्णिः-** यत्र प्रासादे भेरीभांकारपूरप्रणयमुकुरितो घोरघोरैः घंटाटंकारघोषैः प्रसर्पन् प्रवर्द्धमानः प्रतिनदितघनैः मांसलत्वं पुष्टत्वं लंभितः प्रापितः अनिशं ताक्ष्यर्पक्षप्रांताघातान् स्मारयन् उर्वी पृथ्वीं आपूर्य पूरयित्वा तूर्यध्वनिः वादित्रध्वनिः पाताललोकं त्रिसंध्यं चकितं रचयति । भेर्यो वाद्यविशेषांस्तेषां भांकाराः शब्दास्तेषां पूरः समूहस्तस्य प्रणयः संश्लेषस्तेन मुकुरितः मुकुर आदर्शस्तद्वदाचरितः प्रतिबिंबित इत्यर्थः । ताक्ष्यो गरुडः। पन्नगास्ताक्ष्याद्बिभ्यति इति भावः ॥९४॥

**ભાવાર્થ -** જે ચૈત્યની અંદર ભેરી નામના વાજાના ભાંકાર શબ્દોના સમૂહના સ્નેહથી દર્પણની જેમ પ્રતિબિંબિત થયેલો અને અતિ ઘોર ઘંટાઓના ટંકારાના ઘોષથી વૃદ્ધિ પામતો અને પ્રતિધ્વનિઓના રણકારથી પુષ્ટ થયેલો વાજિંત્રોનો ધ્વનિ પૃથ્વીને પૂરી પાતાલલોકને નાગલોકને ગરૂડ પક્ષીની પાંખોના છેડાના આઘાતનું સ્મરણ કરાવી ભયભીત કરે છે. ૯૪

**વિશેષાર્થ -** આ શ્લોકથી કવિ કુમારવિહાર ચૈત્યના વાજિંત્રોની સમૃદ્ધિ વર્ણવે છે તે ચૈત્યમાં ભેરીના ભાંકારો તથા ઘંટાઓના ટકોરાઓ એટલા બધા થાય છે, કે તેના પ્રતિધ્વનિ સાથે તે ધ્વનિનો અવાજ પૃથ્વીને પુરી પાતાલ સુધી પહોંચે છે. તે વખતે પાતાલવાસી સર્પોને ગરુડની પાંખોના છેડાના આઘાતનું સ્મરણ થાય છે, એટલે તેઓ ભયભીત થઈ જાય છે. સર્પો ગરુડથી ભય પામે છે, એ વાત પ્રસિદ્ધ છે. ૯૪

**पर्वोन्मीलन्महिम्ना गुरुसरलवपुःप्रांतपीतांबरेण**
**स्वर्णव्यासर्पिधाम्ना कृतसततपदं केतुदंडेन मूर्ध्नि ।**
**अद्वैतं दैवतेषु प्रसभमभिदधत् पार्श्वनाथस्य दूरा-**
**दूर्ध्वीभूतांगुलीकः कर इव यदिह क्षोणिवध्वा विभाति ।।९५।।**

**अवचूर्णिः-** इह पत्तने पर्वोन्मीलन्महिम्ना गुरुसरलवपुः-प्रांतपीतांबरेण स्वर्णव्यासर्पिधाम्ना स्वर्णस्य व्यासर्पि प्रसरणशीलं धाम तेजो यस्य तेन केतुदंडेन मूर्ध्नि कृतसततपदं यच्चैत्यं क्षोणिवध्वाः पार्श्वनाथस्य दैवतेषु अद्वैतं प्रसभं यथा स्यात्तथा अभिदधत् कथयन् दूरादूर्ध्वीभूतांगुलीकः कर इव विभाति। पर्वसु पौषे श्रीपार्श्वनाथजन्मादिकल्याणकेषु पंचपर्व्यां वा उन्मीलन् वर्द्धमानो महिमा यस्य अद्वैतं एकत्वं । गुरु महत् सरलं दीर्घं यत् वपुस्तस्य प्रांता अवयवास्तैः पीतं लक्षणया व्याप्तं अंबरं येन ।।९५।।

**ભાવાર્થ -** પર્વને વિષે જેનો મહિમા વૃદ્ધિ પામેલો છે, મોટા અને સરલ એવા શરીરના અવયવોથી જે આકાશને વ્યાપ્ત કરનારો છે અને જેનું તેજ સુવર્ણથી પ્રસરી રહેલું છે એવા ધ્વજ દંડે જેના શિખર ઉપર હંમેશા સ્થાન કરેલું છે એવું જે કુમારવિહાર ચૈત્ય "દેવતાઓમાં પાર્શ્વનાથ અદ્વિતીય છે" એમ આગ્રહથી કહેતો અને જેની એક આંગલી ઉંચી કરેલી છે, એવો પૃથ્વીરૂપી સ્ત્રીનો હાથ હોય, તેવું દેખાય છે. ૯૫

**વિશેષાર્થ -** તે કુમારવિહાર ચૈત્ય ઉપર મોટો ધ્વજદંડ હતો, તે ઉપર કવિ ઉત્પ્રેક્ષા કરે છે. પૌષમાસમાં જ્યારે પાર્શ્વપ્રભુના જન્મ વગેરે કલ્યાણક આવે છે, ત્યારે તે ધ્વજદંડનો મહોત્સવ થાય છે. અને તે ધ્વજદંડના અવયવો મોટા અને સરલ છે. તેથી તે આકાશમાં વ્યાપી રહેલો છે. વળી તેની ઉપર સુવર્ણ મઢેલું હોવાથી તે ઘણો તેજસ્વી

દેખાય છે, આવો ધ્વજદંડ જેના શિખર ઉપર છે, એવા તે ચૈત્યને ઉદ્દેશીને કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે, એ ધ્વજદંડવાળું ચૈત્ય પૃથ્વીરૂપી સ્ત્રીનો હાથ છે, તે એક ઉંચી આંગળી કરી લોકોને જણાવે છે કે, 'સર્વ દેવતાઓમાં પાર્શ્વનાથ પ્રભુ અદ્વિતીય છે, તેમના જેવો બીજો કોઈ દેવ નથી.' લોકોમાં પણ એકની સંખ્યા બતાવાને માટે હાથની એક આંગળી ઉભી કરવાનો પ્રચાર છે. ૯૫

**पश्यंस्त्यक्तनिमेषमद्भुततमांस्तांस्तान्बहिर्मध्यगान्**
**भूभागानितरेतरांगघटनादुत्क्षिप्य देहः परैः ।**
**मर्त्यत्वेऽपि जिनप्रभाववशतः प्राप्तामरत्वः क्षितिं**
**पद्भ्यां कश्चिदसंस्पृशंस्तत इतो यस्यांगणे भ्राम्यति ॥९६॥**

**अवचूर्णिः-** यस्य प्रासादस्य अंगणे त्यक्तनिमेषं यथा स्यात्तथा अद्भुततमान् तान् तान् मध्यगान् भूभागान्बहिः पश्यन् इतरेतरांगघटनात् परैरुत्क्षिप्य उत्पाटितदेहः पद्भ्यां क्षितिं असंस्पृशन्मर्त्यत्वेऽपि मनुष्यत्वेऽपि जिनप्रभावतः प्राप्तामरत्वः कश्चित्पुरुषः इतस्ततो भ्राम्यति। देवोऽपि चतुरंगुलेन भुवं न स्पृशति विमानादिना उत्पाटितदेहः स्यात्। एतावता तिलः पतितोऽपि यत्र न माति एवंविधो जनानां संमर्दो यत्रास्तीति भावः ॥९६॥

**ભાવાર્થ -** કોઈ પુરૂષ તે કુમારવિહાર ચૈત્યના આંગણામાં બાહરથી તેના અતિ અદ્દ્ભુત મધ્યમાં રહેલા ભૂમિના ભાગને અનિમેષ દષ્ટિએ જોતો હતો, પરસ્પર ભીડમાં રહેલા એક બીજાના અંગની ઘટનાથી બીજાઓએ તેના દેહને ઉચકી લીધો એટલે પૃથ્વીને સ્પર્શ કર્યા વગર આમ તેમ ભમતો હતો, તે જાણે મનુષ્યપણામાં પણ જિન ભગવંતના પ્રભાવથી દેવપણાને પ્રાપ્ત કર્યું હોય, તેવો દેખાતો હતો. ૯૬

**વિશેષાર્થ -** આ શ્લોકથી ગ્રંથકારે તે ચૈત્યની અંદર થતી લોકોની ભારે ભીડ દર્શાવી છે. તે ચૈત્યના આંગણામાં કોઈ પુરૂષ આવી તેની રમણીય ભૂમિના ભાગને બાહર રહી એકી નજરે જોતો હતો, તે લોકની ભીડમાં આવતાં તેને બીજાઓએ ઊચકી લીધો હતો, તેથી પૃથ્વીને અડકયા વગર આમ તેમ ભમવા લાગ્યો. તે ઉપર કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે, શ્રી જિન ભગવાનના પ્રભાવથી તે પુરૂષે જાણે મનુષ્યપણામાં પણ દેવપણું પ્રાપ્ત કર્યું હોય, તેવો તે દેખાતો હતો, દેવતા અનિમેષ દષ્ટિએ (મટકું માર્યા સિવાય) જુએ છે, તેમ તે પુરૂષ ચૈત્ય ભૂમિના રમણીય ભાગને તેવી દષ્ટિથી જોતો હતો, દેવતા પૃથ્વીથી ઉંચે ચાલે છે, એટલે દેવતાના ચરણ પૃથ્વીને અડકતા નથી, તેમ તે પુરૂષ ભીડને લઈને બીજાઓએ ઊચકવાથી પૃથ્વીને સ્પર્શ કર્યા વગર ભમતો હતો. આ ઉપરથી કવિએ એમ દર્શાવ્યું છે કે, તે ચૈત્યમાં એટલી બધી ભીડ હતી કે, જો તલનો દાણો પણ નાખ્યો હોય તો તે જમીન ઉપર પડતો ન હતો. ૯૬

**भाग्यप्रागल्भ्यलभ्यां किमपरममरैरप्यसाध्यामवाच्यां**
**अश्रद्धेयामशेषत्रिजगदभिनुतां यस्य सौंदर्यलक्ष्मीं ।**
**निध्यायन्निर्निमेषं पुलकघनवपुर्लोचनानां सहस्रम् ।**
**स्पष्टं तुष्टाव सृष्टिं क्षितिमधिवसतां मानवानां च शक्रः ॥९७॥**

**अवचूर्णिः-** यस्य प्रासादस्य भाग्यप्रागल्भ्यलभ्यां अवाच्यां अश्रद्धेयां अशेषत्रिजगदभिनुतां अपरं किं अमरैरपि असाध्यां निष्पादयितुमशक्यां सौंदर्यं सौभाग्यं तस्य लक्ष्मीं निर्निमेषं निध्यायन् पुलकघनवपुः शक्रः स्पष्टं लोचनानां सहस्रं च पुनः क्षितिं पृथ्वीमधि मध्यं अधिवसतां मानवानां सृष्टिं सर्जनं तुष्टाव स्तौति स्म । अवाच्यां वक्तुमशक्यां अश्रद्धेयां श्रद्धातुमयोग्यां ॥९७॥

**ભાવાર્થ -** મોટા ભાગ્યથી લભ્ય થાય તેવી, વચનથી ન કહી શકાય તેવી, શ્રદ્ધા કરવાને અયોગ્ય, સર્વ ત્રણ જગતના લોકોએ સ્તવેલી, વધારે શું કહેવું, દેવતાઓથી પણ ન કરી શકાય તેવી જે કુમારવિહાર ચૈત્યના સૌંદર્યની લક્ષ્મીને અનિમેષ દષ્ટિએ નીરખતો એવો ઈંદ્ર શરીરને રોમાંચિત કરી પોતાના હજાર નેત્રોને અને પૃથ્વી પર રહેનારા મનુષ્યોની સૃષ્ટિને સ્પષ્ટ રીતે સ્તવતો હતો. ૯૭

**વિશેષાર્થ -** કુમારવિહાર ચૈત્યની ઘણાં ભાગ્યથી લભ્ય, અનિર્વચનીય, અશ્રદ્ધેય અને ત્રણ જગતના લોકોએ સ્તવેલી સૌંદર્ય લક્ષ્મી જોઈ ઈંદ્રના શરીરમાં રોમાંચ થઈ જાય છે અને તે વખતે તે પોતાના હજાર નેત્રોની અને માનવ સૃષ્ટિની ભારે પ્રશંસા કરે છે. કારણ કે, તેના હજાર નેત્રો આ ચૈત્યના સૌંદર્યને જોવામાં વધારે ઉપયોગી થાય. અને આ પૃથ્વી ઉપર વસતા લોકોને પણ આ ચૈત્યના દર્શનનો લાભ મળે છે. આ ઉપરથી ગ્રંથકારે દર્શાવ્યું છે કે, તે ચૈત્યની શોભા એટલી બધી ઉત્તમ હતી કે, જેને જોઈ દેવતાઓનો સ્વામી ઈંદ્ર પણ ચકિત થતો હતો. ૯૭

**यस्य ध्वजान् गणयितुं कनकावलीढान्**
**ऊर्ध्वं शिरोधिमधिकं पथि कुर्वतीनाम् ।**
**कुंभा कुरंगकदृशां शिरसः पतंतो**
**यूनां चिरं विपणिनां जनयंति हास्यम् ॥९८॥**

**अवचूर्णिः-** यस्य प्रासादस्य कनकावलीढान् ध्वजान् गणयितुं संख्यातुं पथि मार्गे अधिकं ऊर्ध्वं शिरोधिं कुर्वतीनां कुरंगकदृशां शिरसः पतंतः कुंभाः विपणिनां हट्टवणिजां यूनां तरुणानां चिरं चिरकालं हास्यं

जनयंति । कनकावलीढान् कनकदंडलग्नान् । शिरोधिं ग्रीवां शिरसः मस्तकात् । कुंभाः पानीयघटाः ॥९८॥

**ભાવાર્થ -** જે કુમારવિહાર ચૈત્યના સુવર્ણથી જડેલા ધ્વજદંડો ગણવાને પોતાની ડોક વધારે ઉંચી કરતી એવી નગરની સ્ત્રીઓના મસ્તક ઉપરથી રસ્તામાં પડી જતા એવા ઘડાઓ બજારના તરૂણ વેપારીઓને હાસ્ય ઉત્પન્ન કરતા હતાં. ૯૮

**વિશેષાર્થ -** રસ્તામાં જલ ભરી ચાલી જતી નગરની સ્ત્રીઓ તે ચૈત્યના સુવર્ણમય ધ્વજ દંડોને ઉંચી ડોક કરી ગણતી હતી; તે વખતે વધારે ડોક ઉંચી થવાથી તેમના મસ્તક ઉપરથી પાણીના ઘડાઓ પડી જતા હતા, તે જોઈ બજારના જુવાન પુરૂષો હસતા હતા. આ ઉપરથી કવિએ તે ચૈત્યમાં અસંખ્ય સુવર્ણના ધ્વજ દંડો હતા, એમ દર્શાવ્યું છે. ૯૮

**यस्योत्तुंगविटंकलीढवियतः पातुं श्रियं पेशलां**
**दुरोत्तानितकंधरं निदधतां बद्धानुबंधा दृशः ।**
**पौराणामनवेक्षणे मिलदुरःसंघट्टबद्धक्रुधा -**
**मन्योन्यं नृपवर्त्मनि प्रतिकलं कोलाहलं जायते ॥९९॥**

**अवचूर्णिः-** उत्तुंगविटंकलीढवियतः यस्य प्रासादस्य पेशलां मनोज्ञां श्रियं पातुं द्रष्टुं दूरोत्तानितकंधरं दूरं उत्तानिता ऊर्ध्वं कृता कंधरा ग्रीवा यत्र क्रियाविशेषणमेतत् दूरोत्तानितकंधरं यथा स्यात्तथा बद्धानुबंधा दृशः निदधतां धरतां मिलदुरःसंघट्टबद्धक्रुधां पौराणां नागरिकाणां अनवेक्षणेऽनवलोकने नृपवर्त्मनि अन्योन्यं परस्परं प्रतिकलं निरंतरं कोलाहलं कलकलो जायते वर्त्तते । बद्धोऽनुबंध आदरो याभिस्ताः बद्धानुबंधा इति

दृग्विशेषणं । 'कपोतपाली विटंकः' इति नाममाला तेन लीढं व्याप्तं वियत् आकाशं येन तत् ॥९९॥

**ભાવાર્થ** - ઉંચા વિટંકથી* આકાશને વ્યાપ્ત કરી રહેલા જે ચૈત્યની સુંદર શોભા જોવાને ઉંચી ડોક કરી આદરવાળી દૃષ્ટિઓને ધારણ કરતા નગરના લોકો એક બીજાને ન જોઈ શકવાથી અને પરસ્પર છાતીઓના સંઘટ્ટને લઈને ક્રોધ ઉત્પન્ન થવાને લીધે રાજમાર્ગની અંદર તેમનો કોલાહલ નિરંતર થયા કરે છે. ૯૯

**વિશેષાર્થ** - જાહેર રસ્તાની અંદર ચાલતા લોકો ઉંચી ડોકે કરી કુમારવિહાર ચૈત્યની શોભાને જોતાં પરસ્પર જોઈ શકતા નથી, તેમ વળી પરસ્પર છાતીઓના દબાવાથી તેમને ક્રોધ ઉત્પન્ન થાય છે. તેથી લોકોનો મોટો કોલાહલ થઈ પડે છે. આથી ચૈત્યની સુંદર શોભાનો ઉત્કર્ષ ગ્રંથકારે દર્શાવ્યો છે. ૯૯

**दिक्चक्रचुंबिभिरुदंशुशशांककांत-**
**भित्तित्विषां पिहितपीठतले प्रतानैः ।**
**व्योमस्थमेतदिति बुद्धिरुदेति यत्र**
**देशांतरादुपयतः सततं जनस्य ॥१००॥**

**अवचूर्णिः-** उदंशुशशांककांतभित्तित्विषां दिक्चक्रचुंबिभिः प्रतानैः समूहैः पिहितपीठतले यत्र प्रासादे देशांतरादुपयतः आगच्छतो जनस्य व्योमस्थं आकाशस्थमेतत् इति बुद्धिः सततमुदेति उत्पद्यते । पिहितं आच्छादितं पीठतलं थडाबंधो यस्य तस्मिन् प्रासादविशेषणम् ॥१००॥

---

★ વિટંક શબ્દનો અર્થ છજાં થાય છે, જેની ઉપર પારેવાંઓ બેસે છે તે. તેનું બીજું નામ 'કપોતપાલી' કહેવાય છે.

**ભાવાર્થ -** પ્રસરતા કિરણોવાળા ચંદ્રકાંતમણિઓની દીવાલોની કાંતિઓના દિશાઓના ચક્રને વ્યાપ્ત કરનારા સમૂહ વડે જેનું પીઠતલ ઢંકાઈ ગયેલ છે એવા તે પ્રાસાદને વિષે હંમેશાં દેશાંતરથી આવતા લોકોને "આ ચૈત્ય આકાશમાં રહ્યું છે,' એવી બુદ્ધિ ઉત્પન્ન થાય છે. ૧૦૦

**વિશેષાર્થ -** આ શ્લોકથી કવિએ તે ચૈત્યની વિશ્વમાં વિખ્યાતિ દર્શાવી છે. દેશાંતરના ઘણા લોકો તે ચૈત્યની યાત્રા કરવાને આવે છે અને તે અજાણ્યા લોકો જ્યારે તેને પ્રથમ અવલોકે છે, તે વખતે તે ચૈત્યમાં રહેલાં ચંદ્રકાંતમણિઓની કાંતિનો પુંજ તેને આસપાસની દિશાઓમાં એટલો બધો વ્યાપી જાય છે, કે જેથી તે પ્રાસાદનું પીઠતલ ઢંકાઈ જાય છે તેથી તેઓ તે ચૈત્યને આકાશમાં રહેલું જાણે છે. ૧૦૦

**शेषाहेः शितयः फणामणिभुवः शोणा जिनांगोद्भवाः ।**
**श्वेताः कांचनकल्पितांगदरुहः पीताः प्रभाराशयः ।**
**नित्यान् यत्र विचित्रवर्णसुभगान् नेत्रैकगम्यस्थितीन्**
**बाह्याभ्यंतरमंडपेषु तरलांश्चंद्रोदयान् कुर्वते ।।१०१।।**

**अवचूर्णिः-** यत्र प्रासादे बाह्याभ्यंतरमंडपेषु शेषाहेः शितयः फणामणिभुवः शोणा जिनांगोद्भावाः श्वेताः कांचनकल्पितांगदरुहः पीताः प्रभाराशयः प्रभासमूहाः विचित्रवर्णसुभगान् नेत्रैकगम्यस्थितीन् नेत्राणां एका गम्या दृष्टुं योग्या स्थितिर्येषां चंद्रोदयानां तान् नेत्रैकगम्यस्थितीन् नित्यान् अविनश्वरान् तरलान् चपलान् चंद्रोदयान् कुर्वते । नीलं कृष्णमेकमिति न्यायात् पंचवर्णाः प्रभाराशय इति गम्यम् ।।१०१।।

**ભાવાર્થ -** જે ચૈત્યની અંદર બાહરના અને અંદરના મંડપોને વિષે નિત્યે રહેલા ચંદરવાને શેષનાગની નીલી, તેની ફણાના મણિની રાતી, પ્રભુના અંગની ધોળી અને પ્રભુએ ધરેલા સુવર્ણના બાજુબંધની

પીળી એવી કાંતિઓના સમૂહ નિત્ય, વિચિત્ર વર્ણોથી સુંદર, નેત્રોને દર્શનીય સ્થિતિવાળા અને ચપળ કરે છે. ૧૦૧

**વિશેષાર્થ** - આ કાવ્યથી ગ્રંથકાર ચૈત્યના બાહર અને અંદરના મંડપોને વિષે બાંધેલા ચંદરવાનું ચમત્કારી રીતે વર્ણન કરે છે. પ્રભુની પ્રતિમાને વિષે પંચવર્ણી કાંતિ રહેલી છે, એટલે પ્રભુના મસ્તક પર રહેલા શેષનાગની નીલકાંતિ છે, શેષનાગની ફણાના મણિની રાતી કાંતિ છે, પ્રભુના અંગની શ્વેત કાંતિ છે અને પ્રભુએ ધારણ કરેલા સુવર્ણના બાજુબંધની પીલી કાંતિ છે - એ પંચવર્ણી કાંતિને લઈને ત્યાં બાંધેલા ચંદરવાઓ પણ પંચવર્ણી થવાથી નેત્રોને જોવા લાયક બને છે, તે સાથે તે ચપળ દેખાય છે. આથી ગ્રંથકારે પ્રભુની પ્રતિમાના સૌંદર્યનું દિગ્દર્શન કરાવ્યું છે. નીલ અને શ્યામ એક ગણાય છે, તેથી તેને ભિન્ન ગણવાથી પંચવર્ણ થાય છે. ૧૦૧

**चंचन्नक्षत्रराशिग्रहनिकरपरिक्षिप्तपर्यंकभूमि -**
**र्दंडेन स्वर्णधाम्ना [१]परिकरितवपुर्मूर्द्धलब्धांबरेण ।**
**मुक्तादामावचूलस्थपुटितविकटप्रांतकोटेर्निशीथे**
**श्वेतच्छत्रस्य लक्ष्मीं कलयति निखिलां यत्र राकाशशांकः ॥१०२॥**

**अवचूर्णिः**- यत्र प्रासादे निशीथे चंचन्नक्षत्रराशिग्रहनिकर-[२]परिक्षिप्तपर्यंकभूमिः स्वर्णधाम्ना ऊर्ध्वलब्धांबरेण दंडेन परिकरितवपुः राकाशशांकः पूर्णिमाचंद्रः मुक्तादामानि मुक्ताहाराः तेषां अवचूलाः गुच्छाः तैः स्थपुटिता विषमोन्नताः विकटा विस्तीर्णाः प्रांता अवयवास्तेषां कोटयो यस्य तस्य श्वेतच्छत्रस्य निखिलां लक्ष्मीं कलयति । परिक्षिप्ता व्याप्ता । पर्यंकभूमिः परि[३]सरभूमिः । मूर्द्धनि मस्तके लब्धं प्राप्तं अंबरं आकाशं वस्त्रं वा येन तेन । [४]परिकरितं विद्धं वपुर्यस्य सः ॥१०२॥

---

१,२,४ A - व्यति० ।   ३ A - परिकर ।

**ભાવાર્થ -** જે ચૈત્યની અંદર ચળકતા નક્ષત્રો, રાશિઓ અને ગ્રહોના સમૂહથી જેણે આસપાસની ભૂમિને વ્યાપ્ત કરેલી છે અને સુવર્ણના તેજવાળા અને મસ્તક ઉપર અંબર (આકાશ પક્ષે વસ્ત્ર) ને પ્રાપ્ત કરનારા દંડથી જેનું શરીર વ્યાપ્ત થયેલું છે એવો પૂર્ણિમાનો ચંદ્ર મોતીઓના હારના ગુચ્છોથી વિષમ અને ઉંચા વિસ્તારવાળા પ્રાંત ભાગની અણિઓવાળા શ્વેત છત્રની પૂર્ણ શોભાને પામે છે. ॥૧૦૨॥

વિશેષાર્થ - આ શ્લોકથી કવિ ચંદ્રને છત્રની સાથે સરખાવે છે. તે ઉંચાં ચૈત્ય ઉપર આવેલો ચંદ્ર છત્રની પૂર્ણ લક્ષ્મીને-શોભાને પ્રાપ્ત કરે છે. છત્રની નીચે દંડ હોય છે, તેમ ચંદ્રની નીચે તે ચૈત્યનો ઉંચો ધ્વજદંડ છે. ઉંચે રહેલા ચંદ્રે નક્ષત્ર-તારા મંડલને વ્યાપ્ત કરેલાં છે, અને તેના મસ્તક ઉપર આકાશ આવેલું છે. આથી મોતીઓના હારના ગુચ્છવાળા છત્ર દંડના જેવો દેખાવ લાગે છે. અહિં અંબર શબ્દના બે અર્થ થાય છે. ધ્વજદંડના મસ્તક ઉપર અંબર-આકાશ આવેલું છે અને અંબર-વસ્ત્ર પણ આવેલું છે. મોતીઓને અને તારા મંડલને સરખાવી કવિએ પૂર્ણોપમા અલંકાર વર્ણવ્યો છે. ૧૦૨

**दिव्यश्रव्यावधीनां द्विषति मधुमुचां वेणुवीणारवाणां**
**तूर्योद्गीर्णे श्रवांसि स्थगयति निनदे निर्दयास्फार[१]घोरे ।**
**अन्योन्यं गात्रगाढव्यतिकरनिहताशेषपाणिक्रियाणां**
**यात्रायां नेत्रनृत्यैर्भवति तनुभृतां यत्र कृत्योपदेशः ॥१०३॥**

१ A - स्फाल ।

**अवचूर्णिः-** दिव्यश्रव्यावधीनां मधुमुचां वेणुवीणारवाणां द्विषति तूर्योद्गीर्णे निर्दयास्फार[1]घोरे निनदे श्रवांसि स्थगयति यत्र प्रासादेऽन्योन्यं गात्रागाढव्यतिकरनिहताशेषपाणिक्रियाणां तनुभृतां नेत्रनृत्यैः कृत्योपदेशो भवति । **'द्विषो वातृशः'** **(सिद्धहेम॰ २/२/८४)** इतिसूत्रेण वेणुवीणारवाणामिति षष्ठी । गात्रस्य वपुषो गाढं यथा स्यात्तथा व्यतिकरः संमर्दः तेन निहता हता अशेषाः पाणिक्रिया हस्तचालनानि येषां तनुभृतां । घोरे रौद्रे ॥१०३॥

**ભાવાર્થ -** જે ચૈત્યની અંદર દિવ્ય ગાયનની અવધિ રૂપ અને માધુર્યને વર્ષનારા વેણુ, અને વીણાના શબ્દોનો દ્વેષ કરનાર તેમજ નિર્દય તાડનથી ભયંકર એવો વાજિંત્રોનો શબ્દ જેમની કર્ણેન્દ્રિયોને ઢાંકી દેતો હતો અને પરસ્પર શરીરના ગાઢ દબાણને લઈને તેમની હાથની બધી ક્રિયા હણાઈ ગઈ હતી; એવા યાત્રાને વિષે આવેલા પ્રાણીઓના બધા કાર્યોનો ઉપદેશ નેત્રોના નચાવવાથી થાય છે. ૧૦૩

**વિશેષાર્થ -** તે કુમારવિહાર ચૈત્યની અંદર વાજિંત્રોનો ધ્વનિ એટલો મોટો થતો હતો કે, જે ધ્વનિ દિવ્ય ગાયનના અવધિ રૂપ અને માધુર્ય વર્ષનારા વેણુ તથા વીણાના ધ્વનિઓનો દ્વેષ કરતો હતો અર્થાત્ તેમને દબાવી દેતો હતો. તે ધ્વનિને લઈને ત્યાં યાત્રાને માટે આવેલા લોકોના કાન બહેરા થઈ જતા તેથી તેઓ એક બીજાના શબ્દને સાંભળી શકતા ન હતા. વળી તેમના શરીર પરસ્પર ભીડમાં આવતા અને તેથી તેમના હાથ બંધાઈ જતા હતા. જ્યારે વાજિંત્રોના ધ્વનિથી કાન અને ભીડને લઈને હાથ અટકી પડતા, ત્યારે તેઓ આંખોના ઈશારાથી પરસ્પર કાર્યની સમજૂતી આપતા હતા. આ ઉપરથી ચૈત્યના વાજિંત્રોની અને યાત્રાના ઉત્સવની ઉન્નતિ દર્શાવી છે. ૧૦૩

---

१ A - स्फाल ।

**एणांकांशुनिभां प्रभां [1]जवनिकाभ्रांत्योत्तरंगोद्भवा -**
**मुत्क्षिप्य प्रविशंति यत्र सरलस्वांता जनाः केचन ।**
**केचिद्रूप्यकपाटसंपुटपरीरोधावबोधाकुलाः**
**द्वारोद्घाटनिमित्तमंतिकगतं याचंति देवार्चकम् ॥१०४॥**

**अवचूर्णिः-** यत्र प्रासादे एणांकांशुनिभां उत्तरंगोद्भवां प्रभां [2]जवनिकाभ्रांत्या उत्क्षिप्य सरलस्वांताः केचन जनाः प्रविशंति । रूप्यकपाटसंपुटपरीरोधावबोधाकुलाः केचिद् द्वारोद्घाटनिमित्तं अंतिकगतं देवार्चकं याचंति । सरलं ऋजु स्वांतं मनो येषां । कपाटानां संपुटं योजनं दानं वा तेन परीरोधः स्खलनं तस्य अवबोधो ज्ञानं तेन आकुलाः ॥१०४॥

**ભાવાર્થ -** જે ચૈત્યની અંદર કેટલાએક સરળ હૃદયવાળા લોકો ચંદ્રના કિરણોના જેવી દ્વારના ઉપરના ભાગના મણિઓની કાંતિને પડદાની ભ્રાંતિથી ઉંચી કરી તેમાં પ્રવેશ કરે છે અને કેટલાએક તેને 'રૂપાનાં કમાડ વાસી અટકાયત કરી છે' એમ જાણી આકુળ-વ્યાકુળ થઈ દ્વાર ઉઘાડવાને માટે પાસે રહેલા પૂજારી (ગોઠી) ને વિનવે છે. ૧૦૪

**વિશેષાર્થ -** આ શ્લોકમાં ગ્રંથકારે ભ્રાંતિમાન્ અલંકારથી ચૈત્યના દ્વારની શોભા વર્ણવેલી છે. ચૈત્યના દ્વારના ઉપરના ભાગની ચંદ્રના કિરણોના જેવી રૂપેરી કાંતિ પડે છે, તેને કેટલાએક ભોળા દિલના લોકો 'આ પડદો છે' એવું ધારી તેને ઉંચે કરી અંદર પ્રવેશ કરે છે. અને કેટલાએક લોકો 'આ દ્વારનાં રૂપેરી કમાડ બંધ કરી અટકાયત કરી છે' એવું જાણી અંદર જવાને આકુળ-વ્યાકુળ થઈ દ્વાર ઉઘાડવાને માટે ગોઠીને વિનંતિ કરે છે. ૧૦૪

---

१,२ A - यम ।

**स्वच्छेंदुग्रावंवेद्यां विचकिलरुचयः स्वर्णवर्णाः सुवर्ण-**
**स्तंभाभ्यर्णेषु नीलोपलतटनिकरे[१] बर्हिणस्कंधभासः ।**
**साम्राः सूर्याश्मभाभिः करिषु च चकिता विस्मिताः पुत्रिकाभि-**
**र्यद्व्याख्यावेश्मरंगे दधति नटभटीपाटवं पूःपुरंध्र्यः ॥१०५॥**

**अवचूर्णिः-** स्वच्छेंदुग्रावंवेद्यां विचकिलरुचयः स्वर्णस्तंभाभ्यर्णेषु स्वर्णवर्णाः नीलोपलतटनिकरे[२] बर्हिणस्कंधभासः सूर्याश्मभाभिः साम्राः सबाष्पाः च पुनः करिषु चकिताः पुत्रिकाभिः विस्मिताः पूःपूरंध्र्यः नटभटीपाटवं दधति धरंति । मल्लिका स्याद्विचकिलः । तटं तीरं । बर्हिणो मयुरस्य स्कंधो गलः । पूःपुरंध्र्यः नगरनार्यः ॥१०५॥

**ભાવાર્થ -** સ્વચ્છ એવા ચંદ્રકાંત મણિઓની વેદિકાને વિષે મલ્લિકાનાં પુષ્પ જેવી કાંતિવાળી, સુવર્ણના સ્તંભની સમીપ સુવર્ણી રંગવાળી, નીલમણિના તટ પાસે મયૂર પક્ષીના ગળાના જેવી કાંતિવાળી, સૂર્યકાંત મણિની કાંતિઓથી નેત્રમાં અશ્રુવાળી થતી, હાથીઓનાં ચિત્રોને લઈને ભય પામતી અને પુતળીઓથી વિસ્મય પામતી નગરની સ્ત્રીઓ જે ચૈત્યની વ્યાખ્યાનશાળાની રંગભૂમિ ઉપર નટડીઓના ચાતુર્યને ધારણ કરતી હતી. ૧૦૯

**વિશેષાર્થ -** આ શ્લોકથી ગ્રંથકાર કુમારવિહાર ચૈત્યની પાસે આવેલી વ્યાખ્યાનશાળાનું વર્ણન કરે છે. તે વ્યાખ્યાન-શાળાને રંગભૂમિનું અને તેની અંદર આવતી સ્ત્રીઓને નટડીઓનું રૂપક આપે છે. નટડીઓ જેમ વિવિધ વર્ણના વેષ પહેરી રૂદનનો, ભયનો અને વિસ્મયનો દેખાવ કરે છે તેમ તે વ્યાખ્યાનશાળામાં નગરની સ્ત્રીઓનો તેવો દેખાવ થતો હતો. તે સ્ત્રીઓ ચંદ્રકાંતમણિની વેદીની સમીપ રહેવાથી, મલ્લિકાના પુષ્પના જેવા ધોળા વર્ણને ધારણ કરતી હતી.

---

१,२ A - निकटे ।

સુવર્ણના સ્તંભોની પાસે સુવર્ણવર્ણી થતી હતી અને નીલમણિની પાસે મયૂરની ડોક જેવી દેખાતી હતી. આ પ્રમાણે પંચરંગી બનતી તે સ્ત્રીઓ સૂર્યકાંતથી અશ્રુવાળી થતી, હસ્તીઓનાં ચિત્રોથી ભય પામતી અને પુતળીઓને જોઈ વિસ્મય પામતી હતી. આ ઉપરથી વ્યાખ્યાનશાળાની સમૃદ્ધિ પણ કવિએ દર્શાવી છે. ૧૦૫

**यत्र श्रद्धातुराणामजिरभुवि परिभ्राम्यतां बिंबयोगात् ।**
**व्यालोलां वीक्षमाणो हरितमणिमयीं नेत्रवल्लीं स्फटासु ।**
**साक्षाद्भोगींद्रशंकाप्रभवभयभवद्वेपथुव्यस्तपाणिः ।**
**पूजां पार्श्वस्य लोको विरचयति सदा पूजकानां करेण ॥१०६॥**

**अवचूर्णिः-** यत्र प्रासादे अजिरभुवि परिभ्राम्यतां श्रद्धातुराणां पूजकानां करेण स्फटासु हरितमणिमयीं नेत्रवल्लीं बिंबयोगाद्व्यालोलां चपलां वीक्षमाणो साक्षाद्भोगींद्रशंकाप्रभवभयभवद्वेपथुः व्यस्तपाणिः लोकः पार्श्वस्य पूजां विरचयति । वेपथुः कंपस्तेन व्यस्ताः पाणयो यस्य सः॥१०६॥

**ભાવાર્થ -** જે ચૈત્યના આંગણામાં ભમતા એવા શ્રદ્ધાળુ પૂજકોના નેત્રોના સર્પની ફણાઓમાં પ્રતિબિંબ પડવાના યોગથી નીલમણિમય નેત્ર રૂપ વેલને જોઈ સાક્ષાત્ સર્પની શંકા થતાં તે વડે ઉત્પન્ન થયેલા ભયને લઈને જેમને કંપારી થઈ આવતાં હાથ ઢીલો થાય છે, એવા લોકો શ્રી પાર્શ્વનાથ પ્રભુની પૂજા ગોઠીઓને હાથે કરાવે છે. ૧૦૬

**વિશેષાર્થ -** તે ચૈત્યના આંગણામાં શ્રદ્ધાળુ પૂજકો ફરતા હતા, તેમના નેત્રોનાં પાર્શ્વનાથ પ્રભુના મસ્તકે રહેલા સર્પની ફણાઓમાં પ્રતિબિંબ જોઈ, તેઓ 'આ પ્રત્યક્ષ સર્પો છે' એમ ધારી મનમાં શંકિત થતા હતા, અને તેના ભયથી કંપાયમાન થતા હતા. તેથી પ્રભુની પૂજા કરવામાં તેમનો હાથ અટકાતો હતો. પછી તેઓ ગોઠીઓને હાથે પ્રભુની

પૂજા કરાવતા હતા. આ ઉપરથી કવિએ પાર્શ્વનાથ પ્રભુના મસ્તક પર છત્રાકારે રહેલા સર્પોની મણિમય શોભા સૂચવી છે. ૧૦૬

**मध्ये मामुपनीय दर्शय मुखांभोजं कथंचिन्मनाक्**
**भ्रातर्यामिक कामिकस्य महतस्तीर्थस्य पार्श्वप्रभोः ।**
**इत्थं यत्र महोत्सवेषु जनतासंघट्टरुद्धाध्वनां**
**वृद्धानां वचनानि कस्य करुणां वर्षंति न श्रोत्रयोः ॥१०७॥**

**अवचूर्णिः-** हे यामिक भ्रातः मां मध्ये उपनीय कामिकस्य महतः तीर्थस्य पार्श्वप्रभोः मुखांभोजं कथंचित् महता कष्टेनापि मनाक् ईषत् दर्शय इत्थं यत्र प्रासादे महोत्सवेषु जनतासंघट्टरुद्धाध्वनां वृद्धानां वृद्धस्त्रीणां वचनानि कस्य श्रोत्रयोः करुणां न वर्षंति । जनता जनसमूहस्तस्य संघट्टः संमर्द्दः तेन रुद्धो मार्गो यासां । उपनीय प्राप्य । कामान् ददातीति कामिकः कामद इत्यर्थः ॥१०७॥

**ભાવાર્થ -** "હે ભાઈ પહેરેગીર, મને કષ્ટથી વચમાં લઈ જઈ કામને આપનારા મોટા તીર્થરૂપ શ્રી પાર્શ્વનાથ પ્રભુનું મુખકમલ જરા બતાવ" આ પ્રમાણે જે ચૈત્યના મહોત્સવમાં લોકોના સમૂહથી જેમનો માર્ગ રૂંધાયેલો છે, એવી વૃદ્ધ સ્ત્રીઓના વચનો કોના કાનમાં કરૂણાને વર્ષાવતાં નથી. ? ૧૦૭

**વિશેષાર્થ -** આ શ્લોકથી ગ્રંથકાર તે કુમારવિહાર ચૈત્યના મહોત્સવમાં થતી લોકોની ભીડનું વિશેષ વર્ણન કરે છે. તે ભીડમાં પ્રભુના દર્શનને નહીં પ્રાપ્ત કરી શકતી એવી ડોશીઓ પેહેરેગીરોને પ્રાર્થના કરે છે કે, "હે ભાઈ, અમને પ્રભુના મુખકમલના જરા દર્શન કરાવ." આ તેમનાં વચનો સાંભળી દરેક પુરૂષને કરૂણા ઉત્પન્ન થતી હતી. ૧૦૭

**भूम्ना धूनयतोः शिरः प्रतिदिनं व्यालोक्य लोकोत्तरान्**
**तांस्तान् यत्र विचित्ररत्नसुभगान् कुंभांस्तथा मंडपान् ।**
**साश्चर्यं प्रतितोरणं प्रतिशिलं प्रत्युत्सवं तिष्ठतो -**
**र्भेदः कोऽपि न लक्ष्यते सहृदयैरागंतुवास्तव्ययोः ॥१०८॥**

**अवचूर्णिः-** यत्र प्रासादे प्रतिदिनं लोकोत्तरान् विचित्ररत्नसुभगान् तान् तान् कुंभांस्तथा मंडपान् विलोक्य भूम्ना बाहुल्येन शिरो धूनयतोः साश्चर्यं साद्भुतं प्रतितोरणं प्रतिशिलं प्रत्युत्सवं तिष्ठतोरागंतुवास्तव्ययोः सहृदयैः कोपि भेदो व्यक्तिः न लक्ष्यते । आगंतुः प्राघुर्णकः ॥१०८॥

**ભાવાર્થ -** પ્રતિ દિવસ લોકોત્તર દિવ્ય અને વિચિત્ર રત્નોથી સુંદર એવા તે તે કલશો અને તે તે મંડપોને જોઈ પોતાના મસ્તકને અતિશય ધુણાવતા અને દરેક તોરણે, દરેક શિલાએ અને દરેક ઉત્સવે આશ્ચર્ય સહિત રહેતા એવા પરદેશી મહેમાન અને ત્યાંના વતની વચ્ચે કોઈ જાતનો ભેદ વિદ્વાન પુરૂષોના જાણવામાં આવતો ન હતો. ૧૦૮

**વિશેષાર્થ -** તે ચૈત્યની અંદર બહારથી આવેલો પરદેશી અને ત્યાંનો વતની - એ બંનેની વચ્ચે કોઈ જાતનો તફાવત જોવામાં આવતો ન હતો; કારણ કે ત્યાંના હંમેશના વતનીને તે ચૈત્યને જોઈ જેવું આશ્ચર્ય થતું, તેવું જ પરદેશી નવા માણસને પણ થતું હતું. હંમેશાં ત્યાં રહેલા દિવ્ય અને વિચિત્ર રત્નોથી સુંદર એવા કલશો અને મંડપો જોઈ વિદેશી અને વતની બંને સરખી રીતે મસ્તક ધુણાવતા હતા. વળી તે ચૈત્યના દરેક તોરણે, દરેક મણિમય શિલાએ અને દરેક ઉત્સવે તેઓ બંને સરખી રીતે આશ્ચર્ય પામતા હતા. તે ઉપરથી વિદ્વાન પુરૂષો પણ વિદેશી અને વતનીનો તફાવત જાણી શકતા ન હતા. ૧૦૮

गीतोद्गारोपहूतश्रुतिभिरभिनवोत्कृष्टनाट्यप्रबंध-
प्रारंभाक्रांतनेत्रैः स्नपनपरिमलोपार्जितघ्राणमैत्र्यैः ।
नित्यैर्नैमित्तिकैश्च प्रतिदिवसभवैरुत्सवैरेव यस्य
भ्रश्यत्कामार्थकृत्यः स्पृशति पुरजनः कोपि निर्वेदमंतः ॥१०९॥

**अवचूर्णिः**- यस्य प्रासादस्य गीतोद्गारोपहूतश्रुतिभिः च पुनः अभिनवोत्कृष्टनाट्यप्रबंध प्रारंभाक्रांतनेत्रैःस्नपनपरिमलोपार्जितघ्राणमैत्र्यैः नित्यैः नैमित्तिकैः प्रतिदिवसभवैरुत्सवैरेव निश्चयेन भ्रश्यत्कामार्थकृत्यः कोऽपि पुरजनः अंतर्मनसि निर्वेदं वैराग्यं स्पृशति। गीतस्य उद्गारा उत्पत्तयः तेषु उपहूता आमंत्रिताः श्रुतयः कर्णा यैरुत्सवैः ॥१०९॥

**ભાવાર્થ** - ગાયનના ઉદ્ગારોમાં જેમણે કર્ણેંદ્રિયોને આમંત્રણ કરેલું છે, નવીન અને ઉત્કૃષ્ટ નાટકોના પ્રબંધના આરંભે જેમાં નેત્રોને દબાવેલા છે અને સ્નાત્રના સુગંધે જેમાં નાસિકા ઈંદ્રિયની મિત્રતા પ્રાપ્ત કરી છે એવા જે ચૈત્યના નિત્ય અને નૈમિત્તિક ઉત્સવોથી જેમના કામાર્થના કાર્યો નિશ્ચયથી નાશ પામેલા છે એવો કોઈ નગરજન હૃદયમાં નિર્વેદ - વૈરાગ્યનો સ્પર્શ કરે છે, એટલે તેમને વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. ૧૦૯

**વિશેષાર્થ** - ગ્રંથકાર આ કાવ્યથી તે ચૈત્યના નિત્ય અને નૈમિત્તિક ઉત્સવોમાં વૈરાગ્ય રસનું દર્શન કરાવે છે. જ્યારે માણસને વૈરાગ્ય થાય છે, ત્યારે તેનાં કર્ણેંદ્રિય, નેત્રેંદ્રિય અને નાસિકેંદ્રિય વગેરે પોતાની કામ - વાસનાને છોડી દે છે અને અંતરમાં નિર્વેદ-વૈરાગ્ય ઉત્પન્ન થાય છે, તેમ અહીં ચૈત્યમાં આવેલા નગરજનને માટે પણ તેમ બને છે. ત્યાં થતાં સંગીતને લઈને તેની કર્ણેંદ્રિય, નવીન નાટકો જોવાને લઈને નેત્રેંદ્રિય અને સ્નાત્ર જલની ખુશ્બુને લઈને નાસેંદ્રિય - તેમાં તલ્લીન બનવાથી તે ઈંદ્રિયોની બીજી કામના નાશ પામે છે. તેથી

તેના હૃદયમાં નિર્વેદ - વૈરાગ્ય ઉત્પન્ન થયેલો દેખાય છે. આ ઉપરથી તે ચૈત્યમાં ઉત્સવોને વિષે સંગીત, નાટક અને સ્નાત્રવિધિ ભારે આડંબરથી થતા હતા, એમ દર્શાવ્યું છે. ૧૦૯

**व्यालैर्बालान्गजेंद्रैः कपिकरभरथैर्ग्राम्यसार्थांश्चरित्रैः**
**श्रद्धालून् देवतानां नृपतिमृगदृशो वासवांतःपुरीभिः ।**
**नानानाट्यैर्नटौघान् मरुदसुरभवैः संगरैर्वीरवर्गा-**
**नेकाकिन्येव लोकांस्तरलयति मुहुर्यत्र चित्रस्य संसत् ॥११०॥**

**अवचूर्णिः-** यत्र प्रासादे चित्रस्य एकाकिनी एव संसंत् सभा मुहुः वारंवारं व्यालैः दुष्टैः गजेंद्रैः बालान् कपिकरभरथैः ग्राम्यसार्थान् देवतानां चरित्रैः श्रद्धालून् भव्यान् वासवांतःपुरीभिरिंद्राणीभिः नृपतिमृगदृशः नानानाट्यैः नटौघान् मरुदसुरभवैः संगरैः संग्रामैः वीरवर्गान् लोकांस्तरलयति उत्सुकयति । कपयो वानराः । करभा उष्ट्राः ॥११०॥

**ભાવાર્થ -** જે ચૈત્યની અંદર આવેલી ચિત્રશાળા એકલી જ વારંવાર લોકોને ચપળ કરે છે. દુષ્ટ હાથીઓથી બાળકોને, વાનર, ઉંટ અને રથોથી ગામડીયા લોકોના સમૂહને, દેવતાઓનાં ચરિત્રોથી શ્રદ્ધાળુ-આસ્તિક લોકોને, ઈંદ્રાણીઓથી રાજાઓની રાણીઓને, વિવિધ જાતનાં નાટકોથી નટલોકોના સમૂહને અને દેવ અને અસુરોના સંગ્રામોથી વીર નરોને ચપળ કરે છે. ૧૧૦

**વિશેષાર્થ -** આ શ્લોકમાં ગ્રંથકારે કુમારવિહાર ચૈત્યની ચિત્રશાળાનું વર્ણન કરી બતાવ્યું છે. તે ચિત્રશાળામાં એવાં સુંદર અને ચિત્તાકર્ષક ચિત્રો હતાં કે જે આબેહૂબ લાગવાથી જુદા જુદા પ્રેક્ષકોના મન ઉપર જુદી જુદી અસર કરતાં હતાં. ઉન્મત હાથીનાં ચિત્રો જોઈ

બાલકો ચપળ થતા હતા. વાનર, ઉંટ અને રથોનાં ચિત્રો ગામડીઆ લોકોને ચપળ કરતાં હતાં. તેવી રીતે દેવતાઓનાં ચરિત્રો આસ્તિકોને, ઈંદ્રાણીઓનાં ચિત્રો રાજાઓની રાણીઓને, નાટકોનાં ચિત્રો નટ લોકોને અને દેવતા તથા દૈત્યોનાં યુદ્ધનાં ચિત્રો શૂરવીરોને ચપળ કરતાં હતાં. ૧૧૦

**शुभ्रं चंद्राश्मकांत्या नवयवहरितं नीलरत्नप्रभाभि -**
**र्मुक्तादामावचूलैः प्रचलदलिकुलं लब्धमल्लीविकासैः ।**
**सर्वैरष्टापदस्थैर्मुकुरितकुतुकैर्वीक्ष्यमाणं जिनेंद्रैः ।**
**प्रायः सर्वस्य दृष्टिः प्रविशति रतये यस्य लीलानिशांतम् ॥१११॥**

**अवचूर्णिः-** चंद्राश्मकांत्या शुभ्रं नीलरत्नप्रभाभिर्नवयवहरितं लब्धमल्लीविकासैः मुक्तादामावचूलैः प्रचलदलिकुलं अष्टापदस्थैर्मुकुरितकुतुकैः सर्वैः जिनेंद्रैः वीक्ष्यमाणं यस्य प्रासादस्य लीलानिशांतं लीलागृहं प्रायः सर्वस्य दृष्टिः रतये समाधये प्रविशति ॥१११॥

**ભાવાર્થ -** જે કુમારવિહાર ચૈત્યનું લીલાગૃહ ચંદ્રકાંત મણિની કાંતિથી શુભ્ર હતું, નીલમણિની કાંતિઓથી નવા યવ-જ્વારા જેવું લીલું હતું. મલ્લિકાના પુષ્પના જેવા વિકાસને પ્રાપ્ત કરનારા મોતીઓના હારના ગુચ્છોથી ચલાયમાન એવા ભમરાઓથી યુક્ત હતું. આ દેવળના લીલાગૃહ સમીપે અષ્ટાપદની રચના હતી, તેમાં રહેલા આ દેવળની કૌતુક રચના જેમાં પ્રતિબિંબીત થયેલી તેવી જિનેંદ્રોની રત્નની પ્રતિમાઓ વડે જોવાતા તેવા લીલાગૃહમાં પ્રાયે કરીને સર્વની દૃષ્ટિ પ્રીતિને માટે પ્રવેશ કરે છે. ૧૧૧

**વિશેષાર્થ -** તે ચૈત્યની અંદર આવેલું લીલાગૃહ ચંદ્રકાંતમણિની કાંતિથી ધોળું અને નીલરત્નની કાંતિથી નીલવર્ણી હતું. તેમ જ મલ્લિકાના

જેવાં મુક્તાફલના હારથી ભમરાઓ ભ્રાંતિ વડે તેમાં આવતા હતા. આવા મનોહર લીલાગૃહ સમીપે અષ્ટાપદની રચના હતી ત્યાં રહેલી આ દેવળની કૌતુક રચના જેમાં પ્રતિબિંબીત થયેલી તેવી જિનેંદ્રોની રત્નની પ્રતિમાઓ વડે જોવાતા તેવા લીલાગૃહમાં પ્રાયઃ સર્વની દૃષ્ટિ પ્રવેશ કરતી હતી. અહીં કવિ અર્થાંતર ન્યાસ અલંકારથી કહે છે કે, સર્વની દૃષ્ટિ પ્રીતિને અર્થે પ્રવેશ કરે છે. તેથી તે અષ્ટાપદ ઉપર રહેલા જિનેંદ્રો તેને જોતા હતા. આ ઉપરથી લીલાગૃહની ઉત્કૃષ્ટતા કવિએ દર્શાવી છે. ૧૧૧

**औत्सुक्यं कामुकानां मनसि विदधती तात्त्विकानां विवेकं**
**काष्टामारोपयंती मुहुरुपदिशती धार्मिकाणां जुगुप्साम् ।**
**पांचाली यत्र काचिच्चपलकपिकराकृष्टनीवीनिवेशा**
**व्रीडां वृद्धासु हास्यं युवतिषु तनुते कौतुकं बालिकासु ॥११२॥**

**अवचूर्णिः-** यत्र प्रासादे कामुकानां मनसि औत्सुक्यं विदधती तात्त्विकानां विवेकं काष्टां निश्चयं आरोपयंती मुहुर्वारंवारं धार्मिकाणां जुगुप्सां उपदिशती चपलकपिकराकृष्टनीवीनिवेशा काचित् पांचाली वृद्धासु व्रीडां युवतिषु हास्यं बालिकासु कौतुकं तनुते । चपलो यः कपिर्वानरः तस्य यः करस्तेन आकृष्टा या नीवी श्रोणिस्थवस्त्रं तस्या निवेशः प्रवेशो यस्याः सा । जुगुप्सां निंदाम् ॥११२॥

**ભાવાર્થ -** જે ચૈત્યમાં ચંચલ વાનરના હાથથી જેનું કટીવસ્ત્ર ખેંચાયેલું છે એવી કોઈ પુતલી કામીઓના મનમાં ઉત્કંઠા કરતી, તત્ત્વજ્ઞાનીઓના મનને વિવેકનો નિશ્ચય કરાવતી અને ધર્મી જનોને વારંવાર નિંદાનો ઉપદેશ કરતી થકી, વૃધ્ધ સ્ત્રીઓની લજ્જા, યુવતિઓના હાસ્ય અને બાલિકાઓના કૌતુક વધારતી હતી. ૧૧૨

**વિશેષાર્થ** - તે ચૈત્યની અંદર કોઈ એવી પુતળી રચેલી હતી કે જેના કટીભાગ ઉપરથી વાનરે વસ્ત્ર ખેંચેલું હતું. તેને જોઈ કામિઓના મનમાં ઉત્કંઠા થતી હતી, તત્ત્વજ્ઞાનીઓના મનમાં વિવેકનો નિશ્ચય થતો હતો અને ધર્મી જનોને મનમાં સૂગ ચડતી હતી. તેમ જ તેને જોઈને વૃદ્ધ સ્ત્રીઓ શરમાતી હતી, યુવાન સ્ત્રીઓને હાસ્ય આવતું હતું. અને બાલિકાઓને કૌતુક થતું હતું. આ ઉપરથી કવિએ તે ચૈત્યમાં ચિત્રની શિલ્પ કલાની પ્રૌઢતા દર્શાવી છે. ૧૧૨

**उष्णीषी लंबकूर्चो गुरुतरजठरः पीवरोरुस्फिगांघ्रि-**
**र्निम्नग्रीवोऽल्पकायः प्रलघुमुखशिरोनासिकाकर्णनेत्रः ।**
**श्रोणीबद्धासिधेनुर्मृगहननचलत्पुत्रिकाभ्यर्णवर्त्ती**
**यस्मिन्नेकः किरातस्तटघटितवपुर्दृष्टिदोषं रुणद्धि ॥११३॥**

**अवचूर्णिः**- यस्मिन् प्रासादे उष्णीषी लंबकूर्चः गुरुतरजठरः पीवरोरुस्फिगांघ्रिः नम्रग्रीवो अल्पकायः प्रलघुमुखशिरोनासिकाकर्णनेत्रः श्रोणीबद्धासिधेनुः मृगहननचलत्पुत्रिकाभ्यर्णवर्त्ती तटघटितवपुः एकः किरातो दृष्टिदोषं रुणद्धि । उष्णीषं मूर्द्धवेष्टनं तद्वान् यद्वा वनपुष्पमयूरपिच्छादिमयावतंसः । श्रोणी कटी तस्यां बद्धा असिधेनुः क्षुरिका येन सः । मृगाणां हननं तस्मिन् चलन् गच्छन् पुत्रिकाया अभ्यर्णं समीपं तत्र वर्त्ती । तटे तीरे पाषाणघटितं वपुर्यस्य सः । पीवरौ पुष्टौ ऊरू स्फिगौ पुतौ अंघ्री पादौ च यस्य सः ॥११३॥

**ભાવાર્થ** - જે ચૈત્યના તટ ઉપર પાષાણથી જેની મૂર્તિ ઘડેલી છે એવો એક કિરાત-ભિલ્લ રાખ્યો છે, તે દૃષ્ટિદોષને (નજર દોષને) અટકાવે છે. તે ભિલ્લને માથે પાઘડી છે. તેની દાઢી મૂછ લાંબી છે. અતિશય મોટું પેટ છે. સાથળ, કુલા અને પગ પુષ્ટ છે. ડોક ટૂંકી છે. કાયા ઠીંગણી છે. મુખ, માથું, નાક, કાન અને આંખો નાના

છે. કટી ઉપર છરી બાંધેલી છે અને તે મૃગને મારવાને જતો એક પુતળીની પાસે રહેલો છે. ૧૧૩

**વિશેષાર્થ -** જે અતિ સુંદર પદાર્થ હોય તેને કોઈની નજર ન લાગે તેને માટે તેની પાસે કોઈ કદરૂપ પદાર્થ રાખવો જોઈએ, એવા ઈરાદાથી તે ચૈત્યની ચિત્રશાલાની નજીક એક ભીલ્લનું પુતળું ઉભું કરેલું છે, તેનું વર્ણન કવિએ આ શ્લોકથી આપેલું છે. ૧૧૩

**कर्पूरागरुकल्पमानविविधस्नात्रं भ्रमत्कामिनी-**
**संघट्टत्रुटितार्द्धहाररभसभ्रश्यन्नितंबांबरम् ।**
**वक्षः पीडनलभ्यमानसरणि ज्येष्ठानुषंगत्रपा-**
**ताम्यत्पौरकुलांगनं नववधूसंप्रार्थ्यमानात्मजम् ॥११४॥**

**खेलन्मंगलगीति दीव्यदमरीसार्थं पठन्मागधं**
**नृत्यत्पौरपुरंध्रि याचकशतव्यातीर्यमाणांगदम् ।**
**स्नात्रांबुग्रहणोच्छलत्पटुचटुव्याहारमुच्चैर्ध्वनन्**
**नानानाटकमर्दलं प्रतिकलं यद्वर्त्तते सर्वतः ॥११५॥ ॥ युग्मम् ॥**

**अवचूर्णिः-** कर्पूरागरुकल्पमानविविधस्नात्रं भ्रमत्कामिनीसंघट्टत्रुटितार्द्धहाररभसभ्रश्यन्नितंबांबरं वक्षःपीडनलभ्यमानसरणि ज्येष्ठानुषंगत्रपाताम्यत्पौरकुलांगनं नववधूसंप्रार्थ्यमानात्मजं खेलन्मंगलगीति दीव्यदमरीसार्थं पठन्मागधं नृत्यत्पौरपुरंध्रि याचकशतव्यातीर्यमाणांगदं स्नात्रांबुग्रहणोच्छलत्पटुचटुव्याहारं ऊच्चैर्ध्वनन्नानानाटकमर्दलं प्रतिकलं यच्चैत्यं सर्वतः वर्त्तते । वक्षो हृदयं तस्य पीडनं दलनं तेन लभ्यमाना सरणिः मार्गो यस्मिन् तत् । कर्पूरागरुभ्यां मिश्रितं यत् पानीयं तेन कल्पमानं क्रियमाणं स्नात्रं यस्मिन् । अर्द्धहारश्चतुःषष्टिसरो[1] हारः ॥११४-११५॥

१ A - सरिकः ।

**ભાવાર્થ** - જે કુમારવિહાર ચૈત્ય સર્વ રીતે ક્ષણે ક્ષણે એવું બને છે કે, જેની અંદર કપૂર અને અગરૂ ચંદનથી વિવિધ જાતનાં સ્નાત્રો થયાં કરતાં હતાં. જ્યાં ફરતી સ્ત્રીઓની ભીડને લઈને ચોસઠ શેરના, અઢાર શેરના, તથા નવ શેરના હારો તુટી જતા અને ઉતાવળથી તેમના કટી ભાગનાં વસ્ત્રો ખસી જતાં હતાં. છાતીઓના દબાવાથી જ્યાં રસ્તો મેળવી શકાતો હતો. જેમાં પોતાના વડિલોની સાથે અથડાવાથી નગરની કુલવાન્ સ્ત્રીઓ શરમાઈને ખેદ પામતી હતી. જ્યાં નથી પરણેલી વધૂઓ પુત્રને માટે પ્રાર્થના કરતી હતી. જ્યાં મંગલિક ગીતો ગવાતાં હતાં, જ્યાં દેવીઓના સમૂહ ક્રીડા કરતા હતા. જ્યાં ચારણ ભાટો કવિતાના પાઠ ભણતા હતા. જ્યાં નગરની સ્ત્રીઓ નૃત્ય કરતી હતી. જ્યાં સેંકડો યાચકોને બાજુબંધનાં દાન અપાતાં હતાં. સ્નાત્રજલ લેવાને માટે જ્યાં ચતુરાઈ અને ખુશામતવાળા ઉદ્ગારો ઉછળતા હતા. અને જ્યાં વિવિધ પ્રકારનાં નાટકનાં વાજાઓ ઉંચે સ્વરે વાગતાં હતાં. ૧૧૪-૧૧૫

**વિશેષાર્થ** - ગ્રંથકારે આ છેલ્લાં બે કાવ્યથી કુમારવિહાર ચૈત્યનું સર્વ પ્રકારનું ઉપસંહાર તરીકે વર્ણન કરી બતાવ્યું છે. અને તેથી તે ચૈત્યમાં થતાં સ્નાત્રો, દર્શનની ભીડો, પ્રાર્થનાઓ, મંગલગીતો, દેવીઓની ક્રીડાઓ, ચારણ ભાટની કવિતાઓ, યાચકોને દાનો, સ્નાત્રજલને માટે માંગણીઓ અને નાટકોના વાજિંત્રોના ધ્વનિઓનું દિગ્દર્શન કરાવ્યું છે. ૧૧૪-૧૧૫

**आस्तां तावन्मनुष्यः प्रकृतिमलिनधीः शाश्वतालोकचक्षु-**
**र्वक्तुं वक्त्रैश्चतुर्भिर्विधिरपि किमलं तस्य सौंदर्यलक्ष्मीम् ।**
**क्षीणाशेषाभिलाषः परमलयमयं स्थानमाप्तोऽपि यस्मि-**
**न्नास्थां श्रीपार्श्वनाथस्त्रिभुवनकुमुदारामचंद्रश्चकार ॥११६॥**

**श्रीशुभं भवतु संवत् १५३४ वर्षे ।**

**अवचूर्णिः-** तावदादौ प्रकृतिमलिनधीर्मनुष्यः आस्तां शाश्वतालोकचक्षुर्विधिरपि चतुर्भिर्वक्त्रैस्तस्य सौंदर्यलक्ष्मीं वक्तुं किं अलं समर्थः स्यात् अपि तु न । तस्य कस्य ? यस्मिन् त्रिभुवनकुमुदारामचंद्रः क्षीणाशेषाभिलाषो परमलयमयं स्थानं आप्तोऽपि श्रीपार्श्वनाथः आस्थां आस्थानं चकार । प्रकृत्या स्वभावेन मलिना समला बुद्धिर्यस्य । शाश्वत आलोक उद्योतः स एव चक्षुर्यस्य सः । किं क्षेपार्थः । अलं समर्थः । क्षीणाः क्षयं नीताः अशेषाः संपूर्णाः अभिलाषा वांछा यस्य सः परमः प्रकृष्टो लयो ध्यानं स प्रकृतो यस्मिन् परमलयमयः । प्रकृते मयट् । त्रिभुवनं स्वर्भूर्भुवः तात्स्थ्यात्तद्व्यपदेश इति न्यायात् सुरासुरनरास्त एव कुमुदारामस्तत्र चंद्र इव चंद्रः चंद्रसदृश इत्यर्थः । पक्षे रामचंद्रः श्रीहेमाचार्यसहाध्यायी महासौभाग्यवान् श्रीरामचंद्रगणी इति कर्तृनाम ॥११६॥

**ભાવાર્થ -** પ્રથમ સ્વભાવથી જ મલિન બુદ્ધિવાળા માણસની વાત તો એક તરફ રહી, પરંતુ શાશ્વત - હંમેશના ઉદ્યોતરૂપી નેત્રવાળો વિધિ - બ્રહ્મા પણ પોતાના ચાર મુખથી તે ચૈત્યના સૌંદર્યની લક્ષ્મીને કહેવાને શું સમર્થ થાય ? અર્થાત્ ન થાય. કારણ કે, ત્રણ ભુવનરૂપી પોયણાના ઉપવનમાં ચંદ્ર સમાન અને જેમની સર્વ અભિલાષાઓ ક્ષય પામી છે એવા શ્રી પાર્શ્વનાથ પ્રભુ પરમ ધ્યાનમય એવા સ્થાનને-મોક્ષને પ્રાપ્ત થયેલા છે, તે છતાં જે કુમારવિહાર ચૈત્યમાં આસ્થા (સ્થાન) કરીને રહેલા છે. ૧૧૬

**વિશેષાર્થ -** આ શ્લોકથી ગ્રંથકાર છેવટે ઉપસંહાર કરીને કહે છે કે, તે ચૈત્યનું વર્ણન મારા જેવા મનુષ્યથી થઈ શકે તેમ નથી, કારણ કે, મનુષ્યની બુદ્ધિ મલિન હોય છે. તેવા મનુષ્યની વાત તો એક તરફ

રહી, પણ નિત્ય ઉદ્યોતરૂપી નેત્રવાળો અર્થાત્ દિવ્ય દષ્ટિને ધારણ કરનારો બ્રહ્મા પણ પોતાના ચાર મુખથી તે ચૈત્યનું વર્ણન કરવાને સમર્થ નથી. કારણકે, જે ચૈત્યની અંદર નિઃસ્પૃહ અને પરમ સ્થાનને પ્રાપ્ત થયેલા પણ પાર્શ્વનાથ પ્રભુએ રહેવાને આસ્થા કરેલી છે. એટલે નિઃસ્પૃહ અને પરમ પદને પામેલા પ્રભુ જેમાં આસ્થા કરે તેવુ ચૈત્યનું વર્ણન કોનાથી થઈ શકે છે ? ગ્રંથકારે છેવટના પદમાં 'રામચંદ્ર' એવું પોતાનું નામ પણ દર્શાવ્યું છે. આ ગ્રંથના કર્ત્તા 'રામચંદ્ર ગણી' શ્રી હેમાચાર્યના સહાધ્યાયી હતા. ૧૧૬

**इति श्रीरामचंद्रगणिविरचितं श्रीकुमारविहारशतकम् समाप्तम् ।**

શ્રીરામચંદ્ર ગણીએ રચેલ શ્રીકુમારવિહારશતક સમાપ્ત થયું.

**श्रीमत्तपागच्छीयश्रीसोमसुंदरसूरि -**
**शिष्यश्रीविशालराजशिष्यपंडित -**
**विवेकसागर गणिशिष्यपंडितोत्तम -**
**विबुधराजसुधाभूषणगणिविरचिता**
**अवचूर्णिः समाप्ता ॥**

શ્રી તપાગચ્છના શ્રી સોમસુંદરસૂરિના શિષ્ય શ્રી વિશાલરાજ, તેમના શિષ્ય પંડિત વિવેક સાગર ગણી અને તેમના શિષ્ય પંડિતોમાં ઉત્તમ અને વિદ્વાનોના રાજા સમાન શ્રી સુધાભૂષણ ગણીએ રચેલી આ અવચૂર્ણિ સમાપ્ત થઈ.


भावे करू हुं वंदना...
श्री अमीझरा पार्श्वनाथने
भावे करू हुं वंदना...
श्री कच्छुलिका पार्श्वनाथने
भावे करू हुं वंदना...
श्री नवसारी पार्श्वनाथने
भावे करू हुं वंदना...
श्री उमरवाडी पार्श्वनाथने
भावे करू हुं वंदना...
MULTY GRAPHICS
(022) 23873222 23884222